
# તારક તત્ત્વજ્ઞાન

જૈન જ્ઞાન ભંડાર
ંદજી બેડાવાલા ભવન
ાબરમતી, અમદાવાદ-૫




- મેઘદર્શન વિજય

# તારક

# તત્વજ્ઞાન

●● લેખક ●●

પૂ. પં. શ્રી ચન્દ્રશેખર વિ. મ. સાહેબના શિષ્ય

મુનિશ્રી મેઘદર્શનવિજયજી મ. સાહેબ

* પ્રકાશક *

અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ

સુરત.

## ●●● પ્રાપ્તિસ્થાન ●●●

**સુરત**

**અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ**
ચંદનબેન કેશવલાલ સંસ્કૃતિભવન
ગોપીપુરા, સુભાષચોક, સુરત.
ફોન નં. ૪૩૯ ૩૩૭.

**અમદાવાદ**

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**
૨૭૭૭, નિશાપોળ,
ઝવેરીવાડ, રીલીફ રોડ, અમદાવાદ - ૧.
ફોન નં. ૫૩૫ ૫૮ ૨૩, ૫૩૫ ૬૦ ૩૩

**મુંબઈ**

**વર્ધમાન સંસ્કૃતિધામ**
૯, અવંતિકાબાઈ ગોખલે સ્ટ્રીટ,
ઓપેરા હાઉસ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.
ફોન નં. ૩૮૮ ૭૬ ૩૭.

**વડોદરા**

**ધર્મેન્દ્રભાઈ એસ. શાહ**
૧૭/૩૨૪, ચિત્તેખાન ગલી,
૧લે માળે, ઠક્કર બિલ્ડીંગ પાસે,
ગેંડીગેટ રોડ, વડોદરા - ૧૭.
ફોન : ૪૩ ૮૪ ૯૪.

પ્રથમ સંસ્કરણ : નકલ : ૩૦૦૦ વિ. સં. ૨૦૫૪
મૂલ્ય : ૩૦ રૂા.

## પ્રકાશકીય

ઘૂઘવાટ કરી રહ્યો છે જિનાગમ રૂપી મહાસાગર તેના પેટાળમાં છે સુંદર મજાના દેદીપ્યમાન તત્ત્વજ્ઞાન રૂપી મોતીઓ.

માનવજીવનને સફળ બનાવવા માટે અત્યંત જરૂરી આ તત્ત્વજ્ઞાન રૂપી મોતીઓને ઘેર ઘેર પહોંચાડવા માટે પૂજ્યપાદ **પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સા.ની** પ્રેરણા અને **પૂજ્ય મુનિશ્રી મેઘદર્શનવિજયજી મ. સાહેબ**ના માર્ગદર્શન પ્રમાણે અમે **"ઘેર બેઠાં તત્ત્વજ્ઞાન"** માસિકનું આયોજન શરૂ કરેલ છે.

અમારી ધારણા કરતાં પણ અમને ઘણો વધારો રીસપોન્સ મળ્યો. પૂજ્યશ્રી દ્વારા અત્યંત સરળ ભાષામાં પીરસાતાં તત્ત્વજ્ઞાનનાં ગહન વિષયોનું જ્ઞાન મેળવીને અનેક આત્માઓનું જીવનપરિવર્તન થયું.

વાચકોએ જ **"ઘેર બેઠા તત્ત્વજ્ઞાન"** નો એટલો બધો પ્રચાર કર્યો કે જેથી તેના જુના અંકોની પુષ્કળ માંગણીઓ થવા લાગી.

અંકો ખલાસ થઈ જવા છતાં ય માંગણીઓ ચાલુ રહેતાં, પહેલાં ત્રણ વર્ષના અંકોમાં આવેલા વિષયોને જુદા જુદા પુસ્તક રૂપે પ્રગટ કરવાનો અમારે નિર્ણય કરવો પડ્યો.

અનેક પ્રકારની યુક્તિ-પ્રયુક્તિ-દૃષ્ટાંતો વગેરે દ્વારા આત્માની સાબિતી, જીવોના ૫૬૩ ભેદોનું વિવરણ, જીવ-અજીવ-પુણ્ય અને પાપતત્ત્વની વિગતવાર છણાવટ, અને પુણ્ય-પાપના અનુબંધની વિશિષ્ટ માહિતી 'તારક તત્ત્વજ્ઞાન' વિભાગમાં પૂજ્ય મુનિશ્રી **મેઘદર્શન વિ.મ.સાહેબ** પોતાની સરળ ભાષામાં રજૂ કરતાં હતા. પ્રથમ ત્રણ વર્ષના અંકોમાં નવ તત્ત્વોમાંથી (૧) જીવ (૨) અજીવ (૩) પુણ્ય અને (૪) પાપતત્ત્વ સુધીની વાતો આવરી લેવાઈ હતી; જે **"તારક તત્ત્વજ્ઞાન"** નામના આ પુસ્તક રૂપે પૂજ્યશ્રીની આશિષ તથા સંમતિથી સકળ સંઘના ચરણોમાં રજૂ કરવા ભાગ્યશાળી બન્યા છીએ. હવે પછી બાકી રહેલાં પાંચ તત્ત્વોનું સરળભાષામાં લખાણ કરીને પૂજ્યશ્રી અમને આપે તેવી વિનંતિ કરીએ છીએ, જેથી **"તારક તત્ત્વજ્ઞાન ભાગ-૨"** રૂપે અમે તેને પ્રગટ કરી શકીએ.

અમને આશા છે કે આ પુસ્તિકા વાંચનારના જીવનમાં વિશિષ્ટ પ્રકારનું પરિવર્તન આવ્યા વિના નહિ રહે.

**"કર્મનું કમ્પ્યુટર"**, **"સૂત્રોના અર્થ અને રહસ્યો"** તથા **"શ્રાવક જન તો તેને રે કહીએ"** નામની ત્રણ પુસ્તિકાઓ પણ પ્રગટ થઈ રહી છે.

**લિ. સંચાલક, સંસ્કૃતિભવન, સુરત.**

## ક્યાં શું વાંચશો ?


| | | |
|---|---|---|
| ૧. | સર્વોત્કૃષ્ટ જૈન ધર્મ | ૧ |
| ૨. | શું આત્મા છે ? | ૫ |
| ૩. | કેશીગણધાર-પ્રદેશીરાજાનો સંવાદ | ૧૫ |
| ૪. | જુદી જુદી રીતે આત્મસિદ્ધિ | ૩૨ |
| ૫. | જીવ તત્ત્વ | ૪૮ |
| ૬. | જીવન જીવવા માટે જરૂરી શક્તિ | ૬૦ |
| ૭. | અજાણી આ દુનિયા ! અજાણ્યું આ વિશ્વ ! | ૭૪ |
| ૮. | પાપ કરો તો જાવ પાતાળમાં ! | ૮૬ |
| ૯. | દેવલોકની દુનિયા | ૯૩ |
| ૧૦. | અનેકમાંથી એક | ૧૦૦ |
| ૧૧. | અજીવ તત્ત્વ | ૧૦૭ |
| ૧૨. | પુદ્ગલાસ્તિકાય | ૧૧૩ |
| ૧૩. | કાળ | ૧૨૭ |
| ૧૪. | પુણ્યતત્ત્વ | ૧૩૮ |
| ૧૫. | પાપતત્ત્વ | ૧૪૫ |
| ૧૬. | બંધ-અનુબંધ | ૧૬૭ |

१

# સર્વોત્કૃષ્ટ જૈન ધર્મ

**સાંભળ્યું** છે કે, થોડાક વર્ષો પહેલાં ઈન્ડોનેશીયા દેશમાં સર્વ ધર્મ પરિષદ ભરાઈ હતી. તે પરિષદના એજન્ડાનો મુખ્ય મુદ્દો એ હતો કે, "Which is the most practical and most scientific religion in the world ? સમગ્ર વિશ્વમાં સૌથી વધારે પ્રયોગાત્મક (વ્યવહારું) અને વૈજ્ઞાનિક ધર્મ કયો ?

ઘણા દિવસો સુધી જુદા જુદા ધર્મના તત્ત્વચિંતકોએ આ બાબતમાં વિચારણા કરી. જુદા જુદા ધર્મશાસ્ત્રોનો તેમણે જુદા જુદા અનેક દષ્ટિકોણથી અભ્યાસ કર્યો. પરસ્પર વિચાર વિમર્શ કર્યો. અને છેલ્લે તેમણે પોતાનો નિર્ણય જાહેર કરતાં જણાવ્યું કે, Jainism is the most practical and most scientific religion in the world. સમગ્ર વિશ્વમાં સૌથી વધારે પ્રયોગાત્મક (વ્યવહારું) અને વૈજ્ઞાનિક ધર્મ જો કોઈ હોય તો તે જૈન ધર્મ છે.

આપણે બધા મહાપુણ્યશાળી છીએ કે આપણને આવો શ્રેષ્ઠ ધર્મ જન્મથી પ્રાપ્ત થયો છે. વિશ્વના તત્ત્વચિંતકો જેના વખાણ કરતાં થાકતા નથી, તે જૈનધર્મને પ્રાપ્ત કર્યા પછી આપણા હૃદયમાં પણ ગૌરવ પેદા થવું જોઈએ. મળેલા જૈન ધર્મની વિશેષતાઓને જીવનમાં અપનાવવાનો પ્રયત્ન કરવાનો ઉલ્લાસ પેદા થવો જોઈએ.

વિશ્વના મોટા ભાગના ધર્મો જણાવે છે કે હિંસા ન કરવી જોઈએ, અસત્ય ન બોલવું જોઈએ, ચોરી ન કરવી જોઈએ, મૈથુન ન સેવવું જોઈએ, પરિગ્રહ ન રાખવો જોઈએ. ખુબ જ સુંદર મજાની આ પાંચ વાતો છે. હવે આ પાંચેય વાતોને જીવનમાં શી રીતે અપનાવી શકાય ? તેનો બરોબર અમલ કઈ રીતે કરી શકાય ? તે અમલ કરવામાં આવતી મુશ્કેલીઓનો ઉપાય શો ? તેવાં સવાલોનો જવાબ કોઈ ધર્મ પાસે નથી. બધા ધર્મો આદર્શો જણાવે છે, પણ તે આદર્શોને અમલ કરવાનું સચોટ માર્ગદર્શન આપતાં નથી. પછી તેનો અમલ શી રીતે થઈ શકે ?

પણ આપણને જાણીને આશ્ચર્ય સાથે આનંદ થશે કે આપણને મળેલા જૈન ધર્મના શાસ્ત્રોમાં માત્ર આ પાંચ આદર્શોને જ નથી જણાવ્યા, પણ તેનો વ્યવસ્થિત અમલ કરવાનું સુંદર સચોટ માર્ગદર્શન પણ વિગતવાર આપવામાં આવ્યું છે.

કોઈ કહે કે મારે આ પાંચેય આદર્શોને કાયમ માટે આ માનવજીવનમાં ચરિતાર્થ કરવા છે તો હું શું કરું ? છે કોઈ ઉપાય ? જૈન ધર્મ કહેશે કે દીક્ષા લઈને સાધુજીવન સ્વીકારી લે. કાયમ માટે હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ વિનાનું જીવન તું જીવી શકશે. આપણો ધર્મ તો વ્યવહારું છે. અમલ થઈ શકે તેવો છે. બીજા કોઈ ધર્મે એવી જીવનપદ્ધતિ હજુ સુધી જણાવેલ નથી કે જે જીવવાથી આ પાંચેય પાપોનો સંપૂર્ણ ત્યાગ

થઈ શકે !!!

પણ કોઈ કહે કે, કાયમ માટે તો હું આ પાપોનો ત્યાગ કરી શકું તેમ નથી. શું કોઈ એવી જીવનપદ્ધતિ છે કે જેના દ્વારા આ પાંચેય પાપોનો સંપૂર્ણ ત્યાગ હું મર્યાદિત દિવસો-કલાકો માટે કરી શકું ?

અન્ય ધર્મો પાસે આનો પણ કોઈ ઉપાય નથી. તેઓ પાપોનો ત્યાગ કરવાનું જણાવે છે પણ ત્યાગ કરીને શી રીતે જીવન જીવવું તે બતાડી શકતા નથી. જૈનધર્મ કહે છે કે જો તારી તાકાત સાધુજીવન સ્વીકારવાની-પાળવાની ન હોય તો તું તારી અનુકૂળતા મુજબ પૌષધવ્રત સ્વીકાર. જે દિવસે તું પૌષધનું જીવન જીવીશ તે દિવસે આ પાંચે ય પાપોનો ત્યાગ આપોઆપ થઈ જશે.

અરે ! તારી પાસે આખા દિવસની ય અનુકૂળતા ન હોય તોય તું આ પાંચે પાપો વિનાના જીવનની થોડા સમય માટે પણ અનુભૂતિ કરી શકે છે. અમારી પાસે તો અમારા સિદ્ધાન્તોનો અમલ કરાવવાની વ્યવહારિક પ્રક્રિયાઓ પણ છે. માત્ર ૪૮ મિનિટનું સામાયિક કર ને ! ૪૮ મિનિટ સુધી બધા પાપો બંધ થઈ જશે. પાયાના પાંચે સિદ્ધાંતોનો અમલ થઈ જશે. તેટલો સમય પાંચે પાપોમાંથી છૂટકારો મળી જશે !

આપણને કેટલો બધો વ્યવહારું, અમલમાં મૂકી શકાય તેવો ધર્મ મળ્યો છે, તે વાત હવે બરોબર સમજાઈ ગઈ હશે.

મહાન્ વૈજ્ઞાનિક સર જગદીશચન્દ્ર બોઝે તો થોડા વર્ષો પહેલાં વનસ્પતિમાં જીવ છે, તેવું સાબિત કર્યું. તો શું તે પહેલાં વનસ્પતિમાં જીવ નહોતો ? હતો તો ખરો; પણ વૈજ્ઞાનિકોને ખબર નહોતી. પરંતુ આપણને જાણીને કદાચ નવાઈ લાગશે કે ૨૫૦૦ વર્ષ પહેલાં થયેલાં ભગવાન મહાવીરદેવે પણ વનસ્પતિમાં જીવ છે, તેવું જણાવેલ. અરે ! તેમની પહેલાં થયેલાં અનંતાનંત તીર્થંકરોએ પણ તે વાત જણાવેલ છે. જૈન ધર્મની તમામ વાતો વૈજ્ઞાનિક છે. સો ટચના સોના જેવી છે. જૈન ધર્મમાં બે સૂર્ય, બે ચન્દ્ર, ધર્માસ્તિકાય, છઠ્ઠો આરો, પૃથ્વી-વનસ્પતિમાં જીવ વગેરે જે જે વાતો આવે છે તેમાંની ઘણી બધી વાતો આજના વિજ્ઞાને પણ સાબીત કરી છે, અને જો વિજ્ઞાન સત્યનું અન્વેષી હશે, તો ભાવિના કાળમાં તેણે જૈનધર્મની તમામ વાતો સ્વીકાર્યા વિના નહિ જ ચાલે; તે નક્કી છે.

આવા મહાન જૈન ધર્મને જાણ્યા પછી, જેઓ જન્મથી જૈનધર્મ પામ્યા નથી, તેઓ જૈનધર્મમાં જન્મ લેવાનું ઈચ્છે છે. તે માટે તેઓ તલસે છે. મહાત્મા ગાંધીજીના પુત્ર દેવદાસગાંધીએ મહાન તત્ત્વચિંતક બર્નાડશોને સવાલ પૂછાવેલ કે, ''તમે પુનર્જન્મમાં માનો છો કે નહિ ? જો માનતા હો તો આવતાભવમાં તમે ક્યાં જન્મ લેવાને ઈચ્છો છો ?''

આપણને સૌને આનંદ થાય તેવો તેમનો જવાબ હતો. તેમણે પત્રના જવાબમાં જણાવેલ કે, ''હું પુનર્જન્મમાં માનુ છું. અને જો ખરેખર પુનર્જન્મ હોય તો મારી ઈચ્છા

અહીંથી મરીને આવતા ભવમાં હિન્દુસ્તાનમાં જૈન કુટુંબમાં જન્મ લેવાની છે !''

દેવદાસગાંધીને આ જવાબથી આશ્ચર્ય થયું હશે. કારણ કે વિશ્વમાં વિકસેલા અનેક દેશો છે. ઋદ્ધિ-સમૃદ્ધિ અને સમજણમાં આગળ વધેલાં કહેવાતા ઘણા દેશો છે. તે બધાને છોડીને બર્નાડશોની ઈચ્છા હિન્દુસ્તાનમાં જન્મ લેવાની થઈ. વળી હિન્દુસ્તાનમાં ય અનેક ધર્મોના પ્રજાજનો રહે છે, ત્યાં ક્યાંય નહિ ને જૈન કુટુંબમાં જ જન્મ લેવાની તેમણે ભાવના વ્યક્ત કરી !!!

દેવદાસગાંધીએ પોતાના આશ્ચર્યને શમાવવા ફરી સવાલ પૂછાવ્યો કે, ''શા માટે તમે બીજે ક્યાંય નહિને હિન્દુસ્તાનમાં જૈનકુટુંબમાં જન્મ લેવાને ઈચ્છો છો ?

બર્નાડશોએ જવાબમાં જણાવ્યું કે, ''વિશ્વમાં ધર્મો તો ઘણા છે, પરંતુ દરેક ધર્મે ભગવાન બનવાની મોનોપોલી કોઈને કોઈ વ્યક્તિને આપી દીધી છે. તે જ વ્યક્તિ ભગવાન. બાકીના જીવો તેમના અનુયાયી બની શકે, તેમના ભક્ત બની શકે પણ ભગવાન તો કદી બની ન શકે. વિશ્વમાં એકમાત્ર જૈનધર્મ જ એવો છે કે જેણે ભગવાન બનવાની મોનોપોલી કોઈ એક વ્યક્તિને આપી નથી. જૈનધર્મના મત પ્રમાણે જે જીવો પોતાના રાગ-દ્વેષ વગેરે આંતર શત્રુઓને ખતમ કરી નાંખે, તે બધા જીવો ભગવાન બની શકે છે. મારે ભગવાન બનવું છે. તેથી જૈનકુટુંબમાં જન્મ લેવાની મારી ભાવના છે !''

હિન્દુસ્તાનમાં જન્મ્યા પછી પરદેશના ગુણગાન ગાનારા અને પરદેશ જવાની તમન્ના રાખનારાઓને લપડાક મારતો આ જવાબ છે. વળી જૈનધર્મને પામ્યા પછી પણ જૈનધર્મની મહત્તા નહિ સમજેલા લોકોને માટે આ જવાબ સર્ચલાઈટ સમાન છે. ભાઈઓ ! આડા અવળા ન થાઓ. ગમે ત્યાં ન રખડો. આપણને જે મહાન જૈનધર્મ મળ્યો છે, તેની કદર કરતાં શીખો. તેની વાતોને શાંતિથી સમજો. સમય કાઢીને પણ પરમાત્માના તારક તત્ત્વજ્ઞાનને સ્પર્શો. જીવન ઉન્નત બનશે. કર્મો દૂર થવા લાગશે. પાપો ધોવાવા લાગશે. આત્મા પાવન બનશે. મનમાં પ્રસન્નતા ઉભરાશે. જીવનમાં શાંતિ મળશે. મરણમાં સમાધિ સાંપડશે, પરલોકે સદ્‌ગતિ પ્રાપ્ત થશે. પરંપરાએ પરમગતિ-મોક્ષગતિના શાશ્વત સુખોનું ભાજન બનીશું.

ત્રણ લોકના નાથ દેવાધિદેવ પરમાત્મા મહાવીરદેવ અષાઢ સુદ-૬ ના દિને માતાની કુક્ષીમાં પધાર્યા. ચૈત્ર સુદ-તેરસના પવિત્ર દિને તેમણે જન્મ લીધો. કારતક વદ-૧૦ ના દિને દીક્ષાજીવન સ્વીકારીને તેઓ સાધનામાં લીન બની ગયા. પોતાની જાતને ખોળવા જાણે કે જગતમાંથી ખોવાઈ ગયા. જંગલોમાં ગયા, સામે ચાલીને કષ્ટો સહવા અનાર્યદેશોમાં ગયા. જે જે ઉપસર્ગો-પરિષહો આવ્યા તેને સમતાથી સહન કર્યા. સાડા બાર વર્ષ દરમ્યાન ઘોર સાધના કરી. સાડા અગ્યાર વર્ષથી વધારે તો ચોવિહાર ઉપવાસ કર્યા. પ્રાયઃ જમીન ઉપર તેઓ પલાંઠીવાળીને તે સમય દરમ્યાન કદી ન બેઠાં. ખાસ કારણ-પ્રસંગો સિવાય પ્રાયઃ મૌન રહ્યા. વળી આ સાડા બાર વર્ષના સાધનાકાળમાં પૂરી ૪૮ મિનિટ જેટલું પણ ઉંઘ્યા નહિ. આવી અપ્રમત્તસાધના દ્વારા

અંદરના શત્રુઓ-રાગ દ્વેષ-મોહ વગેરેને ખતમ કરીને વૈશાખ સુદી-દશમીએ તેઓ ઋજુવાલિકા નદીના કિનારે કેવળજ્ઞાન-કેવળદર્શન પામ્યા. પરમાત્મા વીતરાગ બન્યા, સર્વજ્ઞ બન્યા, સર્વદર્શી બન્યા. વિશ્વની સચરાચર સૃષ્ટિનું સતત દર્શન કરવા લાગ્યા.

કેવળજ્ઞાનના પ્રકાશમાં પરમાત્માએ વિશ્વના જીવોના કલ્યાણની કેડીઓ જોઈ. મોક્ષ અપાવનારી પગદંડીઓ જોઈ. સદ્ગતિમાં લઈ જનારી જીવનપદ્ધતિઓ જોઈ વિશ્વના જીવોને તે કેડીઓ-પગદંડીઓ-જીવનપદ્ધતિઓ તેમણે બતાડી. વળી નરક વગેરે દુર્ગતિમાં લઈ જનારા પાપો જોયા. મનની પ્રસન્નતા અને જીવનની સમાધિને ખતમ કરી દેનારા દોષો જોયા. અનંતકાળ સુધી સંસારમાં રખડાવનારી વાસનાઓ જોઈ. તેમણે જે જોયું, તે વિશ્વના જીવોને બતાડ્યું. પોતાના જીવનને પાયમાલ કરનારા આ પાપો અને દોષોથી અટકીને આત્માનું ઉર્ધ્વીકરણ કરનારા માર્ગનું શરણું લેવાનો તેમણે ઉપદેશ આપ્યો; જે ધર્મ તરીકે પ્રસિદ્ધિ પામ્યો.

પરમાત્માએ વિશ્વના જે પદાર્થોને જોયા, જાણ્યા, તેનો નવ વિભાગોમાં સમાવેશ થાય છે. તે નવ વિભાગો નવ તત્ત્વ તરીકે ઓળખાય છે. આ નવતત્ત્વોના નામ આ પ્રમાણે છે : (૧) જીવ (૨) અજીવ (૩) પુણ્ય (૪) પાપ (૫) આશ્રવ (૬) સંવર (૭) નિર્જરા (૮) બંધ અને (૯) મોક્ષ. પરમાત્મા આ નવતત્ત્વોના ઉપદેશ હોવાથી પરમાત્માના નવ અંગે પૂજા કરવામાં આવે છે. પરમાત્માએ આ નવ તત્ત્વોની વિશ્વના જીવોને સમજણ આપી. નવ તત્ત્વોને સમજીને જીવો છોડવા જેવું છોડી શકે આચરવા જેવું આચરી શકે અને એ રીતે પોતાના કાયમી સુખને પામી શકે. પરમાત્માના આ તત્ત્વજ્ઞાનને જાણીને, તેનો યથાયોગ્ય અમલ કરીને આજ સુધીમાં અનેક આત્માઓ આ સંસાર રૂપી સમુદ્રને તરી ગયા, આત્માનું કલ્યાણ કરી ગયા. આવા તારક તત્ત્વજ્ઞાનને હવે આપણે પણ જાણવું છે, સમજવું છે, અને તેનો યથાયોગ્ય અમલ કરીને તરવું પણ છે.

આજનું વિજ્ઞાન અને તેના દ્વારા શોધાયેલા સાધનો આપણને સાચું સુખ, જીવનની શાંતિ કે મનની પ્રસન્નતા આપી શકે તેમ નથી, કારણ કે વિજ્ઞાનની શોધો આત્મા આધારિત નથી, પણ દુન્યવી પદાર્થોને આધીન છે. જ્યારે પરમાત્માનું આ તત્ત્વજ્ઞાન વિશ્વના જીવોનું સાચા અર્થમાં કલ્યાણ કરવા સમર્થ છે, વાસ્તવિક સુખને આપનારું છે, જીવનને શાંતિથી ભરી દેનારું અને મનને પ્રસન્નતાથી ઉભરાવી દેનારું છે, કારણ કે તેનો પાયો આત્મા છે.

આપણી દુનિયાના કેટલાક લોકો આત્માને જ માનતા નથી. કેટલાક લોકો આત્માને માને છે તો તેને શરીરથી જુદો નથી માનતા પણ શરીરને જ આત્મા માને છે, પરંતુ તેમની તે માન્યતા બરાબર નથી. આત્માને માનીએ છીએ તેવું કહેનારા આપણી જીવનપદ્ધતિ જોતાં ક્યારેક શંકા પડે છે કે શું હકીકતમાં આપણે શરીરથી જુદા આત્માને માનીએ છીએ ખરા ? તેથી આત્મા છે; તે શરીરથી તદ્દન જુદો છે. તે વાત હવે આપણે પણ સરળ ભાષામાં દાખલા-દલીલોથી સમજવાનો પ્રયત્ન કરીએ.

૨

# શું આત્મા છે ?

આન્ધ્રપ્રદેશના એક ગામડામાં રમણ નામનો બાળક રમતો હતો. થોડીવાર પહેલાં જ ઘરમાંથી પિતાની રજા લઈને તે રમવા નીકળ્યો હતો. અને અચાનક પિતાજી મૃત્યુ પામ્યા. એક પછી એક વ્યક્તિ રમણના ઘરે પિતાની અંતિમક્રિયા માટે આવી રહી છે.

બહાર રમતાં રમણને પોતાના ઘરમાં અનેક વ્યક્તિઓને પ્રવેશતી જોઈ નવાઈ લાગી. તે પણ ઘરમાં પહોંચ્યો. મોટા ભાઈએ કહ્યું, ''રમણ ! બાપા ગયા.''

રમણ ચમક્યો. બાપા ક્યાં ગયા ? ઘરના અંદરના રૂમમાં જઈને જોયું તો બાપાનું શબ પડયું હતું.

નાનકડો રમણ બધાને કહે છે કે, ''બાપા ગયા નથી. બાપા તો આ રહ્યા. મને કેમ ખોટું ખોટું કહો છો કે બાપા ગયા !''

જેને જેને તે પૂછે છે તે બધા પાસેથી એક જ જવાબ મળે છે કે, 'બાપા ગયા. હવે બાપા અહીં નથી.'

તેને બાપાનું શરીર દેખાય છે. સુંદર મજાની બે આંખો દેખાય છે. અણીયાળું નાક તથા લાંબી ગરદન દેખાય છે. તેને સમજાતું નથી કે બાપાનું શરીર અહીં જ પડ્યું હોવા છતાં ય લોકો 'બાપા ગયા' તેવું શા માટે બોલે છે ?

તેણે બાપાના શરીરને ધારી ધારીને જોવાનું શરૂ કર્યું. બાપા હસતા કેમ નથી ? આંખેથી જોતા કેમ નહિ હોય ? બાપા હાલતાં - ચાલતાં કે ચસકતાં પણ કેમ નથી ?

તે ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયો.

હવે તેને એક જ વાત શોધવાની રઢ લાગી કે 'બાપા ગયા' એટલે શું ગયું ?

તે ત્યાંથી ભાગ્યો...દોડયો... અને પહોંચ્યો તિરુવણામલઈ. ત્યાંના મંદિરમાં રાત્રે ઘુસ્યો. ભોંયરામાં બેસીને ચિંતન કરી રહ્યો છે કે, ''બાપા ગયા એટલે શું ગયું ?''

રાત્રે લાલ કીડીઓ નીકળી, તેના શરીરને ચટકા ભરી ભરીને

ફોલી નાંખ્યું. છતાં તે ચિંતનમાં ગરકાવ છે. ટૂંક સમયમાં શરીર લોહી લુહાણ થઈ ગયું. પણ સાધના કદી નિષ્ફળ જતી નથી. તેને જવાબ જડી ગયો કે બાપા ગયા એટલે શું ગયું ?

ચિંતનના અંતે તેને સ્પષ્ટ સમજણ પ્રાપ્ત થઈ કે બાપા ગયા એટલે બાપાનું શરીર ગયું એમ નહિ, પણ બાપાનો આત્મા ગયો.

બાપા ગયા ત્યારે પણ બાપાનું શરીર તો ઘરમાં જ પડી રહ્યું હતું. બાપાનો આત્મા ચાલ્યો ગયો હોવાથી જ લોકો કહેતા હતા કે બાપા ગયા.

આમ બાપાનો આત્મા અને બાપાનું શરીર બંને જુદા છે.

શરીર પોતે જ આત્મા નથી પણ શરીરથી સાવ જુદો જ આત્મા છે.

શરીર તો છેદાય, ભેદાય, બળાય તેવી નાશવંત વસ્તુ છે, જ્યારે આત્મા તો ન છેદાય, ન ભેદાય, ન બળાય તેવી અવિનાશી વસ્તુ છે. અને આ સમજણે તે બાળ'વેંકટ રમણને અવિનાશી આત્માની શોધ કરવાની પ્રેરણા કરી. વેંકટ રમણ સાધના કરીને રમણ મહર્ષિ બન્યા.

## શબ્દકોશ શું કહે છે ?

શરીર અને આત્મા એ પર્યાયવાચી (સમાનાર્થી) શબ્દો નથી, તે જ શરીર અને આત્મા જુદા છે તેની મોટી સાબિતી છે.

શબ્દકોશને ખોલીને જોશો તો જણાશે કે શરીરના પર્યાયવાચી શબ્દોના લિસ્ટમાં 'દેહ', 'કલેવર' વગેરે શબ્દો છે પણ 'આત્મા' શબ્દ છે જ નહિ.

તે જ રીતે, આત્માના પર્યાયવાચી શબ્દોના લિસ્ટમાં 'ચેતન', 'જીવ' વગેરે શબ્દો જોવા મળશે પણ 'શરીર' શબ્દ કદી જોવા નહિ મળે.

તે જ બતાવે છે કે શરીર અને આત્મા બંને એક નથી પણ બંને એકબીજાથી સાવ જ જુદા છે.

સિંહના નામોના લિસ્ટમાં કદી હાથીના બીજા નામો જોવા મળે ખરા ? અથવા તો હાથીના નામોના લિસ્ટમાં કદી સિંહનું નામ જોવા મળે ખરું ? કદી ન મળે. કેમ કે સિંહ એ સિંહ જ છે. અને હાથી એ હાથી છે. સિંહ અને હાથી બંને કદી એક નથી.

તે જ રીતે શરીર અને આત્મા બે જુદા છે. માટે જ બેયના બીજા નામોના લિસ્ટ પણ જુદા છે.

## 'હું' અને 'મારું' એટલે શું ?

''આજે મારું શરીર ખૂબ થાકી ગયું છે, તેથી હું ખૂબ દુઃખી છું.'' એવું વાક્ય આ દુનિયામાં ક્યાંક, ક્યારેક સાંભળવા મળે છે ને ? તો આ વાકયમાં - 'હું' એટલે કોણ ? અને 'મારું' શરીર એટલે 'કોનું' શરીર ?

કહેવું જ પડશે કે આ વાક્યમાં હું એટલે આત્મા. અને મારું શરીર એટલે આત્માનું શરીર.

'મારું પુસ્તક ફાટી ગયું.' એમ બોલવામાં જેમ હું અને મારું પુસ્તક બંને જુદા માનીએ છીએ, તેમ 'મારું શરીર થાકી ગયું' એમ બોલીએ ત્યાં હું (આત્મા) અને મારું શરીર જુદા છે તેમ માન્યા વિના શી રીતે ચાલશે ?

## ભૂતકાળને યાદ કોણ કરે ?

આપણે બાળપણમાં જે રમતો રમતાં હતા, તે શું હવે યુવાન વયમાં પણ આપણને યાદ નથી આવતી ? તો આ વાતો કોને યાદ આવી ?

બાળપણનું શરીર તો ક્યારનું ય બદલાઈ ગયું છે. હવે તો નવું યુવા શરીર પ્રાપ્ત થયું છે.

જો શરીર તે જ આત્મા હોત તો રમત રમનાર શરીર હવે નાશ પામી ગયું હોવાથી તે રમતની યાદ યુવાનીમાં આવી શકે જ શી રીતે ?

પણ યાદ તો આવે જ છે. તેથી નક્કી થાય છે કે તે રમતો રમનાર બાળ-શરીરમાં જે આત્મા હતો; તે જ આત્મા બાળ-શરીર નાશ પામવા છતાં ય હાલના યુવા-શરીરમાં છે જ. અને તે આત્મા જ હવે બાલ્યકાળમાં રમેલી રમતને યાદ કરે છે.

આમ બાલ્યવયનું શરીર અને આત્મા બંને જુદા હતા; તે નક્કી થયું.

## મડદા અને જીવંત માણસમાં શું ફરક ?

મડદા અને જીવંત માણસને બાજુ-બાજુમાં સુવાડતાં બંનેમાં કાંઈક તફાવત તો દેખાય જ છે. જીવંત વ્યક્તિમાં એવી કોઈ ચીજ છે કે જે ચીજ મડદામાં નથી. મડદામાં ખૂટતી આ ચીજ બીજી કોઈ નહિ પણ આત્મા છે. કોઈક કહે કે, જીવંત શરીરમાંથી એક જાતની શક્તિ નીકળી ગઈ, અથવા તો

એક પ્રકારનો વાયુ નીકળી ગયો માટે તે જીવંત શરીર મડદું થઈ ગયું, તો તે જીવંત શરીરમાંથી જે કોઈ શક્તિ કે વાયુ નીકળી ગયો તેનું જ નામ આત્મા.

શરીરમાંથી નીકળી ગયેલી વસ્તુને શક્તિ કહો કે વાયુ કહો, ગમે તે કહો. આપણે તેને આત્મા કહીએ છીએ.

## વિજ્ઞાન અંતિમ સત્ય નથી

આજનું વિજ્ઞાન ભલે ને આત્માને માનતું ન હોય ! વિજ્ઞાન કાંઈ ધર્મશાસ્ત્ર નથી અને વૈજ્ઞાનિકો કાંઈ ભગવાન નથી કે એમનું માનેલું જ આપણે માનવું અને એમનું નહિ માનેલું આપણે નહિ માનવું ? એ જ લોકો (સર જેમ્સ જીમ્સ વગેરે) કહે છે કે, અમારી બધી વાતો પ્રયોગોમાં છે. તમે કોઈ એને અંતિમ સત્ય માની લેતા નહિ !

તો પછી આપણે એ વૈજ્ઞાનિકો ઉપર એવી અંધશ્રદ્ધા મૂકી દેવાની શી જરૂર છે ?

છતાંય જુદી જુદી દલીલોથી તથા વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી આપણે હવે પછી આત્માની સાબિતીઓ જોઈશું.

## 'અહીં નથી' એટલે જ 'ક્યાંક છે !'

સિદ્ધચક્ર પૂજનમાં જઈ રહેલા રમણભાઈએ સમ્રાટ એપાર્ટમેન્ટના ત્રીજે માળે રહેતાં પિનાકીનભાઈને બૂમ મારી, 'પિનાકીન ! ઓ પિનાકીન !' બૂમ સાંભળીને પિનાકીનભાઈની પુત્રીએ બાલ્કનીમાં આવીને કહ્યું કે,

'અંકલ ! પપ્પા નથી.'

શું વાત કરે છે બેટા ! પપ્પા નથી ? શું થયું ? હમણા થોડી વાર પહેલા તો મારી સાથે ફોન ઉપર વાત કરી હતી. એટલીવારમાં શું થઈ ગયું ?' - રમણભાઈએ એકજ શ્વાસમાં પૂછી લીધું.

'સોરી અંકલ ! કાંઈક ગેરસમજ થઈ લાગે છે. પપ્પા નથી એટલે પપ્પા આ દુનિયા છોડીને ગયા એમ નહિ. મુંબઈથી મામાનો લાઈટનીંગ કોલ આવતાં પપ્પા થોડીવાર પહેલા જ મુંબઈ ગયા છે. તેથી પપ્પા હાલ ઘરમાં નથી.'

ઉપરોક્ત વાર્તાલાપમાં સ્પષ્ટપણે જણાય છે કે, 'પપ્પા નથી' તેનો અર્થ પપ્પા દુનિયામાં પણ ક્યાં ય નથી તેવો તો ન જ કરાય. 'પપ્પા નથી.' નો અર્થ પપ્પા ઘરમાં નથી, અથવા દુકાનમાં નથી. પણ આ દુનિયામાં ક્યાંક ને ક્યાંક તો છે જ. બરાબર ને ?

બસ તે જ રીતે, જ્યારે કોઈ બોલે કે 'આત્મા નથી' ત્યારે તેનો અર્થ એવો કદી પણ ન કરાય કે આત્મા જેવી કોઈ ચીજ આ દુનિયામાં છે જ નહિ. પરન્તુ તેનો અર્થ એ થયો કે આ મડદામાં (શરીરમાં) હાલ આત્મા નથી, પણ આત્મા અન્ય કો'ક ને કો'ક સ્થાને તો છે જ.

'આ મડદામાં (શરીરમાં) આત્મા નથી' એ પ્રમાણેનું આ દુનિયામાં બોલાતું વાક્ય પોતે જ આત્મા જેવી કોઈક સ્વતંત્ર ચીજ છે, તેની મોટી સાબિતી છે.

જગતમાં જે ચીજ ક્યાંક ને ક્યાંક હોય જ; તે જ ચીજ માટે દુનિયામાં બોલાય છે કે અમુક જગ્યાએ એ ચીજ નથી. પરન્તુ જે ચીજ ક્યાંય ન હોય તે ચીજ માટે આ ચીજ અહીં નથી, તેવું કદી બોલાતું નથી.

જંગલમાં વાઘ છે માટે જ ઘરમાં વાઘ નથી એમ બોલી શકાય છે. જો દુનિયામાં ક્યાંય વાઘ ન હોય તો મારા ઘરમાં વાઘ નથી તેવું કદી પણ બોલી શકાત ખરું ?

મારા બગીચામાં ગુલાબ નથી, ચંપો નથી, મોગરો નથી તેવું બોલી શકાય છે; કેમ કે દુનિયામાં ક્યાંક ને ક્યાંક આ બધાં ફૂલો છે જ. પણ મારા બગીચામાં આકાશફૂલ નથી, તેવું કોઈ બોલતું નથી કારણકે તેવી વસ્તુ આ દુનિયામાં છે જ નહિ.

આમ મડદા સિવાયના શરીરમાં આત્મા છે જ, માટે જ બોલી શકાય છે કે મડદામાં આત્મા નથી.

## શું દેખાય તે જ માનવું ?

વિહાર કરતાં કરતાં યુવાન જ્ઞાની મુનિરાજ એક ગામમાં પહોંચ્યા. તેમની વિદ્વત્તા અને મીઠાસ ભરેલી તેજસ્વી વાણીને સાંભળીને તેમની કીર્તિ સમગ્ર નગરમાં ફેલાઈ ગઈ. તેમની પ્રવચન સભામાં માત્ર વૃદ્ધો કે નિવૃત્તો જ નહિ. પણ યુવાનો ય સમયસર હાજર થવા લાગ્યા. અરે ! ઊંચામાં ઊંચું વ્યાવહારિક શિક્ષણ લેનારો વર્ગ પણ આવતો હતો.

'આત્મા, આત્મા' શબ્દ અનેકવાર સાંભળીને એકળાઈ ઊઠેલા એક બેરીસ્ટરથી આજે પ્રવચન સભામાં ન રહેવાયું. બેધડક ઊભા થઈને, તેણે યુવાનમુનિને પૂછ્યું કે હું તો જે દેખાય તેને જ માનું છું. ન દેખાય તેને શી રીતે મનાય ? વારંવાર તમે 'આત્મા આત્મા' કહ્યા કરો છો, તો તે આત્મા તમે કહો તેથી શું અમારે માની લેવાનો ? આત્મા હોય તો મને બતાડો ને ?

તે યુવાન મુનિરાજે સૌમ્ય ભાષામાં કહ્યું કે - ભાગ્યશાળી ! દેખાય તે જ માનવું અને ન દેખાય તે ન જ માનવું, તેવી પ્રતિજ્ઞા કરવા શું તમે તૈયાર છો ?

બેરીસ્ટર : હા ! તેમાં શું વાંધો ? ન દેખાય તેવી ચીજને અમે કદી માનતા જ નથી ને ?

મુનિરાજ : શાબાશ ! તો તો તમને આત્માનું દર્શન કરાવવામાં મને અનુકૂળતા રહેશે. આત્મદર્શન એ ખૂબ જ ઊંચી ચીજ છે. તે કોઈ મામૂલી વ્યક્તિને ન કરાવાય. તે તો બુદ્ધિશાળી વ્યક્તિને જ કરાવાય. તો ભાગ્યશાળી ! પહેલાં મને એ જણાવો કે તમે બુદ્ધિશાળી તો ખરા ને ?

બેરીસ્ટર : ઑફકોર્સ ! હું બેરીસ્ટર એમને એમ થોડો બન્યો હોઈશ ? મારા તમામ મિત્રો મને બુદ્ધિશાળી માને જ છે.

મુનિરાજ : તો મને જરા તમારી બુદ્ધિ હથેળીમાં લઈને બતાડોને ? જેવા તમે મને હથેળીમાં બુદ્ધિ બતાડશો કે તરત જ હું પણ તમને હાથમાં આત્માને બતાડીશ.

પેલો બેરીસ્ટર તો આ સાંભળીને સ્તબ્ધ થઈ ગયો. કાપો તો ય લોહી ન નીકળે તેવી તેની સ્થિતિ થઈ. કારણ કે બુદ્ધિ ન દેખાડી શકે તો તેનામાં બુદ્ધિ જ નથી તેમ સાબિત થઈ જાય !

પરન્તુ જૈન શાસનને પામેલા આ મહાત્માએ અત્યંત સૌમ્ય ભાષામાં તે બેરીસ્ટરને કહ્યું કે - ભાગ્યશાળી ! બુદ્ધિ તમે હથેળીમાં ન બતાડી શકો તેથી તમારામાં બુદ્ધિ નથી, તેમ ન મનાય. બુદ્ધિ એ હથેળીમાં દેખાડી શકાય તેવી ચીજ જ નથી. છતાં બુદ્ધિ તમારામાં છે જ. તમે બુદ્ધિશાળી છો જ. તમારી બેરીસ્ટર તરીકેની ખ્યાતિ, તમારા કાર્યો વગેરે તમારામાં રહેલી બુદ્ધિનું બધાને અનુમાન કરાવે છે.

આમ, બુદ્ધિ દેખાતી ન હોવા છતાં અનુમાનથી મનાય છે, તે જ રીતે આત્મા પણ દેખાતો ન હોવા છતાં અનુમાનથી તે માની શકાય છે.

મડદામાં સુખ-દુઃખના સંવેદન કેમ નથી થતાં ? કારણ કે તેમાં આત્મા નથી. જીવતા માણસના શરીરમાં સુખ-દુઃખના સંવેદનો થાય છે, માટે જીવતા માણસના શરીરમાં આત્મા હોવો જોઈએ તેમ અનુમાન કરી શકાય છે.

રોડ ઉપર સડસડાટ ગાડી પસાર થઈ ગઈ. આપણે તેમાં બેઠેલ ડ્રાઈવરને જોયો જ નથી, છતાં ય ગાડીની ગતિ ઉપરથી આપણે ગાડીમાં ડ્રાઈવર હોવો જ જોઈએ તેવું અનુમાન ક્યાં નથી કરતા ? કરીએ જ છીએ ને !

આમ, આત્મા ન દેખાતો હોવા છતાં ય બાહ્ય કાર્યો ઉપરથી આત્માનું અનુમાન કરી શકાય છે.

જ્ઞાની મહાત્માની ઉપરોક્ત વાત સાંભળતાં જ બેરીસ્ટર ભાઈના મનમાં ઘૂસી ગયેલી 'દેખાય તે જ માનવું' એવી માન્યતા સદા માટે દૂર થઈ ગઈ. તેમણે તે મહાત્માનું કાયમ માટે શરણું સ્વીકારી લીધું. પોતાની ભ્રમણાને ભાંગવા બદલ પૂજ્યશ્રીનો જાહેરમાં આભાર માન્યો.

સભામાં રહેલા અન્ય બુદ્ધિજીવી વર્ગને ધ્યાનમાં રાખીને તે જ્ઞાની મહાત્માએ પોતાની વાત આગળ ચલાવી.

જુઓ ભાગ્યશાળીઓ ! દેખાય તે જ માનવું તેવું કહેશો તો આપણે ઘણું ઘણું ખોટું માનવું પડશે ! સૂર્ય આપણને અહીંથી છાબડી જેટલો જ દેખાય છે તો શું તમે સૂર્યને છાબડી જેટલો જ માનશો ?

રેલ્વેના બે પાટા પાસે ઊભા રહીને જોઈએ તો આગળ જતાં તે બે પાટા ભેગા થઈ જતાં હોય તેમ આપણી આંખે દેખાય છે. તો શું ખરેખર તે બે પાટા આગળ ભેગા થાય છે, તેવું મનાય ખરું ? આપણે દૂર દૂર નજર કરીએ તો આપણી આંખે આપણને ધરતી અને આકાશ ભેગા થતાં દેખાય છે. તો શું ખરેખર તે વાત સાચી છે ? આપણી સામે રહેલી દિવાલ પાછળનું આપણને આપણી આંખે કાંઈપણ દેખાતું નથી. તો શું દિવાલ પાછળ કાંઈ છે જ નહિ તેવું માનવાનું ? ૧૫મા માળની બાલ્કનીમાં ઊભેલા સાડા પાંચ ફૂટની ઊંચાઈવાળા રમણભાઈ નીચેથી સાડાચાર ફૂટની ઊંચાઈવાળા દેખાય છે. તેથી શું તેમને સાડા પાંચ ફૂટ ઊંચાઈના નહિ માનવાના ?

જેને આંખે પીળિયો થયો છે, તેને સફેદ શંખ પણ પીળો દેખાય છે; જો આંખેથી દેખાય તે જ માનવાનું કહેશો તો સફેદ શંખને પણ પીળો જ માનવો પડશે !

આથી હવે નક્કી થયું કે ચીજ જેવી દેખાય તેવી જ માનવી અથવા ચીજ જો દેખાય તો જ માનવી; તે વાત બરાબર નથી.

મહારાજશ્રીએ પોતાની વાતા આગળ ચલાવી. એકવાર મારા પેટમાં સખત પીડા ઉપડી. સામાન્ય ઘરગથ્થુ ઉપચાર કરવા છતાં ય તે દુ:ખાવો દૂર ન થયો. છેવટે શ્રાવકોના અતિઆગ્રહને વશ થઈને ડોક્ટર સાહેબને બોલાવવા પડ્યા.

શરીરને તપાસીને ડોક્ટર સાહેબે દવા લખી આપી.

એક સાધુને, સંસારની તમામ સુખ-સમૃદ્ધિને છોડીને, યુવાનવયના

મોજશોખને ફગાવી દઈને નિરર્થક કષ્ટમય જીવન જીવતાં જોઈને ડૉકટરને દયા ઉપજી. તેમણે મને પૂછયું કે, - ''શા માટે આ શરીરને વગર કારણે શોષો છો ? મોજમજા કરવાના આ જીવનને અને આ યૌવનને બરબાદ શા માટે કરો છો ?''

મેં કહ્યું કે - ''આત્માના કલ્યાણ માટે હું સાધના કરી રહ્યો છું. મારા માનવજીવનને સફળ બનાવવાનો મારો પ્રયત્ન છે...''

હજુ વધુ બોલવા જાઉં ત્યાં જ બોલતા અટકાવીને તેઓ મને કહેવા લાગ્યા - ''આત્મા જેવી કોઈ ચીજ છે જ નહિ ને ? વગર ફોગટના તમે કષ્ટ કરી રહ્યા છો ! જગતના લોકોને ભડકાવી નાખવા આત્મા, તેનો પરલોક, સ્વર્ગ, નરક, મોક્ષ વગેરેની વાતો ઉપજાવી કાઢી હોય તેમ તમને નથી લાગતું ? આત્મા જેવી ચીજ હોય તો તે દેખાય કેમ નહિ ? કોઈ વૈજ્ઞાનિકે હજુ સુધી પ્રયોગશાળામાં માઈક્રોસ્કોપથી આત્માને જોયો હોય તેવું સાંભળવા કોઈને કદી ય મળ્યું નથી !''

મેં કહ્યું - ''ડૉકટર ! તમે કદી ય કેરીનો રસ પીધો છે ખરો ?''

ડૉકટર : ''જી હા, પણ તેનું હાલ શું કામ છે ? અત્યારે કાંઈ ઉનાળો નથી કે હું તમને લાવીને આપી શકું ?''

''તે રસ તમને સ્વાદમાં કેવો લાગ્યો હતો ?''

ડૉકટર : ''ખૂબ જ મીઠો.''

''એમ ! કેરીના રસમાં મીઠાશ હતી તેમ શું તમે ખરેખર માનો છો ?''

ડૉકટર : ''જી હા. તેમાં પૂછવાનું જ શું ? આ વાત કરતાં ય મને તે મીઠાશ માણવાનું મન થઈ જાય છે !''

''શાબાશ ! તો ડૉકટર ! તમે કેરીના રસની તે મીઠાશને કદી પણ તમારી આંખે જોયેલી ખરી ?''

ડૉકટર : ''ના.''

''ન દેખાઈ તો ય માનો છો કે તેમાં મીઠાશ હતી ?'' ડૉકટર સાહેબ વિચારમાં પડી ગયા.

મેં મારી વાત આગળ ચલાવી : ''જુઓ ડૉકટર ! તમે કદી ય કોઈ ઓડીયો કેસેટ સાંભળી છે ? અરે ! જવા દો એ વાત ! તમને મારા શબ્દો તો અત્યારે સંભળાઈ જ રહ્યા છે ને ?''

ડૉકટર : ''જી હા ! કેમ આમ પૂછો છો ? શું મારા કાનમાં આપશ્રીને કોઈ કચાસ લાગે છે ?''

''ના, ડૉકટર ! જરાય નહિ. તમારા કાન તો સાજા સરવા લાગે

છે. પણ મારા શબ્દો તમને સંભળાઈ રહ્યા છે; તેમ તમે જો માનો છો; તો મારે એટલું જ પૂછવાનું છે કે મારા શબ્દોને તમે આંખે જોયા ખરા ? જો ના, તો પછી તે શબ્દોને શી રીતે માનશો ? અને શબ્દો જ જો નથી તો તમે સાંભળ્યા કેવી રીતે ?

ડૉકટર : ''આપશ્રીની વાત વિચારવા જેવી છે.''

''ક્યારેક લગ્નપ્રસંગે ગયા હો ત્યારે ત્યાં આવેલા લોકોએ વસ્ત્રો ઉપર છાંટેલા અત્તર સેંટની સુગંધ તમે સુંઘી છે ખરી ? અથવા ઉનાળાના સમયે ગરમીથી પરેશાન થયા છો ? શિયાળામાં કડકડતી ઠંડીમાં ઠરી ગયા છો ?

ડૉકટર : ''ઉપરની બધી વાતો ક્યારેક ને ક્યારેક તો મારા જીવનમાં બની જ છે. પણ આપ શું કહેવા માંગો છો ?''

ડૉકટર : ''તમે મારી વાત ન સમજી શકયા ? હું એ કહેવા માંગુ છું કે આ સુગંધ કે દુર્ગંધ, ઠંડી કે ગરમી, મીઠાશ કે તીખાશ વગેરેને કાંઈ કદી આંખથી જોઈ શકતું નથી. છતાં ય આ બધી ચીજોને શા માટે માનો છો ? જો દેખાય તે જ માનવું અને આંખે ન દેખાય તે ન જ માનવું, તેવો નિયમ બનાવશો તો આ ઠંડી-ગરમી વગેરે કાંઈ પણ માની નહિ શકાય...''

## અનુભવાય તે જ માનવાનું ?

ડૉકટર : ''ગુરુજી ! આપ ખૂબ જ બુદ્ધિશાળી છો. આપે એવી જડબેસલાક દલીલ કરી છે કે જેના કારણે આંખે દેખાય તે જ માનવું તેવી વાત હું સદા માટે મારા મગજમાંથી દૂર કરી દઉં છું. મારી અજ્ઞાનતા ઉપર જ મને હસવું આવે છે. પણ મારા મનમાં હવે એ સવાલ ઉપસ્થિત થાય છે કે ભલે મીઠાશ, તીખાશ, શબ્દ, ઠંડી, ગરમી, સુગંધ-દુર્ગંધ વગેરે આંખ વડે જોઈ શકાતા ન હોય પણ કોઈને કોઈ ઈન્દ્રિયથી તેનો અનુભવ તો થાય જ છે ને ? જુઓ ! શબ્દ કાનથી સંભળાય છે, સુગંધ-દુર્ગંધ નાકથી પકડાય છે, મીઠાશ-તીખાશની જાણ જીભથી થાય છે, ઠંડી-ગરમીની ચામડીને ખબર પડે છે પણ આત્માની જાણ તો કોઈ જ ઈન્દ્રિયથી નથી થતી. ઉપરની બધી ચીજોનો અનુભવ કોઈને કોઈ ઈન્દ્રિયથી તો થાય જ છે. માટે અમે તેને માનીએ પણ આત્માનો અનુભવ તો કોઈ જ ઈન્દ્રિયથી કોઈને પણ થતો નથી. પછી તેને શી રીતે મનાય ?

ડૉકટર સાહેબની આ તીક્ષ્ણ દલીલ સાંભળીને મને પણ આનંદ થયો. તેમની જિજ્ઞાસાવૃત્તિને સંતોષવા મેં તેમને કહ્યું -

ડૉકટર સાહેબ ! તમે હમણા મને દવા લખી આપી તે ઉપરથી હું

માની લઉં કે, 'મને પેટમાં દુઃખાવો થયો હતો; તે વાત તમે પણ સ્વીકારો જ છો.' કેમ બરાબર ને ?

ડૉકટર : 'સાહેબ ! એમાં પૂછવાનું જ શું હોય ?'

'તો સાંભળો ડૉકટર ! મારા પેટમાં થતા દુઃખાવાને તમે આંખેથી જોયો ? કાનેથી સાંભળ્યો ? નાકથી સૂંઘ્યો? જીભથી ચાખ્યો ? ચામડીથી સ્પર્શ્યો ? જો પાંચમાંથી એક પણ ઈન્દ્રિયથી તમે ન અનુભવ્યો હોય તો મારા પેટમાં દુઃખાવો થયો હતો એમ તમે કેમ માની લીધું ? અને મને દવા કેમ લખી આપી ?

ડૉકટર : 'સાહેબ ! તમે સંત છો ! તમારા ઉપર થોડો અવિશ્વાસ રખાય ? તમે મને ખોટી વાત શા માટે કરો ?'

'તો પછી ડૉકટર ! આત્મા છે તેવું પણ હું જ કહું છું ને ? શા માટે હું ખોટું કહું ? આત્મા છે તેવી મારી વાતમાં તમને અવિશ્વાસ શા માટે ? છતાં ય તમને એક વાત પૂછું ! તમને કોઈ દિવસ માથાનો દુઃખાવો થયો છે કે નહિ ?'

ડૉકટર : 'હા... એકવાર નહિ પણ ઘણી વાર.'

'તો પછી મને તમે એ જણાવો કે તમને થયેલા માથાના દુઃખાવાને તમે જોયો ? સાંભળ્યો ? સૂંઘ્યો ? ચાખ્યો ? અડયા ? જો ના, તો પછી તમને ઘણીવાર માથું દુઃખવા આવ્યું છે તેમ કેમ કહો છો ? મને લાગે છે કે ખરેખર તમને માથાનો દુઃખાવો કદી નહિ થયો હોય! ખોટો ભ્રમ હશે.'

ડૉકટર : ના.. ના.. મહારાજશ્રી ! હું શું એટલો બધો મૂર્ખ છું કે મને દુઃખાવાનો ભ્રમ થઈ જાય ? મેં સાચેસાચ એ દુઃખાવાની તીવ્ર પીડાની લાગણીને અનુભવી છે, તેનું શું ?

શાબાશ, ડૉકટર સાહેબ, શાબાશ ! જેમ કોઈપણ ઈન્દ્રિયથી દુઃખ દેખાયું, સંભાળાયું, સૂંઘાયું, ચખાયું કે સ્પર્શાયું નહિ છતાં જો અનુભવાયું તો તમે તે દુઃખનું અસ્તિત્વ સ્વીકાર્યું તો પછી જે આત્મા દેખાતો, સંભળાતો, સૂંઘાતો, ચખાતો કે સ્પર્શાતો ન હોવા છતાં ય સુખ-દુઃખની લાગણીઓથી અનુભવાય છે તે આત્માના અસ્તિત્વને કેમ ન સ્વીકારાય ?

આ વાત સાંભળતાં જ પેલા ડૉકટર સાહેબ સદા માટેના સાચા જૈન બની ગયા. તેમને આત્મા છે તે વાતની સચોટ પ્રતીતિ થઈ ગઈ.

મહારાજશ્રીની આ વાત સાંભળતાં જ, પ્રવચનસભામાં બેઠેલા અનેક બુદ્ધિજીવી વ્યકિતઓના મનની શંકાઓ દૂર થઈ. 'આત્મતત્ત્વ' માનવાનું તેમણે નક્કી કર્યું.

3

# કેશીગણધાર - પ્રદેશીરાજાનો સંવાદ

ત્રણ લોકના નાથ, દેવાધિદેવ શ્રમણ ભગવાન મહાવીર ગામેગામ વિચરતા વિચરતા આમલકપ્પા નામની નગરી તરફ પધાર્યા.

નગરીની બહાર ઈશાનખૂણામાં આવેલા અંબસાલવન નામના ચૈત્યમાં અશોકવૃક્ષ નીચે પરમાત્માએ દેશના ફરમાવી.

તે વખતે સૌધર્મ દેવલોકના સૂર્યાભ નામના દેવે અવધિજ્ઞાનથી પરમાત્મા મહાવીરદેવને જોયા. તેની રોમરાજી ભકિતભાવથી વિકસ્વર થઈ. ત્યાં ભકિતભાવથી સ્તવના કર્યા પછી અનેક દેવ-દેવીઓથી પરિવરેલો તે સૂર્યાભદેવ પરમાત્મા મહાવીરદેવ પાસે આવ્યો. ત્રણ પ્રદક્ષિણા આપીને પ્રભુને વંદના કરવા લાગ્યો.

પ્રભુવીરે સુંદર ધર્મદેશના આપી. ધર્મદેશનાના અંતે સૂર્યાભદેવે પરમાત્માને સવાલ પૂછ્યા કે,

'હે ભગવંત! હું ભવ્ય છું કે અભવ્ય ? મિથ્યાદષ્ટિ છું કે સમ્યગ્દષ્ટિ? સંસારમાં મારે મર્યાદિત સમય રખડવાનું છે કે અનંતકાળ? મને બોધિની પ્રાપ્તિ થવી સહેલી છે કે મુશ્કેલ? હું આરાધક છું કે વિરાધક ? મોક્ષમાં જતાં પહેલા હજુ મારે કેટલા શરીર લેવાના છે ? વગેરે

પરમાત્માએ કહ્યું કે, 'હે સૂર્યાભ ! તું ભવ્ય છે. સમ્યગ્દષ્ટિ છે. તારે સંસારમાં મર્યાદિત સમય રહેવાનું છે. તું સુલભબોધિ છે, આરાધક છે. પછીના ભવે મોક્ષે જનારો છે.'

ભગવાનનો જવાબ સાંભળીને સૂર્યાભદેવ અતિ આનંદિત બન્યો.

પછી પ્રભુ તરફની ભકિતને વશ થઈને તેણે ૩૨ પ્રકારના દિવ્ય નાટકો કર્યા. પછી પ્રભુને વંદના કરીને તે સૂર્યાભદેવ પોતાના સ્થાને ગયો.

તેના ગયા બાદ, ગૌતમ સ્વામીએ પરમાત્મા મહાવીરદેવને આ સૂર્યાભદેવ અંગે અનેક સવાલો કર્યા. જેના અનુસંધાનમાં પ્રભુવીરે સૂર્યાભદેવનો નીચે પ્રમાણેનો પૂર્વભવ જણાવ્યો.

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં કેકય દેશની શ્વેતામ્બી નગરીમાં પ્રદેશી

નામનો રાજા હતો. તે ખૂબ પાપી, ક્રૂર, અને અત્યંત અધર્મી હતો. તેને સૂર્યકાન્તા નામની રાણી હતી.

એકવાર પાર્શ્વનાથ ભગવાનની પરંપરાના ચાર જ્ઞાનના સ્વામી કેશીશ્રમણ નગરીના બહારના ઉદ્યાનમાં પધાર્યા. નગરના અનેક લોકો તેમની પાસે ધર્મદેશના સાંભળવા આવ્યા.

રાજા પ્રદેશી પણ બહારથી થાકીને, આરામ કરવા તે જ ઉદ્યાનમાં આવ્યો. મોટી સભામાં વચ્ચે બેસીને મોટા અવાજે, ઉપદેશ આપતા કેશીશ્રમણને જોઇને રાજાના મનમાં થયું કે, 'જડ લોકો જ જડની ઉપાસના કરે છે. મુંડ લોકો જ મુંડની ઉપાસના કરે છે. અજ્ઞાની લોકા જ અજ્ઞાનીની ઉપાસના કરે છે. આ કોઇ જડ, મુંડ, અજ્ઞાની માણસ મોટી માનવમેદની વચ્ચે બેઠો બેઠો જોર જોરથી બરાડા પાડે છે ! મને ય સુખે આરામ કરવા દેતો નથી... વગેરે....

તેણે પોતાના સારથીને પોતાના મનમાં આવેલા વિચારો કહ્યા. સારથીએ કહ્યું કે, હે સ્વામી ! આ તો પાર્શ્વપ્રભુની પરંપરાના, ચાર જ્ઞાનના સ્વામી કેશીશ્રમણ છે.

રાજાને કુતૂહલ જાગ્યું. તેઓ તેમની પાસે પહોંચ્યા અને પૂછયું. 'હે ભંતે ! શું તમે વિશિષ્ટજ્ઞાન ધરાવો છો ?

શ્રમણે કહ્યું, 'હે પ્રદેશી ! મને જોઇને શું તમને એવો વિચાર આવેલો કે આ જડ લોકો પેલા મોટા જડની ઉપાસના કરે છે અને આ મારા ઉદ્યાનમાં બરાડા પાડીને મને ય સુખે આરામ કરવા દેતા નથી! વગેરે...

પોતાના મનમાં આવેલા વિચારોને સાંભળીને રાજા આશ્ચર્ય પામ્યો.

'ભંતે ! આપે કેવી રીતે જાણ્યું ?' તેનાથી એકાએક પૂછાઇ ગયું.

શ્રમણે કહ્યું : મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન, એમ પાંચ પ્રકારના જ્ઞાન છે. મને હજુ કેવળજ્ઞાન થયું નથી. પણ ચાર જ્ઞાન થયા છે. ચોથા મનઃપર્યવજ્ઞાનથી હું તારા મનના વિચારો જાણી શકયો છું.

કેશીશ્રમણની પ્રતિભાથી અંજાઇ ગયેલો રાજા પ્રદેશી ત્યાં જ બેસી ગયો. પોતાના મનની ઘણા સમયની- મૂંઝવણોનો ઉકેલ અહીં મળશે તેવું તેને લાગ્યું.

તેણે પૂછયું : 'હે ભંતે ! તમારા જેવા સાધુઓ-જીવ જુદો છે અને

શરીર જુદું છે'- તેવું માને છે. પણ હકીકતમાં જે જીવ છે તે જ શરીર છે. અને જે શરીર છે તે જ જીવ છે. તેવું હું માનું છું.

**કેશીસ્વામી** : ના પ્રદેશી ! તારી સમજ બરાબર નથી. હકીકતમાં જીવ અને શરીર બંને એક નહિ પણ જુદા છે.

## દાદા નરકમાંથી કહેવા કેમ ન આવ્યા ?

**પ્રદેશી** : જીવ અને શરીર એક જ છે, પણ જુદા નથી, તેવું માનવા પાછળ મારી પાસે અનેક યુકિત છે. જુઓ સાંભળો :

મારા જે દાદા હતા, તે ખૂબ જ પાપીષ્ઠ, ક્રૂર અને હિંસક હતા. સમગ્ર દેશમાં તેઓ અત્યાચાર ગુજારતા હતા. જો જીવ અને શરીર જુદા હોય તો તેઓ મરીને તમારા મત પ્રમાણે તો નરકમાં ગયા હોવા જોઇએ !

મારા દાદાનો હું અત્યંત વહાલો પૌત્ર છું. તેમને મારી ઉપર અપાર હેત હતું. હું તેમના માટે સર્વસ્વ હતો.

જો તેઓ નરકમાં ગયા હોય તો, મારા પ્રત્યેના અતિ વહાલના કારણે તેઓ ચોક્કસ મને કહેવા આવ્યા હોત કે, 'હે પૌત્ર ! અતિપાપ કરવાના કારણે હું નરકમાં પહોંચ્યો છું. ભયંકર દુ:ખોને ભોગવી ભોગવીને કંટાળી ગયો છું. તને ખાસ ચેતવું છું કે તું હવે કદી પાપ કરતો નહિ. પ્રામાણિકપણે પ્રજાનું પાલન કરજે. નહિ તો પાપ કરવાના કારણે તારે પણ નરકમાં આવીને મારા જેવા અસહ્ય દુ:ખો સહન કરવા પડશે.

હે.ભગવંત ! મારા દાદા જો ઉપર પ્રમાણે કહેવા આવ્યા હોત તો હું જીવ અને શરીર જુદા છે, તેવું માનત. પણ હજુ સુધી તો તેમણે મને આ વાત કયારે ય જણાવી નથી. હું એમ માનું છું કે જીવ અને શરીર એક જ હોવાથી, શરીર બળી જતાં જીવનો પણ નાશ થઇ જ ગયો છે. નરકમાં કોઇ ગયું જ નથી. આમ શરીર કરતાં જુદો જીવ જ ન હોવાથી શી રીતે તે મને કહેવા આવે કે તું પાપ કરીશ નહિ.

**કેશીસ્વામી** : હે પ્રદેશી ! તારી દલીલ મેં સાંભળી. હવે તું મારી વાત સાંભળ.

રૂપ રૂપની અંબાર એવી તારી પ્રિયતમા સૂર્યકાન્તા રાણીને તું પરપુરૂષ સાથે અનિચ્છનીય કાર્ય કરતી જુએ તો તું તે કામીપુરૂષને શું દંડ કરે ?

**પ્રદેશી** : હે સ્વામી ! હું તેના હાથ-પગ કાપી નાંખું. અરે ! તેને

શૂળીએ ચડાવી દઉં અથવા તો તરત જ એક ઘા મારીને તેના કટકા કરી નાંખું.

**કેશીસ્વામી** : હે પ્રદેશી ! કદાચ તે કામી માણસ તને કાકલુદી ભરીને કહે કે-હે સ્વામી ! મારી ભૂલ થઇ છે. આપને જે સજા કરવી હોય તે કરો પણ મને થોડો સમય આપો. હું મારા મિત્રો-સ્વજનો વગેરેને કહીને આવું કે હે માનવો ! કામાસક્તિને વશ થઇને મારાથી સૂર્યકાન્તારાણી સાથે અનિચ્છનીય કાર્ય થઈ ગયું. તેથી મરણની આ સખત સજા પામ્યો છું. માટે તમે ભૂલચૂકે પણ આવા પાપાચરણો ન સેવજો. નહિ તો તમને પણ મારી જેમ ફાંસીની સજા થશે. હે પ્રદેશી ! તે કામી માણસનું આવું કાકલુદીભર્યુ વચન સાંભળીને તું તેને સજા કરતાં થોડોક સમય અટકી જાય ખરો ?

પ્રદેશી : હે ભગવંત ! એ તો ન જ બને. આવો ભયંકર અપરાધ કરનારને એક ક્ષણ પણ જીવતો શી રીતે રહેવા દેવાય ? હું તો તેને તરત જ મારી નાંખું. ઘડીભર પણ એને એના ઘરે ન જવા દઉં.

**કેશીસ્વામી** : બસ.... તો પછી પ્રદેશી ! મળી ગયો તારા પ્રશ્નનો જવાબ ! નરકમાં ગયેલા તારા દાદાને ગમે તેટલી ઇચ્છા હોય કે હું માનવલોકમાં જઇને, મારા વ્હાલા પૌત્ર પ્રદેશીને જણાવું કે તું મારા જેવા પાપો ન કરતો. નહિ તો તારે પણ નરકમાં આવવું પડશે... વગેરે.

પણ ત્યાં રહેલા પરમાધામી દેવો તેને ત્યાંથી અહીં આવવા દેતા જ નથી ને ! પેલો કામી પુરૂષ-તને પરાધીન હોવાથી-પોતાના સ્વજનોને સમાચાર આપવા ન જઇ શકે તેમ તારા દાદા પણ ત્યાં નરકમાં પરાધીનપણે દુ:ખો ભોગવી રહ્યા છે. તેથી તને કહેવા કેવી રીતે આવી શકે ? નરકમાં પડતા ભયંકર દુ:ખોથી વિહ્વળ બનતો નરકનો જીવ પોતે શું કરવું ને શું ન કરવું ? તેની મૂંઝવણ અનુભવતો હોય છે. તેથી અહીં નથી આવતો.

વળી નરકમાં રહેલા કઠોર પરમાધામી દેવો તે નારક જીવને ક્ષણભર પણ છૂટો રહેવા દેતા નથી. સતત તેને સતાવ્યા કરે છે.ત્રાસ આપ્યા કરે છે. તેથી પણ તે અહીં આવી શકતો નથી.

નારકીમાં ભોગવવા યોગ્ય તેનું વેદનીયકર્મ હજુ પૂર્ણ ભોગવાઇ ગયું નથી. માટે પણ તે ન આવી શકે.

અને નરકગતિનું આયુષ્ય પૂર્ણ થયા વિના કોઇ આત્મા નરકમાંથી બહાર નીકળી શકતો નથી. તારા દાદાનું નારકઆયુષ્ય હજુ પૂર્ણ ન થયું હોવાથી

તેઓ ઇચ્છે તો ય ઉપરોક્ત કારણોસર તને કહેવા આવી શકતા નથી.

તેથી નરકમાં ગયેલા દાદા કહેવા આવ્યા નથી માટે શરીર અને જીવ એક જ છે, તેવું ન મનાય. પણ શરીર અને જીવ જુદા જ માનવા જોઇએ.

## દાદીમા સ્વર્ગમાંથી કહેવા કેમ ન આવ્યા ?

**પ્રદેશી** : હું જીવ અને શરીરને એક માનું છું, તેનું બીજું પણ એક કારણ છે. સાંભળો : ..

મારા દાદીમા અત્યંત ધર્મીષ્ઠ હતા. તેઓ રોજ ભગવાનની ભક્તિ કરતા. આખો દિવસ ધર્મની આરાધનામાં ગાળતા. તપ-ત્યાગ-દાન વગેરે ધર્મોને તો તેમણે આત્મસાત્ કર્યા હતા.

તમારા મત પ્રમાણે તો મરીને તેઓ દેવલોકમાં દેવ બન્યા હોવા જોઇએ. હું તેમને પણ ખૂબ વહાલો હતો. હું અત્યારે ખૂબ જ પાપી જીવન જીવું છું. તો તેમણે આવીને મને કેમ ન કહ્યું કે, હે પ્રદેશી ! ધર્મારાધના કરવાથી હું દેવ બન્યો છું. સ્વર્ગના સુખો ભોગવું છું. તું પણ પાપ બંધ કરીને ધર્મનું સેવન કર. જેનાથી તને પણ સ્વર્ગના સુખો મળે.

મને લાગે છે કે જીવ શરીર કરતાં જુદો છે જ નહિ. તેથી તેમના શરીરના બળવા સાથે તેમનો જીવ પણ બળી ગયો. તેથી દેવલોકમાં કોઇ ગયું જ નથી કે જે મને કહેવા માટે આવે ! જો જીવ અને શરીર જુદા હોત તો દેવલોકમાં ગયેલા મારા દાદીમાનો દેવ બનેલો જીવ ચોક્કસ મને કહેવા આવત. પણ આવ્યો નથી તેથી જીવ અને શરીર જુદા નથી.

**કેશીસ્વામી** : હે પ્રદેશી ! એમ સમજ કે પ્રભુની ભક્તિ કરવા તું સ્નાન કરીને બહાર નીકળ્યો છે. પ્રભુ પૂજા માટે સુંદર વસ્ત્રો તેં ધારણ કર્યા છે. હાથમાં પૂજાના ઉપકરણો લઈને દેવાલય તરફ જવા તું પગ ઉપાડે છે. તે સમયે સંડાસમાં રહેલો કોઈક માણસ તને એમ કહે કે, 'હે સ્વામી ! તમે આ સંડાસમાં આવો. બેસો. જરા આ સ્થાનની પણ મુલાકાત લો. થોડી વાર અહીં સૂઈ જઈને આરામ કરો. તો હે પ્રદેશી ! તું તેની વાતનો અમલ કરે ખરો ?

**પ્રદેશી** : સ્વામી ! કેવી વાત કરો છો ? હું તેની વાત પણ ન સાંભળું ને ! સ્નાન કરીને પવિત્ર થયા બાદ, સંડાસ જેવા અતિ ગંદકી ભરપૂર સ્થાનમાં હું તે વળી જતો હોઈશ?

**કેશીસ્વામી** : બસ તે જ રીતે સ્વર્ગમાં ગયેલી તારી દાદી ગંદકી

ભરપૂર મનુષ્યલોકમાં તને કહેવા માટે આવે નહિ.

દેવલોકની અંદર સુખોની રેલમછેલ છે. તે સુખોમાં લપેટાયેલા તેમને કદીક તને આવીને કહેવાની ઈચ્છા થાય તો પણ, મનુષ્યલોકમાં રહેલી દુર્ગંધને કારણે આવે નહિ.

સ્વર્ગમાં નવો ઉત્પન્ન થયેલો દેવ મનુષ્યલોકમાં આવવાને ઈચ્છે તો પણ ચાર કારણોસર આવી શકતો નથી :

(૧) દેવલોકમાં એટલા બધા ભૌતિક સુખો છે કે તે દેવ તેમાં જ મશગુલ બની જાય છે. પછી તેને માનવીય સુખોમાં રસ રહેતો નથી. માટે તે અહીં આવતો નથી.

(૨) દેવલોકમાં ગયા પછી માનવો સાથેનો પ્રેમ સંબંધ તૂટી ગયો હોય છે. દેવ-દેવીઓ સાથે નવો પ્રેમ સંબંધ શરૂ થયો હોય છે. તેથી તે અહીં આવતો નથી.

(૩) કદાચ તે મનુષ્યના સંબંધને યાદ કરીને આવવાનું મન કરે તો પણ દેવલોકના દિવ્ય સુખો તરફના આકર્ષણને કારણે 'હમણા જઉં છું, અબઘડી જાઉં છું' એ પ્રમાણે વિચારે છે. પણ પછી જયારે તે મનુષ્યલોકમાં આવે ત્યારે તેના તે સંબંધીઓ મરી ગયા હોય છે કારણ કે દેવની ઘડી એટલે આપણા હજારો વર્ષ ! તેથી તે જે થોડીવારમાં નીચે આવવા માંગે તેટલીવારમાં તો અહીં આપણી કેટલીય પેઢી પૂરી થઈ ગઈ હોય છે. તેથી તે પોતાના સંબંધીને મળી શકતો નથી.

(૪) મનુષ્યલોકમાં માથાને ફાડી નાંખે તેવી પુષ્કળ ગંદકી છે. તેની દુર્ગંધ એટલી બધી તીવ્ર હોય છે કે દેવો તે દુર્ગંધને સહન કરી શકતા નથી.

આમ, તારી દાદીમા દેવ બની હોય અને તેને આવવાની ઈચ્છા હોય તો પણ ઉપરોક્ત કારણસર આવી શકી ન હોય. તેથી જીવ અને શરીર જુદા છે, તેમ જ તારે માનવું જોઈએ.

## જીવ બહાર નીકળ્યો શી રીતે ?

**પ્રદેશી** : સ્વામીજી ! તમે તર્કથી વાત કરો, તે ઠીક છે. પણ મારી વાત તો અનુભવસિદ્ધ છે. મેં પ્રયોગો કરીને ખાતરી કરી છે કે જીવ શરીરથી જુદો છે જ નહિ.

એક વખત મંત્રી-સેનાધિપતિ વગેરેથી વીંટળાયેલો હું રાજસભામાં રાજસિંહાસન ઉપર બેઠો હતો. તે વખતે મારા કોટવાળો એક ચોરને પકડીને

લાવ્યા. તેના ગુનાની સજા મારે દેહાન્તદંડની કરવાની હતી.

જીવ અને શરીર એક છે કે જુદા, તેની ખાતરી કરવાનું મને મન થયું. તેથી મેં તે ચોરને જીવતો ને જીવતો લોખંડની મોટી કુંભીમાં પૂરાવડાવ્યો. પછી તેની ઉપર લોખંડનું મોટું ઢાંકણ ફીટોફીટ બંધ કરાવ્યું. લોઢા અને શીશાના રસથી ચારે બાજુ રેણ કરાવ્યો. ક્યાંય નાનું છિદ્ર પણ ન રહેવા દીધું. પછી મારા અતિવિશ્વાસુ સૈનિકોને ખુલ્લી તલવારે આજુબાજુ ચોકી કરવા કહ્યું. અંદરથી કાંઈપણ બહાર નીકળે તેવી વ્યવસ્થા હતી જ નહિ. છતાં ય કાંઈ નીકળે તો તેને પકડવાની કડક સૂચના મેં સૈનિકોને આપી.

કેટલાક દિવસો પસાર થઈ ગયા પછી મેં જાતે મારી નજરોનજર તે કુંભીને ખોલાવરાવી. જોયું તો અંદર પૂરાયેલો ચોર મરી ગયો હતો. જો જીવ અને શરીર જુદા હોય, અને તેના શરીરમાંથી જીવ બહાર નીકળી ગયો હોય તો કુંભીને ક્યાંક તો કાણું પડવું જોઈએ ને ? પણ તપાસ કરી તો કુંભીની ઉપર ઢાંકણ બરાબર બંધ હતું. રેણ પણ બરાબર હતો. કુંભીમાં ક્યાંય રાઈના દાણા જેટલું પણ કાણું નહોતું.

હું તો એમ માનું છું કે જીવ અને શરીર એક જ છે. જીવ ક્યાંય બહાર નીકળ્યો જ નથી. પણ શરીર અક્રિય બનતાં જીવ પણ અક્રિય બન્યો છે. તેથી હલન-ચલન જણાતું નથી. છેવટે જીવ અને શરીર તો એક જ છે ને ! મારી વાત ઉપર હવે તો આપને વિશ્વાસ બેઠો ને ?

**કેશીસ્વામી** : સાંભળ પ્રદેશી ! દુનિયામાં તો આવા અનેક અનુભવો થાય છે. એક મોટો ઓરડો હોય. ઉપર ઘુમ્મટ હોય. ચારે બાજુની દિવાલ લીંપેલી હોય. કોઈ માણસ મોટું નગારું લઈને તે ઓરડામાં જાય. પછી બારણા સજ્જડ બંધ કરી દે. ક્યાંય નાનું સરખું પણ કાણું કે તિરાડ ન રહે તેની કાળજી કરે. પછી જોરજોરથી નગારું વગાડે તો તેનો અવાજ બહાર સંભળાય કે ન સંભળાય ?

**પ્રદેશી** : સંભળાય તો ખરો જ ને !

**કેશીસ્વામી** : પણ તે ઓરડીને છિદ્ર તો છે નહિ. જરા સરખી ય જગ્યા નથી. તો પછી અવાજ નીકળ્યો કેવી રીતે ?

જો કાણું કે તિરાડ ન હોવા છતાં ય અવાજ બહાર નીકળી શક્યો તો પછી અવાજ કરતાં તો જીવની તાકાત અનંતગણી વધારે છે. તે કેમ ન નીકળી શકે ?

પૃથ્વીની, મકાનની, પર્વતની, સમુદ્રની, દુનિયાની કોઈપણ ઘન કે પ્રવાહી વસ્તુની આરપાર પસાર થઈ જવાનું સામર્થ્ય જીવમાં છે.

દુનિયામાં ગમે ત્યાં તેને પૂરવામાં આવે, જો તેમાંથી નીકળવાનો અવસર થયો હોય તો તે નીકળી જ જવાનો.

ચોરને તે કુંભીમાં પૂરાવડાવ્યો. પણ તેનો નીકળવાનો સમય આવ્યો ત્યારે છિદ્ર પાડયા વિના તે કુંભીમાંથી બહાર નીકળી ગયો. અને જીવ વિનાનું તેનું શરીર ત્યાં પડી રહ્યું. માટે તારે હવે માનવું જ જોઈએ કે જીવ અને શરીર જુદા છે.

## જીવ અંદર પ્રવેશ્યો શી રીતે ?

**પ્રદેશી** : એકવાર મેં એક ચોરને તેના ગુના બદલ મારી નાંખ્યો. પછી મરેલા તે ચોરના શરીરને લોખંડની કુંભીમાં પૂર્યું. ઉપરની બાજુ ઢાંકણ ફીટ કરીને રેણ કર્યું. ખુલ્લી તલવાર સાથે સૈનિકોનો પહેરો ભરાવ્યો. કેટલાક દિવસ પછી મેં કુંભી ખોલાવી તો તે ચોરના શરીરમાં અનેક કીડા ખદબદતા હતા. એ કુંભીમાં રાઈના દાણા જેટલું પણ કાણું તો હતું નહિ. તો પછી જીવ અંદર પ્રવેશ્યો કેવી રીતે ?

હું તો એમ માનું છું કે જીવ અને શરીર એક જ છે. તેથી નિષ્ક્રિય બનેલા ચોરના જીવ રૂપ શરીરને મેં કુંભીમાં પૂરેલું તે શરીર પોતે જ અનેક જીવડા રૂપે પરિણામ પામ્યું. આમ, બહારથી નવા જીવોને આવવાની જરૂર જ ન રહી.

જો શરીર અને જીવ જુદા હોય તો બહારથી પ્રવેશતા જીવોને મારા વિશ્વાસપાત્ર સૈનિકોએ જોયા હોવા જોઈએ ને ? પણ જોવાયા જ નથી, તેથી જીવ અને શરીર એક જ છે.

**કેશીસ્વામી** : પ્રદેશી ! તેં કોઈવાર ધમેલું (ગરમ ધગધગતું) લોખંડ **જોયું છે ?** અથવા લોખંડને ધમાવ્યું (ગરમ ધગધગતું કર્યું) છે ?

**પ્રદેશી** : હા સ્વામીજી ! લોખંડને ધગધગતું જોયું છે, અને મેં જાતે **પણ** ધમાવેલું છે.

**કેશીસ્વામી** : લોઢું પહેલા કાળુમેંશ હતું. તેને ધમાવતા તે લાલચોળ **બની જાય** છે. જાણે કે તે લોખંડ સાક્ષાત્ અગ્નિમય બની જાય છે. બરાબર ને ?

**પ્રદેશી** : સ્વામીજી ! આપની વાત બરાબર છે. પણ આમ કહીને

આપ શું કહેવા માંગો છો ? તે ન સમજાયું.

**કેશીસ્વામી** : મારો સવાલ એ છે કે તે નક્કર લોખંડમાં લાલચોળ અગ્નિ પ્રવેશ્યો કેવી રીતે ? તે નક્કર લોખંડમાં શું રાઈ જેવડું ય કાણું હતું ખરું ?

તે લોખંડ અને અગ્નિ એક છે, તેવું તો તું નહિ જ કહી શકે. જો નક્કર લોખંડમાં એક પણ કાણું ન હોવા છતાં ય તે લોખંડથી જુદો એવો અગ્નિ તેમાં પ્રવેશી શકે અને લોખંડને અગ્નિમય બનાવી શકે તો પછી અચિન્ત્ય શક્તિનો સ્વામી જીવ પોતે, એક પણ કાણા વિનાની લોખંડની કુંભીમાં કેમ ન પ્રવેશી શકે ? પોતાનાથી જુદા એવા પુદ્ગલ સ્વરૂપ શરીરમાં કેમ ન રહી શકે ? જડ એવા શરીરને પણ ચૈતન્યમય કેમ ન જણાવી શકે ?

તેં કુંભીમાં જે જીવડાઓ જોયા, તે બધા જીવો બહારથી નવા અંદર પ્રવેશ્યા છે. પણ તેઓ અરૂપી હોવાથી તારા સૈનિકો વડે જોઈ શકાયા નથી.

આમ, શરીર અને જીવ જુદા છે, તે વાત તારે માનવી જ જોઈએ.

## શું શરીરમાં જીવ છે ?

**પ્રદેશી** : પણ સ્વામી ! એકવાર જ્યારે એક ચોરને મારી પાસે લાવવામાં આવ્યો ત્યારે તેનામાં શરીરથી જુદો જીવ કયો છે ? તે જાણવા મેં તેને ચારે બાજુથી બારીકાઈથી તપાસ્યો. જ્યારે મને ક્યાંય શરીર કરતાં જુદો કોઈ જીવ ન દેખાયો ત્યારે મેં તેના બે કટકા કર્યા. તે વખતે તેમાંથી બહાર નીકળતા કોઈ જીવને તો મેં ન જોયો, પણ તે બે કટકાને ઝીણવટથી તપાસવા છતાં ય તેમાં પણ જીવ ન દેખાયો. ફરી તેના કટકા કર્યા અને જીવની તપાસ કરી, પણ જીવ તો દેખાયો જ નહિને ! આ રીતે મેં કટકાઓ કરવાનું અને તપાસવાનું ચાલું રાખ્યું. છેવટે તો મેં તેના રાઈ રાઈ જેટલા ટુકડા કરી દીધા. તો ય મને ક્યાંય તેના શરીર કરતાં જુદા જીવના દર્શન ન થયા. માટે મારામાં આ માન્યતા એકદમ ફીક્ષ થઈ ગઈ છે કે શરીર કરતાં જુદો કોઈ જીવ નથી. જો જુદો જીવ હોત તો ક્યારેક તો કોઈ કટકામાં દેખાત ને ?

**કેશીસ્વામી** : હે પ્રદેશી ! તું પેલા કઠિયારાની વાત નથી જાણતો ? તારી આ વાત સાંભળ્યા પછી મને થાય છે કે તારામાં અને પેલા કઠિયારામાં ફરક શું રહ્યો ?

**પ્રદેશી** : એ કઠિયારો કોણ હતો ? તેણે શું કર્યું હતું ? મને કઠિયારા

સાથે કેમ સરખાવો છો ?

**કેશીસ્વામી** : એકવાર કેટલાક કઠિયારાઓ લાકડાં લેવા જંગલમાં ગયા. આગળ વધતાં મધ્યાહ્ન સમયે પોતાનામાંના એક કઠિયારાને ત્યાં જ રોકી બાકીના કઠિયારાઓ લાકડા લેવા અંદરના જંગલમાં ગયા. જતી વખતે સીધું-સામાન અને દીવાવાળા ફાનસને તે કઠિયારાને આપીને કહ્યું કે, આ દીવાના અગ્નિની મદદથી ચૂલો બનાવી રસોઈ કરીને તૈયાર રાખજે. કદાચ કોઈ કારણે દીવો ઓલવાઈ જાય તો તું લાકડામાંથી અગ્નિ લઈને પણ રસોઈ તો બનાવજે જ. અમે લાકડાનો ભારો લઈને આવીએ છીએ. પછી આપણે સાથે જમીશું. પેલા કઠિયારાએ બધું સીધું-સામાન તૈયાર કરીને, ચૂલો સળગાવવાની શરૂઆત કરી. પણ તે દરમ્યાન પવનથી દીવો તો ઓલવાઈ ગયો હતો. હવે શું કરવું ? ચૂલો સળગાવ્યા વિના તો રસોઈ શી રીતે થાય ? કઠિયારો મૂંઝવણમાં પડ્યો. ત્યાં તેને પોતાના સાથીદારોની વાત યાદ આવી. 'કદાચ કોઈ કારણે દીવો ઓલવાઈ જાય તો તું લાકડામાંથી અગ્નિ લઈને પણ રસોઈ તો બનાવજે જ.'

તેણે તરત જ એક લાકડું લઈને તેમાં અગ્નિ શોધવાનું શરૂ કર્યું. ચારે બાજુ ફેરવી ફેરવીને જોયું પણ અગ્નિ તો ક્યાંય ન દેખાયો ! પછી તેણે કુહાડાથી લાકડાના બે ચીરીયા કર્યાં. છતાં તેમાં ય તેને અગ્નિ ન દેખાયો. ફરી ટૂકડા કરીને તપાસ કરી, તો ય નિષ્ફળતા મળી !! પછી તો તેણે તે લાકડાના રાઈ રાઈ જેવડા ટૂકડા કર્યાં. પણ ક્યાં ય તેને અગ્નિનું નામનિશાન પણ ન જણાયું !!!

આખરે, થાકી કંટાળીને લાચાર બનેલો તે લમણે હાથ દઈને ચિંતાતુર થઈને બેઠો. સાથીદારોને આવવાનો સમય થઈ ગયો છે. છતાં ય હજુ હું રસોઈ બનાવી શક્યો નથી. તેવો અફસોસ કરતો તે સમય પસાર કરી રહ્યો હતો.

થોડા સમય પછી તેના સાથીદારો લાકડાનો ભારો લઈને ત્યાં આવ્યા. થાક્યા હતા. ભૂખ્યા હતા, પરસેવાથી રેબઝેબ પણ થયા હતા. આવીને તરત ભોજન માંગ્યું... પણ પેલો કઠિયારો તો દીન મુખે રડવા લાગ્યો.

એક જણે પૂછયું, 'અરે રડે છે કેમ ? શું હજુ તેં રસોઈ બનાવી નથી ?'

કઠિયારાએ કહ્યું 'ભાઈઓ ! તેથી જ રડું છું. શું કરું? તે મને

સમજાતું નથી. તમારા ગયા પછી, સીધું સામાન ગોઠવીને જયાં ચૂલો પેટાવવાનો પ્રયત્ન કરું, ત્યાં જોયું તો દીવો ઓલવાઈ ગયો હતો. તમારા કહેવા પ્રમાણે લાકડામાંથી અગ્નિ મેળવવા મેં લાકડાને ચારે બાજુથી ખૂબ તપાસ્યું. લાકડાને ચીરી, તેના નાના નાના કટકા કરીને પણ ખૂબ બારીકાઈથી તપાસ્યું. પણ કયાં ય અગ્નિ તો શું, અગ્નિનો નાનો તણખો પણ જોવા ન મળ્યો ! તેથી અગ્નિ વિના હું રસોઈ બનાવું શી રીતે ? થાકેલા તમને ભોજન સમયસર નથી આપી શક્યો તે બદલ ખૂબ દુઃખી છું. હવે બોલો, રડું નહિ તો હું કરું પણ શું ?

પછી, તે સાથીદારોમાંથી જ એક માણસે બધાને કહ્યું કે, 'ચિંતા ન કરો. તમે બધા સ્નાન-પૂજન કરીને તૈયાર થાઓ, હું હમણાં જ લાકડામાંથી અગ્નિ કાઢીને રસોઈ તૈયાર કરું છું.'

પછી તે પુરુષે કુહાડાની મદદથી લાકડામાંથી **ઘસણયું** શર બનાવ્યું અને એ શરને અરણી સાથે ઘસ્યું. એટલે તેમાંથી અગ્નિ ઉત્પન્ન થયો. તેના વડે ચૂલો પેટાવીને તેણે રસોઈ કરી.

બધા તૈયાર થઈને આવ્યા એટલે બધાને પ્રેમથી ભાવપૂર્વક જમાડ્યા.

હે પ્રદેશી ! લાકડામાં ભલે પેલા કઠિયારાને અગ્નિ દેખાયો નહિ, પણ હતો તો ખરો ને ? તે અગ્નિ પ્રાપ્ત કરવાની રીતથી તે અજ્ઞાત હતો. માટે તેણે તે રીત અજમાવવાના બદલે લાકડાના ટૂકડે ટૂકડા કરીને અગ્નિ શોધવાનો બાલિશ પ્રયત્ન કર્યો.

તેમ હે પ્રદેશી ! ચોરના શરીરમાં જીવ તો હતો જ. દરેક જીવંત શરીરમાં તે શરીર કરતાં જુદો જ જીવ હોય છે. પણ તે જીવને જોવાની રીત તું જાણતો ન હોવાથી તેં પેલા ચોરના શરીરના ટૂકડે ટૂકડા કરીને જીવને શોધવાનો બાલિશ પ્રયત્ન કર્યો.

પેલા કઠિયારાને, લાકડાના ઘણા ટૂકડા કરવા છતાં ય અગ્નિ ન મળ્યો તેથી લાકડા કરતાં જુદો લાકડામાં અગ્નિ નથી, તેમ જો ન કહેવાય તો શરીરના ઘણા ટૂકડાઓ કરવા છતાં ય તેમાં તને જીવ ન દેખાયો તેટલા માત્રથી શરીર કરતાં જુદો જ જીવ શરીરમાં નથી, તેવું શી રીતે કહેવાય ? માટે હે પ્રદેશી ! હવે તો તું શરીરથી જીવ જુદો છે, તે વાતને સ્વીકાર. અને જો હજુ આ વાત સ્વીકારવાની તારી તૈયારી ન હોય તો મારે તને પેલા કઠિયારા સાથે ન સરખાવવો જોઈએ ?

## શરીરથી જુદા જીવને શી રીતે જોઈ શકાય ?

**પ્રદેશી :** આપની એક પછી એક દલીલ સાંભળીને હું ખરેખર વિચારમાં પડી ગયો છું. મારે કાંઈ પેલા કઠિયારા જેવા મૂર્ખ નથી બનવું. પણ આપ બુદ્ધિશાળી છો, જ્ઞાની છો, તો શું કૃપા કરીને મને શરીરથી જુદા એવા તે જીવને બતાવી ન શકો ?

હજુ તો રાજા પ્રદેશી પોતે કેશી સ્વામીને ઉપરોક્ત પ્રશ્ન વિનંતીની ભાષામાં કરી રહ્યો છે, ત્યાં જ જોરથી પવન વાવા લાગ્યો. આજુબાજુના વૃક્ષોના પાંદડા હલવા લાગ્યા. તણખલા કંપાયમાન થયા. ચકોર, વિચક્ષણ, મહાજ્ઞાની તે કેશી સ્વામીએ આ અવસરનો લાભ ઊઠાવતા પ્રદેશીને પૂછયું, હે પ્રદેશી ! અત્યારે તું પાંદડા, તણખલા, વૃક્ષની ડાળીઓ વગેરેને હલતી જુએ છે ને ?

**પ્રદેશી :** જી હા ! સ્વામી..... પણ તે કાંઈ જીવ થોડા છે ? આપ શું કહેવા માંગો છો ?

**કેશીસ્વામી :** આ પાંદડા વગેરેને અત્યારે કોણ હલાવી રહ્યું છે ? તારા સૈનિકો ? તું ? કોઈ દેવો ? કોઈ વિદ્યાધર ? બોલ તો ખરો..... આ બધાને કોણ હલાવતું હશે ?

**પ્રદેશી :** સ્વામી ! આમાં પૂછવા જેવું શું છે ? આ પાંદડા વગેરેને કોઈ રાજા, હું, દેવ કે વિદ્યાધર નથી હલાવતા. નાના છોકરાને પૂછશો તો તે પણ કહેશે કે વાયુ (પવન) આ પાંદડા વગેરેને હલાવે છે.

**કેશીસ્વામી :** બરાબર છે તારી વાત. પણ હું તને એ પૂછવા માંગું છું કે જે વાયુ આ પાંદડા વગેરેને હમણાં હલાવે છે, તે વાયુ તને દેખાય છે ? તું તે વાયુને બતાવી શકે ?

**પ્રદેશી :** ના, સ્વામી ! આ વાયુને હું મારી આંખથી જોઈ શકતો નથી કે બીજા કોઈને બતાવી પણ શકતો નથી. હા ! હું હાલતા પાંદડા વગેરેને જોઈ કે બતાડી શકું, પણ તે પાંદડા વગેરેને હલાવનાર વાયુને તો જોઈ કે બતાડી શકું જ નહિ.

**કેશીસ્વામી :** હે પ્રદેશી ! જો અનેક ગુણધર્મોવાળા વાયુને પણ તું જોઈ કે બતાડી શકતો નથી તો અરૂપી એવા જીવને હું શી રીતે તને બતાડી શકું ?

છતાં ય કેવળજ્ઞાની ભગવંતો તો પોતે સાક્ષાત્ આ જીવને જુએ છે. અને તેઓએ જોઈને જ કહ્યું છે કે તે જીવ શરીર કરતાં જુદો છે.

જેમ લાકડામાં રહેલો અગ્નિ-પ્રક્રિયા કરવા દ્વારા-જોઈ શકાય છે, તેમ તું, હું કે વિશ્વનો કોઈપણ જીવ આત્મામાં રહેલા રાગ - દ્વેષને ખતમ કરવાની સાધના કરીને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે તો તે પણ પોતાના જીવને અને વિશ્વના સર્વ જીવોને પ્રત્યક્ષપણે જોઈ શકે.

તેથી હવે કદાગ્રહ છોડીને, જીવ જેવી કોઈ સ્વતંત્ર વસ્તુ છે, અને તે શરીરથી જુદી છે, તે વાતને સ્વીકાર.

## બધા જીવો સરખા જ હોય ?

**પ્રદેશી** : તો સ્વામી ! શું હાથી અને કંથવાનો જીવ એક સરખો જ છે ?

**કેશીસ્વામી** : હા ! એ બંનેના જીવ એક સરખા જ છે. એટલું જ નહિ વિશ્વમાં જેટલા જીવો છે, તે દરેકના શરીરો ભલે નાના-મોટા હોય પણ તે બધાની અંદર રહેલો આત્મા તો બધાનો સરખો જ છે.

**પ્રદેશી** : કંથવાનું શરીર નાનું છે, તે ક્રિયા ઓછી કરે છે. તેનો ખોરાક, વિષ્ઠા, શ્વાસાદિ પ્રક્રિયા વગેરે બધું જ થોડું થોડું છે. જયારે હાથીનું શરીર મોટું છે. ક્રિયા વધારે કરે છે. તેના ખોરાક વગેરે પણ વધારે છે. તો પછી કંથવા અને હાથીના જીવને સરખો શી રીતે માની શકાય?

**કેશીસ્વામી** : આત્માનો સ્વભાવ સંકોચ-વિકાસશીલ છે. અર્થાત્ આત્મા પોતે સંકોચાઈ શકે છે. અને અવસરે તે વિસ્તરણ પણ પામી શકે છે. જયારે કંથવા જેવા શરીરમાં હોય ત્યારે તે સંકોચાઈને તેટલો બને, જયારે તે હાથીના શરીરમાં પહોંચે ત્યારે વિસ્તરીને તે તેટલો થાય. પણ હકીકતમાં તો તે સરખો જ છે.

એક નાની રૂમમાં દીવડો મૂક્યો હોય તો નાના રૂમમાં તે દીવાનો પ્રકાશ ફેલાય. મોટા રૂમમાં તે જ દીવડો મૂકવામાં આવે તો મોટો રૂમ તે દીવાના પ્રકાશથી ભરાય. અને મોટા સભાખંડમાં તે દીવો મૂકીએ તો તે મોટો સભાખંડ પણ તેના પ્રકાશથી ભરાયેલો જણાય. નાના રૂમમાં, મોટા રૂમમાં કે મોટા સભાખંડમાં દીવો તો એનો એ જ છે, તેનો પ્રકાશ પણ તેનો તે જ છે. પણ જેમ તેને રહેવાનું સ્થાન મોટું મોટું થયું, તેમ તેમ તે વધારે ફેલાતો ગયો. અને નાનું-નાનું કરતા જઈએ તેમ તેમ તે ઓછા વિસ્તારમાં રહેતો જાય.

બસ, આ દીવાના પ્રકાશ જેવો જ જીવ છે. તેને રહેવાનું સ્થાન શરીર કંથવા જેવું નાનું-નાનું હોય તો તે સંકોચાઈને તે શરીર જેટલો

થયેલો જણાય. અને જ્યારે તેનું શરીર હાથી જેટલું મોટું થતું જાય ત્યારે તે વિસ્તરીને તે હાથીના શરીર જેટલો થયો જણાય.

પણ હકીકતમાં તો કંથવા કે હાથીના શરીરમાં રહેલો જીવ તો એકસરખો જ છે. માત્ર બદલાતા શરીરના આધારે તે સંકોચાય કે વિસ્તરે છે.

આમ જીવ અને શરીર જુદા છે, તે વાત હવે તારે હૃદયથી માનવી જોઈએ.

## બાપના કૂવે ડૂબી ન મરાય !

**પ્રદેશી** : આપ કૃપાળુની બધી વાતો સાચી તો લાગે છે પરન્તુ માત્ર મારા દાદા જ નહિ, મારા પિતા પણ જીવ અને શરીરને એક જ માનતા હતા. મારા કેટલાક મિત્રો પણ જીવને શરીરથી જુદો માનતા નથી. તો શું ઘણા વર્ષોથી-બાપદાદાથી-જે માન્યતા મેં મનમાં ઊભી કરી તે મારે છોડી દેવી ? મને લાગે છે કે મારી કુળ પરંપરાથી ચાલી આવતી 'જીવ અને શરીર એક છે' તેવી વાત મારાથી છોડી ન શકાય. (વૈજ્ઞાનિકોની વાત હું માનું છું. અને વૈજ્ઞાનિકો-આત્મા-દેખાતો નથી માટે-માનતા નથી. તો હું વૈજ્ઞાનિકોની તે 'આત્મા નથી' વાતને શી રીતે છોડી શકું ? આવું વિચારનારાએ હવે પછીનો કેશીસ્વામીનો જવાબ બરાબર મનનપૂર્વક વાંચવા જેવો છે.)

**કેશીસ્વામી** : બાપના કૂવે ડૂબી ન મરાય ! મારી કુળ પરંપરાથી આ માન્યતા આવી છે, માટે હું છોડી ના શકું તેવી તારી વાત સાંભળતા મને પેલો લોઢાનો ભારો ન છોડતા પુરુષની વાર્તા યાદ આવે છે. મને લાગે છે કે તારે પણ પછીથી તે કદાગ્રહી પુરુષની જેમ પસ્તાવાનો વખત આવશે.

**પ્રદેશી** : હે ગુરુભગવંત ! લોઢાનો ભારો નહિ છોડનાર તે કદાગ્રહી પુરુષ કોણ હતો ? અને તેણે શા માટે પાછળથી પસ્તાવું પડ્યું ?

**કેશીસ્વામી** : ધનને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા કેટલાક વેપારીઓ પુષ્કળ કરિયાણાં ભરીને દૂરના દેશ તરફ આગળ વધ્યા.

રસ્તામાં મોટું જંગલ આવ્યું. ધનની કામનાએ તેમનામાં હિંમત પેદા કરી. તેઓ જંગલમાં પણ નિર્ભયતાથી આગળ વધવા લાગ્યા.

આગળ જતાં મોટી ખાણ દેખાઈ. નજીક જઈને જોયું તો તેમાં પુષ્કળ લોખંડ હતું. લોખંડ જોઈને આનંદિત બનેલા તેઓએ પોતાની ઈચ્છા અને શક્તિ પ્રમાણે લોખંડના ભારા બનાવીને સાથે લઈ લીધા અને આગળ ચાલ્યા.

આગળ વધતાં, રસ્તામાં સીસાની મોટી ખાણ તેમના જોવામાં આવી. લોખંડ કરતાં સીસું વધુ કિંમતી છે. તેથી ચાલો લોખંડને પડતું મૂકીને આપણે સીસાના ભારા બનાવીને લઈએ. એ પ્રમાણે વિચાર કરીને તે વેપારીઓએ પોતાના લોખંડના ભારા ત્યાં જ પડતા મૂકીને નવા સીસાના ભારા તૈયાર કર્યા.

પણ તેમાંનો એક વેપારી મૂઢની જેમ એમ જ ઊભો રહ્યો. તેણે ન તો લોખંડનો ભારો નીચે મૂકયો કે ન તો સીસાનો નવો ભારો તૈયાર કર્યો !

સહવર્તી વેપારીઓ તેને કહે છે કે, અલ્યા ! આવી મૂર્ખામી કેમ કરે છે ? જલદીથી લોખંડનો ભારો ફેંકી દે અને સીસાનો ભારો લઈ લે. મોડું થાય છે. વગેરે વાક્યો વડે પેલા વેપારીને ખૂબ જ સમજાવ્યો પણ તે વેપારી તો અન્ય વેપારીઓને કહેવા લાગ્યો કે, હે મિત્રો ! તમે પણ કેવી વાત કરો છો ? કેટલે દૂરથી તેને ઊંચકીને હું લાવ્યો છુ. વળી કેટલી બધી મજબૂતાઈથી મેં તેને બાંધ્યો છે. મારી આ બધી મહેનત શું મારે નકામી કરી નાંખવી ? માટે મારું મન હવે આ લોખંડના ભારાને છોડવાનું નથી. તેથી તમે બધાએ ભલે લોખંડના ભારાને છોડવાનું મૂર્ખામીભર્યું કાર્ય કર્યું ! પણ હું તો તેવું મૂર્ખામીભર્યું કામ કરવા માંગતો જ નથી. હું કાંઈ તમારી જેમ લોખંડના ભારાને છોડીને સીસાનો ભારો લેવાનો નથી !

બધા તેનો કદાગ્રહ જોઈને આગળ વધ્યા. રસ્તામાં તાંબાની ખાણો આવી. બધાએ સીસાનો ભારો ફેંકીને, તાંબાનો ભારો બનાવ્યો. પણ પલા કદાગ્રહી વેપારીએ તો લોખંડનો ભારો જ ઊંચકી રાખ્યો.

પછી તો રસ્તામાં આગળ વધતાં ચાંદીની, સોનાની અને છેલ્લે રત્નોની ખાણ આવી. બધા વેપારીઓએ તાંબાનો ભારો ફેંકી ચાંદીનો, પછી ચાંદીનો ફેંકી સોનાનો અને છેલ્લે સોનાનો ભારો ફેંકી રત્નોનો ભારો સાથે લીધો. જેમ જેમ તેમને વધુ ને વધુ મૂલ્યવાન વસ્તુઓ મળતી ગઈ, તેમ તેમ તેઓએ પૂર્વે લીધેલી ઓછા-ઓછા મૂલ્યવાળી વસ્તુઓને છોડી દીધી, પણ પેલા કદાગ્રહી વેપારીએ તો ઠેઠ સુધી પોતે પૂર્વે પકડેલો લોખંડનો ભારો ન જ છોડ્યો.

છેવટે રત્નોના ભારા લઈને, પોતાના નગરમાં તેઓ પાછા ફર્યા. રત્નો વેચીને તેઓએ પુષ્કળ ધન પ્રાપ્ત કર્યું. તેના વડે સાત માળના મહેલો બંધાવ્યા. દાસ-દાસી પશુઓ વસાવ્યા. અને અત્યંત વૈભવી ઠાઠમાઠ સાથે જીવન વીતાવવા લાગ્યા.

પણ પેલો કદાગ્રહી વેપારી તો લોખંડના ભારાને ઊંચકીને લાવ્યો હતો. તેણે લોખંડના ભારાને વેચતાં અલ્પમૂલ્ય મેળવ્યું. તેથી તે કાંઈ અન્ય વેપારીઓ જેવો વૈભવી ઠાઠમાઠ પામી ન શક્યો. પરિણામે, પેલા વેપારીઓને વૈભવની રેલમછેલ વચ્ચે દેવલોક જેવા સુખોને અનુભવતા જોઈને પોતાની જાત ઉપર તે ધિક્કાર વરસાવવા લાગ્યો કે, 'ધિક્કાર છે મને ! હું જ કમનસીબ છું. મારું પુણ્ય જ ઓછું. મારા મિત્ર વેપારીઓની વાત મેં ન માની. જો તેમના કહ્યા પ્રમાણે લોખંડના ભારાને છોડીને વધુને વધુ મૂલ્યવાળા ભારા લીધા હોત તો મારી આ દશા આજે ન હોત ! હું પણ તેમના જેવો વૈભવ માણી શકત. પણ મારા દુરાગ્રહે મને દુઃખી કર્યો. મને આજે પસ્તાવાનો સમય આવ્યો....'

હે પ્રદેશી ! તું પણ તારો આ દુરાગ્રહ નહિ છોડે તો તારે પણ આ લોખંડના ભારાવાળા કદાગ્રહી વેપારીની જેમ પસ્તાવાનો અવસર આવશે.

કેશીસ્વામીની આ વાત સાંભળીને રાજા પ્રદેશીને હવે સાચું ભાન આવ્યું. પોતાના કદાગ્રહને તેણે છોડી દીધો. ઊભા થઈને વિનયપૂર્વક વંદન કરીને કહ્યું કે, 'હે સ્વામી ! આજે મારો તમામ પૂર્વગ્રહ હું છોડી દઉં છું. મને આપ જિનેશ્વર પરમાત્માએ કહેલો ધર્મ સંભળાવો. રાજાની સાચી જિજ્ઞાસા જાણીને કેશીસ્વામીએ તેને શ્રાવકધર્મ સમજાવ્યો.

બીજા દિને પોતાના સમગ્ર પરિવારને લઈને, કોણિકની જેમ મોટા આડંબરપૂર્વક તે કેશીસ્વામી પાસે આવ્યો. વંદનાદિને કરીને, ગઈકાલે પોતે કરેલા અવિનય બદલ તેણે વારંવાર ક્ષમા યાચી.

પછી તો તે પ્રદેશીરાજા ચુસ્ત શ્રમણોપાસક બન્યો. ધર્મધ્યાનમાં લીન રહેવા લાગ્યો. હવે તેને સંસારના વિષયસુખાદિમાં આસક્તિ રહી નથી.

પણ આ સંસારનું સ્વરૂપ જ વિચિત્ર છે. સગા બધા સ્વાર્થના સાથી છે. જ્યાં સુધી પોતાનો સ્વાર્થ સચવાય ત્યાં સુધી ભાઈબાપા કરે.... અને જ્યારે લાગે કે હવે સામેની વ્યક્તિ પાસેથી કોઈ સ્વાર્થ સધાય તેમ નથી, ત્યારે તે સગો પણ દુશ્મન જેવો લાગે.

રાણી સૂર્યકાન્તાને પોતાનો પતિ રાજા પ્રદેશી પ્રાણથી પણ પ્રિય હતો. તેના ખાતર તે પોતાની જાતનું પણ બલિદાન આપવા તૈયાર રહેતી.

પણ જ્યારથી રાજા પ્રદેશી વિષયાદિથી વિમુખ બનવા લાગ્યો,

ત્યારથી હવે સ્વાર્થ ન સધાવાના કારણે રાણી સૂર્યકાન્તાને તે કાંટાની જેમ ખૂંચવા લાગ્યો. પોતાનો પ્રાણપ્રિય પતિ હવે તેને ખારોઝેર લાગે છે. દુશ્મન જેવો ભાસે છે.

અને એક દિવસ રાણી સૂર્યકાન્તાએ પોતાના પતિને ભોજનમાં ઝેર આપી દીધું. સમગ્ર શરીરમાં ઝેર પ્રસરતાં અસહ્ય-અકથ્ય વેદના રાજાના શરીરમાં પેદા થઈ.

પોતાની રાણી સૂર્યકાન્તાએ ઝેર આપ્યું છે, તે સમજતા તેને જરા ય વાર ન લાગી. છતાં ય હવે ધર્મને સમજે તેવો આ ધર્માત્મા હતો. કેશીસ્વામીના સત્સંગનો પ્રભાવ તેના સમગ્ર આત્મપ્રદેશે વ્યાપેલો હતો. તેથી તેણે મનમાં જરા પણ દ્વેષ ન કર્યો.

પૌષધશાળામાં જઈ, ચારે આહારનો ત્યાગ કરીને, અરિહંતાદિ ચારનું શરણ સ્વીકારી, પોતે સ્વીકારેલા વ્રત-નિયમોને યાદ કરીને, શરીરાદિ સર્વ ઉપધિને વોસીરાવી, પોતાના દુષ્કૃતોની નિંદા અને સુકૃતોની અનુમોદના કરતો, ધર્મધ્યાનમાં લીન બનેલો તે પ્રદેશી રાજા આયુષ્ય પૂર્ણ થતાં મૃત્યુ પામીને પહેલા સૌધર્મ દેવલોકમાં સૂર્યાભ નામના વિમાનમાં ચાર પલ્યોપમના આયુષ્યવાળો દેવ બન્યો.

પ્રભુ મહાવીર દેવ પોતાની વાત આગળ ચલાવતા કહ્યું, ''હે ગૌતમ ! તે પ્રદેશી રાજા સૂર્યાભદેવ બન્યા પછી, આજે મને વાંદવા આવ્યો. અને ભક્તિથી તેણે ૩૨ નાટકો કર્યા.

**ગૌતમ સ્વામી** : હે ભગવંત ! તે સૂર્યાભદેવ પોતાનું ચાર પલ્યોપમનું આયુષ્ય પૂર્ણ થતાં ત્યાંથી ક્યાં જન્મ લેશે ?

હે ગૌતમ ! તે સૂર્યાભદેવ પોતાનું આયુષ્ય પૂર્ણ થતાં, મહાવિદેહ ક્ષેત્રમાં ધનાઢ્ય કુળમાં જન્મ લેશે. તેના ગર્ભમાં આવ્યાથી માતા-પિતા ધર્મમાં વધારે દૃઢ પ્રતિજ્ઞાવાળા બન્યા હોવાથી તેનું નામ દૃઢપ્રતિજ્ઞ પડશે. યૌવનકાળમાં પણ તે કામભોગોથી જરા પણ લેપાશે નહિ, કિન્તુ દીક્ષા લઈ, કેવળજ્ઞાન પામી મોક્ષપદના ભોક્તા બનશે. આત્મ સ્વરૂપમાં રમણ કરશે.

પ્રભુવીરે, સૂર્યાભદેવ સંબંધિત ગૌતમસ્વામી વડે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં સૂર્યાભદેવનો પૂર્વભવ અને પછીનો ભવ જણાવ્યો. તેમાં પૂર્વભવના વર્ણનમાં કેશીસ્વામી અને પ્રદેશી રાજાના વાર્તાલાપ દ્વારા શરીરથી જુદા આત્મતત્ત્વની તાર્કિક સિદ્ધિ પણ કરી આપી.

# ૪
# જુદીજુદી રીતે આત્મસિદ્ધિ

## જીવ નીકળ્યો એટલે શું ?

રમણભાઈશેઠ અચાનક બિમાર પડ્યા. ફેમીલી ડૉકટરને બોલાવવામાં આવ્યા. તેઓએ યોગ્ય ટ્રીટમેન્ટ શરૂ કરી... પણ શરીર તો વધુને વધુ લથડવા લાગ્યું... કેશ ગંભીર બનવા લાગ્યો... છેવટે શહેરની મુખ્ય હોસ્પિટલમાં તેમની ભરતી કરવામાં આવી.

સગાં-સ્નેહીજનો આવી રહ્યા છે... ખબર પૂછી રહ્યા છે. અન્તિમ અવસ્થા નજીક આવતી જણાય છે. ખોરાક લઈ શકાતો નથી. ગળે લગાડેલ નળીથી પ્રવાહી અપાઈ રહ્યું છે. શ્વાસ રુંધાય છે. નાકમાં નળી ભરાવી ઑકસીજન ઉપર રાખેલ છે. ગ્લુકોઝના બાટલા ચઢાવવાનું પણ ચાલું છે. બીજી પણ અનેક નળીઓ શરીરના જુદા જુદા ભાગો સાથે જોડવી પડી છે.

ડૉકટરોએ હાથ ઊંચે કરતાં, બધે સીરીયસના સમાચાર તારથી મોકલાવાઈ ગયા છે. હોસ્પિટલની બેડ ઉપર રમણકાકા જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. અંતિમ ઘડીઓ ગણાઈ રહી છે. સગાં-સ્નેહીજનો આજુબાજુ વીંટળાઈ વળ્યાં છે. પરસ્પર વાર્તાલાપ સંભળાઈ રહ્યો છે.

જો, હમણા સહેજ માથું હલ્યું ! જીવ છે... હજુ છે... જો સહેજ આંખની પાંપણ હલતી દેખાય છે... હજી જીવ છે...ના, ગયો નથી... અંદર જીવ મુંઝાતો હોય એમ લાગે છે... બહુ રીબાઈ રહ્યા છે શેઠ... હજુ દીકરો મયૂર દિલ્હીથી આવ્યો નહિ... ક્યારે આવશે ? દીકરાને જોવા જીવ મુંઝાતો લાગે છે... વગેરે...

ત્યાં તો મયૂર આવી પહોંચ્યો... બધાએ તરત જ શેઠના પલંગ પાસે તેને આવવા દીધો. કો'ક બોલ્યું, કાકા! લો તમારો દીકરો સમયસર આવી ગયો... અરે મયૂર ! જલદી આવ... જલદી તારા બાપુજી સાથે વાત કરી લે... હજુ જીવ છે. દીકરો નજીકમાં આવ્યો... બાપુજીએ આંખ ખોલી. દીકરા તરફ નજર નાંખી... અને તેમણે સંતોષપૂર્વક છેલ્લો શ્વાસ છોડ્યો... બધાએ પોક મૂકી.

મરણોત્તર ક્રિયા પૂર્ણ થઈ. મયૂરના શોકનો કોઈ પાર નહોતો. છતાં તેને એક વાતનો સંતોષ હતો. તે બોલતો હતો કે સારું થયું કે બાપુજીનો

જીવ નીકળે તે પહેલાં જ હું આવી ગયો. નસીબદાર કે બાપુજીએ છેલ્લે છેલ્લે મને અમીદૃષ્ટિએ જોયો. ખરેખર હું નસીબદાર કે છેલ્લી ઘડીએ બાપુજી સાથે મારે મુલાકાત થઈ ગઈ વગેરે...

ઉપર જણાવેલ પ્રસંગ સંસારમાં અનેકવાર બન્યા કરે છે. અનેકોનો તે અનુભવ પણ છે. હોસ્પિટલ કે ઘેર, કો'કના મરણ પૂર્વની આવી કેટલીક પળો વ્યતીત થતી હોય છે, જેમાં ઉપર જણાવ્યા પ્રમાણેનો વાતચીતનો વ્યવહાર થતો હોય છે. જેમાં 'હજી જીવ છે, જીવ હજુ ગયો નથી' વગેરે વાક્યો અનેકવાર સંભળાય છે. આ જીવ શબ્દ આત્મા સિવાય અન્ય કોને જણાવે છે ? શું મરણ વખતે બોલાતું 'જીવ નીકળી ગયો' એવું વાક્ય પોતે જ આત્માની સાબિતી નથી ? શરીર ગયું... હજુ શરીર છે... હજુ શરીર ગયું નથી... એવા વાક્યો તો કોઈ જ બોલતું નથી. કારણ કે શરીર તો ત્યાં પડેલું જ છે. તેને તો હવે સ્મશાનમાં લઈ જઈને બાળવાનું છે. પણ હવે જીવ નથી. તે ક્યાંક ચાલ્યો ગયો છે. શરીર પહેલા જીવવાળુ હતું. હવે જીવ વિનાનું બની ગયું છે. જીવવાળું હતું ત્યાં સુધી કાર્ય કરતું હતું. હવે જીવ ન હોવાથી બધાં કાર્યો બંધ થઈ ગયા છે. બરાબર ને ? આની સાથે તો નાસ્તિકને પણ વિરોધ નહિ હોય. આ જીવ શબ્દ જેના માટે વપરાયો છે, તે જ આત્મા છે તેમ માનવું જોઈએ.

## અનુભવ કોણ કરે છે ?

જેમ કોઈ આલિશાન મકાન હોય તો, તે મકાનનો કોઈ માલિક પણ હોય. મકાન અને તેનો માલિક; બંને એક તો હોઈ શકે જ નહિ. મકાન એ માલિક નથી, અને જે માલિક છે, તે પોતે મકાન નથી.

વળી મકાનમાલિકના આ મકાનમાં બારી-બારણા પણ રહેવાના જ. બારી-બારણાં વિનાના મકાનમાં રહેવાનું મન કોને થાય ? મકાનમાલિક ક્યારેક દક્ષિણ તરફની બારીએ ઊભો રહીને દરિયાકિનારો જોવાનો તો ક્યારેક પશ્ચિમની બારીમાંથી સૂર્યાસ્તનું સુંદર દૃશ્ય પણ નિહાળવાનો. આ દરિયાનું કે સૂર્યાસ્તનું દૃશ્ય ભલે બારી દ્વારા જોવાતું હોય પણ તેને જોનાર તો મકાનમાલિક જ છે; પણ આ દૃશ્યોને જોનાર તરીકે બારીને તો ન જ કહી શકાય ને !

બસ, તે જ રીતે આપણું જે આ શરીર છે, તે મકાન છે. અને આંખ, કાન, નાક વગેરે જે ઈન્દ્રિયો છે, તે આ શરીર રૂપી મકાનની બારીઓ છે. તે ઈન્દ્રિયો રૂપી બારી દ્વારા, શરીર રૂપી મકાનમાં રહેલો આપણો

આત્મા રૂપી મકાનમાલિક બહારની ચીજોનો અનુભવ કરે છે.

જેમ મકાનમાલિક અને બારીઓ જુદા છે, તેમ આત્મા અને ઈન્દ્રિયો પણ જુદા છે. જેમ મકાનમાલિક અને મકાન જુદા છે તેમ આત્મા અને શરીર પણ જુદા છે; તેમ માનવું જોઈએ.

બારીઓ દ્વારા દૃશ્યોને નિહાળનાર જેમ બારી કે મકાન નથી, પણ તેમનાથી જુદો કોઈ મકાનમાલિક છે, તેમ ઈન્દ્રિયોથી બાહ્ય ચીજોનો અનુભવ કરનાર ઈન્દ્રિયો કે શરીર નહિ, પણ તેમનાથી જુદી કોઈક ચીજ છે. જેનું નામ છે આત્મા.

## આદેશ કોણ આપે છે ?

રસ્તામાંથી પસાર થતા હતા. આંગણામાં ડોસીમા મરચાં ખાંડતા હતા. મરચાના કણીયા ઉડ્યા. પવન તે મરચાના કણીયાને ખેંચી લાવ્યો. આપણી આંખમાં મરચાના કણીયા પડ્યા. તરત જ આંખમાં પીડા થઈ. હાથથી ન રહેવાયું. તે ઊંચો થયો. આંખને મસળવા લાગ્યો. કણીયાને કાઢવાનો પ્રયત્ન શરૂં થયો. ન નીકળ્યા... પગે દિશા બદલી... બાજુના ઘરના દરવાજે પહોંચ્યા... જીભે પાણી માંગ્યું. હાથની હથેળીથી આંખમાં પાણીની છાલકો મારી... કણીયા નીકળ્યા. આંખને રાહત થઈ... રસ્તામાં આગળ વધ્યા.

ઉપરોક્ત પ્રસંગમાં હાથને ઊંચો કરવાનો આદેશ કોણે આપ્યો ? હાથ આંખ પાસે જ કેમ ગયો ? પગને બાજુના ઘર તરફ જવાનું કોણે કહ્યું ? જીભને પાણી માગવાનું કોણે કહ્યું ? છાલક મારવાનું હાથને કોણે કહ્યું? આ બધા નિર્ણયો લેનાર અને તે નિર્ણય અનુસાર આદેશો આપનાર કોણ ?

પગને કાંટો વાગ્યો. તે વખતે પગને ઊંચો થવાનો આદેશ કોણ આપે છે ? કાંટો કાઢવાનો નિર્ણય કોણ કરે છે ? તે કાઢી નાંખવા માટે હાથને આદેશ કરનાર કોણ ?

જો આ નિર્ણયો કરનાર અને આદેશ આપનાર મગજ છે તેમ કહેશો તો તે મગજ તો મડદામાં પણ છે. તો મડદાના પગમાં આપણે કાંટો ભોંકીએ તો ત્યાં કેમ તે આદેશો મગજ આપતું નથી ?

માટે માનવું જ જોઈએ કે આ બધા આદેશો અને નિર્ણયો પાછળ આત્મા જ કારણ છે. તે જ રીતે પરસ્પર વિરોધી વિચારો ચાલતાં હોય ત્યારે તે તમામ વિચારોનું નિયંત્રણ કરીને એક જ નિર્ણય લેવાય છે, તે નિર્ણય લેનાર આત્મા છે.

## પ્રથમ સ્તનપાન વગેરે શી રીતે ?

બાળક જન્મ્યા પછી સ્તનપાન કરે છે. તે બાળકને સ્તનપાન કરવાનું કોણે શીખવ્યું ? સ્તનપાન કરવાથી ભૂખનું દુઃખ દૂર થશે માટે તું સ્તનપાન કર, તેવી સમજણ કોણે આપી ? આ ભવમાં તો તેવું શીખવનાર કોઈ છે જ નહિ. તેથી માનવું જ પડે કે આ બાળકે પૂર્વભવોમાં સ્તનપાન કરેલું છે. ત્યાંના તે સંસ્કાર તેના આત્મામાં પડેલા છે. જે સંસ્કાર અત્યારે જાગ્રત થતાં તે જાતે જ સ્તનપાન કરવા લાગ્યો છે.

જો આત્મા જેવી ચીજ ન હોત તો બાળક પ્રથમ સ્તનપાન શી રીતે કરત ? જો આત્મા અને શરીર એક જ હોય તો પૂર્વભવમાં સ્તનપાન કરનાર શરીર તો બળી ગયું છે. તે શરીરનો નાશ થતાં જ પૂર્વભવના સ્તનપાનના સંસ્કારો પણ નાશ પામી ગયા. આ ભવમાં તો નવું જ શરીર છે. તેમાં તો પૂર્વભવના સ્તનપાનના સંસ્કાર પડ્યા જ નથી. પણ બાળક પ્રથમ સ્તનપાન તો કરે જ છે. માટે માનવું જ પડે કે પૂર્વભવના શરીરમાં સ્તનપાન વખતે જે આત્મા હતો, તે જ આત્મા સ્તનપાનના સંસ્કાર લઈને આ ભવના શરીરમાં છે. અને તેના જ કારણે બાળક પ્રથમ સ્તનપાન કરે છે.

તે જ રીતે જેણે કાંઈ જ તેવું વાંચ્યું - સાંભળ્યું કે જોયું નથી તેવી વ્યક્તિને યુવાનવય થતાં જ કામવાસનાના સંસ્કારો જાગ્રત થતાં દેખાય છે. તે આત્માને માનીએ તો જ સંગત બને. આ ભવના શરીરે ભલે તેનો અનુભવ ન કર્યો હોય પરન્તુ આ ભવના શરીરમાં રહેલા આત્માએ પૂર્વભવમાં તે અનુભવો કર્યા જ છે. તે વખતે પડેલા સંસ્કારો યુવાનવય થતાં જાગ્રત થાય છે.

આપણે નાના હતા ત્યારે વરસાદમાં નહાવા નીકળતા હતા તે યાદ આવે છે ને ? આ યાદ કોને આવી? આપણું બાળપણનું શરીર તો ક્યારનું ય બદલાઈ ગયું છે.

હવે જો શરીર પોતે જ આત્મા હોય એટલે કે શરીર સિવાય જુદો કોઈ આત્મા ન હોય તો, બાળપણનું શરીર અત્યારે ન હોવાથી આપણને બાળપણની વાતો યાદ રહી શકત નહિ.

પણ આપણને તો બાળપણની ઘણી વાતો યાદ આવે છે. માટે જ નક્કી થાય છે કે બાળપણનું શરીર ભલે બદલાઈ ગયું, અત્યારે યુવાનીનું શરીર ભલે હોય, કાલે પાછું શરીર બદલાઈ જાય;? તો પણ આ બધાં શરીરોમાં એવી કોઈક એક ચીજ ચોક્કસ છે જ કે જે જુદા જુદા શરીરોથી અનુભવાયેલી ચીજોને યાદ રાખે છે. બધાં શરીરોમાં રહેતી એ જે ચીજ છે,

તેનું નામ છે આત્મા.

## જે ન હોય તેનો ભ્રમ પણ ન થાય

રાત્રિના અંધકારમાં બે મિત્રો જઈ રહ્યા હતા. ત્યાં અચાનક એક મિત્રે ચીસ પાડી... સાપ... સાપ...સાપ...

બીજો મિત્ર પૂછે છે : ક્યાં છે સાપ ?

પહેલો મિત્ર : કેમ ? જો પેલો રહ્યો...

બીજો મિત્ર : અલ્યા ! બરાબર જો તો ખરો. આ કાંઈ સાપ નથી. આ તો દોરડું છે. હાથમાં દોરડું પકડીને તેણે પહેલા મિત્રને બતાવ્યું.

પહેલા મિત્રને પણ તે વાત સાચી લાગી. તેણે સ્વીકાર કર્યો કે ખરેખર આ દોરડું જ છે, પણ મને આ દોરડામાં સાપનો ભ્રમ થયો હતો.

મિત્રાને દોરડામાં સાપનો ભ્રમ થયો પણ ડીત્થનો ભ્રમ કેમ ન થયો ? મેક્ષનો ભ્રમ કેમ ન થયો ?

ડીત્થ કે મેક્ષ નામની કોઈ ચીજ જ આપણે જાણતા નથી માટે ડીત્થ કે મેક્ષનો ભ્રમ ન થાય. સાપને જાણીએ છીએ માટે સાપનો ભ્રમ થાય.

આમ, જે ચીજનો આપણને ભ્રમ થતો હોય તે ચીજ આ દુનિયામાં ક્યાંક ને ક્યાંક હોય જ; અને જે ચીજ આ દુનિયામાં ક્યાંય ન હોય તે ચીજનો ભ્રમ પણ ન જ થાય.

શરીરમાં આત્માનો પણ ભ્રમ તો થાય જ છે. તે ભ્રમ જ બતાવે છે કે આત્મા જેવી ચીજ આ વિશ્વમાં છે જ.

## સાધન અને સાધનનો ઉપયોગ કરનાર જુદા હોય

હું આંખ વડે જોઉં છું. હું કાન વડે સાંભળું છું, હું જીભ વડે ચાખું છું, હું નાક વડે સૂંઘું છું; એવી પ્રતીતિ આપણને સૌને થાય છે. આ પ્રતીતિ જણાવે છે કે આંખ પોતે જોતી નથી પણ આંખ સિવાયની અન્ય કોઈ 'હું' નામની વ્યક્તિ આંખ વડે જુએ છે. કાન પોતે સાંભળતા નથી પણ અન્ય વ્યક્તિ કાન વડે સાંભળે છે. આમ, આંખ, કાન, નાક, જીભ કરતાં જુદી કોઈ એક વ્યક્તિ છે; જે જોવા - સાંભળવા - સૂંઘવા - ચાખવાનું કામ કરે છે. આ 'હું' એટલે કોણ ? આત્મા જ કે બીજું કાંઈ ?

આંખ, કાન, નાક, જીભ વગેરે પોતે જ જોવા વગેરે કાર્ય કરે છે, તેમ તો ન જ કહી શકાય. કારણ કે જો આંખ જ જોતી હોય અને હું એવો આત્મા હોય જ નહિ તો ૨૫ વર્ષની ઉંમરે આંખે જે જોયું હતું, તે જ દૃશ્ય

આંધળા થયા પછી ૭૦ વર્ષની ઉંમરે કોને યાદ આવ્યું ? જોનાર આંખ તો હાજર છે જ નહિ !

હકીકતમાં જોવાનું કાર્ય, આત્મા જ કરે છે. આંખ તો જોવાનું સાધન હતું. તે જતી રહેવા છતાંય, જોનાર એવો આત્મા તો ૭૦ વર્ષની ઉંમરે હાજર છે. અને તે આત્મા જ પોતે ભૂતકાળમાં આંખ વડે જોયેલા પ્રસંગોને યાદ કરે છે.

## અજીવ એટલે શું ?

શબ્દકોશમાં 'અજીવ' શબ્દ આપેલો છે. તે અજીવ શબ્દનો પ્રયોગ તો નાસ્તિક - આસ્તિક બધા જ કરતા જોવા મળે છે. અહીં અજીવ એટલે શું ? જે જીવ નહિ તે જ અજીવ કે બીજું કાંઈ ?

પથ્થર, મકાન, ટેબલ, ઘડો, જગ, થાળી વગેરેને આપણે અજીવ તરીકે ઓળખીએ છીએ. પરન્તુ માણસ, બકરા કે ઘોડાને કોઈ કદી ય અજીવ કહેતું નથી. તેથી એમ માની શંકાય કે સંસારના લગભગ બધાને ખબર છે કે જીવ કોને કહેવાય ને અજીવ કોને કહેવાય !

આ અજીવ શબ્દથી 'જે જીવ નહિ તે અજીવ' એવો જે અર્થ સમજાય છે, ત્યાં જીવ એટલે શું ? આત્મા જ કે બીજું કાંઈ ?

આમ, દુનિયામાં ભાષાકીય વ્યવહારમાં વપરાતા જીવ - અજીવ વગેરે શબ્દો પણ આત્માની જ સિદ્ધિ કરે છે.

## જડનો વિરોધી શબ્દ કયો ?

દુનિયામાં દરેક શબ્દોના વિરોધી શબ્દો જોવા મળે છે. જેમ કે સુખ - દુઃખ, રાગ - દ્વેષ, અંત - અનંત વગેરે... તેમ જડ શબ્દનો વિરોધી શબ્દ પણ હોવો જોઈએ. તે છે ચેતન શબ્દ.

જેમ ઘડો શબ્દથી આપણને ઘડા નામની વસ્તુનું જ્ઞાન થાય છે, તેમ ચેતન શબ્દથી પણ કોઈ વસ્તુનું જ્ઞાન થવું જ જોઈએ. ચેતન શબ્દથી આત્મા નામના પદાર્થનું જ્ઞાન થાય છે. આમ, જે જડ શબ્દનો પ્રયોગ થાય છે, તેનાથી જ જડના વિરોધી ચેતન શબ્દથી ઓળખાતા આત્માની પણ સિદ્ધિ થઈ જ જાય છે.

## બધી ભાષાના પ્રયોગો શું કહે છે ?

સમગ્ર જગતને આંધળું કરનારો મોહરાજાનો મંત્ર છે : હું અને

મારું. આ બંને શબ્દો દુનિયાની દરેક ભાષામાં છે.

હું અને મારું. આ બંને શબ્દો વારંવાર આપણા વ્યવહારમાં આવ્યા કરે છે. તે શબ્દો આપણે ક્યારે અને કેવી રીતે વાપરીએ છીએ; તે હવે વિચારીએ. -

હું ગાડી, હું મકાન, હું કપડાં, હું શરીર, હું પૈસો વગેરે... ક્યારે ય બોલીએ છીએ ખરા ? ના, દુનિયામાં કોઈપણ ભાષા બોલનાર વ્યક્તિ ઉપરોક્ત રીતે નથી બોલતો. દરેક જણ મારી ગાડી, મારું મકાન, મારાં કપડાં, મારું શરીર, મારો પૈસો વગેરે જ બોલે છે અને એ જ બરાબર છે.

જો આ રીતે દુનિયાના તમામ પદાર્થો સાથે મારું શબ્દ વપરાતો હોય તો 'હું' શબ્દ કોના માટે વપરાય ?

ડૉકટર પાસે જઈએ તો પણ હું શરીર દુ:ખે છે, હું માથું દુ:ખે છે, હું આંખ દુ:ખે છે, હું પેટ દુ:ખે છે તેવું કદી બોલતા નથી. તે બધા સ્થાને પણ 'મારા' શબ્દનો પ્રયોગ જ થાય છે. જેમ કે મારું શરીર દુ:ખે છે, મારું માથું દુ:ખે છે, મારી આંખ દુ:ખે છે, મારું પેટ દુ:ખે છે વગેરે.

આમ, બાહ્ય પદાર્થો માટે 'મારા' શબ્દ વપરાય છે, પણ 'હું' શબ્દ વપરાતો નથી. તો હું શબ્દ કોના માટે વપરાય છે ? એવા પ્રશ્નનો જવાબ છે આત્મા માટે.

હું એટલે આત્મા. હું આવું છું, હું વાંચું છું વગેરે વાક્ય પ્રયોગોમાં હું શબ્દથી આત્મા સમજાય છે, પણ હું શબ્દથી આત્મા સિવાય કાંઈ સમજાતું નથી. આમ વ્યવહારમાં વપરાતાં 'હું' શબ્દથી પણ આત્માની સિદ્ધિ થાય છે.

## હું કોણ છું ?

પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાની દાર્શનિક ઈમેન્યુઅલ કાન્ટ એક વખત સવારે ફરવા નીકળ્યા. ચાલતા ચાલતા તેમના હાથમાં રહેલી લાકડી સામેથી આવતા કો'ક સજ્જનને લાગી ગઈ. તે સજ્જન ગુસ્સે થઈ ગયા. કાન્ટને પૂછે છે, 'તમે કોણ છો ?'

કાન્ટ સામે પૂછે છે : સર ! આપે શું પૂછયું ?

સજ્જન : હું પૂછું છું કે, તમે કોણ છો ?

કાન્ટે વિનંતિની ભાષામાં કહ્યું. 'Sir ! if you could answer that same question for me, I would give you my half kingdom.' - સાહેબ ! જે પ્રશ્ન તમે મને પૂછયો છે, તે પ્રશ્નનો જવાબ જો આપ મને આપી શકતા હો તો હું મારું અડધું રાજ્ય (અડધી મિલકત) આપી

દેવા તૈયાર છું.

ગુસ્સે ભરાયેલા સજ્જન કાન્ટના આવા શબ્દો સાંભળીને આશ્ચર્યમાં મુકાઈ ગયા અને શાંતિથી કહેવા લાગ્યા, "તમે કેવું બોલો છો ? તમે કોણ છો ? પ્રશ્નના જવાબમાં તમારે તમારું નામ કહી દેવું જોઈએ. આમાં શું મુશ્કેલ છે ?"

કાન્ટ : 'હું કોણ છું ?' એ પ્રશ્નનો જવાબ હું વર્ષોથી શોધું છું પરન્તુ માફ કરજો, મને હજુ સુધી તેનો સંતોષકારક જવાબ મળ્યો નથી. હું તે જ સવાલ તમને પૂછું તો તમે મને શું જવાબ આપશો ?

આ સાંભળીને સજ્જન વિચારમાં પડી ગયા. તેમણે કહ્યું, 'શું તમે કોઈ દાર્શનિક કે તત્ત્વજ્ઞાની છો ?' કે જેથી સામાન્ય વાતમાંથી મોટું તત્ત્વ શોધી રહ્યા છો !

બસ ! આપણે પણ આ જ કરવાનું છે. હું કોણ છું ? એ પ્રશ્નનો જવાબ સાચો મેળવી લઈએ તો આપણે તત્ત્વજ્ઞાની બની શકીએ.

## સૌથી અજ્ઞાની કોણ ?

વિશ્વના એક મહાન વૈજ્ઞાનિકને એના શિષ્યોએ પૂછયું, 'Sir ! Which will be our further new research ? (સાહેબ ! આપણી નવી શોધ કઈ હશે ?)

વૈજ્ઞાનિક : First I will think over it for three days, and then I will give you answer. (ત્રણ દિવસ વિચાર કરીને પછી હું તમને જવાબ આપીશ)

શિષ્યો : O. K. Sir. (સારું)

ત્રણ દિવસ ખૂબ જ ચિંતન કર્યા પછી વૈજ્ઞાનિકે કહ્યું. 'To know ownself will be our last new research. To know myself means WHO AM I! આપણી જાતને આપણે ઓળખવી તે છેલ્લું નવું રીસર્ચ હશે. ભૌતિક જડ વિજ્ઞાનનું બધું જ જાણવા છતાં જો હું મારી જાતને જ નથી જાણતો કે હું કોણ છું ? તો કદાચ સમસ્ત વિશ્વને જાણવા છતાં હું આ વિશ્વમાં સૌથી મોટો અજ્ઞાની ઠરીશ. મારી જાત એટલે મારો આત્મા.

## લાગણી કોને થાય ?

હું એટલે આત્મા, જે રાગ કરે છે. પુત્ર - પત્ની ઉપર પ્રેમ કરે છે. કો'ક વ્યક્તિને દુશ્મન સમજીને તેની ઉપર દ્વેષ કરે છે. હું સુખી છું કે હું

દુ:ખી છું, તેવી અનુભૂતિ કરે છે. જે પોતાના વિચારો રજૂ કરે છે. જેનામાં લાગણીઓ ઉત્પન્ન થાય છે.

ભૂખ લાગે ત્યારે ભોજન ઉપર આદર કરનાર અને ઠાંસીને પેટ ભર્યા પછી મિષ્ટાન્ન ભોજનનો પણ તિરસ્કાર કરનાર બીજું કોઈ નહિ પણ આત્મા જ છે.

## વૈજ્ઞાનિકો પણ આત્માને માને છે !

આ આત્મા નામના તત્ત્વનો સ્વીકાર તો હવે વૈજ્ઞાનિકો પણ કરવા લાગ્યા છે. ઘણી શોધખોળ, ઘણા રૂપિયાનો ખર્ચ અને ઘણા કલાકોની સખ્ત મહેનત કર્યા પછી વૈજ્ઞાનિકોને જે તત્ત્વ માનવાની ઈચ્છા થવા લાગી, તે તત્ત્વ આર્યદેશ અને જૈનકુળ પામવા માત્રથી આપણને જાણવા મળી ગયું છે. આપણે કોઈ જ પૈસો કે સમય તેને જાણવા માટે ખર્ચવો પડતો નથી, તેમાં જો કોઈ ઉપકાર હોય તો તે જૈન શાસનનો છે.

આ રહ્યાં કેટલાક વૈજ્ઞાનિકોના આ અંગે મંતવ્યો.

$E = MC^2$ સમીકરણની જગતને ભેટ આપનાર મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈનસ્ટાઈન કહે છે, 'હું જાણું છું કે સમગ્ર પ્રકૃતિમાં ચેતના તત્ત્વ કામ કરી રહ્યું છે,' I believe that intelligence is manifested in our nature.

સર એ. એસ. એડિંગ્ટન કહે છે કે, 'કોઈ અજ્ઞાત શક્તિ કામ રહી છે. આપણે જાણતા નથી કે તે શું છે ? હું ચૈતન્યને મુખ્ય માનું છું અને ભૌતિક પદાર્થને ગૌણ માનું છું. જરીપુરાણો નાસ્તિકવાદ હવે ચાલ્યો ગયો છે. ધર્મ એ આત્મા અને મનનો વિષય છે. અને તે કોઈપણ પ્રકારે દૂર કરી શકાય તેમ નથી.'

Something unknown is doing. we do not know that I regard consciousness as fundamental. I regard matter as derivative form consciousness. The old atheism is gone. Religion belongs to the realm of the spirit and mind and cannot be shaken.

'ધ ગ્રેટ ડિઝાઈન' નામના પુસ્તકમાં દુનિયાના મહાન ગણાતા વૈજ્ઞાનિકોએ પોતાના સામુહિક અભિપ્રાયો આપ્યા છે. તેમાં સ્પષ્ટરૂપે એ વિચાર રજૂ કરવામાં આવ્યો છે કે, 'આ વિશ્વ એમ ને એમ કાંઈ બની ગયું નથી. એની પાછળ કોઈ ચેતના શક્તિ કામ કરી રહી છે.'

સર ઓલિવર લોજ કહે છે : એક એવો સમય અવશ્ય આવશે જ્યારે વિજ્ઞાન દ્વારા અજ્ઞાત વિષયનું અન્વેષણ થશે. વિશ્વનું-આપણે જેવું માનીએ છીએ તેના કરતાં ઘણું અધિક તો-આધ્યાત્મિક અસ્તિત્વ છે. વસ્તુસ્થિતિ તો એ છે કે આપણે તે આધ્યાત્મિક જગતની મધ્યમાં છીએ અને એ ભૌતિક જગતથી પર છીએ.

આવાં તો બીજા ઘણા વૈજ્ઞાનિકોનાં મંતવ્યો રજૂ કરી શકાય તેમ છે. ચેતન, ચૈતન્ય કે અજ્ઞાત તત્ત્વ જેવા શબ્દો વડે તેઓ આત્માનો સ્વીકાર કરે છે. આ બધાં મંતવ્યોથી એમ લાગે છે કે વિજ્ઞાન પોતાના વિકાસની સાથે હવે આત્મવાદી પણ બનતું જાય છે.

ફીનિક્સ (એરીઝોના)ની એક ખાણના માલિક જેમ્સ કીડની કે જેઓ ૧૯૫૧માં મૃત્યુ પામ્યા છે, તેમણે પોતાના મૃત્યુ પૂર્વે કરેલા વીલમાં જણાવ્યું છે કે, 'મૃત્યુ સમયે માનવ - શરીરમાંથી આત્મા નીકળી જાય છે.' એ વાતનો - આત્માના સ્વતંત્ર અસ્તિત્વની વાતનો - જે કોઈ વૈજ્ઞાનિક પુરાવો આપે તેને બે લાખ ડોલરનું ઈનામ આપવું.

તમને જાણીને નવાઈ લાગશે કે અમેરિકાની આઠ સંસ્થાઓએ આ ઈનામ માટે પોતાની ઉમેદવારી નોંધાવી છે અને એરીઝોના રાજ્યની સર્વોચ્ચ કોર્ટમાં આત્માના અસ્તિત્વ સંબંધમાં પોતાના પુરાવાઓ રજૂ કર્યા છે.

આમ, હવે આત્મા નામના તત્ત્વનો સર્વત્ર સ્વીકાર થવા લાગ્યો છે.

## વશીકરણથી આત્મસિદ્ધિ

એલેકઝાન્ડર કેનને વશીકરણ (Hypnotism)ના પ્રયોગો દ્વારા પૂર્વજન્મની સિદ્ધિ કરી છે. એણે ૧૩૮૩ પ્રયોગો કર્યા છે, અને છેલ્લામાં છેલ્લા ગણાતા છઠ્ઠા નંબરના સૌથી ઊંડા વશીકરણ (Deepest hypnotism) થી એ આત્માઓ પાસે તેમના પોતાના પૂર્વજન્મોની સ્મૃતિ કરાવી છે. એમણે 'ધી પાવર વિધીન' નામનું અંગ્રેજીમાં એક પુસ્તક લખ્યું છે. આ પુસ્તકના સોળમાં પ્રકરણમાં વશીકરણ વિદ્યાથી પુનર્જન્મની સિદ્ધિ કરતી માહિતીઓ આપી છે. તેમણે ત્યાં બહુ સ્પષ્ટ શબ્દમાં કહ્યું છે કે, "એક સમય એવો હતો જ્યારે ઘણાં વર્ષો સુધી પુનર્જન્મનો સિદ્ધાંત મારા માટે એક ભયંકર સ્વપ્ન સમો હતો. તે વખતે હું આ સિદ્ધાંતને તોડી પાડવા માટે સતત પ્રયત્નશીલ હતો. હું તો વશીકરણવિદ્યાનો નિષ્ણાત (hypnotist) હતો એટલે અવારનવાર અનેક વ્યક્તિઓ ઉપર વશીકરણવિદ્યાના પ્રયોગો કરતો અને તેઓને ઘણી ઘણી વાતો પૂછતો.

જ્યારે જ્યારે પણ તેમાંનું કોઈપણ મને પુનર્જન્મના અસ્તિત્વની વાત કરતું ત્યારે હું સખત રીતે તેમની વાતોને વખોડી નાખતો, પણ અફસોસ ! જ્યારે ઘણા બધાએ એ જ વાતનું પુનરુચ્ચારણ કર્યું ત્યારે તો મારે પણ માનવું જ પડ્યું કે પુનર્જન્મ જેવી કોઈ વસ્તુ જરૂર અસ્તિત્વ ધરાવે છે."

જેમણે આ પ્રયોગો કર્યા છે તેઓ બહુ સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે, "વર્તમાનકાળમાં જીવન જીવતો કોઈપણ માનવ પોતાના આ જીવનમાં જે કાંઈ સુખ કે દુઃખનો અનુભવ કરે છે તેના કારણો હકીકતમાં તો તેના પૂર્વજન્મોમાં જ પડેલાં હોય છે. વશીકરણવિદ્યાના સાધકો કહે છે કે પૂર્વના દેશોના ચિંતકો 'કર્મ' જેવી એક વસ્તુ માનીને જન્માંતરના કારણો અને વર્તમાન જન્મના સુખ-સુખાદિ કાર્યો વચ્ચેની ખૂટતી કડી જોડી આપે છે."

એક માણસ હતો. તે કોઈ દિવસ 'લિફ્ટ'માં ઊતરતો નહિ, કેમ કે તેને પડી જવાનો ખૂબ ભય હતો. એક વખત એક હિપ્નોટિસ્ટની પાસે ગયો. પોતાની સઘળી વાત કરી. તપાસ કરતાં આ જીવનમાં તો તેવા ભયનું કોઈ કારણ ન જણાયું. તરત તેને સુવડાવી દેવામાં આવ્યો અને ઊંડું વશીકરણ (deepest hypnotism) કરવામાં આવ્યું. તે વખતે તે માણસે પોતાને 'ચાઈનીઝ જનરલ' તરીકે ઓળખાવ્યો અને તેણે કહ્યું કે, હું ખૂબ ઊંચા મકાન ઉપરથી અકસ્માત્ પડી ગયો અને મારી ખોપરી ફાટી ગઈ. મારું મૃત્યુ થયું." ત્યાર બાદ તેને ટેબલ ઉપરથી ઉઠાડી મૂકવામાં આવ્યો, અને હિપ્નોટિસ્ટે તેને બધી વાત જણાવતાં કહ્યું કે, "જે અકસ્માત્ થયો તે વખતે તમારા મગજમાં ઉપરથી નીચે પડવાના ભયની લાગણીઓ સર્વત્ર પ્રસરી ગઈ. એ સંસ્કારો આજે પણ 'લિફ્ટમાં' નીચે ઊતરવા જતાં જાગૃત થઈ જાય છે.

આવો જ બીજો એક કિસ્સો બન્યો છે. એક બાઈ હતી તે પાણીથી ખૂબ જ ગભરાતી હતી. કદી પણ નદી, તળાવ, સમુદ્ર વગેરે પાસે જતી નહિ. આ બાઈ પણ એક 'હિપ્નોટિસ્ટ'ની પાસે ગઈ. પોતાની ભયગ્રન્થિની વાત કરી. વર્તમાન જીવનમાં આવા ભયનું કોઈ કારણ ન મળતાં તેની ઉપર પણ પૂર્વજન્મોની સ્મૃતિ તાજી કરતું ઊંડું હિપ્નોટિઝમ લાગુ કરવામાં આવ્યું. એ વાત જાણીને તમને આશ્ચર્ય થશે કે એ પ્રયોગથી એનો એક એવો પૂર્વજન્મ પકડાયો, જેમાં તે સ્ત્રીનો આત્મા રોમદેશમાં પુરુષ ગુલામ તરીકે હતો. (આ ઉપરથી જૈનદર્શનની એ વાત સિદ્ધ થાય છે કે પુરુષ મરીને સ્ત્રી થઈ શકે છે. સ્ત્રી મરીને પુરુષ થઈ શકે છે.) ત્યાં તેના કોઈ અપરાધને કારણે તેને પગે સાંકળો બાંધીને પાણીમાં ઉતારીને ગૂંગળાવીને મારી નાખવામાં

આવ્યો હતો.

આ ઉપરથી હિપ્નોટિસ્ટે એવું તારવણ કાઢ્યું કે એ ગુંગળામણ વખતે પાણીના ભયના જે સંસ્કાર આત્મામાં જામ થઈ ગયા હતા તે અત્યારના તેના સ્ત્રી-જીવનમાં જાગૃત થઈને તેને પાણીથી ડર પેદા કરાવી રહ્યા છે.

આ રીતે પૂર્વજન્મની સ્મૃતિઓ કરાવીને વર્તમાન જીવનની અનેક સમસ્યાઓ ઉકેલવાનું કામ આજના હિપ્નોટિસ્ટ - વૈજ્ઞાનિકો કરી રહ્યા છે. ખેર, આ ઉપરથી પૂર્વજન્મ અને પુનર્જન્મની અકાટ્ય સિદ્ધિ થઈ જાય છે, એ જ નિત્યાત્મવાદી જૈનદાર્શનિકો માટે ખૂબ જ ગૌરવભરી બીના છે. જે વાત જૈનદર્શનિકોએ ઠેર ઠેર કહી છે, એ પૂર્વજન્માદિની વાત ઉપર આજ સુધી કદી પણ જેવો ઊહાપોહ થયો નથી તેવો ઊહાપોહ હવે થઈ રહ્યો છે. દરેક બુદ્ધિમાન માનવ આ વિષયમાં માથું મારવા તત્પર બને છે. આત્મા છે કે નહિ ? આ જીવનની પછી બીજું કાંઈ છે કે નહિ ? જો તેમ ન થતું હોય તો મૃત્યુ પછી શું થાય છે ? આત્માનો અહીં જ સર્વથા વિનાશ થઈ જાય છે ? વગેરે વગેરે પ્રશ્નો આજે તો ચારે બાજુ જોરશોરથી ઊઠી રહ્યા છે. અને એ તો અપૂર્વ આનંદની બીના છે કે આ પ્રશ્નોનો જે કાંઇ ઉત્તર પ્રાપ્ત થઇ રહ્યો છે તે જૈનદાર્શનિકોનાં વિધાનોને લગભગ સંપૂર્ણ મળતો આવે છે. એ વખતે અંતર પુકાર કરી ઊઠે છે કે કોઇ પણ જાતના પ્રયોગો વિના, નાનકડી પણ પ્રયોગશાળા વિના એ ભગવંતોએ આત્માની પૂર્વજન્મ વગેરે વાતોને શી રીતે કહી હશે ? જરૂર તે સર્વજ્ઞ જ હોવા જોઇએ. સિવાય તેઓ આ ગૂઢાતિગૂઢ રહસ્યમયી વાતોને વાર્તાની જેમ સહજભાવે કહી શકે જ નહિ.

## જાતિસ્મરણજ્ઞાનથી આત્માની સિદ્ધિ

સારી સ્મરણશકિત એ આત્માની મહામૂલી મૂડી છે. પરન્તુ જયારે આ શક્તિ પૂર્વભવોની પુરાણી વાતો ઉપર જામી ગયેલા વિસ્મૃતિના થરોને ઉકેલી નાખે છે ત્યારે પૂર્વભવમાં અનુભવેલી કેટલીક બાબતોનું એ આત્માને સ્મરણ થવા લાગે છે, જેને જાતિસ્મરણ જ્ઞાન થયું કહેવાય છે.

જે અનુભવે તે જ સ્મરે; જેને જે વાતનો અનુભવ જ નહિ તેને તે વાતનું સ્મરણ પણ નહિ. રમેશે ખાધેલી કેરીનું સ્મરણ મંગેશને કદાપિ ન થાય. મંગેશે જોયેલી ક્રિકેટ-મેચનું સ્મરણ રમેશને કદાપિ ન થાય.

આજકાલ તો છાશવારે ને છાશવારે પૂર્વભવોની સ્મૃતિ થયાના કિસ્સાઓ દેશમાં અને પરદેશમાં બનતા જ રહે છે.

આ ઉપરથી એક વાત ફલિત થાય છે કે આ જીવનનો આપણો દેહ; એ જ આત્મા નથી. જો તેમ હોય તો પૂર્વજીવનનો દેહ તો બળી ગયો. એટલે આત્મા જ બળી ગયો એમ કહેવાય. હવે તેણે એ જીવનમાં જે અનુભવ કર્યો હતો તેનું આ જીવનમાં નવા દેહરૂપી આત્માને શી રીતે સ્મરણ થાય ?

અને જો પૂર્વજીવનના અનુભવોનું આ જીવનમાં સ્મરણ થાય છે એ નક્કર હકીકત હોય તો અનુભવ કરનાર અને સ્મરણ પામનાર-બન્નેયને એક જ વ્યકિત માનવી જોઇએ. એટલે હવે બે જીવનના બે દેહને બે જુદા આત્મા તરીકે આપણે ન જ માની શકીએ.પરન્તુ એ બન્ને દેહમાં રહેલા એક જ આત્માને માનવો જોઇએ. જેણે પૂર્વના દેહમાં રહીને જે અનુભવેલું તેનું આ નવા દેહમાં રહીને સ્મરણ કર્યું. આમ દેહથી તદ્દન સ્વતન્ત્ર અને નિત્ય એવું આત્મદ્રવ્ય આપણે માનવું જ રહ્યું.

જૈન ચારિત્રગ્રન્થોમાં તો એવા હજારો કથાનકો છે જેમાં જાતિસ્મૃતિની વાતો આવે છે. વળી વૈદિક ધર્મશાસ્ત્રોમાં પણ એક ભવના સારાં-નરસાં કાર્યોના બીજા ભવમાં ફળો મળવાની વાતો આવે છે.

આ વિષયમાં જૈનશાસ્ત્રકારો કહે છે કે આવું પૂર્વભવનું સ્મરણ તેને જ થઇ શકે છે; જેના અમુક પ્રકારના મતિજ્ઞાનને ઢાંકી રાખતા કર્મોના આવરણને ધક્કો લાગે છે. પૂર્વભવનું સ્મરણાત્મક જ્ઞાન એ મતિજ્ઞાનનો પ્રકાર છે. એની ઉપરનું કર્માવરણ ખસે તો તરત જ પૂર્વભવનું સ્મરણ થાય.

હવે આ વિજ્ઞાનની દુનિયામાં પણ આત્માનો વિચાર અને તેના પુનર્જન્માદિની માન્યતાઓ સ્વીકારાતી જાય છે. એ બિચારા કરે ય શું ? જ્યાં ડગલે ને પગલે-એમની બુદ્ધિ કામ ન કરે તેવા જાતિસ્મરણાદિના કિસ્સા બનતા જ જાય ત્યાં એ શું કરે ? ભલે ને બાઇબલ અને કુરાન પુનર્જન્મની માન્યતાને ન સ્વીકારતા હોય, પણ હાથકંકણને આરસીની જરૂર ક્યાં છે ? પ્રત્યક્ષ પ્રમાણને કોઇ પડકારી શકે તેમ નથી.

એટલે જ આ વિષયમાં પદ્ધતિસરનું સંશોધન કરવા માટે કેટલાંક વર્ષોથી ભારતીય વૈજ્ઞાનિકોની મદદ લઇને ભારત સરકારે જયપુરમાં આવેલી રાજસ્થાન યુનિવર્સિટીમાં પેરાસાયકોલૉજી વિભાગ શરૂ કર્યો છે. ત્યાં પુનર્જન્મની માહિતીઓ ઉપર સંશોધનાત્મક રીતે અભ્યાસ થઇ રહ્યો છે. ડૉ. એચ. એમ. બેનરજી આ વિષયમાં સંશોધન કરી રહ્યાં છે. આજ સુધીમાં તેમણે એવા લગભગ ૫૦૦ કિસ્સાઓ તપાસ્યા છે જેમાં તે વ્યકિતને પુનર્જન્મની સ્મૃતિ થઇ હોય. સમસ્ત વિશ્વમાં આવા કિસ્સાઓ બન્યા છે

અને ડૉ. બેનરજી ત્યાં દોડી જઈને માહિતી મેળવી ચૂકયા છે, જેનાંના કેટલાક કિસ્સાઓ વિચારીએ.

**બાળક કરીમઉલ્લાહ :**

ભારતનું વિભાજન થયા પછીની આ વાત છે. ઉત્તર ભારતના 'બારેલા' શહેરની આ ઘટના છે. શ્રી હસમતઅલી અન્સારી નામના એક શિક્ષક ઈકરામઅલી નામના એક જમીનદારને ત્યાં એમના બાળકને ભણાવવા જતા હતા. એક વાર હસમતઅલી પોતાના પાંચ વર્ષના બાળકને પણ સાથે લઈ ગયા. બાળકનું નામ હતુંઃ કરીમઉલ્લાહ. જમીનદારને ઘેર આવતાં જ છોકરો તો રાજી રાજી થઈ ગયો. એ સીધો જમીનદારના ઘરમાં પેસી ગયો અને જાણે પોતાનું જ મકાન હોય તેવી રીતે બધે ફરવા લાગ્યો. ત્યાં જમીનદારની વિધવા પુત્રી ફાતિમાને જોઈ. તરત જ તે દોડયો અને તેણીનો હાથ પકડી લઈને બોલ્યો, "અરે, ફાતીમા ! તું તો મારી બીબી છે. તું અહીં કેમ ચાલી આવી ?"

અજાણ્યા બાળકના મુખેથી પોતાનું નામ સાંભળીને ફાતિમા તો સજ્જડ થઈ ગઈ. થોડી વારે કરીમઉલ્લાહ પૂર્વજન્મની પત્ની ફાતીમાના ઓરડામાં જઈને પોતાની રોજની બેસવાની ખુરશી ઉપર બેસી ગયો. ફાતીમાના પિતાને 'અબ્બાજાન, અબ્બાજાન' કહીને સંબોધવા લાગ્યો. ફાતીમા પાન બનાવવા લાગી ત્યારે તેણે પણ કહ્યું, 'મારે પાન ખાવું છે. મારું પાન બનાવતાં તો તને આવડે જ છે ને ?' ફાતિમા આશ્ચર્યવદને આ છોકરાને જોઈ રહી. એને એ વાતની યાદ હતી કે તેનો પતિ ફારુક પાંચ વર્ષે પૂર્વ જ મૃત્યુ પામ્યો હતો અને આ બાળક પણ પાંચ વર્ષનું હતું. આ વાતો જાણતાં જ પડોશીઓ ભેગા થઈ ગયા. પછી તે છોકરાએ પૂર્વજન્મના સંબંધની અનેક વાતો કરી. એમાંની કેટલીક વાતો તો એવી પણ હતી કે જે માત્ર ફાતીમા અને તેનો પતિ ફારુક જ જાણતાં હોય. તે છોકરાએ બધાને કહ્યું કે, 'મેં પાકિસ્તાનમાં વસતા મારા ભાઈને છ હજાર રૂપિયા બેંકમાં જમા કરાવવા આપ્યા હતા. મારો ભાઈ લાહોરમાં વેપાર કરે છે. મારો વિચાર પણ ત્યાં જ જવાનો હતો. એ વિચાર મેં કોઈને જણાવ્યો ન હતો. આજે જ તમને જણાવું છું. મારા એક ભાઈનું નામ ઉંમર-આદિલ છે. મારા સસરાને ત્યાં બંદૂકની ચોરી થઈ હતી.' આ બધું સાંભળીને બધા ચકિત થઈ ગયા કેમકે આ વાત તદ્દન સાચી હતી. ફાતીમા કહે છે કે, "પુનર્જન્મમાં હું માનતી નથી પણ જયારે મારી આંખ સામે હું આ બધું જોઈ રહી છું ત્યારે હું હવે તેનો ઈન્કાર કરી શકતી નથી."

**પ્રસંગ બીજો :**

**શેઠ કૃષ્ણગોપાલ :** બરેલીના કાયસ્થ સજ્જન શ્રી બદામીલાલ સકસેનાને ત્યાં સુનીલ નામનો ચાર વર્ષનો પુત્ર હતો. ચાર વર્ષે પણ જ્યારે એ બોલતાં ન શીખ્યો એટલે માતા-પિતા તેને બહેરો અને મૂંગો સમજવા લાગ્યાં.

એક વાર પિતાએ સુનીલને કોઇ કામ સોંપ્યું. તેણે તરત કહ્યું, "મારા નોકરને બોલાવો, હું કામ નહિ કરું!"

સુનીલને એકાએક આ રીતે બોલતો સાંભળીને સહુ આશ્ચર્ય સાથે આનંદ પામી ગયા. પણ સાથે એ વિશેષ કુતૂહલ પણ થયું કે ઘરમાં એક પણ નોકર ન હોવા છતાં સુનીલે નોકરની શી રીતે વાત કરી ?

જ્યારે તેને ભણવાની વાત કરી ત્યારે પણ તેણે જણાવ્યું કે, 'હું મારી પોતાની જ નિશાળમાં ભણીશ.' પિતાએ ગુસ્સામાં કહ્યું, 'તારા બાપની પણ નિશાળ ક્યાં છે ? હું તો ગરીબ છું અને સાધારણ નોકરી કરું છું.' સુનીલ તરત બોલ્યો, "તમારી નિશાળ ન હોય તો કાંઇ નહિ પણ મારી પોતાની નિશાળ બદાયુમાં છે. હું સુનીલ નથી પણ બદાયુના જાણીતા ધનવાન શેઠ શ્રી કૃષ્ણગોપાલ છું. મારી બે નિશાળો અને શ્રીકૃષ્ણ ઇન્ટર કોલેજ છે, ત્યાં પ્રિન્સિપાલ ડૉ. પાઠક છે."

આ બધી વાત સાંભળીને તેના પિતા ખૂબ આશ્ચર્ય પામ્યા. તેમણે સ્વજન-સંબંધીઓને બોલાવ્યા. ગામનો કેટલોક અધિકારી વર્ગ પણ બોલાવ્યો. તેમની સમક્ષ ફરી સુનીલે બધી વાત કરી.

ત્યારબાદ બે ત્રણ લબ્ધપ્રતિષ્ઠ ગૃહસ્થોની સાથે સુનીલને બદાયુ લઇ જવામાં આવ્યો. કૉલેજ પાસે આવતાં જ સુનીલ અંદર દોડી ગયો અને પ્રિન્સિપાલની ખુરશી ઉપર પાઠકને બદલે બીજા કોઇને જોતાં જ તે હેબતાઇ ગયો. તેણે કહ્યું, 'આ પ્રિન્સિપાલ નથી.' સુનીલના પિતાએ તે ભાઇને પૂછયું કે, શ્રી પાઠક ક્યાં છે?'

ત્યારે તે નવા પ્રિન્સિપાલે કહ્યું કે, 'હું તો બે વર્ષથી જ અહીં નિયુક્ત થયો છું. મારા પહેલાં પ્રિન્સિપાલ પાઠક હતા. તેમણે આ કોલેજમાં ૩૧ વર્ષ સુધી કામ કર્યું હતું. આ કૉલેજના સંસ્થાપક શેઠ શ્રીકૃષ્ણગોપાલ યુવાનીમાં જ હાર્ટફેઇલ થયા હતા. તેઓ સંતાનહીન હોવાથી તેમના પત્નીએ એક છોકરો દત્તક લીધો છે જે વહીવટ સંભાળે છે.' ત્યાર પછી બાળકને પહેલા પ્રિન્સિપાલના ઘેર લઇ જવામાં આવ્યો. પ્રિન્સિપાલને જોતાં જ સુનીલ તેમને વળગી પડયો. પછી કૉલેજની વ્યવસ્થા અને ફેરબદલીની બાબતમાં

મોંઢેથી આ બધી વાતો સાંભળીને લોકો દંગ થઇ ગયા. પછી બાળકને તેની પૂર્વજન્મની પત્ની પાસે લઇ જવામાં આવ્યો. ત્યાં બાળકે પત્ની, સગાંઓ અને નોકરોને ઓળખી કાઢયા. બે વર્ષ પહેલાં જ મૃત્યુ પામેલા ડ્રાઇવર વફાતની બાબતમાં પણ ઝીણી પૂછપરછ કરી. (-જનશકિત દૈનિક)

મોટામાં મોટી બહુમતિ ધરાવતા વિશ્વના બે ધર્મોના પ્રતિપાદક ગ્રંથો-કુરાન અને બાઇબલ-ની શ્રદ્ધાને પણ પુનર્જન્મના કિસ્સાઓની પસાર થતી વણઝારે હલબલાવી મૂકી છે તે વખતે ભગવાન્ જિનેશ્વરોનાં આગમ-પ્રવચનો પરિપૂર્ણ સત્ય સ્વરૂપમાં બહાર આવે છે.

મોટામાં મોટી કમનસીબીની વાત તો એ છે કે, આપણે જ આપણી જાતને 'શકોરું લઇને ભીખ માંગવા યોગ્ય' માની લીધી છે. જાજરમાન મહાસંસ્કૃતિની શ્રીમંતાઇ વારસામાં મળી હોવા છતાં મહાસત્યના પ્રતિપાદક શાસ્ત્રો આપણી જ પાસે હોવા છતાં; જીવનના પાયાના પ્રશ્નો જેવા સુખદુ:ખનું મૌલિક તત્ત્વજ્ઞાન આપણા જીવનમાં વણાયેલું હોવા છતાં પશ્ચિમના દેશોની અંધભકિતએ આપણને દીન, હીન અને ક્ષીણ બનાવ્યા. અફસોસ ! આપણે દુનિયાને ઓળખી પણ જાતને જ વીસરી ગયા.

ખેર. હજી જાગીએ, મોડું તો થયું જ છે છતાં 'ઘણું બધું મોડું નથી થયું' એમ સમજીને બેઠા થઇ જઇએ.

વંદન હો આત્માની અમરતાને.

વંદન હો; પૂર્વજન્મ અને પુનર્જન્મની સત્યતાને રમતવાતમાં સમજાવી દેતાં પરમાત્મા મહાવીરદેવના જિનાગમોને.

પૂર્વજન્મ અને પુનર્જન્મની અદ્‌ભુત વાતો વિચારતાં આપણા અંતરમાં એક વાત તો હવે જડબેસલાક જડાઇ જવી જોઇએ કે 'આત્મા' એ સ્વતન્ત્ર હસ્તિ ધરાવતું એક અદ્‌ભુત તત્ત્વ છે. આ વાત કોઇ પણ સંયોગમાં કોઇ પણ દલીલથી પડકારી શકાય તેમ નથી.

ઘર ઘરમાં તત્ત્વજ્ઞાનનો પ્રકાશ ફેલાવતું

**ઘેર બેઠાં તત્ત્વજ્ઞાન**

(માસિક)

દર મહીને ઘેર બેઠાં જિન શાસનના તત્ત્વજ્ઞાનને સરળ ભાષામાં સમજાવતાં આ માસિકના ગ્રાહક આજે જ બનો. ત્રિ વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦.

લવાજમ ભરવાનું સ્થળ : ચં.કે. સંસ્કૃતિ ભવન. ગોપીપુરા સુભાષચોક, સુરત

# ૫
# જીવ તત્વ

## જીવોને જાણીએ - પાપોથી અટકીએ

ત્રણ લોકના નાથ દેવાધિદેવ પરમાત્મા મહાવીરદેવ ૪૨ વર્ષની ઉંમરે કેવળજ્ઞાન પામ્યા. ૪૨ થી ૭૨ વર્ષના જીવનકાળ દરમ્યાન વિશ્વના જીવોને સાચો કલ્યાણકારી માર્ગ બતાડ્યો. આસો વદ-અમાવસ્યાના તેઓ સર્વ કર્મોને ખપાવીને મોક્ષમાં પધાર્યા. તેમનો આત્મા સિદ્ધ થયો. સર્વ દોષો અને કર્મોથી મુક્ત બન્યો. આત્માનું સાચું સુખ તેઓ કાયમ માટે પામ્યા. હવે તેમણે કદી ય જન્મ લેવાનો નહિ. શરીરને ધારણ કરવાનું નહિ. રોગોથી પીડાવાનું નહિ. મોત મેળવવાનું નહિ. સદા માટે પોતાનામાં મસ્ત રહેવાનું. આવી અદ્ભૂત અવસ્થા તેમણે પ્રાપ્ત કરી લીધી. તેઓ સિદ્ધ ભગવંત બન્યા.

તેમના આત્મામાં અનંતજ્ઞાન હોય. અનંત વીર્ય હોય. કોઈપણ પીડા વિનાના કાયમી સુખનો અનુભવ હોય. રાગ-દ્વેષ તેમને કદી ય ન સતાવે. જન્મ-જીવન-મરણની ઘટમાળથી સદા ય અલિપ્ત હોય. શરીર જ ન હોય, તેથી શરીરને કારણે પેદા થતાં કોઈપણ દુઃખ ન હોય. તેઓ મુક્ત આત્મા કહેવાય.

આપણે જે આત્મતત્ત્વની સિદ્ધિ કરી, તે આત્મા તમામ કર્મ વિનાનો હોય, તમામ દોષરહિત હોય, સર્વ વાસનાવિમુક્ત હોય ત્યારે મુક્ત આત્મા કહેવાય; સિદ્ધ આત્મા કહેવાય. આપણી દુનિયામાં સૌથી ઉપર સિદ્ધશીલા નામનું સ્થાન આવેલ છે, ત્યાં કાયમ માટે પોતાના આનંદની મસ્તી માણતા હોય. અત્યારસુધીમાં અનંતા આત્માઓ આ સિદ્ધિગતિને (સિદ્ધશીલા = મોક્ષ સ્થાનને) પામ્યા છે.

પરંતુ જે આત્માઓ તમામ કર્મોથી મુક્ત બની શક્યા નથી તેઓ આ સંસારમાં રઝળે છે. કર્મો તેમને દુઃખી પણ બનાવે છે ને પાપી પણ બનાવે છે. તેમને શરીર આપીને રોગોથી પીડે છે તો જન્મ-જીવન-મરણની ઘટમાળમાં ફસાવે છે. આવા કર્મ સહિતના આત્માને જીવ તરીકે ઓળખવામાં આવે છે. સામાન્યથી તો શરીરમાં રહેલા શરીરથી જુદા આત્માની કે મોક્ષમાં પહોંચી ગયેલાં શરીર વિનાના આત્માની જ્યારે વાત કરવી હોય ત્યારે આત્મા શબ્દ વપરાય છે, જ્યારે શરીર સહિતના આત્માની વાત કરવાની હોય ત્યારે જીવ શબ્દ વપરાય છે, પરંતુ અહીં જીવ તત્ત્વના વિચારમાં આપણે

સંસારી શરીરધારી આત્મા કે મોક્ષમાં ગયેલા મુક્તાત્મા માટે પણ જીવ શબ્દ વાપરીશું.

જીવ માટે પ્રાણી, ચેતન વગેરે શબ્દો પણ વપરાય છે. જે જીવે છે, તે જીવ. જે ચેતના (જ્ઞાનાદિ) ને ધારણ કરે તે ચેતન. જે પ્રાણોને ધારણ કરે તે પ્રાણી.

આ દુનિયામાં મકાન, ફર્નીચર, સ્ટેશનરી વગેરે જે જે અજીવ પદાર્થો છે, તેમનામાં ચેતના નથી, માટે તે ચેતન ન કહેવાય. તેઓ પ્રાણોને ધારણ કરતા નથી માટે પ્રાણી ન કહેવાય. તેઓનું કોઈ જીવન નથી માટે જીવ ન કહેવાય. તેઓ જડ, નિર્જીવ, અજીવ, પુદ્ગલ વગેરે શબ્દોથી ઓળખાય છે. તેમનો સમાવેશ આ જીવતત્ત્વમાં થતો નથી.

**પ્રાણ** : પ્રાણ બે પ્રકારના છે. **(૧) દ્રવ્ય પ્રાણ (૨) ભાવપ્રાણ**

**(૧) દ્રવ્ય પ્રાણ** : જે શરીર સાથે સંકળાયેલ હોય તે દ્રવ્યપ્રાણ કહેવાય. તે દસ છે. પાંચ ઈન્દ્રિય+૩ બળ+શ્વાસોશ્વાસ અને આયુષ્ય. (પાંચ ઈન્દ્રિયો : સ્પર્શનેન્દ્રિય (ચામડી), રસનેન્દ્રિય (જીભ), ઘ્રાણેન્દ્રિય (નાક), ચક્ષુરિન્દ્રિય (આંખ) અને શ્રોત્રેન્દ્રિય (કાન); ત્રણ બળ : મનબળ, વચનબળ અને કાયબળ.)

**(૨) ભાવ પ્રાણ** : જે આત્મા સાથે સંકળાયેલ હોય તે ભાવપ્રાણ કહેવાય. જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે ભાવપ્રાણ છે.

જે આત્માઓ મોક્ષમાં પહોંચ્યા છે, તેમને શરીર જ નથી. તેથી શરીર સાથે સંકળાયેલા દ્રવ્યપ્રાણો પણ નથી. તેમને તો માત્ર ભાવપ્રાણો જ હોય. ભાવપ્રાણો પણ તેમને ન હોય તેવું તો ક્યારે ય ન બને. જેને ભાવપ્રાણો પણ ન હોય તે જડ કહેવાય. તે આત્મા જ ન હોય.

સંસારી જીવોને તો ભાવપ્રાણ અને દ્રવ્યપ્રાણ; બંને હોઈ શકે છે. ભાવપ્રાણો તો સદા માટે આત્મા સાથે જોડાયેલા જ રહે છે, પણ દ્રવ્ય પ્રાણો આત્મા સાથે જોડાયેલા હોય કે જોડાયેલા ન પણ હોય. જ્યાં સુધી આ દ્રવ્ય પ્રાણો આત્મા સાથે જોડાયેલા હોય છે, ત્યાં સુધી તે જીવનું જીવન કહેવાય છે. જ્યારે તે દ્રવ્યપ્રાણો જીવથી છૂટાં પડે છે, ત્યારે તેનું મૃત્યું થયેલું ગણાય છે. ફરી જ્યારે દ્રવ્યપ્રાણો સાથે તે જોડાય છે, ત્યારે તેની ઉત્પત્તિ કે જન્મ કહેવાય છે.

આત્મા તો ક્યારે ય જન્મતો નથી કે ક્યારે ય મરતો નથી. તે તો અનાદિકાળથી છે. શાશ્વત છે. તેના વળી જનમ-મરણ શાના ? પણ કીડીના આત્માથી તેના દ્રવ્યપ્રાણો છૂટા પડે ત્યારે 'કીડી મરી ગઈ' તેવો આપણે વ્યવહાર કરીએ છીએ.

દ્રવ્યપ્રાણો અને ભાવપ્રાણો, બંને-જેને હોય તે સંસારી જીવ કહેવાય. તેઓ દેવ-મનુષ્ય-તિર્યંચ અને નરક; એ ચારે ગતિમાં રઝળતાં રહે છે. વારંવાર દ્રવ્યપ્રાણો

સાથે જોડાવા દ્વારા જન્મ લે છે તો કેટલોક સમય જીવન પસાર કરીને તે દ્રવ્યપ્રાણોથી છૂટા પડીને મરે છે. આમ, દ્રવ્યપ્રાણોના સંયોગ-વિયોગ દ્વારા જન્મ-મરણ ચાલ્યા કરે છે. જન્મ-મરણ વચ્ચેનો સમય પણ સંસારમાં રોગ, ઘડપણ વગેરે અનેક દુઃખોને સહન કરવામાં પસાર થાય છે.

આ જન્મ, રોગ-ઘડપણાદિ દુઃખમય જીવન અને મોતની ઘટમાળમાંથી કાયમ માટે મુક્ત થવું હોય તો દ્રવ્યપ્રાણોથી જ કાયમ માટે છૂટકારો લઈ લેવો જોઈએ. તેમ થતાં પછી ક્યારેય દ્રવ્યપ્રાણો સાથે જોડાવાનું નહિ માટે જન્મ નહિ, જોડાવાનું જ નહિ માટે ફરી છૂટવાનું પણ નહિ; માટે મોત પણ નહિ; જન્મ અને મરણ નહિ, માટે તે બે વચ્ચેનું દુઃખમય-પાપમય જીવન પણ નહિ. આમ, જન્મ-જીવન-મરણની ઘટમાળ કાયમ માટે દૂર થઈ જાય. તે દ્રવ્યપ્રાણોથી કાયમ માટેનો છૂટકારો તેનો જ થાય કે જેઓ મોક્ષમાં જાય. સર્વ કર્મોથી મુક્ત બને. માટે જો આપણે આ સંસારથી કંટાળી ગયા હોઈએ, જન્મ-જીવન-મરણનો આપણને ભય લાગ્યો હોય તો જલ્દીથી જલ્દી મોક્ષ મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ. તે મોક્ષ મેળવવા બધા જીવોને જાણવા જોઈએ. તે તમામ જીવો પ્રત્યે કરુણા વહાવવી જોઈએ. કોઈપણ જીવની હિંસા ન થઈ જાય, કોઈપણ જીવને જરાક પણ ત્રાસ, પીડા કે વેદના ન પહોંચે, માનસિક દુર્ભાવ પણ કોઈજીવ પ્રત્યે ન થઈ જાય તેની પૂર્ણ કાળજી રાખવી જોઈએ.

હતો નાનકડો એક બાળક ! નામ એનું અઈમુત્તો. ગૌતમસ્વામી ગોચરી વહોરવા પધાર્યાં. ભાવવિભોર બનીને વહોરાવ્યું. વળાવવા ગયો. દીક્ષા લેવાની ઈચ્છા થઈ. ભગવાન મહાવીરદેવની દેશના સાંભળીને મન મજબૂત થયું. માતાની રજા માંગી.

ધર્મને પામેલી માતાએ તેને કહ્યું કે ''બેટા ! દીક્ષા આત્માના કલ્યાણ માટે લેવાની છે. મોક્ષ મેળવવા લેવાની છે. દીક્ષામાં કાંઈ પાપ ન કરાય. કદાચ ભૂલ થઈ જાય તો તેનું તારે પ્રાયશ્ચિત્ત કરવાનું. આટલું નક્કી કરીને દીક્ષા લે.''

માતાના અંતરના આશીર્વાદ લઈને નાનકડા અઈમુત્તાએ દીક્ષા લીધી. એકવાર બહારથી પાછા ફરતાં રસ્તામાં નાના છોકરાઓને પાણીમાં હોડી તરાવતાં જોયાં. બાળસહજ સ્વભાવથી તેમને પણ હોડી તરાવવાનું મન થયું. પણ હોડી તો પાસે હતી નહિ ! શું કરવું ?

પાસે રહેલી પાતરી તેમણે પાણીમાં હોડી રૂપે તરાવવા મૂકી. પાતરી પાણીમાં તરવા લાગી. બાળમુનિના આનંદનો પાર નથી. ''મારી હોડી સૌથી આગળ-મારી હોડી સૌથી આગળ'' એમ બોલીને નાચે છે.

ત્યાં તો વડિલ મુનિવરો આવી પહોંચ્યા. ''અરે બાળમુનિ ! તમે આ શું કરો

છો ? કાચાપાણીના એક ટીપામાં અસંખ્યાતા જીવો છે. તે બધાનો કચ્ચરઘાણ વળી જાય. અરરર ! આટલું બધું પાપ કરાય ? કેટલા બધા જીવોની હિંસા થઈ ગઈ.''

બાળમુનિને પશ્ચાત્તાપ થયો. એકવાર ઈરિયાવહી સૂત્રથી પ્રતિક્રમણ કરતાં, પોતાનાથી થઈ ગયેલાં આ પાપ બદલ તેઓ પસ્તાવો કરવા લાગ્યા. ધ્યાનની ધારામાં ચડી ગયા. ઘાતીકર્મો ખપાવીને કેવળજ્ઞાન પામ્યા. અનેક જીવોને પ્રતિબોધ પમાડીને છેલ્લે મોક્ષે ગયા.

આ બાળમુનિ અઈમુત્તાજી દ્વારા કાચાપાણીના જીવોની હિંસા થઈ ગઈ કારણ કે તે વખતે તેમને ખ્યાલ નહોતો કે કાચાપાણીમાં જીવો છે. તે મરી જાય. માટે મારે નાવડી ન તરાવાય. જો તેમને ખ્યાલ હોત તો તેઓ તેમ ન કરત.

પાપ કરતાં તે બચી શકે કે જેને ખ્યાલ હોય કે જીવ કોને કહેવાય ને કોને ન કહેવાય ? કયો પદાર્થ જડ છે ને કયો પદાર્થ ચેતન છે ! તેથી જેણે પણ જીવોની રક્ષા કરવી હોય તેણે સૌ પ્રથમ જીવોનું જ્ઞાન મેળવી લેવું જોઈએ.

શાસ્ત્રમાં કહ્યું છે કે જે જીવોને જાણતો નથી, જે અજીવોને જાણતો નથી, તે સંયમને શી રીતે પાળી શકે ? જે જીવોને પણ સારી રીતે જાણે છે, જે અજીવોને (જડ પદાર્થને) પણ સારી રીતે જાણે છે, તે સંયમને સારી રીતે પાળી શકે. અને સંયમને જે સારી રીતે પાળી શકે તે મોક્ષને મેળવી શકે. માટે મોક્ષ મેળવવા જીવોનું જ્ઞાન મેળવવું અત્યંત જરૂરી છે.

પણ અત્યંત કમનસીબીની વાત છે કે પોતાના મામા-માસી-ફોઈ-ફુઆ વગેરે સ્વજનોને તથા પોતાના પાડોશીઓને નામથી જાણનારા ઘણાં લોકો, જેમની સાથે ખરેખર મૈત્રી જગાવવાની છે, તે વિશ્વના જીવોને બરોબર જાણતાં કે ઓળખતાં નથી. આ તો કેમ ચાલે ?

જે જીવોની આપણે રક્ષા કરવાની છે, જે જીવોની જરા ય હિંસા ન થઈ જાય તેની આપણે સતત કાળજી કરવાની છે, તે સંસારી જીવોના જુદા જુદા ૫૬૩ પ્રકારો શાસ્ત્રોમાં બતાડવામાં આવ્યા છે. તેમાંના કેટલાક જીવોની જો કે કાયાથી હિંસા ન થઈ શકતી હોવા છતાં ય મનથી તો હિંસા થઈ શકે છે. તેથી તેને પણ નિવારવાનો પ્રયત્ન કરવાનો છે.

## જીવ છતાં ય દેખાવે જડ !

આપણી આસપાસ કેટલાક જીવો એવા છે કે જેઓ નથી હલન-ચલન કરતા

કે નથી કોઈ પ્રવૃત્તિ કરતા ! ઘણાને તો તેઓ જડપદાર્થો જ લાગે છે. પરંતુ હકીકતમાં તે જડપદાર્થો નથી પણ શાક્ષાત્ જીવો છે. જો આપણે તેને જીવ તરીકે ન જાણીએ તો તેની રક્ષા શી રીતે કરી શકીશું ? આવા જીવોને જૈન ધર્મના તત્ત્વજ્ઞાનની પરિભાષામાં સ્થાવર જીવો કહેવામાં આવે છે.

બિલાડી, ઉંદર, વાંદા, માંકડ, માંખી મચ્છર, જૂ, ભમરા, માણસ, વાઘ, સિંહ વગેરે પોતાની ઈચ્છા પ્રમાણે હલન-ચલન કરી શકે છે; તેમને ત્રસજીવો કહેવામાં આવે છે, જ્યારે ઠંડી-ગરમી વગેરેથી ત્રાસ પામવા છતાં ય પોતાની ઈચ્છાથી જેઓ હલન-ચલન કરી શકતા નથી, તે પથ્થર, પાણી, અગ્નિ, પવન, વનસ્પતિ વગેરેને સ્થાવર જીવો કહેવામાં આવે છે. ત્રસ જીવો સતત હલનચલન કરે જ; તેવો નિયમ નથી. પોતાની ઈચ્છા હોય તો હલનચલન કરે ને ઈચ્છા ન હોય તો હલન-ચલન ન કરતાં સ્થિર પણ રહે. સ્થાવર જીવો તો પોતાની ઈચ્છાથી પણ હલન-ચલન ન જ કરી શકે. ક્યારેક કોઈ તેની પાસે હલનચલન કરાવડાવે તેવું બને ખરું.

ટૂંકમાં, પોતાની ઈચ્છા પ્રમાણે જેઓ હાલી-ચાલી શકે તે ત્રસ જીવો કહેવાય પણ પોતાની ઈચ્છા પ્રમાણે જેઓ હાલી-ચાલી ન શકે તે સ્થાવર જીવો કહેવાય. આપણે જે ૫૬૩ પ્રકારના જીવોને ઓળખવા છે તેમાં ૫૪૧ પ્રકારના ત્રસ જીવો છે, જ્યારે ૨૨ પ્રકારના સ્થાવર જીવો છે. આ સ્થાવર જીવોને જીભ, નાક, આંખ કે કાન હોતા નથી પણ માત્ર સ્પર્શ અનુભવવાની શક્તિવાળી સ્પર્શનેન્દ્રિય રૂપ એક જ ઈન્દ્રિય હોય છે, માટે તેઓ એકેન્દ્રિય તરીકે પણ ઓળખાય છે.

પોતાની ઈચ્છાથી હલન-ચલન નહિ કરી શકનારા આ સ્થાવરજીવોના મુખ્યત્ત્વે પાંચ પેટાભેદો છે : (૧) પૃથ્વીકાય (૨) અપ્કાય (૩) તેઉકાય (૪) વાયુકાય અને (૫) વનસ્પતિકાય.

**(૧) પૃથ્વીકાય** : આપણે માટી, રેતી પથ્થર, કાંકરા, સોનું, ચાંદી, તાંબુ, પિત્તળ, કાંસુ, મીઠું, સ્ફટીક, હીરા, માણેક, મોતી વગેરે જે પદાર્થો જોઈએ છીએ તે પૃથ્વીકાય જીવોના શરીરો છે. તેના એકેક કણીયામાં અસંખ્યાતા અસંખ્યાતા આત્માઓ હોય છે. જો તેમાં રહેલો આત્મા બીજા ભવમાં ચાલ્યો ગયો ન હોય તો તે સચિત્ત કહેવાય. તેનો ઉપયોગ કરવાથી તે તમામ જીવોની વિરાધના કરવાનું પાપ લાગે.

સૂર્યનો સખત તાપ પડવાથી ચાલવાના રસ્તા ઉપરની રેતી અચિત્ત (જીવ વિનાની) હોઈ શકે, પણ ખાડો ખોદીને નીચેથી જે માટી કાઢવામાં આવે તે સચિત્ત કહેવાય. તેનો ઉપયોગ કરવાથી જીવોની હિંસા થાય.

ઘણા લોકો પૃથ્વીકાયને જીવ રૂપે નથી માનતા, પણ તેમની તે માન્યતા બરોબર

નથી. અમેરીકન ટાઈમ્સમાં થોડા વખત પહેલાં લેખ આવેલો, "The earth, that grows." પૃથ્વી કે જે ઉગે છે. અર્થાત્ પૃથ્વી જીવ છે.

ખાણોમાંથી આરસ વગેરે કાઢવામાં આવે તો પણ પાછો નવો આરસ પેદા થઈ જાય છે. કારણ કે તેમાં જીવ છે, જે નવી ઉત્પત્તિ કરે છે. ઈંટના નિંભાડાવાળાએ એકવાર કહેલ કે, "અમે ઈંટો બનાવવા ખોદી ખોદીને માટી લાવીએ છીએ. તળાવ જેવો ખાડો થઈ જાય છે. પણ બીજું વરસ આવતાં પહેલાં તે જગ્યા પાછી સમથળ થઈ જાય છે. બીજા વરસે ફરી ત્યાંથી માટી લાવીને અમારું કામ આગળ ચલાવીએ છીએ." આ માટીમાં પણ જીવ હોવાથી નવી નવી માટી પેદા થઈ જાય છે.

પૃથ્વીકાય જીવ છે, એવું જાણ્યા પછી તેની વિરાધના ન થઈ જાય તેની કાળજી રાખવી જોઈએ. કાચું મીઠું પૃથ્વીકાય છે, તેનો ત્યાગ કરી દેવો જોઈએ. જરૂર પડે તો બલવણનો ઉપયોગ કરી શકાય. તે જ રીતે ખાડા ખોદવા, ખોદેલી માટી ઉપર ચાલવું વગેરેનો પણ ત્યાગ કરી દેવો જોઈએ.

**(૨) અપ્કાય** : કૂવા, તળાવ, નદી, વાવ, સરોવર, સમુદ્ર વગેરેનું પાણી વરસાદનું પાણી, બરફ, કરાં, ધુમ્મસ વગેરે અપ્કાયજીવોના શરીરો છે. પાણીના એકેક ટીપામાં અસંખ્યાતા જીવો છે. વૈજ્ઞાનિકોને સૂક્ષ્મદર્શક યંત્રમાં જે ૩૬૪૫૦ જીવો દેખાય છે, તે તો પાણીમાં પડેલાં હાલતા–ચાલતા-ઉડતા ત્રસજીવો છે; પણ પાણીનું ટીપું પોતે અસંખ્યાતા જીવોના અસંખ્યાતા શરીરો રૂપ છે. આમ, કાચા પાણીનો ઉપયોગ કરવાથી હજારો ત્રસ જીવો સહિત અસંખ્યાતા જીવોનો કચ્ચરઘાણ બોલાઈ જાય છે. માટે ડાહ્યા અને સમજુ માણસે કાચાપાણીનો સદંતર ત્યાગ કરી દેવો જોઈએ.

જીવન જીવવા માટે પાણીની જરૂર પડે જ છે તો ઉકાળેલું પાણી જ પીવું પણ કાચું પાણી તો નહિ જ; તેવો નિર્ણય કરી દેવો જોઈએ. વાસણ-કપડાં-હાથપગ ધોવામાં પણ ઓછામાં ઓછો પાણીનો ઉપયોગ થાય તેની કાળજી રાખવી જોઈએ. જો ઘીની જેમ પાણી વપરાય તો ઘણી હિંસામાંથી અટકી જવાય.

પૂર્વે તો પનીહારીએ ગામની બહાર જઈને, કૂવામાંથી પાણી ખેંચીને માથે બેડા ઊંચકીને ઘરમાં લાવવું પડતું હતું. તેથી પાણીનો ખોટો દુરુપયોગ થતો અટકતો હતો અને ઘણા જીવોને અભયદાન મળતું હતું પણ આજે તો ઘરે ઘરે નળ આવી ગયા. દરેક રૂમમાં, રસોડામાં, સંડાસમાં, બાથરૂમમાં.. ઠેર ઠેર નળ ગોઠવીને ઘરમાં કતલખાના ઊભા કર્યાં. ધડ ધડ પાણી વહ્યા કરે. જરૂર કરતાં ઘણું વધારે પાણી વપરાય. અરે જરૂર ન હોય તો ય નળમાંથી પાણી વહ્યા કરે. કેટલી બધી હિંસા. પ્રત્યેક ટીપે અસંખ્યાતા જીવોનો સંહાર ! અનંતાનંત કર્મદલિકો આત્માને ચોંટે. પરિણામે દુઃખોના રીઝર્વેશન

થાય. હૃદયમાં કઠોરતા પેદા થાય.

જેના હૃદયમાં થોડીક પણ કરૂણા હોય તે આ જીવોનો સંહાર શી રીતે જોઈ શકે ? તે તો એક ક્ષણ પણ સંસારમાં શી રીતે રહી શકે ? શું દીક્ષા લઈને સાધુ ન બની જાય કે જેથી કદી ય કાચાપાણીની હિંસા તેણે કરવી ન પડે !

પેલા અર્ણિકાપુત્ર આચાર્ય ! વરસાદમાં ગોચરી લઈને આવનારને પૂછ્યું કે આટલા બધા વરસાદમાં ગોચરી ? આટલી બધી વિરાધના કેમ ?''

''જ્યાં અચિત્ત (જીવ વિનાનું) પાણી પડતું હતું ત્યાંથી ગોચરી લાવવામાં આવી છે.''

''પણ તમને શી રીતે ખબર પડી કે અહીં પાણી અચિત્ત છે ? શું કાંઈ જ્ઞાન થયું છે ?''

''હાજી ! આપની કૃપાથી !''

''હેં ! કયું જ્ઞાન ? પ્રતિપાતી કે અપ્રતિપાતી ?'' (પ્રતિપાતી એટલે આવ્યા પછી ચાલ્યું પણ જાય. અપ્રતિપાતી એટલે આવ્યા પછી ક્યારેય ન જાય તે-કેવળજ્ઞાન)

''ઓહોહો ! આપ તો કેવળજ્ઞાની મહાત્મા છો ! મને ક્ષમા કરો. હવે મને એ જણાવો કે મને કેવળજ્ઞાન ક્યારે થશે ?''

''ગંગાનદી પાર ઉતરતાં તમને કેવળજ્ઞાન થશે,''

''મારે તો જલ્દીથી જલ્દી મોક્ષ જોઈએ, કેવળજ્ઞાન જોઈએ, હવે તો ગોચરી પણ પછી ! કયા દિવસે કેવળજ્ઞાન થશે ? તે જ્ઞાનીએ નથી કહ્યું. તેમણે તો કહ્યું છે કે ગંગાનદી પાર ઉતરતા કેવળજ્ઞાન થશે, તો હું હવે વિલંબ શા માટે કરું ? હમણાં જ ગંગાનદીને પાર ઉતરું'' એમ વિચારીને તેમણે તો ગોચરી વાપરવાનું મુલતવી રાખીને ગંગાનદી તરફ પ્રયાણ કર્યું.

પૂર્વના વૈરથી ખેંચાયેલી દેવીએ અધવચ્ચે નાવડી આવતાં, તેમને ત્રીશુળમાં ઊંચક્યા. માંસના લોચા નીકળવા લાગ્યા. લોહીની શેર ઉડી. લોહીના ટીપાં નીચે રહેલાં ગંગાનદીના પાણીમાં પડવા લાગ્યા. ત્યારે પણ આ અર્ણિકાપુત્ર આચાર્ય પોતાને થઈ રહેલી વેદનાની ચિંતા નથી કરતાં પણ કાચાપાણીના જીવોની કરૂણા ચિંતવે છે. ''અરરર ! મરતાં મરતાં પણ હું કેટલા બધા જીવોને મારતો જાઉં છું ! મારા ગરમલોહીથી આ ઠંડા કાચાપાણીના જીવોને કેટલો બધો ત્રાસ થશે'' વગેરે..

બીજા જીવોની કરૂણાની ભાવના દ્વારા તેઓ ધ્યાનની ધારામાં ચડ્યા. ક્ષપકશ્રેણી મંડાઈ. ઘાતીકર્મો ખપાવીને કેવળજ્ઞાન પામ્યા. આયુષ્ય પણ પૂર્ણ થતાં મોક્ષે સિધાવ્યા.

કાચાપાણીના જીવોની વિરાધના નહિ કરવાનો તેમનો ઉત્તમભાવ તેમને કેવળજ્ઞાન અપાવી શક્યો, તે જાણીને પણ કાચાપાણીની વિરાધના બંધ કરી દેવી જોઈએ કે શક્યતઃ ઓછી કરી દેવી જોઈએ.

થમ્સ અપ, પેપ્સીકોલા વગેરે ઠંડાપીણા, સરબત, બરફગોળા, બરફવાળી વસ્તુઓ, વગેરેમાં પણ કાચાપાણીના અસંખ્યાતાજીવોની વિરાધના છે. તેથી તે બધી વસ્તુઓનો ત્યાગ કરી દેવો જોઈએ. રોજ ઉકાળેલું પાણી પીવાનો નિર્ણય કરવો જોઈએ.

કાચાપાણીમાં અસંખ્યાતા જીવોના જન્મ-મરણની ઘટમાળ સતત ચાલ્યા કરે છે. તેને ઉકાળવામાં આવે તો તે વખતે તેમાં રહેલાં અસંખ્યાતા જીવો બળીને ખાખ થઈ જાય છે, પણ પછી-શિયાળામાં ચાર પ્રહર, ઉનાળામાં પાંચ પ્રહર તથા ચોમાસામાં ત્રણ પ્રહર સુધી-તેમાં સતત જન્મ-મરણની ઘટમાળ ચાલતી નથી. તેથી તેના કરતાં અસંખ્યાતગુણા અસંખ્યાતા જીવોને ઉકાળેલું પાણી પીવાથી અભયદાન મળી જાય છે. ધારો કે પાણી ઉકાળતી વખતે અસંખ્યાતા=૧૦૦૦ જીવો જો બળીને મરી ગયા હોય તો જો પાણી ન ઉકાળત તો સમયે-સમયે અસંખ્યાતા-અસંખ્યાતા એટલે કે ૧૦૦૦-૧૦૦૦ જીવો મર્યા કરત. આમ થતાં, જેટલો સમય વાપરવાની બુદ્ધિથી રાખેલ હોય તેટલો સમય સુધી દર સમયે-સમયે અસંખ્યાતા-અસંખ્યાતા (અસત્કલ્પનાએ ૧૦૦૦-૧૦૦૦) જીવોના મોતમાં નિમિત્ત બનવાનું પાપ લાગ્યા કરત. ઉકાળેલું પાણી પીવાથી તે તમામ પાપ લાગતું બચી ગયું.

વળી પાણી ઉકાળનારના મનમાં પાણીના જીવોને મારી નાંખવાની બુદ્ધિ નથી પણ સંભવિત અસંખ્યાત-અસંખ્યાત જીવોને બચાવવાની બુદ્ધિ છે. તેથી તેણે જીવોને માર્યા ન ગણાય પણ બચાવ્યા ગણાય.

આંગણામાં બેસીને ઘઉં ચાળતી બહેને દૂર રહેલાં એક ખાડામાં પોતાના બાળકને ઉતરી ગયેલો જાણ્યો. ઊભી થઈને દોડી. જુએ છે તો ખાડામાં રહેલાં બાળકને ડંખ મારવા સાપ તેની નજીક આવી રહ્યો છે. જો તે સ્ત્રી પાછળના ભાગમાં રહેલી સીડીથી ઉતરીને બાળકને લેવા જાય તો તેટલા સમયમાં સાપ તેને ડંખ મારી જ દે. તેથી તે સ્ત્રીએ ખાડાની બાળક તરફની ધાર પાસે ઊભા રહીને બાળકને હાથ ઊંચો કરવા કહ્યું. પોતાના હાથથી બાળકના હાથને પકડીને ખેંચીને તરત બહાર કાઢ્યો. તેમ કરવાથી બાળકનું શરીર ખાડાની ખરબચડી ધારને ઘસાયું. તેને ઉઝરડા પડ્યા. લોહી નીકળ્યું. બાળક રડવા લાગ્યો.

આ સ્ત્રીએ બાળકને બચાવ્યો કે બાળકને લોહી કાઢીને હેરાન કર્યો ? એ સવાલનો જવાબ બધા એમ જ આપશે કે ભલે ઉઝરડા પડ્યા હોય ને લોહી નીકળ્યું

હોય, છતાં ય તે સ્ત્રીએ બાળકને બચાવ્યો જ ગણાય. હેરાન કર્યો ન ગણાય. કારણ કે તેની ઈચ્છા તો બાળકને બચાવવાની જ હતી. જો અન્ય ઉપાય હોત તો તે બાળકને ઉઝરડા પણ પડવા ન દેત. પણ અન્ય ઉપાય ન હોવાથી નાછૂટકે ઉઝરડા પાડીને પણ તેણે બાળકને બચાવવો પડ્યો છે. બરોબર ને ?

બસ, આ જ વાત ઉકાળેલા પાણીની બાબતમાં લાગુ પડે છે. જો પાણી વિના જીવી શકાતું હોય તો પાણીને ઉકાળવાની પણ જરૂર નથી. કાયમ માટે ચોવિહાર ઉપવાસ કરો ને ? ઉકાળેલું પાણી પાવીની પણ તેમને વાત નથી.

પણ જ્યારે પાણી વિના જીવાતું નથી, જીવવાનો અન્ય ઉપાય નથી, નાછૂટકે પાણી પીવું જ પડે તેમ છે તો એમ કહેવાનું મન થાય છે કે કાચું પાણી તો ન જ પીવો. જેમ બાળકને બચાવવા જતાં ઉઝરડા પડ્યા પણ તે વિના છૂટકો નહોતો, તેમ બીજા અસંખ્યાત અસંખ્યાતા જીવોને બચાવવા જતાં અસંખ્યાતા જીવો બળી જાય છે, તે વાત સાચી પણ તે બાળવા માટે બળાતા નથી પણ અસંખ્યતગુણા અસંખ્યાતા જીવોને બચાવવા માટે નાછૂટકે કરવું પડે છે. તેથી બાળકને ખેંચીને બહાર કાઢનારી સ્ત્રી, બાળકને ઉઝરડા પાડવા છતાં પ્રશંસાને પાત્ર છે, તેમ ઉકાળેલું પાણી પીનાર પણ અનુમોદનાને પાત્ર છે; કારણકે સ્ત્રીની ઈચ્છા જેમ બાળકને બચાવવાની છે, તેમ ઉકાળેલું પાણી પીનારની ભાવના પણ અસંખ્યાતગુણા અસંખ્યાતા જીવોને બચાવવાની છે, મારવાની જરા ય નહિ. તેથી હવે અન્ય કોઈપણ દલીલ કર્યા વિના કાયમ માટે ઉકાળેલું પાણી પીવાનું શરૂ કરી દેવું જોઈએ.

(૩) **તેઉકાય :** તેઉકાય=તેજસ્કાય=અગ્નિકાય. અગ્નિ, વીજળી, દીવો, લાઈટ, અંગારા, વગેરે અસંખ્યાતા તેઉકાય જીવોના શરીરો છે. તેની વિરાધના ન થાય તેની કાળજી રાખવી જોઈએ.

પૂજનીય સાધુ-સાધ્વીજી ભગવંતો લાઈટ કે ચુલાના ઉપયોગ વિના આખી જીંદગી પસાર કરે જ છે ને ? તેમને જો નજરમાં રાખવામાં આવે તો જરૂર કરતાં વધારે લાઈટનો જે ઉપયોગ થાય છે, તે તો કમસેકમ અટકી જ જાય. જે રૂમમાં કોઈ ન હોય તે રૂમમાં નકામી લાઈટ બળતી ન હોય. જેમાં ઈલેક્ટ્રીસીટીનો ઉપયોગ થતો હોય તેનો બિનજરૂરી બેફામ ઉપયોગ થતો તો અટકી જ જાય. માત્ર આ વાતને લક્ષમાં લાવવાની જરૂર છે. હૃદયને કોમળ બનાવવાની જરૂર છે.

યાદ છે ને પેલા ગજસુકુમાલમુનિની વાત ! દીક્ષા લઈને પ્રથમ દિને જ સ્મશાનમાં ધ્યાન ધરવા ગયા. સોમીલ સસરાએ તેમના માથે માટીની પાળ બાંધીને વચ્ચે ખેરના ધગધગતા અંગારા ભર્યા. માથું સળગી રહ્યું છે, છતાં ય મુનિવર તો અડગ

છે. જરા ય હાલતા પણ નથી. અંગારો નીચે પડતાં, અગ્નિકાયની વિરાધના ન થઈ જાય માટેસ્તો. આવેલા ઉપસર્ગને સમતાથી સહન કરે છે. અરે ! મોતને ઘાટ ઉતારનાર સસરા પ્રત્યે પણ જરા ય ધિક્કાર કે તિરસ્કાર નહિ ! જે અગ્નિના જીવોને ન ધિક્કારી શકે તે માનવને શી રીતે તિરસ્કારી શકે ? 'મારા સસરાએ તો મને મોક્ષની પાઘડી બાંધી આપી.' વિચારતાં ધ્યાનની ધારામાં આગળ વધ્યા. કેવળજ્ઞાન અને મોક્ષ તેઓ પામી ગયા.

**(૪) વાયુકાય** : જોરથી ફુંકાતા વંટોળીયા, વાવાઝોડા કે મંદ મંદ વાઈ રહેલો પવન વગેરે વાયુકાય જીવોના શરીરો છે. તે વાયુકાયની વિરાધના ન થાય તે માટે તો સાધુ ભગવંતો કે સામાયિક પૌષધમાં રહેલાં શ્રાવકો પંખાનો ઉપયોગ કરતા નથી.

દેવનારના કતલખાનાને અટકાવવાની તાકાત ન હોય તો ઘરમાં રહેલાં કતલખાનાને તો બંધ કરો ! પંખો એ ત્રણ પાંખડાવાળું કતલખાનું છે, જેના દ્વારા અસંખ્યાતા વાયુકાયજીવોનો સંહાર થાય છે. ક્યારેક તો ચકલી વગેરે પક્ષીઓ પણ તેની અડફેટમાં આવી જઈને મરણને શરણ થાય છે. બળબળતા વૈશાખ માસના ઘોર તાપમાં ય ગુરુભગવંતો પંખા વિના જીવન પ્રસન્નતાપૂર્વક પસાર કરે જ છે ને ? તેમને નજરમાં લાવીશું તો આ હિંસાથી અટકવું મુશ્કેલ નહિ બને. છેવટે જરૂર ન હોય ત્યારે પણ પંખાનો જે બેફામ ઉપયોગ ચાલુ હોય છે, તે તો અટકાવવો જોઈએ ને ? શિયાળા-ચોમાસામાં તો પંખાનો ત્યાગ કરવો જોઈએ ને ?

**(૫) વનસ્પતિકાય** : ચીકુ, કેરી, પીપળો, લીમડો, બટાકા, કાંદા વગેરે તમામ વનસ્પતિઓમાં જીવ છે તેવું તો હવે સર જગદીશચન્દ્ર બોઝે પણ જણાવ્યું છે પણ કઈ કઈ વનસ્પતિમાં કેટલાં કેટલાં જીવો છે ? તે તો સર્વજ્ઞ ભગવંતો સિવાય અન્ય કોણ પોતાની જાતે જણાવી શકે ? સર્વજ્ઞ ભગવંતોની અપેક્ષાએ બિચારા બોઝ સાહેબનું જ્ઞાન કેટલું ?

સર્વજ્ઞ ભગવંતો જણાવે છે કે આ વિશ્વમાં વનસ્પતિ બે પ્રકારની છે. કેટલીક વનસ્પતિના એક શરીરમાં એક જીવ હોય છે તો કેટલીક વનસ્પતિના એક શરીરમાં પણ અનંતા જીવો હોય છે !

**(અ) પ્રત્યેક વનસ્પતિકાય** : જેના એક શરીરમાં એક જ જીવ હોય તે પ્રત્યેક કહેવાય. આંબા, લીમડા, પીપળા, મગ, ઘઉં વગેરેમાં એક શરીરમાં એક જ જીવ હોય છે. જેટલા પાંદડા, તે દરેકમાં પોતપોતાનો એક જ જીવ. જે ફળ હોય તેમાં ફળનો પોતાનો એક જ જીવ. બીજમાં બીજનો એક જીવ, થડમાં થડનો એક જીવ, આમ એક શરીરમાં એક જીવ હોવાથી તેઓ પ્રત્યેક વનસ્પતિકાય તરીકે ઓળખાય છે.

કેટલીક ધર્મશાળાઓમાં સ્પેશ્યલ રૂમ પણ હોય છે ને કોમન હોલ પણ હોય છે. એક રૂમમાં એક જ ફેમીલી ઉતરે તે સ્પેશ્યલ રૂમ કહેવાય જ્યારે એક જ હોલમાં એકી સાથે ઘણા ફેમીલી રહી શકે તેને કોમન હોલ કહેવાય છે. તેમ અહીં પણ એક શરીરમાં એક જ જીવ રહે તો તે પ્રત્યેક કહેવાય પરંતુ એક જ શરીરમાં અનંતાજીવો સાથે રહે તો તે શરીર ઘણા જીવો માટે કોમન=સાધારણ હોવાથી તે જીવ સાધારણ કહેવાય. વનસ્પતિકાય સિવાયના તમામ જીવો તો એક શરીરમાં એક જીવ તરીકે જ રહે છે, માટે બધા પ્રત્યેક છે, જ્યારે વનસ્પતિકાયમાં કેટલાક જીવો એક શરીરમાં એક જીવ રૂપે રહે છે, તે પ્રત્યેક વનસ્પતિકાય તરીકે ઓળખાય છે, તો કેટલાક પ્રકારના જીવો એકી સાથે અનંતા ભેગા થઈને એક જ કોમન શરીરમાં રહે છે, તેઓ સાધારણ વનસ્પતિકાય તરીકે ઓળખાય છે.

**(બ) સાધારણ વનસ્પતિકાય** : બટાકા, કાંદા, લસણ, શક્કરીયા, ગાજર, આદુ, મૂળા, બીટ, વગેરે કંદમૂળો સાધારણ વનસ્પતિકાય છે. સોયની ઉપરના ટોચના ભાગમાં બટાકાનો જેટલો ભાગ રહે, તે પણ અસંખ્યાતા શરીરોનો સમૂહ છે. તેમાંના દરેક શરીરમાં અનંતા-અનંતા જીવો એકી સાથે રહેલાં છે. સાથે જન્મે છે, સાથે મરે છે, સાથે શ્વાસ લે છે. તેમની બધી ક્રિયાઓ સામુદાયિક છે.

અસંખ્યાત એટલે અબજોના અબજો કરતાં ય ઘણી બધી મોટી રકમ. પણ અનંત એટલે અસંખ્યાત કરતાં ય ઘણી બધી મોટી રકમ. કાચા પાણી વગેરેમાં અસંખ્યાતા જીવોની હિંસા છે, જ્યારે બટાકા વગેરે સાધારણ વનસ્પતિકાયના ભોજનમાં તો અનંતાજીવોની હિંસા છે. તેથી કંદમૂળનો (સાધારણ વનસ્પતિકાયનો) તો સદા માટે ત્યાગ જ કરી દેવો જોઈએ.

આટલી નાની જગ્યામાં અનંતા જીવો શી રીતે રહે? તેવી શંકા ન કરવી. કમ્પ્યુટરની નાની ફ્લોપીમાં કેટલા બધા ડેટા સમાય છે ? મેમરીમાં કેટલું બધું સ્ટોર થાય છે ?

જે મકાનમાં ૨૫ બલ્બનો પ્રકાશ હોય તે ઘરમાં છોકરીના હાથમાં રહેલી સોયના અગ્રભાગ ઉપર ૨૫ બલ્બમાંથી કયા બલ્બનો પ્રકાશ ન હોય ? બધા બલ્બનો પ્રકાશ હોય જ ને ? તે રીતે ધારો કે અનંતા બલ્બનો પ્રકાશ તે રૂમમાં હોય તો સોયના ઉપરના ભાગમાં અનંતા બલ્બોનો પ્રકાશ પણ રહી જ જાય ને ? જો સોયના અગ્રભાગ ઉપર અનંતા બલ્બોનો પ્રકાશ રહી શકે તો સોયના અગ્રભાગ ઉપર અનંતા જીવો કેમ ન રહી શકે ?

આપણા પરમાત્મા તો સર્વજ્ઞ હતા, કેવળજ્ઞાની હતા, તેમણે પોતાના જ્ઞાનના

પ્રકાશમાં આ અનંતાજીવોને ખદબદતા જોયા છે. માટે તેની હિંસાથી અટકવા કંદમૂળ ખાવાનો નિષેધ કર્યો છે. પરમાત્માની તે વાતને તર્કના જોરે, શ્રધ્ધાથી સ્વીકારીને કાયમ માટે કંદમૂળનો ત્યાગ કરી દેવો જોઈએ.

પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાયુકાય અને સાધારણ વનસ્પતિકાય; એ પાંચ પ્રકારના જીવો; દરેક બે બે પ્રકારના છે. તેમાંના કેટલાક જીવોના એક-બે-ત્રણ-ચાર-સંખ્યાતા કે અસંખ્યાતા શરીરો ભેગા થાય તો પણ જોઈ કે અનુભવી શકાતા નથી, તેઓ **સૂક્ષ્મ** કહેવાય છે, જ્યારે કેટલાક જીવોના એક-બે-ત્રણ-સંખ્યાતા કે અસંખ્યાતા શરીરો ભેગા થાય તો જોઈ કે અનુભવી શકાય છે; તેઓ **બાદર** કહેવાય છે. જ્યારે પ્રત્યેક વનસ્પતિકાયનું એક શરીર પણ જોઈ કે અનુભવી શકાય છે, માટે તે બાદર જ છે; પણ સૂક્ષ્મ નથી.

સૂક્ષ્મજીવો આ વિશ્વમાં ઠેર ઠેર ઠાંસીને ભરેલાં છે. આપણે ભલે તેને જોઈ કે અનુભવી શકતા ન હોઈએ પણ કેવળજ્ઞાનીને તો તેઓ પણ દેખાય જ છે. તે જીવોની આપણે કાયાથી તો હિંસા કરી શકતા નથી પણ મનથી મારવાની બુદ્ધિ કરીએ તો આપણને તેમની હિંસાનો દોષ લાગી શકે છે. તે ન લાગે તેની કાળજી કરવી.

આમ, પ્રત્યેક વનસ્પતિકાય પોતે માત્ર બાદર જ હોવાથી અને તે સિવાયના પાંચે ય પ્રકારના સ્થાવરજીવો સૂક્ષ્મ અને બાદર; એમ બે-બે પ્રકારના હોવાથી ૧+(૫x૨)=૧+૧૦=૧૧ પ્રકાર થયા. વાયુકાય આંખથી દેખાતાં ન હોવા છતાં ય ચામડીથી અનુભવી તો શકાય છે જ. તેથી તેનો પણ બાદર ભેદ છે.

**સ્થાવર જીવોના અગિયાર ભેદ**

| | | | |
|---|---|---|---|
| ૧. | બાદર પૃથ્વીકાય. | ૭. | સૂક્ષ્મ પૃથ્વીકાય |
| ૨. | બાદર અપ્‌કાય | ૮. | સૂક્ષ્મ અપ્‌કાય |
| ૩. | બાદર તેઉકાય | ૯. | સૂક્ષ્મ તેઉકાય |
| ૪. | બાદર વાયુકાય | ૧૦. | સૂક્ષ્મ વાયુકાય |
| ૫. | બાદર પ્રત્યેક વનસ્પતિકાય | ૧૧. | સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય. |
| ૬. | બાદર સાધારણ વનસ્પતિકાય | | |

# ૬

# જીવન જીવવા માટે જરૂરી શક્તિ

## પર્યાપ્તિ

રાજગૃહીમાં જીવરાજ શેઠ રહેતા હતા. તેમણે એક કારખાનું ખોલ્યું. તે માટે પરદેશથી છ મશીન મંગાવ્યાં.

**૧. મગફળીમાંથી સીંગ અને ફોતરાં જુદા કરવાનું.**

**૨. સીંગમાંથી સીંગતેલ બનાવવાનું.**

**૩. બનેલા સીંગતેલને શુદ્ધ કરવાનું.**

**૪-૫-૬. તે તેલની સહાયથી જુદી જુદી વસ્તુઓ બનાવવાનું.**

આ છ એ મશીનો સાથે જ ફિટ કરવાનું શરૂ કર્યું. છતાં ફિટ થવાનું કાર્ય પૂરું થતાં દરેકને જુદો જુદો સમય લાગ્યો. કારણ કે છ એ મશીનો સરખાં નહોતાં.

મશીનો ફિટ થતાં જ શેઠને જિંદગીભરનું સુખ થઈ ગયું. કેમ કે આ છ એ મશીનો હવે પોતાનું કાર્ય કરે જ જશે. હા ! કારખાનું જ શેઠ બંધ કરી દે તો વાત જુદી !

જીવરાજ શેઠનું કારખાનું આ મશીનોથી મબલખ કમાણી કરતું હતું. તેથી અન્ય વેપારીઓની પણ આવા મશીનો લાવવાની ઈચ્છા થઈ. પણ તે ખરીદવા જોઈએ પુષ્કળ ધન. બધા પાસે તે કાંઈ થોડું હોય ? જેની શક્તિ હતી તેઓ તો છ મશીન લઈ આવ્યા. બાકીના પણ પોતાની શક્તિ પ્રમાણે ત્રણ, ચાર કે પાંચ મશીન લાવીને તેની સહાયથી કમાઈને પોતાનું જીવન સુખપૂર્વક પસાર કરવા લાગ્યા.

જીવરાજ શેઠ તે બીજું કોઈ નહીં પણ આપણો જીવ છે અને તેનું કારખાનું તે આપણું જીવન છે.

કારખાનું જેમ મશીન વિના ન ચાલે તેમ આપણું જીવન પણ અમુક પ્રકારની શક્તિ વિના ન જીવી શકાય. તે શક્તિને જ્ઞાની પુરુષો પર્યાપ્તિ કહે છે. જીવન જીવવા માટેની શક્તિઓ (પર્યાપ્તિ) છ છે, જે નીચે પ્રમાણે છે :

**૧. આહાર પર્યાપ્તિ :** ખાધેલા ખોરાકમાંથી (આહારમાંથી) રસ અને કચરાને છૂટો પાડનારી શક્તિને આહાર પર્યાપ્તિ કહેવાય.

**૨. શરીરપર્યાપ્તિ :** છૂટા પડેલા તે રસમાંથી આપણા શરીરને બનાવનારી શક્તિને શરીર પર્યાપ્તિ કહેવાય.

**૩. ઈન્દ્રિયપર્યાપ્તિ :** બનેલા તે શરીરના આંખ-કાન-નાક વગેરેમાં જોવા-

સાંભળવા-સૂંઘવાની ક્ષમતા પેદા કરનારી શક્તિને ઈન્દ્રિય-પર્યાપ્તિ કહેવાય.

**૪. શ્વાસોશ્વાસ પર્યાપ્તિ :** જે શક્તિ વડે આપણે શ્વાસ લઈ શકીએ અને ઉચ્છ્વાસ બહાર કાઢી શકીએ, તે શક્તિને શ્વાસોશ્વાસ પર્યાપ્તિ કહેવાય.

**૫. ભાષા પર્યાપ્તિ :** જે શક્તિ વડે આપણે બોલવા માટેનો જરૂરી કાચો માલ લઈને બોલી શકીએ, તે શક્તિને ભાષા-પર્યાપ્તિ કહેવાય.

**૬. મનઃપર્યાપ્તિ :** જે શક્તિ વડે આપણે વિચાર કરવા માટેનો કાચો માલ લઈને વિચાર કરીએ, તે શક્તિને મનઃ પર્યાપ્તિ કહેવાય.

ઉપરોક્ત છ પ્રકારની પર્યાપ્તિઓ છે. પર્યાપ્તિ એટલે જ જીવન જીવવા માટેની જરૂરી શક્તિ.

જેમ જીવરાજ શેઠના છએ મશીનો ફિટ કરવાનું કાર્ય એક સાથે જ શરૂ થયું, પણ ફિટ થવાનું કાર્ય પૂરું થતાં જુદો જુદો સમય લાગ્યો. તેમ દરેક જીવ ઉત્પન્ન થતાંની સાથે જ એકસાથે પોતાને જરૂરી બધી જ પર્યાપ્તિઓ (જીવન જીવવા માટેની જરૂરી શક્તિઓ) ઉત્પન્ન કરવાનું કાર્ય શરૂ કરે છે. પણ તે જરૂરી બધી જ પર્યાપ્તિઓ એકસાથે જ પૂર્ણ થઈ જતી નથી. તેમને (પર્યાપ્તિઓને) પૂર્ણ થતાં જુદો જુદો સમય લાગે છે.

તેમાં ય દેવ-નારકોને (વૈક્રિય શરીર હોવાથી) જે જુદો જુદો સમય લાગે છે, તેના કરતાં મનુષ્યો અને તિર્યંચોને (ઔદારિક શરીર હોવાથી) જુદો જ સમય લાગે છે, જે નીચે પ્રમાણે છે :

| ક્રમ | પર્યાપ્તિ | દેવ-નારકો | મનુષ્ય-તિર્યંચો |
|---|---|---|---|
| ૧. | આહાર પર્યાપ્તિ | પ્રથમ સમયે | પ્રથમ સમયે |
| ૨. | શરીર પર્યાપ્તિ | ત્યાર પછી એક અંતર્મુહૂર્તે | ત્યાર પછી એક અંતર્મુહૂર્તે પૂર્ણ કરે |
| ૩. | ઈન્દ્રિય પર્યાપ્તિ | પછી એક સમયે | પછી એક અંતર્મુહૂર્તે. |
| ૪. | શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ | પછી એક સમયે | પછી એક અંતર્મુહૂર્તે. |
| ૫. | ભાષા પર્યાપ્તિ | પછી એક સમયે | પછી એક અંતર્મુહૂર્તે. |
| ૬. | મનઃ પર્યાપ્તિ | પછી એક સમયે | પછી એક અંતર્મુહૂર્તે. |

મુહૂર્ત એટલે ૪૮ મિનિટ. અંતર્મુહૂર્ત એટલે ૪૮ મિનિટ કરતાં ઓછો કાળ. (અંતર=અંદર. મુહૂર્તની અંદરનો કાળ તે અંતર્મુહૂર્ત.) આંખના એક પલકારામાં અસંખ્યાતા સમયો પસાર થઈ જાય છે. તેવા બે થી નવ સમયને જઘન્ય (નાનામાં નાનું) અંતર્મુહૂર્ત કહેવાય છે. જ્યારે ૪૮ મિનિટમાં એક સમય ઓછો હોય તેટલા કાળને ઉત્કૃષ્ટ (મોટામાં મોટું) અંતર્મુહૂર્ત કહેવામાં આવે છે. જઘન્ય અને ઉત્કૃષ્ટ વચ્ચેના કાળને મધ્યમ અંતર્મુહૂર્ત કહેવામાં આવે છે.

આ છ એ છ પર્યાપ્તિઓ માત્ર એક અંતર્મુહૂર્તમાં જ પૂર્ણ થઈ જાય ! પણ મળેલી તે શક્તિનો વપરાશ તો જીવ જ્યાં સુધી મરે નહીં ત્યાં સુધી ચાલુ જ રહે. એટલે કે આ છ એ છ પ્રકારની શક્તિઓ જ્યાં સુધી જીવનું આયુષ્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી પોતાનું કાર્ય ચાલુ રાખે છે.

જેમ બધા વેપારીઓ છ એ છ મશીન ખરીદી શકતા નથી, તેમ બધા જ જીવોને છ પર્યાપ્તિઓ (= શક્તિઓ) પ્રાપ્ત થતી નથી.

- જેમનું પુણ્ય સૌથી વધારે છે તે પંચેન્દ્રિય (પાંચ ઈન્દ્રિયોવાળા) જીવોને છ પર્યાપ્તિઓ હોય.

જેમનું પુણ્ય તેથી ઓછું છે તે વિકલેન્દ્રિય જીવોને પહેલી પાંચ પર્યાપ્તિઓ હોય. અને જેમનું પુણ્ય સૌથી ઓછું છે તે એકેન્દ્રિય (સ્થાવર) જીવોને તો માત્ર પહેલી ચાર પર્યાપ્તિઓ જ હોય. (વિકલેન્દ્રિય એટલે બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવો અર્થાત્ બે, ત્રણ અને ચાર ઈન્દ્રિયોવાળા જીવો)

જે જીવો પોતાની પર્યાપ્તિઓ પૂરી કર્યા પછી જ મરવાના હોય તેમને **લબ્ધિ પર્યાપ્તા જીવો** કહેવાય.

જે જીવો પોતાની પર્યાપ્તિઓ પૂરી કર્યા પહેલાં જ મરવાના હોય તેમને **લબ્ધિ અપર્યાપ્તા જીવો** કહેવાય.

મિત્રો ! તમે અગિયાર સ્થાવર જીવોને તો હવે ઓળખો છો ! તે સ્થાવર જીવોને માત્ર ચામડી એટલે કે સ્પર્શેન્દ્રિય જ હોય છે. માટે તેમને એકેન્દ્રિય જીવો પણ કહેવાય છે. તે અગિયાર પ્રકારના સ્થાવર જીવોમાંના કેટલાક પોતાના પુણ્ય પ્રમાણેની પહેલી ચાર પર્યાપ્તિઓ મરતાં પહેલાં પૂરી કરવાના જ છે, માટે તેઓ લબ્ધિ પર્યાપ્તા જીવો કહેવાય. જ્યારે કેટલાક પૂરી નથી કરવાના, તેમને લબ્ધિ અપર્યાપ્તા જીવો કહેવાય. આમ, આ અગિયારે સ્થાવર જીવોના લબ્ધિ પર્યાપ્તા અને લબ્ધિ અપર્યાપ્તા પ્રકારો ગણતાં એકેન્દ્રિય (સ્થાવર) જીવોના નીચે પ્રમાણે બાવીસ ભેદો થયા.

## સ્થાવર (એકેન્દ્રિય) જીવોના બાવીસ ભેદ

| | |
|---|---|
| ૧. પર્યાપ્તા બાદર પૃથ્વીકાય | ૧૨. અપર્યાપ્તા બાદર પૃથ્વીકાય |
| ૨. પર્યાપ્તા બાદર અપ્કાય | ૧૩. અપર્યાપ્તા બાદર અપ્કાય |
| ૩. પર્યાપ્તા બાદર તેઉકાય | ૧૪. અપર્યાપ્તા બાદર તેઉકાય |
| ૪. પર્યાપ્તા બાદર વાયુકાય | ૧૫. અપર્યાપ્તા બાદર વાયુકાય |
| ૫. પર્યાપ્તા બાદર પ્રત્યેક વનસ્પતિકાય | ૧૬. અપર્યાપ્તા બાદર પ્રત્યેક વનસ્પતિકાય |
| ૬. પર્યાપ્તા બાદર સાધારણ વનસ્પતિકાય | ૧૭. અપર્યાપ્તા બાદર સાધારણ વનસ્પતિકાય |
| ૭. પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાય | ૧૮. અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાય |
| ૮. પર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાય | ૧૯. અપર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાય |
| ૯. પર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાય | ૨૦. અપર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાય |
| ૧૦. પર્યાપ્તા સૂક્ષ્મ વાયુકાય | ૨૧. અપર્યાપ્તા સૂક્ષ્મ વાયુકાય |
| ૧૧. પર્યાપ્તા સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય | ૨૨. અપર્યાપ્તા સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય |

## બેઈન્દ્રિય જીવો

શ્રીપતભાઈના ઘરમાં લગ્નનો પ્રસંગ નજીક આવતો હતો. બધાના હૈયે હર્ષ માતો નહોતો. તેમાં ય આવતીકાલે તો જમાઈરાજને જમવા તેડવાના હતા. કાલે શું રસોઈ બનાવવી ? તેની આજે ચર્ચા ચાલતી હતી.

મીઠાઈ તરીકે જમાઈરાજને જે અત્યંત પ્રિય વાનગી હતી, તે શિખંડ બનાવવાનું નક્કી થયું. બજારમાં વેચાતો મળતો શીખંડ તો શી રીતે વપરાય ? તેમાં તો તેવા જ કલરના પુષ્કળ જીવો ખદબદતા હોય છે ! વળી દહીં પણ ઘણા દિવસનું વાસી હોય ! તેથી બજારમાં મળતાં તૈયાર શીખંડના બદલે ઘરે જ શિખંડ બનાવવાનું નક્કી કર્યું. શિખંડની સાથે પૂરી તો હોય જ. પણ ફરસાણ અને શાકમાં શું શું રાખવું ? તેની વિચારણા ચાલી.

કોઈ કહે, ''મગની દાળ, ચોળીનું શાક તથા ખમણ ઢોકળા રાખો.'' કોઈ કહે, ''મગની દાળ તો જોઈએ જ. પણ ગવારનું શાક ને મગની દાળના ગરમાગરમ ભજીયા રાખો. સાથે કઢી-ભાત ને પાપડ પણ ખરા હોં !'' ફરસાણમાં, કોઈ કહે કેળાવડા જોઈએ તો કોઈ કહે કટલેશ જોઈએ.

બધા પોતપોતાની ભાવતી ચીજનું નામ દઈ રહ્યા હતા, પણ ઘરમાં રહેલા દાદીમા કાંઈ બોલતા નહોતા. જ્યારે શ્રીપતભાઈએ આગ્રહ કરીને પોતાની બાને કહ્યું, ''બા ! તું કેમ મૌન છે ? તું કેમ કાંઈ બોલતી નથી ?''

ત્યારે, દાદીમા બોલ્યા, ''તમે બધાએ ભેગા મળીને શિખંડ બનાવવાનું નક્કી કર્યું છે, તેથી હું મૌન છું.''

''પણ કેમ બા ! શિખંડમાં વાંધો શું છે ? આપણે ક્યાં બજારમાંથી લાવવાના છીએ ? જાતે ઘરે જ બનાવવાના છીએ.''

''બજારની વસ્તુ નહિ લાવવાની તમારા બધાની ભાવના તો સારી છે. મને આનંદ થયો. પણ તમને એ વાતની ખબર છે કે શિખંડ અને મગની દાળ, વાસણમાં, હાથમાં કે મોઢામાં ભેગા થાય તો શું થાય ?''

નાનકડો મેહુલ બોલી ઊઠ્યો, ''હે દાદીમા ! કહોને શું થાય ? અમારી સ્કૂલમાં તો એવું શીખવે છે કે હાઈડ્રોજનના બે અણુ અને ઓક્સિજનનો એક અણુ ભેગા થાય તો તરત જ રાસાયણિક પ્રક્રિયા થઈને તેમાંથી પાણી બને ! પણ શીખંડને મગની દાળ ભેગા થાય તો શું બને ? તે તો ખબર જ નથી !''

''આખો દિવસ ટી.વી. જોયા કરો, સ્કૂલે જાઓ, ટ્યુશન જાઓ ને લેશન કર્યા કરો, તેથી ખબર ન પડે. હવે જરા રોજ પાઠશાળા પણ જતા થાઓ. તો બધી ખબર પડી જશે.

આપણા ભગવાને જ્ઞાનથી જોઈને આપણને કહ્યું છે કે એક પણ વાર ગરમ કર્યા વિનાના (કાચાં) દૂધ કે દહીં જો કઠોળ સાથે; વાસણમાં-જમીન પર-હાથમાં કે મોઢામાં ભેગા થાય તો તેમાં તરત જ અસંખ્યાતા બેઈન્દ્રિય જીવો ઉત્પન્ન થઈ જાય છે. કાચા ગોરસ (દૂધ-દહીં-છાશ વ.) અને કઠોળના સંયોજનને વિદળ કહેવામાં આવે છે. તેનું ભોજન કરવામાં અસંખ્યાતા બેઈન્દ્રિય જીવોની હિંસા થાય છે, તેથી વિદળ ન વપરાય.

દહીંને ગરમ કર્યા વિના જ શિખંડ બનાવાય ને ? ગરમ કરીએ તો તેમાંથી શિખંડ જ બની ન શકે. આ કાચા દહીંના શિખંડની સાથે મગની દાળ, ખમણ, ગવારફળી, ચોળાફળી, મગની દાળના ભજીયા, કેળાવડાં, કટલેશ, પાપડ, ચણાના લોટવાળી કે મેથીના વઘારવાળી કઢી વગેરે કોઈપણ વસ્તુ ક્યાં ય પણ ભેગી થાય કે

તરત જ તેમાં અસંખ્યાતા બેઈન્દ્રિય જીવો ઉત્પન્ન થઈ જાય. માટે શિખંડની સાથે કઠોળનો જેમાં ઉપયોગ થયો હોય તેવી કોઈપણ વસ્તુ વાપરી શકાય નહિ. હવે તમે સમજ્યા ને કે હું કેમ બોલતી નહોતી !''

''તો શું બા ! જૈનોથી ક્યારે ય શિખંડ ખવાય જ નહિ ?''

''દુનિયામાં ખાવાની ઘણી બધી વસ્તુઓ છે. એક શિખંડનો ત્યાગ કરી દઈએ તો એમાં શું વાંધો ? છતાં ય જો શિખંડ ખાવો જ હોય તો વિદળ ન થાય તેની પૂર્ણ કાળજી રાખવી જોઈએ. તેથી તમે બધાએ જણાવેલી વસ્તુઓ તો શિખંડની સાથે ન બનાવાય. ટીંડોળા, કાકડી, દૂધી કે કાચા કેળાનું શાક; ચોખાના ઢોકળા કે કેળાની વેફર, ચણાના આટાના બદલે ચોખાનો આટો નાંખીને બનાવેલી મેથીના વઘાર વિનાની કઢી, ભાત વગેરે હોય તો વિદળ ન થાય. વળી બધી વસ્તુઓ બનાવતાં, જમતાં, પીરસતાં કે છેલ્લે સાફસૂફી કરતાં ક્યાંય દહીં અને કઠોળના અંશો ભેગા ન થાય તેની પૂરેપૂરી કાળજી રખાય તો શિખંડ ખાવામાં વાંધો ન આવે. બાકી જોખમ પૂરેપૂરું છે. આપણા ટેસ્ટમાં અસંખ્યાતા જીવોનો કચ્ચરઘાણ થાય તે તો શી રીતે ચાલે ?''

દાદીમાની વાત સાંભળીને શિખંડને જ કેન્સલ કરી દેવાનો નિર્ણય લેવાઈ ગયો. હવે બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ કરાવનાર વિદળ થવાની શક્યતા નહોતી માટે દાદીમા ખુશ થઈ ગયા.

આ બેઈન્દ્રિય જીવો પોતાની ઈચ્છા મુજબ હલન-ચલન કરી શકે છે, તેથી ત્રસ છે. તેમનામાં સ્પર્શને પારખવાની અને રસનો સ્વાદ કરવાની શક્તિ હોવાથી તેઓ સ્પર્શનેન્દ્રિય અને રસનેન્દ્રિય, એમ બે ઈન્દ્રિયો ધરાવનારા જીવો છે. શંખ, કોડા, છીપલા, અળસીયા, કરમીયા, વાસીભોજનમાં થતાં લાળીયા જીવો વગેરે બેઈન્દ્રિય જીવો છે. તેઓને મોટાભાગે પગ હોતા નથી.

આ બેઈન્દ્રિય જીવોને જાણી લઈને, તેમની હિંસાથી અટકવાની કાળજી લેવી જોઈએ. પેટમાં પેદા થતાં કરમીયા મરી જાય તેવી દવા ન લેવી જોઈએ. પગ નીચે અળસીયા ચગદાઈ ન જાય તે માટે પ્રયત્ન કરવો જોઈએ. પાઉં, બ્રેડ, ડબલરોટી, સેન્ડવીચ વગેરેમાં બેઈન્દ્રિય જીવો ખદબદતાં હોય છે, તેનો ત્યાગ કરવો જોઈએ. સૂર્યાસ્ત થતાં પહેલાં આજના રાંધેલા વધેલા ભોજન વડે અનુકંપા કરવી જોઈએ પણ રાત વટાવીને તેને વાસી ન બનવા દેવું જોઈએ.

**તેઈન્દ્રિય જીવો :** જે જીવોને સ્પર્શનેન્દ્રિય અને રસનેન્દ્રિય ઉપરાંત ઘ્રાણેન્દ્રિય (ગંધ પારખવાની શક્તિ) પણ છે કિન્તુ આ ત્રણ ઈન્દ્રિયો સિવાયની ચક્ષુરિન્દ્રિય (આંખ) અને શ્રોત્રેન્દ્રિય (કાન) નથી; તે ત્રણ ઈન્દ્રિયોવાળા જીવો તેઈન્દ્રિય તરીકે ઓળખાય

છે. આ જીવોને પ્રાયઃ ચાર, છ કે વધારે પગો હોય છે અથવા મોઢા આગળ બે વાળ હોય છે. કીડી, મંકોડા, ઈયળ, જૂ, ધનેરા, કંથવા, ઉધઈ, કાનખજૂરા વગેરે તેઈન્દ્રિય જીવો છે. તેમની રક્ષા કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

અઢાર દેશમાં અમારીનું પ્રવર્તન કરાવનાર કુમારપાળ મહારાજાનું નામ તો જાણો જ છો ને ? તેના રાજ્યમાં કોઈ જુ ને મારી શકતો નહોતો. એક શેઠીયાએ જૂ મારી તો તેનું તમામ ધન લઈને કુમારપાળે 'યૂકાવિહાર' નામના જિનાલયનું સર્જન કરાવ્યું હતું. માથામાં ક્યારેક થતી લીખ અને જૂ ની હિંસા નથી કરતા ને ? જાતને ઢંઢોળીને આ પ્રશ્ન પૂછી લેવા જેવો છે !

એક બાળક હાથમાં કાંસકી અને હેરકટીંગ સલુનમાંથી થોડા વાળ લઈને આવ્યો. કોઈકે તેને પૂછ્યું, અરે ! ગાંડો થઈ ગયો છે કે શું ? કોઈના કપાયેલા વાળ તું ઘરમાં કેમ લઈ આવ્યો ?

તેણે જવાબ આપ્યો, ''મારા માથામાં પુષ્કળ 'જુ' થઈ ગઈ છે. જો હું તે 'જુ' ને કાઢીને ગમે ત્યાં મૂકું તો બિચારી તરફડીને મરી જાય. માથામાં જો રહેવા દઉં તો જમતી વખતે ભોજનમાં પડીને પેટમાં જાય. મરી જાય. માથું ખંજવાળ્યા કરું તો ય મરી જાય.''

તેથી હું આજે હેરકટીંગ સલુનમાંથી આ વાળ લઈ આવ્યો છું. કાંસકીથી 'જુ' કાઢી કાઢીને આ વાળમાં મૂકીશ. કોઈનો ય પગ ન આવે તેવી જગ્યાએ આ વાળને રાખીશ. 'જુ'નું જેટલું આયુષ્ય હશે તેટલો સમય આ વાળમાં તે જીવશે. મારાથી જો દુઃખ સહન નથી થતું તો આ 'જુ'ને શી રીતે મરાય ? તેને તો આ વાળમાં તેનું ભોજન મળ્યા કરશે. અને માથું ખંજવાળવા દ્વારા થતી તેમની વિરાધનાના પાપમાંથી હું પણ છૂટી જઈશ.'' 'જૂ'ને પણ ન મરવા દેવા માટેની આ બાળકની કેવી સરસ મજાની કાળજી છે !

કુમારપાળ મહારાજાએ પૌષધ કર્યો હતો. તે દરમ્યાન એક મંકોડો તેમના શરીર પર ચડ્યો. આગળ વધતાં વધતાં સાથળ ઉપર ચોંટી ગયો. પ્રયત્ન કરવા છતાં ય દૂર થતો નથી. જો તેને દૂર કરવો હોય તો તેના પગ તૂટ્યા વિના ન રહે. પણ આ તો હતા જીવદયા પ્રતિપાલક કુમારપાળ મહારાજા. જરૂર પડે તો મોત વધાવી લેવાની તૈયારી, પણ નિરપરાધી જીવોને ત્રાસ દેવાની જરા ય તૈયારી નહિ. તેમણે તો મંકોડા સહિત ચામડીને કાપીને પણ મંકોડાની રક્ષા કરી.

મને યાદ આવે છે ધર્મરુચિ અણગાર ! નાગશ્રીએ તેમને કડવી તુંબડીનું શાક વહોરાવી દીધું. તેની ભયંકર દુર્ગંધને જાણીને ગુરુએ તેમને નદી કિનારે રેતીમાં પરઠવવા જણાવ્યું. ગયા નદી કિનારે; પાત્ર નીચે મૂક્યું. એકાદ છાંટો પડ્યો. જે કીડી આવી, તે ચોંટીને ત્યાં જ મરી ગઈ.

''અરરર ! આ બધું પરઠવતાં સુધીમાં તો કેટલી બધી કીડીઓ મરી જશે ? ના, મારા જીવન કાજે હજારોના જીવન બરબાદ ન કરાય. આ કીડીઓને બચાવવા પ્રાણ આપવાની પણ મારી તૈયારી છે, પણ હું તેમને મરતી તો ન જ જોઈ શકું.'' ક્ષણભર વિચારીને, તેઓ તે કીડીઓને બચાવવા જાતે જ તુંબડીનું કડવું ઝેર શાક ખાઈ ગયા !

આ બધા ઉદાહરણો જાણીને આપણે પણ કીડી, ધનેરા, માંકડ વગેરે જીવોની હિંસા ન થઈ જાય તેની પૂરેપૂરી કાળજી લેવાની છે.

મનમાં કદાચ સવાલ થશે કે કીડી જો તેઈન્દ્રિય હોય તો તેને આંખ ન હોવા છતાં દૂર પડેલા સાકરના ટૂકડા પાસે તે કેવી રીતે જાય છે ? માંકડને આંખ ન હોવા છતાં ય રાત્રીના અંધારાની તેને શી રીતે ખબર પડે છે ? તે રાત્રે જ કેમ નીકળે ? અંધારામાં જ કેમ નીકળે ? અજવાળું થતાં તે સંતાઈ જાય છે, તો અજવાળાની તેને ખબર શી રીતે પડે ?

આ તેઈન્દ્રિય જીવોને આંખ હોતી જ નથી. તેથી કીડી નથી સાકરને જોઈ શકતી કે માંકડ નથી અંધારા કે અજવાળાને જોઈ શકતાં. પરંતુ તેઈન્દ્રિય જીવોની ઘ્રાણેન્દ્રિય (ગંધ પારખવાની શક્તિ) સતેજ હોય છે. તેથી સાકરની ગંધ આવતાં જ કીડીઓ તે દિશામાં આગળ વધે છે. અંધારાની પણ વિશિષ્ટ પ્રકારની ગંધ હોય છે. તેના આધારે માંકડને અંધારું થયાનો ખ્યાલ આવે છે અને ચટકા ભરવા બહાર નીકળે છે. અજવાળું થતાં, અંધારાની ગંધ દૂર થઈ જાય છે. તેથી બચવા માટે તે ક્યાંક સંતાઈ જાય છે !

**ચઉરિન્દ્રિય જીવો :** જેમને શ્રોત્રેન્દ્રિય (કાન) ન હોય, પણ તે સિવાયની ચક્ષુ (આંખ) સહિતની ચારે ય ઈન્દ્રિયો હોય તે ચઉરિન્દ્રિય જીવો કહેવાય. વીંછી, માખી, ભમરી, ભમરા, મચ્છર વગેરે ચઉરિન્દ્રિય જીવો છે. સામાન્યતઃ જેને છ કે આઠ પગ હોય અને માથા ઉપર શીંગડા જેવા બે વાળ હોય તે ચઉરિન્દ્રિય જીવ હોય.

એક સંન્યાસી તળાવમાં સ્નાન કરતા હતા, ત્યારે વીંછી તેમના હાથ ઉપર ડંખ મારીને પાણીમાં પડ્યો. હાથમાં સખત વેદના થતી હતી, છતાં ય સંન્યાસીએ તે વીંછીને લઈને કિનારે મૂક્યો. વીંછી ડંખ મારીને પાછો પાણીમાં પડ્યો. સંન્યાસી જાણતા હતા કે પાણીમાં વીંછી મરી જવાનો છે. તે મરે નહિ તેથી ફરી વીંછીને લઈને તેમણે તેને કિનારે મૂક્યો. ફરી વીંછી ડંખ મારીને પાણીમાં પડ્યો. જ્યારે તેને બચાવવા સંન્યાસી પ્રયત્ન કરતા હતા, ત્યારે કોઈકે પૂછ્યું, અરે ! મરવા દો ને એને ! તમને ડંખ મારે છે તો ય તેને બચાવવા બહાર કાઢો છો ?

સંન્યાસીએ જવાબ આપ્યો. વીંછીનો સ્વભાવ છે ડંખ દેવાનો. મારો સ્વભાવ છે જીવોને બચાવવાનો. જો વીંછી પોતાનો સ્વભાવ છોડવા તૈયાર ન હોય તો મારે મારો સ્વભાવ શી રીતે છોડાય ? સતત અપકાર કરી રહેલાં ઉપર પણ ઉપકારનો ધોધ

વરસાવીને ય જીવરક્ષા કરવાની સંન્યાસીની આ વાતને જાણીને કોઈપણ જીવની હિંસા ન થઈ જાય તેની કાળજી રાખવી.

કુલ ઈન્દ્રિયો તો પાંચ છે. (૧) સ્પર્શનેન્દ્રિય. (૨) રસનેન્દ્રિય, (૩) ઘ્રાણેન્દ્રિય (૪) ચક્ષુરિન્દ્રિય અને (૫) શ્રોત્રેન્દ્રિય. આ પાંચે પાંચ ઈન્દ્રિયો બેઈન્દ્રિય, તેઈન્દ્રિય કે ચઉરિન્દ્રિય જીવોમાંથી કોઈને ય નથી. તેમને તો પાંચથી ઓછી ઈન્દ્રિયો છે. તેથી આ બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવો **વિકલેન્દ્રિય** (વિકલ=ઓછી, વિકલેન્દ્રિય=ઓછી ઈન્દ્રિયોવાળા) જીવો તરીકે ઓળખાય છે. જો કે એકેન્દ્રિય જીવોને પણ પાંચથી ઓછી (એક જ) ઈન્દ્રિય હોય છે, છતાં તેમનો સમાવેશ સ્થાવર જીવોમાં થઈ ગયો હોવાથી અને અહીં ત્રસ જીવોની વાત હોવાથી તેઓ વિકલેન્દ્રિય તરીકે ગણાતા નથી.

આ વિકલેન્દ્રિય જીવોને આહાર, શરીર, ઈન્દ્રિય અને શ્વાસોશ્વાસ પર્યાપ્તિ ઉપરાંત પાંચમી ભાષાપર્યાપ્તિ પણ હોય છે, કારણકે તેમને રસનેન્દ્રિય હોય છે; જે બોલવામાં પણ ઉપયોગી બને છે.

આ પાંચે ય પર્યાપ્તિઓ તમામ વિકલેન્દ્રિય જીવો પૂર્ણ કરે જ; તેવો નિયમ નથી. તેથી જે વિકલેન્દ્રિય જીવો પોતાને યોગ્ય આ પાંચે ય પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા પહેલાં જ મરી જવાના હોય તેઓ લબ્ધિ અપર્યાપ્તા કહેવાય; પણ જેમણે પાંચે ય પર્યાપ્તિઓ પૂરી કરી હોય કે કદાચ ન પણ કરી હોય; છતાં ય પાંચે ય પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા પછી જ મરવાના હોય, તેઓ લબ્ધિ પર્યાપ્તા કહેવાય. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયના આ રીતે પર્યાપ્તા-અપર્યાપ્તા; બે-બે ભેદ ગણતાં વિકલેન્દ્રિય જીવોના છ ભેદ થાય.

**વિકલેન્દ્રિય જીવોના છ ભેદ :**

| | | |
|---|---|---|
| (૧) પર્યાપ્તા બેઈન્દ્રિય | (૩) પર્યાપ્તા તેઈન્દ્રિય | (૫) પર્યાપ્તા ચઉરિન્દ્રિય |
| (૨) અપર્યાપ્તા બેઈન્દ્રિય | (૪) અપર્યાપ્તા તેઈન્દ્રિય | (૬) અપર્યાપ્તા ચઉરિન્દ્રિય |

## પંચેન્દ્રિય જીવો

પરમાત્મા મહાવીરદેવ પોતાના સાધનાકાળ દરમ્યાન જંગલમાં જતાં હતા, ત્યારે લોકો અટકાવતાં હતા. ભગવંત ! આ રસ્તે ન જશો. કારણ કે આ જંગલમાં એક ઝેરી નાગ વસે છે. તેની આંખમાં ય કાતિલ ઝેર છે. સૂર્યની સામે નજર કરીને જેની સામે જુએ તે બળીને ભસ્મીભૂત થઈ જાય છે. અત્યાર સુધીમાં તેણે ઘણાના જાન લીધા.

અરે ! માનવો, પશુઓ અને પંખીઓને તો તેણે નથી છોડ્યા, પણ ઝાડને ય નથી છોડ્યા ! બધા ઝાડના પાંદડા બાળી નાંખ્યા. હવે તો શમ ખાવા પૂરતાં બળેલાં ઠુંઠા ઊભા છે. હે દેવાર્ય ! આપને પણ તે નહિ છોડે. માટે આપ આ રસ્તે આગળ ન વધો."

પણ પરમાત્માના રોમરોમમાં તો કરૂણા ઉભરતી હતી. જાણે કે ભૂલા પડેલાં જીવને સાચો માર્ગ બતાડવો હતો. આવતા ઉપસર્ગોને સહીને પોતાના કર્મોનો પણ ભુક્કો બોલાવવો હતો. પરમાત્મા તો તે રસ્તે આગળ વધ્યા.

માનવની ગંધ આવતાં જ પેલો ભોરીંગ નાગ ભડક્યો. સૂર્ય સામે જોઈને નજર ફેંકી ભગવાન તરફ; પણ પરિણામ કાંઈ ન આવ્યું, ફુંફાડા માર્યા. કાંઈ અસર ન થઈ. સમજે છે શું એના મનમાં ? ડંખ મારીને તેને ખતમ કરું. દોડતો પાસે જઈને ડંખ દઈને તરત ખસી ગયો. કારણકે વિશ્વાસ હતો કે ડંખ લાગતાં જ તે નીચે પડશે. ના, મારે તેની નીચે ચગદાઈ મરવું નથી.

પણ આશ્ચર્ય ! દૂર જઈને જુએ છે તો, મહાવીર નીચે તો નથી પડ્યા પણ તેમના પગમાંથી લોહીના બદલે દૂધ નીકળી રહ્યું છે. અરે ! આ શું ? તે વિચારવા લાગ્યો.

લોઢું બરોબર ગરમ થયું હતું. આ સમયે જ ઘા મારવામાં યોગ્ય ઘાટ ઘડાય તેમ હતો. ભગવાનના મુખમાંથી શબ્દો સરી પડ્યા, "બુજ્ઝ બુજ્ઝ ચંડકોશિયા."

આ શબ્દો સાંભળતાં જ તે ચમક્યો, વિચારમાં પડી ગયો, પૂર્વભવો નજરમાં આવ્યા. સાધુના ભવમાં સામાન્ય ક્રોધ કર્યો તો તે ક્રોધના પરિણામે હવે સાપનો ભવ મળ્યો. સાધુજીવનની આરાધનાના પ્રભાવે આજે સામેથી ભગવાન આવીને ઊભા છે. કર્યો પોતાના ક્રોધ બદલ પસ્તાવો. શાંત થયો. ઉપશાંત થયો. પોતાની નજરથી બીજા જીવો મરી ન જાય માટે દરમાં મોઢું નાંખીને અનશન સ્વીકાર્યું.

કોઈએ પથરા માર્યાં, કોઈએ ઘી નાંખ્યું. કીડીઓએ આવીને શરીરને ચાલણી જેવું કરી નાંખ્યું. પણ કોઈ પ્રત્યે તિરસ્કાર નથી. કોઈ પ્રત્યે દ્વેષ નથી. સમતારસમાં લીન છે. ભગવાનની અમીનજર તેની પર પડી રહી છે. શુભભાવમાં મૃત્યુ પામીને આઠમા દેવલોકમાં દેવ થયો. પંચેન્દ્રિય તિર્યંચ મરીને વધુમાં વધુ આઠમા દેવલોક સુધી જઈ શકે. તેથી વધારે તેનો વિકાસ તે ભવમાં નથી. આ ચંડકોશિયો નાગ પંચેન્દ્રિય તિર્યંચ હતો. પરમાત્માના પ્રભાવે, પોતાના ક્રોધને શાંત કરીને તેણે પોતાના તિર્યંચ ભવનો ઊંચામાં ઊંચો વિકાસ સાધી લીધો.

ચંડકોશિયા નાગને પાંચે પાંચ ઈન્દ્રિયો હતી; છતાં તે માનવ કે દેવ નહોતો કે નહોતો નારકનો જીવ. તે તો તિર્યંચગતિનો જીવ હતો. તિર્યંચગતિ જ એક માત્ર એવી ગતિ છે કે જેમાં એક, બે, ત્રણ, ચાર અને પાંચ ઈન્દ્રિયોવાળા જીવો મળી શકે. બાકીની

દેવ-નરક અને મનુષ્યગતિમાં તો પાંચે પાંચ ઈન્દ્રિયોવાળા પંચેન્દ્રિય જીવો જ હોય.

પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-વનસ્પતિ વગેરે એકેન્દ્રિય જીવોનો સમાવેશ પણ તિર્યંચગતિમાં જ થાય છે, તેમના ૨૨ ભેદો જોયા. તિર્યંચગતિમાં રહેલા બેઈન્દ્રિય-તેઈન્દ્રિય-ચઉરિન્દ્રિય જીવોના કુલ છ ભેદ પણ વિચાર્યા. હવે તિર્યંચગતિમાં રહેલાં પંચેન્દ્રિય જીવોના ભેદો વિચારીએ.

તમામ પંચેન્દ્રિય તિર્યંચ જીવો આ ધરતી ઉપર જ રહે ; તેવું નથી. કોઈક પાણીમાં રહે છે તો કોઈક આકાશમાં ઉડે છે. તેમની તે તે વિશેષતાઓને ધ્યાનમાં લઈને તેમના મુખ્યત્વે ત્રણ પ્રકાર થાય.

(૧) **જળચર** : જળ = પાણીમાં રહેનારા મગર, માછલાં, કાચબા વગેરે.

(૨) **ખેચર** : ખે = આકાશમાં ઉડનારા કોયલ, પોપટ, કબૂતર વગેરે.

(૩) **સ્થળચર** : સ્થળ = જમીન ઉપર ચાલનારા ગાય, સાપ, નોળીયો, વગેરે.

આ સ્થળચર જીવોના પણ તેમની ચાલવાની વિશેષતાઓ ધ્યાનમાં લઈને ત્રણ ભેદ પડે છે. જે આ પ્રમાણે છે.

(અ) **ચતુષ્પદ સ્થળચર** : ચતુષ્પદ = ચાર પગવાળા ગાય, ભેંસ, કૂતરો, વ.

(બ) **ભુજપરિસર્પ સ્થળચર** : ભુજા = હાથ વડે ચાલનારા વાંદરો, ઉંદર, ખીસકોલી, નોળીયો વગેરે.

(ક) **ઉરપરિસર્પ સ્થળચર** : ઉર = છાતી વડે સરકીને ચાલનારા સાપ, અજગર વગેરે

આ બધા પણ આપણા જેવા જીવો છે. તેમને હેરાન ન કરાય. તેમના પ્રત્યે કરૂણા ચિંતવાય. આપણા આર્યદેશમાં કૂતરાને રોટલો આપવાની ને ગાયને ઘાસ નિરવાની વાત કરૂણાગુણના વિકાસ માટે હતી. કૂતરી વીયાય ત્યારે બાળકો ઘેર ઘેર ફરીને તેના ભોજનની વ્યવસ્થા કરતા હતા. ગાયને ખણવું હોય તો તેની ઉપર કોથળો નાંખતા. ઘરે ગાય રાખીને માત્ર તેનું દૂધ કે વાછરડાની જ પ્રાપ્તિ નહોતી કરાતી પણ ઘરના તમામ સભ્યોમાં કરૂણાના ગુણને પેદા કરાવાતો. આ ગાયને પંપાળનારો ને ઘાસ નીરનારો છોકરો, તેનાથી પેદા થતાં કરૂણાના ગુણના પ્રભાવે માતા-પિતાની સામે નહોતો થતો. તેમને ઘરડાઘરમાં મૂકતો નહોતો કે નહોતો તેમની સામે કેશ માંડતો. છેલ્લા શ્વાસ સુધી તે પોતાના ઘરડા માતા-પિતાની કાળજી કરતો. જે ગાય અને કૂતરાને પણ સાચવે તે શું માત-પિતાને ન સાચવે ?

પણ ઘરમાંથી ગાય ગઈ ને મારુતી આવી, ત્યારથી દશા ફરી ગઈ છે. મારુતી નથી દૂધ આપતી કે નથી નવી મારુતીને જનમ આપતી ! તેની માવજત કરનારાને કઠોરતાની બક્ષીસ આપે છે; તે નફામાં. પછી ઘરડાઘર ભરાવા લાગે તેમાં શી નવાઈ?

જળચર, ખેચર, ચતુષ્પદ, ભુજપરિસર્પ અને ઉરપરિસર્પ; આ પાંચે ય પ્રકારના પંચેન્દ્રિય તિર્યંચો પણ દરેક બે-બે પ્રકારના હોવાથી દસ પ્રકાર થાય છે.

(૧) **ગર્ભજ** : નર અને માદાનો સંયોગ થવાથી જેમની ઉત્પત્તિ થાય તેઓ ગર્ભજ કહેવાય છે.

(૨) **સંમૂર્ચ્છિમ** : જેમને ઉત્પન્ન કરવા માટે નર અને માદાના સંયોગની જરા ય જરૂર હોતી નથી. તેમને ઉત્પન્ન થવા માટે જરૂરી વાતાવરણ જો પેદા થાય તો માતા-પિતા વિના પણ તેઓ પેદા થઈ જાય છે. આપણે ચોમાસામાં જોઈએ છીએ કે જ્યાં એકાદ દેડકો પણ નહોતો ત્યાં વરસાદ પડતાંની સાથે ઢગલાબંધ દેડકાઓ ડ્રાઉં ડ્રાઉં કરતાં પેદા થઈ ગયેલા જણાય છે. માતા-પિતા વિના આ દેડકા અચાનક ક્યાંથી આવી ગયા ?

પૂર્વે મરી ગયેલાં દેડકાઓના શરીરનો પાવડર જ્યાં પડેલો હોય, ત્યાં પાણી પડતાની સાથે, બેનું મિશ્રણ થવાથી એવું વાતાવરણ પેદા થાય છે કે તે નર-માદાના સંયોગ વિનાજ-અરે ! એકપણ દેડકાની ત્યાં હાજરી ન હોય તો ય-તેમાં દેડકાઓ પેદા થઈ જાય છે. તે સંમૂર્ચ્છિમ દેડકા કહેવાય.

હમણાં હમણાં જાણવા મળ્યું છે કે જે જમીનની ફળદ્રુપતા ખલાસ થઈ ગઈ હોય છે, તે જમીનમાં ઉનાળામાં મોટા ખાડા ખોદાય છે. તેમાં ઝીંગા નામની માછલીનો પાવડર નાંખવામાં આવે છે, જેને તેઓ બીયારણ કહે છે, વરસાદ વરસતાં તે પાવડર અને પાણીનો સંયોગ એવું વાતાવરણ પેદા કરે છે કે જેના કારણે પુષ્કળ પ્રમાણમાં સંમુર્ચ્છિમ માછલીઓ પેદા થઈ જાય છે, જેને તેઓ દરિયાઈ ફ્રુટ તરીકે ઓળખાવે છે. અરે ! આ ફ્રુટ નથી પણ પંચેન્દ્રિય તિર્યંચજીવ છે. તેનો ભોજનાદિમાં કદી ય ઉપયોગ ન કરાય. આ માછલીનો આટો કરીને તેના બિસ્કીટ બનવા લાગ્યા છે. ક્યાંક ક્યાંક તો ઘઉંના આટામાં માછલીનો આટો મીક્ષ કરીને તેની રોટલી પણ બનવા લાગી છે. ભૂલથી પણ આપણા પેટમાં આ પદાર્થો ચાલ્યા ન જાય તે માટે જાગ્રત બનવું જરૂરી છે.

એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય કે ચઉરિન્દ્રિય જીવોને પેદા થવા માતા-પિતાની જરૂર પડતી જ નથી. તેઓ બધા સંમૂર્ચ્છિમ છે, પણ ગર્ભજ નથી. ખાંડના ડબામાં કાંઈ જ ન હોય ને અચાનક ઢગલો કીડીઓ જોવા મળે ! કોણે તેને પેદા કરી ? તેના માતા-પિતા તો હતા જ નહિ. સંમૂર્ચ્છિમ હોવાથી અનુકૂળ વાતાવરણ મળતાં પેદા થઈ ગઈ. રસોડાનું નીચેનું કબાટ ખોલો ને ઢગલાબંધ વાંદા અચાનક દેખાય ! જીવાતનું નામોનિશાન ન હોય ને લાઈટ થતાં જ તેની આસપાસ પુષ્કળ જીવાતો દેખાય ! છાણના પોદલામાં અચાનક પુષ્કળ કીડાઓ ખદબદતાં ઉભરાય. આ બધાને પેદા કરવા કોઈ

માતા-પિતાની જરૂર નથી, કારણકે ચઉરિન્દ્રિય સુધીના બધા જ જીવો સંમૂર્ચ્છિમ છે, પરંતુ પંચેન્દ્રિય તિર્યંચમાં કેટલાકને પેદા થવા માતા-પિતાના સંયોગની જરૂર પડે છે; જેઓ ગર્ભજ કહેવાય છે; જ્યારે કેટલાકને પેદા થવા માતા-પિતાની જરૂર પડતી નથી; તેઓ સંમૂર્ચ્છિમ તરીકે ઓળખાય છે. મન ન હોવાથી સંમૂર્ચ્છિમ પંચે-તિર્યંચોને પાંચ પર્યાપ્તિઓ હોય છે, જ્યારે ગર્ભજ પંચે-તિર્યંચોને છ એ છ પર્યાપ્તિઓ હોય છે. સંમૂર્ચ્છિમ જીવોને મન હોતું નથી. તેથી તેઓ અસંજ્ઞી પણ કહેવાય છે.

આમ, ગર્ભજ અને સંમૂર્ચ્છિમ, બે પ્રકારો ગણતાં પંચેન્દ્રિય તિર્યંચના દસ ભેદ થયા. તેઓ બધા જ પોતાને યોગ્ય બધી પર્યાપ્તિઓ પૂરી કરે જ; તેવો નિયમ નથી. જેઓ પોતાને યોગ્ય બધી પર્યાપ્તિઓ પૂરી કર્યા પછી જ મરવાના હોય તેઓ લબ્ધિ પર્યાપ્તા કહેવાય અને જેઓ પોતાને યોગ્ય બધી પર્યાપ્તિઓ પૂરી કર્યા પહેલાં જ મરી જવાના હોય તેઓ લબ્ધિ અપર્યાપ્તા કહેવાય. આમ આ દસે ભેદના પર્યાપ્તા-અપર્યાપ્તા પ્રકારો વિચારતાં, પંચેન્દ્રિય તિર્યંચના કુલ ૨૦ ભેદ થયા; જે આ પ્રમાણે છે.

**પંચેન્દ્રિય તિર્યંચોના ૨૦ ભેદ**

| | |
|---|---|
| ૧. પર્યાપ્તા ગર્ભજ જળચર | ૧૧. અપર્યાપ્તા ગર્ભજ જળચર |
| ૨. પર્યાપ્તા ગર્ભજ ખેચર | ૧૨. અપર્યાપ્તા ગર્ભજ ખેચર |
| ૩. પર્યાપ્તા ગર્ભજ ચતુષ્પદ | ૧૩. અપર્યાપ્તા ગર્ભજ ચતુષ્પદ |
| ૪. પર્યાપ્તા ગર્ભજ ભુજપરિસર્પ | ૧૪. અપર્યાપ્તા ગર્ભજ ભુજપરિસર્પ |
| ૫. પર્યાપ્તા ગર્ભજ ઉરપરિસર્પ | ૧૫. અપર્યાપ્તા ગર્ભજ ઉરપરિસર્પ |
| ૬. પર્યાપ્તા સંમૂર્ચ્છિમ જળચર | ૧૬. અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ જળચર |
| ૭. પર્યાપ્તા સંમૂર્ચ્છિમ ખેચર | ૧૭. અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ ખેચર |
| ૮. પર્યાપ્તા સંમૂર્ચ્છિમ ચતુષ્પદ | ૧૮. અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ ચતુષ્પદ |
| ૯. પર્યાપ્તા સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પ | ૧૯. અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પ |
| ૧૦. પર્યાપ્તા સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ | ૨૦. અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ |

તિર્યંચગતિના એકેન્દ્રિય જીવો સ્થાવર છે જ્યારે બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવો ત્રસ છે. છતાં ય તેમની હાલત તો જુઓ ! એકથી માંડીને પાંચ પાંચ ઈન્દ્રિયો

હોવા છતાં ય કેટલી બધી પરાધીનતા છે !

બિચારાં દોરડાથી બંધાય છે, હળમાં જોડાય છે, વજન ઉંચકવું પડે છે, લાકડીઓના માર ખાવા પડે છે, ભુખ્યા-તરસ્યા રહેવું પડે છે, ઈચ્છા પ્રમાણે તો કાંઈ જ મળતું નથી. ચાબૂક-હંટર વગેરેના ફટકા સહવા પડે છે. પાંજરામાં પૂરાવું પડે છે ! સરકસના ખેલ કરવા પડે છે. સ્વમાન તો ક્યાં ય સચવાતું નથી. પોતાનું ધાર્યું કાંઈ જ કરી શકતા નથી. સ્વતંત્રતા તેમની પાસે નથી. તેઓ તો છે પરાધીન !!!

પૂર્વભવમાં કદાચ તેઓએ બીજા જીવોને ખૂબ ત્રાસ આપ્યો હશે, માંકડોને બાળ્યા હશે, કીડીઓને પગ નીચે ચગદી હશે, ડી.ડી.ટી. વગેરે દવાઓ છંટાવીને મચ્છરોને માર્યા હશે. વિદળના સેવન કર્યા હશે. દેડકા-વાંદા-અળસીયાં ચીર્યાં હશે, શાકની સાથે ઈયળને વઘારી હશે. ઉંદરડાને પૂંછડીથી પકડીને ભમાવીને ફેંક્યાં હશે. ચાબૂકોના માર માર્યા હશે. આવા આવા તો જાતજાતના ત્રાસ આપ્યા હશે ! આપણે જો પરાધીન ન બનવું હોય તો તિર્યંચગતિના ૪૮ ભેદના કોઈપણ જીવની કોઈપણ પ્રકારની વિરાધના ન થઈ જાય તેની કાળજી રાખવી.

| તિર્યંચગતિના જીવોના ૪૮ ભેદો | | |
|---|---|---|
| સ્થાવરો : ૨૨. | વિકલેન્દ્રિય જીવો : ૬. | પંચેન્દ્રિય તિર્યંચો : ૨૦. |


**તમારા ઘરના રતનને સમાજનું ઘરેણું બનાવવું છે ?**

તો હવે... બિલકુલ વિલંબ કર્યા વિના તે રતનને

**તપોવન રૂપી બેંકમાં દાખલ કરી દો.**

દૂષણો અને પ્રદૂષણોથી મુક્ત અને દેવ-ગુરુના સંગથી યુક્ત અહીંનું વાતાવરણ જરૂર થોડા વર્ષોમાં તમારા રતનને ઘરેણું બનાવી તમને સપ્રેમ પાછું સોંપી દેશે.

૭

# અજાણી આ દુનિયા ! અજાણ્યું આ વિશ્વ !

## (ચૌદ રાજલોક)


**પ**ગ પર પગ ચઢાવીને એક સાધક સાધના કરી રહ્યા હતા. બે બાહુ ઊંચા કર્યાં હતા. સૂર્ય સામે દૃષ્ટિ લગાવી હતી. ધ્યાનમાં તેઓ લીન હતા. બાજુમાંથી પસાર થતાં મહારાજા શ્રેણિકે આ ધ્યાનમગ્ન પ્રસન્નચંદ્ર રાજર્ષિને જોયાં. તે ગુણાનુરાગી હતો. બીજાની સુંદર વાતો જોઈ-જાણીને તેને હૈયામાં અપૂર્વ આનંદ થતો હતો. તેણે ભગવાન પાસે જઈને પૂછ્યું કે, ''હે ભગવંત ! રસ્તામાં જે સાધક મુનિવરને મેં જોયા, તેઓ હમણાં મરે તો ક્યાં જાય ?''

શ્રેણિક મહારાજાની આગળ ચાલતાં દુર્મુખ નામના દૂતના મુખે, પોતાના પુત્ર રાજાની સામે બળવો કરનાર મંત્રીની વાત સાંભળીને પ્રસન્નચંદ્ર રાજર્ષિની ધ્યાનની ધારા પલટાઈ ગઈ હતી. શરીર સાધનામાં હતું, મન યુદ્ધના મેદાનમાં પહોંચ્યું હતું. મારો-કાપો, મારો-કાપોના નાદ ચાલતાં હતા. તીવ્ર રૌદ્રધ્યાનમાં તે મુનિવર તે વખતે પહોંચી ગયા હતા.

તેથી ભગવાને જવાબ આપ્યો, ''હમણાં મરે તો સાતમી નરકે જાય.'' અને આ સાંભળીને શ્રેણિક ચમક્યા. સાંભળવામાં કે સમજવામાં પોતાની કાંઈ ભૂલ તો નથી થઈ ને ? તેની ખાતરી કરવા તેમણે ફરીથી પોતાનો સવાલ દોહરાવ્યો !

અને આશ્ચર્ય ! 'મારો-કાપોનું યુદ્ધ કરતાં પ્રસન્નચંદ્ર પાસે અન્ય કોઈ હથીયાર સાબૂત ન રહેતાં મારવા માટે માથા ઉપરનો મુગટ લેવા હાથ મસ્તકે અડાડ્યો, ત્યાં માથે મુંડન જણાયું. પોતાની સાધુતા નજરમાં આવી. પશ્ચાતાપનો પાવક દાવાનળ પ્રગટ્યો. ધ્યાનની ધારા બદલાઈ. કર્મો ખપવા લાગ્યા. જાણે કે દળીયા વીખરાવા લાગ્યા. ૭મી, છઠ્ઠી, પાંચમી, ચોથી, ત્રીજી, બીજી, પહેલી નરક ! અરે ! આ શું ? પહેલા-બીજા-ત્રીજા... દસમા.. બારમા.દેવલોકમાં. અરે ! સર્વાર્થસિદ્ધ વિમાનમાં લઈ જનારા દળીયા ખેંચાવા લાગ્યા. ભગવાને જવાબ આપ્યો, ''હમણાં મરે તો સર્વાર્થસિદ્ધ વિમાનમાં જાય.''

એક જ સવાલના બે જવાબ શી રીતે ? શું ભગવાન બોલીને ફરી ગયા ? ના ભગવાન ફરી ગયા એમ ના કહેવાય. પરિસ્થિતિ બદલાય તો જવાબ પણ બદલાય. પરિસ્થિતિ બદલાવા છતાં ય જેનો જવાબ ન બદલાય તે ક્યાં તો જીદ્દી હોય અથવા મૂર્ખ હોય. તમામ પરિસ્થિતિમાં બધી બાબતોમાં સદા એક જ જવાબ ન હોય. પરમાત્મા પણ જગત્સ્થિતિને આધીન છે. પરિસ્થિતિ બદલાતાં તેમનો પણ જવાબ બદલાયો..




પણ ભગવાનની વાણી પણ પાછળ રહી ગઈ. તે વખતે દેવદુંદુભી વાગવા લાગી. કારણ કે પ્રસન્નચંદ્ર રાજર્ષિએ તો સર્વાર્થસિદ્ધ વિમાનના દળીયાને પણ દૂર કરી દીધા હતા ! તેઓ તો ચારે ય ઘાતી કર્મો ખપાવીને કેવળજ્ઞાન પામી ગયા હતા. ટૂંક સમયમાં બાકીના ચાર અઘાતી કર્મો ખપાવીને મોક્ષમાં પધારવાના હતા.

મનમાં સવાલો પેદા થાય છે : આ સાત નરક ક્યાં આવી ? સર્વાર્થસિદ્ધ વિમાન ક્યાં આવ્યું ? મોક્ષ પણ ક્યાં છે ? અત્યારની શોધાયેલી દુનિયામાં અમેરીકા ને રશીયાના નામ સંભળાય છે પણ દેવલોક કે નરકની તો વાત જ આવતી નથી !

ક્યાંથી આવે ? કારણ કે આજના વૈજ્ઞાનિકોને સમગ્ર સૃષ્ટિનું જ્ઞાન જ ક્યાં છે ? કોલંબસે અમેરીકા દેશ શોધ્યો તે પહેલાં શું અમેરીકા દેશ હતો જ નહિ ? વાસ્કોડી ગામા ભારતમાં આવ્યો, તે પહેલાં શું ભારત દેશનું અસ્તિત્વ જ નહોતું ? વૈજ્ઞાનિકોનું જ્ઞાન અધૂરું છે. તેઓ સંશોધનો કરે છે ખરા, પરંતુ, હજુ સુધી બધું તો જાણી શક્યા નથી જ. જ્યારે આપણને મળેલાં ત્રણ લોકના નાથ દેવાધિદેવ પરમાત્મા સર્વજ્ઞ હતા. ત્રણે લોકનું, ત્રણે કાળનું જ્ઞાન તેમને હતું. તેમણે તેમના જ્ઞાનમાં જોઈને સમગ્ર વિશ્વનું જે સ્વરૂપ જણાવ્યું છે, તેમાં દેવલોક અને નારકની દુનિયાની પણ વાત છે. તેમણે જણાવેલ વિશ્વના અબજમા ભાગ જેટલી પણ દુનિયા આજના વૈજ્ઞાનિકો શોધી શક્યા નથી !

ઉપરના ચિત્ર પ્રમાણે સમગ્ર વિશ્વ ચૌદ-રાજલોક સ્વરૂપ છે. કેડ ઉપર બે હાથ રાખીને, બે પગને શક્યતઃ પહોળાં કરીને, ફૂદડી ફરતાં માણસના જેવો તેનો આકાર છે. તેમાં મોક્ષ, સ્વર્ગ, નરક અને આપણા માનવોનો વિસ્તાર પણ આવી જાય છે.

આપણી દુનિયામાં મીટર, ફુટ, કીલોમીટર, માઈલ વગેરે માપ છે, તેમ રાજલોક એ પણ એક પ્રકારનું માપ છે.

૧ લાખ યોજનના વિસ્તારવાળા જંબૂદ્વીપને જે ઝડપ વડે એક ચપટીમાં ૨૧ વાર પ્રદક્ષિણા આપી શકાય, તે ઝડપથી દોડતો આવીને કોઈ દેવ લોખંડના મોટા ગોળાને ફેંકે, તો તે ગોળો છ મહીનામાં જેટલું અંતર પસાર કરે, તેને એક રાજલોક કહેવાય. આવા ચૌદ રાજલોકમાં સમગ્ર દુનિયા-સમગ્ર વિશ્વ-સમાઈ જાય છે.


તેના નીચેના સાત રાજલોકના ભાગને અધોલોક કહેવાય છે, જેમાં સાત નારકો આવેલી છે. તેના ઉપરના ભાગને ઉર્ધ્વલોક કહેવાય છે, જેમાં સ્વર્ગના વિમાનો આવેલાં છે. સૌથી ઉપર ટોચના ભાગે મોક્ષ=સિદ્ધશીલા આવેલી છે.

રત્નપ્રભા નામની પહેલી નરક પૃથ્વીની ઉપર અત્યારની માનવદુનિયા વસે છે. તે પૃથ્વી નારંગી જેવી ગોળ નથી પણ થાળી જેવી ગોળ છે. વળી તે સ્થિર છે. તેના બરોબર મધ્યભાગમાં એક લાખ યોજન ઊંચો મેરુપર્વત આવેલો છે, જેની આસપાસ સૂર્ય, ચન્દ્ર, મંગળ વગેરે ગ્રહો, નક્ષત્રો, તારા વગેરે ફરે છે; જેના કારણે દિવસ, રાત, ઋતુઓ વગેરે થાય છે. આ મેરુપર્વતની સપાટીથી ૯૦૦ યોજન ઉપર અને ૯૦૦ યોજન નીચે સુધીના ૧૮૦૦ યોજન પ્રમાણ એક રાજલોક લંબાઈ-પહોળાઈવાળા વિસ્તારને તિર્ચ્છાલોક કહેવાય છે.

રત્નપ્રભા પૃથ્વી ઉપર સૌથી વચ્ચે, મેરુપર્વતની આસપાસ ૧ લાખ યોજનના વિસ્તારવાળો જંબૂદ્વીપ આવેલો છે. આજની શોધાયેલી દુનિયા આ જંબૂદ્વીપના હજારમા ભાગ કરતાં ય નાની છે ! તેને ફરતો ચારે બાજૂ બે-બે લાખ યોજન પહોળાઈવાળો લવણસમુદ્ર છે. તેને ફરતાં ચારે બાજુ ચાર-ચાર લાખ યોજન વિસ્તારવાળો ધાતકીખંડ છે. તેને ફરતો ચારે બાજુ આઠ-આઠ લાખ યોજન વિસ્તારવાળો કાલોદધિસમુદ્ર છે. તેને ફરતો ચારે બાજૂ સોળ સોળ લાખ યોજન વિસ્તારવાળો પુષ્કરવરદ્વીપ આવેલો છે. આ રીતે પૂર્વ પૂર્વ કરતાં ડબલ-ડબલ વિસ્તારવાળા સમુદ્ર-દ્વીપ-સમુદ્ર-દ્વીપ-સમુદ્ર.... અસંખ્યાતા આવેલા છે. સૌથી છેલ્લે સ્વયંભૂરમણ સમુદ્ર આવેલો છે.


૧૬-૧૬ લાખ વિસ્તારવાળા પુષ્કરવરદ્વીપની બરોબર મધ્યભાગમાં, ગોળાકાર ફરતો માનુષોત્તર પર્વત આવેલો છે. આ પર્વતની અંદરના ભાગમાં રહેલા જંબૂદ્વીપ, ધાતકીખંડ તથા અડધો પુષ્કરવરદ્વીપ મળીને અઢીદ્વીપમાં જ મનુષ્યોનો વસવાટ છે. આ માનુષોત્તર પર્વતની પેલે પાર દેવ વગેરેની સહાયથી મનુષ્યો જઈ શકે પણ ત્યાં તેમના જન્મ કે મરણ કદી થઈ શકે નહિ. તેથી માનુષોત્તરપર્વતની અંદર રહેલાં અઢીદ્વીપના ૪૫ લાખ યોજનના વિસ્તારમાં જ મનુષ્યો વસતા હોવાથી તે મનુષ્યલોક તરીકે પણ પ્રસિદ્ધ છે. (જુઓ ચિત્ર-પાના નં. ૭૭ પર)

# તિર્ચ્છાલોક (મધ્ય લોક)




ઉપરના ચિત્રમાં જે ૧-૨-૪ વગેરે આંકડા બતાવ્યાં છે. તેટલા લાખ યોજનનો વિસ્તાર તે તે દ્વીપ કે સમુદ્રનો જાણવો. છેલ્લે સ્વયંભૂરમણ સમુદ્ર પછી ખુલ્લું આકાશ આવે છે, તે અલોકાકાશ છે.

મનુષ્યલોકમાંથી મોક્ષ થાય. મનુષ્યલોકની બહારથી કોઈનો ય કદી ય મોક્ષ ન થાય. જે આત્મા સર્વ કર્મો ખપાવીને શુદ્ધ બને, તે ત્યાંથી જ સીધી રેખામાં ઉપર જઈને સિદ્ધશીલામાં સદા માટે વાસ કરે. તેથી મનુષ્યલોક ૪૫ લાખ યોજન પ્રમાણ હોવાથી સિદ્ધશીલા (મોક્ષ) પણ ૪૫ લાખ યોજન પ્રમાણ છે.




ઉપરના ચિત્રમાં જોશો તો જુદા જુદા છ પર્વતોએ જંબૂદ્વીપના સાત વિભાગ પાડ્યા છે, તે સાત ક્ષેત્રો તરીકે ઓળખાય છે. દક્ષિણથી ઉત્તરમાં (ચિત્રમાં નીચેથી ઉપર) જતાં અનુક્રમે (૧) લઘુ હિમવંત (૨) મહાહિમવંત (૩) નિષધ, (૪) નિલવંત (૫) રુક્મિ અને (૬) શિખરી પર્વત આવેલાં છે. તેના કારણે (૧) ભરત ક્ષેત્ર (૨) હિમવંત ક્ષેત્ર (૩) હરિવર્ષ ક્ષેત્ર (૪) મહાવિદેહ ક્ષેત્ર (૫) રમ્યક્ક્ષેત્ર, (૬) હિરણ્યવંતક્ષેત્ર અને (૭) ઐરવત ક્ષેત્ર; એવા જંબૂદ્વીપના સાત વિભાગો થયા છે. વળી વચ્ચેના મહાવિદેહક્ષેત્રને જોશો તો તેની મધ્યમાં રહેલા મેરુપર્વતની ઉપર અને નીચે અનુક્રમે (૮) ઉત્તર કુરુક્ષેત્ર અને (૯) દેવકુરુક્ષેત્ર આવેલાં છે.

આ નવેક્ષેત્રોમાં મનુષ્યો વસે છે. પરંતુ તેમાંના (૧) ભરતક્ષેત્ર, (૨) ઐરવત ક્ષેત્ર અને (૩) મહાવિદેહક્ષેત્રના મનુષ્યોમાં જ અસિ (શસ્ત્રો), મસી (વ્યાપાર-વાણીજ્ય) અને કૃષિ (ખેતી) રૂપી કર્મથી વ્યવહાર ચાલે છે. માટે આ ત્રણ ક્ષેત્રોને કર્મભૂમિ કહેવાય છે. બાકીના છ ક્ષેત્રોમાં આ અસિ, મસી અને કૃષિનો વ્યવહાર ન હોવાથી તે અકર્મભૂમિ તરીકે ઓળખાય છે. આમ, જંબૂદ્વીપમાં ત્રણ કર્મભૂમિ છે અને છ અકર્મભૂમિ છે.

ધર્મ પણ કર્મભૂમિમાં હોય. સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવીકા પણ કર્મભૂમિમાં હોય. તીર્થંકર ભગવંતો કર્મભૂમિમાં જ વિચરતાં હોય. મોક્ષની પ્રાપ્તિ પણ સામાન્યથી કર્મભૂમિમાંથી થાય. (સંહરણ વગેરેથી અકર્મભૂમિમાંથી પણ થાય.) અકર્મભૂમિમાં આમાંનું કાંઈપણ ન હોય.

અકર્મભૂમિમાં સદા યુગલિકો હોય. બાળક અને બાળકીનું જોડલું સાથે જન્મે. સાથે મોટા થાય. યૌવનવય પામતાં તેમની વચ્ચે પતિ-પત્ની જેવો વ્યવહાર ચાલે. આયુષ્યના છ મહીના બાકી હોય ત્યારે એક બાળક-બાળીકાના યુગલને જન્મ આપે.


તેમણે ત્યાં નોકરી-ધંધા નહિ કરવાના. દસ પ્રકારના કલ્પવૃક્ષો ત્યાં હોય. જે તેમની દરેક ઈચ્છાઓ પૂર્ણ કરે. ખાવા-પીવા-પહેરવા-ઓઢવાની તમામ સામગ્રીઓ કલ્પવૃક્ષો પાસેથી તેમને પ્રાપ્ત થાય. તેથી અસિ-મસી-કૃષિકર્મ કરવાની તેમને જરૂર પડતી નથી. તેમને મમતા-ક્રોધ-માન-માયા-કામવાસના વગેરે ખૂબ જ અલ્પપ્રમાણમાં હોય. શરીરમાં રોગ-ઘડપણ કદી ન આવે. અંતે છીંક કે બગાસા જેવી સામાન્ય પીડા ભોગવતાં મૃત્યું પામે. મરીને દેવલોકમાં જ ઉત્પન્ન થાય.

જંબૂદ્વીપમાં જણાવેલાં પર્વતો તથા ક્ષેત્રો, તે જ નામથી ડબલ-ડબલ સંખ્યામાં ધાતકીખંડ તથા પુષ્કરવરદ્વીપ (અડધા) માં આવેલાં છે. તેથી ધાતકીખંડ અને પુષ્કરવરદ્વીપ (અડધો); દરેકમાં છ-છ કર્મભૂમિ અને બાર-બાર અકર્મભૂમિ આવેલી છે. તેથી બધું મળીને નીચે જણાવ્યા પ્રમાણે પંદર કર્મભૂમિ અને ત્રીસ અકર્મભૂમિ થાય.


| | ક્ષેત્રો | જંબૂદ્વીપમાં | ધાતકીખંડમાં | પુષ્કરવરદ્વીપમાં | અઢીદ્વીપમાં કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | ભરતક્ષેત્ર | ૧ | ૨ | ૨ | કુલ ૫ |
| ૨. | ઐરવતક્ષેત્ર | ૧ | ૨ | ૨ | કુલ ૫ |
| ૩. | મહાવિદેહ ક્ષેત્ર | ૧ | ૨ | ૨ | કુલ ૫ |
| | કુલ કર્મભૂમિ : | ૩ | ૬ | ૬ | કુલ ૧૫ |

| | ક્ષેત્રો | જંબૂદ્વીપમાં | ધાતકીખંડમાં | પુષ્કરવરદ્વીપમાં | અઢી દ્વીપમાં |
|---|---|---|---|---|---|
| ૧. | હિમવંત ક્ષેત્ર | ૧ | ૨ | ૨ | કુલ ૫ |
| ૨. | હરિવર્ષ ક્ષેત્ર | ૧ | ૨ | ૨ | કુલ ૫ |
| ૩. | ઉત્તરકુરુક્ષેત્ર | ૧ | ૨ | ૨ | કુલ ૫ |
| ૪. | દેવકુરુ ક્ષેત્ર | ૧ | ૨ | ૨ | કુલ ૫ |
| ૫. | રમ્યક્ ક્ષેત્ર | ૧ | ૨ | ૨ | કુલ ૫ |
| ૬. | હિરણ્યવંત ક્ષેત્ર | ૧ | ૨ | ૨ | કુલ ૫ |
| | કુલ અકર્મભૂમિ | ૬ | ૧૨ | ૧૨ | કુલ ૩૦ |

## ધાતકીખંડ




# પુષ્કરવર દ્વીપ




પાના નં. ૮૦ ઉપર ૫૬ અંતર્દ્વીપ ચિત્રમાં જોશો તો ખ્યાલ આવશે કે ભરતક્ષેત્ર અને ઐરવતક્ષેત્ર પાસે રહેલાં લઘુ હિમવંત પર્વત તથા શિખરી પર્વતના બે છેડાઓ બંને તરફ લવણસમુદ્રમાં જાય છે. તે ચારે છેડાઓના ઉપર અને નીચે; એમ બે-બે ફાંટા પડે છે; જેને દાઢા કહેવાય છે. આ આઠે દાઢા ઉપર સાત-સાત દ્વીપો આવેલાં છે. તેથી કુલ ૫૬ દ્વીપો થયા. પાણીની અંદર આ દ્વીપો રહેલાં હોવાથી અંતર્દ્વીપો કહેવાય છે. આ ૫૬ અંતર્દ્વીપોમાં પણ મનુષ્યો વસે છે. તેઓ પણ યુગલિક છે.

# ૫૬ અંતર્દ્વીપ




આમ ચૌદે રાજલોકમાં માત્ર અઢીદ્વીપના મનુષ્યક્ષેત્રમાં આવેલા આ ૧૫ કર્મભૂમિ+૩૦ અકર્મભૂમિ+૫૬ અંતર્દ્વીપ મળીને ૧૦૧ ક્ષેત્રોમાં જ મનુષ્યોનો વાસ છે, તે સિવાય ક્યાંય મનુષ્યો વસતા નથી.

આ મનુષ્યો પણ બે પ્રકારના છે. (૧) ગર્ભજ અને સંમૂર્છિમ. આપણી આંખે આપણને જે મનુષ્યો દેખાય છે, તે બધા ગર્ભજ છે. માતા અને પિતાના સંયોગથી તેમની ઉત્પત્તિ થાય છે. પણ આપણી આંખથી ન દેખાય તેવા સંમૂર્છિમ મનુષ્યો પણ આ ૧૦૧ ક્ષેત્રોમાં હોય છે.

આપણે જંબૂદ્વીપના ભરતક્ષેત્રના દક્ષિણભાગમાં રહીએ છીએ. સીમંધરસ્વામી વગેરે ચાર તીર્થંકર ભગવંતો આપણા જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં હાલ વિચરી રહ્યા છે. અઢીદ્વીપમાં કુલ પાંચ મહાવિદેહક્ષેત્રો છે; તે હવે તમે જાણો છો. તે દરેકમાં હાલ ચાર-ચાર ભગવાન વિચરી રહ્યા હોવાથી અત્યારે કુલ વીસ તીર્થંકર ભગવાન આ પૃથ્વી ઉપર વિચરી રહ્યા છે. તેઓ વિચરી રહ્યા હોવાથી તેમને વિહરમાન તીર્થંકર કહેવાય છે.

ભલે હાલ ભરત કે ઐરવતક્ષેત્રમાંથી મોક્ષમાં ન જઈ શકાતું હોય, પણ મહાવિદેહક્ષેત્રમાંથી તો મોક્ષમાં જઈ શકાય છે. વહેલામાં વહેલું આપણે પણ નવમા વર્ષે ત્યાંથી મોક્ષમાં જઈ શકીએ. પણ તે માટે મરીને મહાવિદેહમાં જન્મવું પડે. ત્યાં આઠ વર્ષની ઉંમરે દીક્ષા લઈને નવમા વર્ષે કેવળજ્ઞાન પામીએ તો જરૂર પ્રાણપ્યારો મોક્ષ આપણને મળી જાય.

પણ મહાવિદેહમાં એમ કાંઈ થોડો જન્મ મળી જાય ? તે માટે તો પરમાત્માની ભાવવિભોર બનીને ભક્તિ કરવી જોઈએ. તેમની ભાવનામાં એકાકાર બનીને ગાવું પડે કે,

'તમે મહાવિદેહ જઈને કહેજો ચાંદલીયા ! સીમંધર તેડાં મોકલે ! ! !'

## કેમ થાય આ પાપ ?

મિત્રો ! હોય માણસ અને છતાંય આપણને ન દેખાય તેવું બને ખરું ? હા ! અદૃશ્ય થવાની વિદ્યા હોય કે અલ્લાઉદ્દીનનો જાદુઈ ચિરાગ હોય તો માણસ ન પણ દેખાય.

પણ....તેવું કશું જ પાસે ન હોય; છતાં ન દેખાય તેવા આશ્ચર્યકારી માણસો આપણી દુનિયામાં જ વસે છે ! તેમનું નામ છે સંમૂર્ચ્છિમ મનુષ્યો !

તેમને આપણી જેમ જ બે હાથ, બે પગ, માથું, કાન, આંખ, નાક, જીભ વગેરે બધું જ છે. છતાં દેખાતા નથી. આપણી બુદ્ધિ આપણી પાસે હોવા છતાં પણ આપણને ક્યાં દેખાય છે ?

મનુષ્યોના જે એકસો એક ક્ષેત્રો આપણે વિચારી ગયા, તે દરેકમાં આ સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થઈ શકે છે. તેથી તેમના એકસો એક ક્ષેત્રના એકસો એક પ્રકાર છે. તેમનું આયુષ્ય માત્ર એક અંતર્મુહૂર્તનું જ હોય છે અને તેઓ પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા પહેલાં જ મરી જાય છે. તેથી સંમુર્ચ્છિમ મનુષ્યો અપર્યાપ્તા જ છે. પર્યાપ્તા નથી. માત્ર. સંમુર્ચ્છિમ મનુષ્યોને જ નહીં પણ તમામ સંમૂર્ચ્છિમ જીવોને અસંજ્ઞી કહેવાય છે.

આમ ૧૦૧ ક્ષેત્રમાં આ સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થતા હોવાથી તે ૧૦૧ પ્રકારના ગણાય છે.

આપણા બધાનો સમાવેશ કાંઈ સંમૂર્ચ્છિમ મનુષ્યોમાં ન થાય ! આપણે ગર્ભજ મનુષ્ય કહેવાઈએ. કારણ કે આપણે જન્મતા પહેલાં માતાના ગર્ભમાં રહીને પછી જન્મ્યા હતા.

કર્મસત્તાને કોઈની ય શરમ નડતી નથી. કોઈને ૫૦ વર્ષની ઉંમરે ઉપાડે તો કોઈને ૧૬ વર્ષની યુવાનવયે પણ મૃત્યુના મુખમાં હોમી દે. તો વળી કોઈને તો સાત જ દિવસનું આયુષ્ય અનુભવાવી પરલોક રવાના કરાવી દે ! અરે ! માતાના ગર્ભમાં આવ્યાને હજુ તો અંતર્મુહૂર્ત માંડ પૂર્ણ થયું હોય ત્યાં જ મોતનો કોરડો ઝીંકી દે. હજુ તો છ પર્યાપ્તિ પણ પૂર્ણ ન કરી હોય અને પરલોક જવું પડે તો તે મનુષ્યને પર્યાપ્તા તો કહેવાય જ શી રીતે ? તેઓ અપર્યાપ્તા ગર્ભજ મનુષ્ય કહેવાય. પણ જેઓએ પર્યાપ્તિ પૂર્ણ કરી દીધી છે કે પૂર્ણ કર્યા પછી જ મરવાના છે તેઓ પર્યાપ્તા ગર્ભજ મનુષ્ય કહેવાય.

આપણા બધાનો સમાવેશ પર્યાપ્તા ગર્ભજ મનુષ્યમાં થાય.

આમ, ગર્ભજ મનુષ્યોના પર્યાપ્તા અને અપર્યાપ્તા, એમ બે પ્રકાર થાય. આ બંને પ્રકારના ગર્ભજ મનુષ્યો પૂર્વે જણાવેલા ૧૦૧ ક્ષેત્રોમાં થાય છે. તેથી ૨ x ૧૦૧ = ૨૦૨ ભેદ ગર્ભજ મનુષ્યોના થયા.

તેમાં સંમૂર્ચ્છિમ મનુષ્યોના ૧૦૧ ભેદ ઉમેરતાં મનુષ્યોના કુલ ભેદ ૩૦૩ થાય છે.

આ સંમૂર્ચ્છિમ મનુષ્યો, ગર્ભજ મનુષ્યોની ચૌદ પ્રકારની અશુચિમય (ખરાબ) વસ્તુઓમાં ઉત્પન્ન થાય છે. ગર્ભજ મનુષ્યોથી છુટા પડી ગયાને જેને અડતાલીસ મિનિટ થઈ ગઈ છે, તેવા વિષ્ટા, મૂત્ર, બળખા (થૂંક), નાકનું શ્લેષ્મ, વમન (ઉલટી), પરું, લોહી, વીર્ય, નગરની ખાળ, મૃતકના કલેવરો અને સર્વ અશુચિસ્થાનમાં એક સાથે અસંખ્યાતા સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થઈ જાય છે.


તેઓની હિંસાનું પાપ આપણાથી શેં થાય ? આપણને કોઈ મારે તો આપણને કેવું થાય ? તેવું જ તમને પણ થાય. માટે તો "કેમ થાય આ પાપ ?" એવો ભાવ ગુરુભગવંતોની પ્રત્યેક ક્રિયામાંથી નીકળતો જોવા મળે છે. લાવો ત્યારે, તમને પણ તે ગુરુભગવંતોના જીવનમાંથી તમારે કરવા યોગ્ય બાબતો જણાવું. તમે પણ યથાશક્તિ તે બાબતોને તમારા જીવનમાં લાવવા પ્રયત્ન કરજો.

એઠું મૂકવું નહી. થાળી ધોઈને પીધા પછી રૂમાલથી લૂછી લેવી. એઠાં ગ્લાસથી પાણી લેવું નહીં. ગ્લાસને રૂમાલથી લૂછી લેવો. બાથરૂમ-સંડાસનો ઉપયોગ ન કરતાં બહાર જવું. પરસેવાવાળા કપડા અડતાલીસ મિનિટમાં સૂકાઈ જાય તેમ સૂકવી દેવા. કાનનો મેલ, નાકનું શ્લેષ્મ, મોઢાનું થૂંક, આંખના પીયા, નખનો મેલ, લોહી, પરૂં, ઉલટી વગેરેને અડતાલીસ મિનિટ થાય તે પહેલાં જ રેતીની સાથે મેળવી દેવું. ખાવાપીવાની વસ્તુને અડતાં પહેલાં હાથ ધોઈને લૂછી લેવા. પાટો છોડ્યા પછી તે પાટાને કે રૂને પણ રેતી સાથે મસળી લેવા.

મિત્રો ! તમારે સુખી બનવું છે ? સુખી તો ત્યારે જ થવાય કે જ્યારે આપણે બીજાને સુખી કરીએ. બધા જ જીવો જીવવાને ઈચ્છે છે. મરવાનું તો કોઈ જ નથી ચાહતું. તેથી સુખી બનવા માટે આ જીવોને બચાવવા શક્ય તેટલી વધારે કાળજી અવશ્ય કરજો.

આ જીવોને બચાવવા તમારે નથી શરીરે ઘસાવાનું કે નથી કોઈ ત્યાગ કરવાનો ! તમારી બધી જ ઈચ્છાઓ સાચવીને પણ તમે આ જીવોને બચાવી શકો છો. પણ મિત્રો ! કદાચ જાતે મરીને પણ બીજાને જીવાડવાનો પ્રસંગ હોય તો ત્યારે પણ બીજાને જીવાડવા જાતે મરવાનું પ્રથમ પસંદ કરજો. આપણે ''જીવો અને જીવવા દો'' ને નથી માનતા. આપણો તો જીવનમંત્ર છે. 'મરીને પણ બીજાને જીવાડો !'

**જો પામવી હોય જીવનમાં, મોક્ષની આરાધના !**
**તો છોડી દો જીવનમાંથી, સંમૂર્છિમની વિરાધના !**



# ૮

# પાપ કરો તો જાવ પાતાળમાં

મધ્યલોકમાં રહેલા મનુષ્યના ૩૦૩ ભેદ અને તિર્યંચોના ૪૮ ભેદો આપણે વિચાર્યા. ચાલો હવે અધોલોક અને ઉર્ધ્વલોકમાં રહેલા નરકગતિ અને દેવગતિના જીવોનો પણ વિચાર કરીએ.

સંસારી જીવોની ચાર ગતિ છે : (૧) નરકગતિ (૨) તિર્યંચગતિ (૩) મનુષ્યગતિ; અને (૪) દેવગતિ.

આ ચાર ગતિમાંથી નરક અને તિર્યંચગતિ ખરાબ ગતિ છે; જ્યારે મનુષ્યગતિ અને દેવગતિ સારી ગતિ છે. પણ સૌથી શ્રેષ્ઠ ગતિ તો મોક્ષગતિ જ છે.

ચાર ગતિમાંથી ગમે તે ગતિમાં જઈએ તો પણ તે ભવપૂર્ણ કર્યા પછી પાછા કોઈને કોઈ ગતિમાં ભટકવું જ પડે. જ્યાં આપણી ઈચ્છા જવાની ન હોય તેવી ગતિમાં ઈચ્છા વિના જન્મ લેવો પડે. પાપ ભરેલા ને દુઃખ ભરેલા જીવન જીવવા પડે અને રીબામણથી ભરપૂર મોત સ્વીકારવા પડે.

જ્યારે મોક્ષગતિ એ એવી ગતિ છે કે જ્યાં ગયા પછી ફરી કોઈ જ ગતિમાં જવું ન પડે. સદા ત્યાંને ત્યાં જ ભરપૂર આનંદમાં રહેવાનું. પછી કોઈ ગતિમાં જન્મ નહિ; માટે મરવાનું દુઃખ પણ નહિ. પાપમય જીવન નહિ કે રોગમય - ઘડપણમય શરીર પણ નહિ !

માટે જ મોક્ષગતિ એ સર્વશ્રેષ્ઠ ગતિ છે. તેમાં જવાનો જ પુરુષાર્થ આ દુર્લભ માનવભવમાં કરવો જોઈએ. પણ નરકમાં જવું પડે તેવું તો કાંઈ જ ન કરાય.

મિત્રો ! ઉનાળાના વૈશાખ મહીનાના ધોમધખતા ભર બપોરે, ધગધગતા સળગતા કોલસાની પથારી કરીને, જો તમે સુવાડો તો તે ગરમીને પણ અત્યંત ઠંડી સમજીને, ઘસઘસાટ સૂઈ જાય તેવા જીવો પણ આ દુનિયામાં વસે છે. તેની તમને જાણ છે ?


શિયાળાની મહામાસની કડકડતી ઠંડીમાં, હિમાલયના બરફની લાદીઓની પથારી બનાવીને સુવાડો તો જાણે કે ડનલોપની ગાદીમાં સૂઈ ગયા છીએ તેમ ઘસઘસાટ સૂઈ જનારા જીવો પણ આ દુનિયામાં વસે છે, તેની પણ શું તમને જાણ છે ?

તે જીવો છે : પોતે કરેલા પાપકર્મોની સજા ભોગવવા માટે અત્યંત દુઃખથી રીબાતા નરકના જીવો !

આજના શોધાયેલા ૭ ખંડો રૂપ જ સમગ્ર દુનિયા નથી. હજુ તો વૈજ્ઞાનિકોએ ઘણું શોધવાનું બાકી છે. સમગ્ર વિશ્વ તો ચૌદ રાજલોકમય છે. પૂર્વે જણાવ્યું તેમ ૧૪ રાજલોકનો આકાર, પોતાના બે પગોને શક્ય તેટલા પહોળા કરીને, કમરે હાથ રાખીને

ફુંદડી ફરતાં મનુષ્ય જેવો છે. તે મનુષ્યના પહોળા રહેલા બે પગ વચ્ચેનો ભાગ અધોલોકને જણાવે છે. (અધો=નીચેનો લોક તે અધોલોક) પેટનો ભાગ મધ્યલોકને જણાવે છે. અને પેટ ઉપરનો જે ભાગ છે તે ઉર્ધ્વલોકને જણાવે છે. (ઉર્ધ્વ=ઉપરનો લોક તે ઉર્ધ્વલોક)

**અધોલોક**




આ અધોલોકમાં નરકો આવેલી છે. તેમાં પાપી જીવો પોતાના પાપોની સજા રૂપે દુ:ખો અનુભવે છે.

આ નારકો બે - ચાર નથી; પણ સાત છે.

અધોલોક સાત રાજલોકનો છે. એક રાજલોકમાં એક નારક, એમ સાત રાજલોકમાં સાત નારકભૂમિઓ આવેલી છે. તે કાંઈ આકાશમાં જાદુના ખેલની જેમ અદ્ધર લટકતી નથી ! પણ તે દરકેની નીચે જાડું પાણીનું થર (ઘનોદધિ) આવેલું છે. તે ઘનોદધિની નીચે જાડું પવનનું થર (ઘનવાત) આવેલું છે. ઘનવાતની નીચે પાતળું પવનનું થર (તનવાત) આવેલું છે. આમ દરેક નરકપૃથ્વીની નીચે અનુક્રમે ઘનોદધિ, ઘનવાત અને તનવાત આવેલા છે.

તે નારકો જાણે કે ઊંધી કરેલી એક નાની છત્રી હોય, તેની નીચે ઊંધી વાળેલી મોટી છત્રી હોય, એમ નીચે – નીચે થોડી થોડી વધારે મોટી છત્રીઓ ગોઠવેલી હોય તેવી લાગે છે. તેઓના નામ તથા ગુણ ઉપરથી પડેલા ગોત્રના નામ નીચે પ્રમાણે છે :

| | નામ | ગોત્ર નામ | ગુણ |
|---|---|---|---|
| ૧. | ઘમ્મા | રત્નપ્રભા | જેમાં રત્નો ઘણાં હોય. |
| ૨. | વંશા | શર્કરાપ્રભા | જેમાં કાંકરાં ઘણાં હોય. |
| ૩. | સેલા | વાલુકાપ્રભા | જેમાં રેતી ઘણી હોય. |
| ૪. | અંજના | પંકપ્રભા | જેમાં કાદવ ઘણો હોય. |
| ૫. | રિષ્ટા | ધૂમપ્રભા | જેમાં ધુમાડો ઘણો હોય. |
| ૬. | મઘા | તમ:પ્રભા | જેમાં અંધારું ઘણું હોય. |
| ૭. | માઘવતી | મહાતમ:પ્રભા | જેમાં ઘોર અંધારું હોય. |

નારકના જીવોને કેવા દુઃખો પડે છે; તેનાથી તમે ક્યાં અજાણ છો? બિચારા પોતે કરેલા પાપોના કારણે ખૂબ દુઃખી છે. એવી સખત ઠંડી અને ગરમી સહન કરવી પડે છે કે તેની સામે આપણી અહીંની ઠંડી-ગરમી તો કાંઈ વિસાતમાં નહીં! ભૂખ પણ કકડીને એવી લાગે કે ગમે તેટલું ખાય તો પણ ધરાય નહીં! સેકંડે સેકંડે તરસ લાગ્યા જ કરે! આ દુનિયાના બધા દરિયા અને બધી નદીઓનું પાણી પી જાય ને તો પણ તેમની તરસ ન છીપે! જન્મથી જ જાણે કે ખસ ન થઈ હોય તેમ સતત ખંજવાળ આવ્યા જ કરે! અને એટલા બધા પરાધીન ને! કે ધારેલા કામ તો ક્યારે ય પણ ન કરી શકે! માત્ર એક-બે દિવસ જ નહીં પણ આખી જિંદગી સુધી તેમને જ્વર-તાવ રહ્યા જ કરે! અને પેટમાં સખત દાહ-બળતરા તો ચાલુ જ હોય! ઉંદર કેવો બિલાડીથી ગભરાતો ભાગતો ફરે! તેમ તેઓ પણ સતત ભયથી ધ્રુજતાં જ હોય! અને હસવાનું તો તેમને સ્વપ્નમાં પણ ન હોય. સતત તેઓ શોકમાં જ હોય છે. તે સિવાય પણ તેઓ એક બીજાને શસ્ત્રો મારે છે અને નાના જીવડાઓ બનાવીને એકબીજાની ઉપર નાંખે છે. પહેલી ત્રણ નારકમાં તો પરમાધામી દેવો પણ ખૂબ ભયંકર ત્રાસ-પીડા તે જીવોને આપે છે. ધગધગતા સીસાનો રસ પાય છે. કરવતથી કાપે છે. તેમના શરીરના રાઈ રાઈ જેવડા ટુકડા કરે છે. છતાં તેઓ મરતાં નથી. દુઃખો એટલા બધા છે કે મરવાની વારંવાર ઈચ્છા થાય છે. પણ તેમનું ઓછામાં ઓછું પણ આયુષ્ય દસ હજાર વર્ષનું છે અને વધારેમાં વધારે આયુષ્ય છે; તેત્રીસ સાગરોપમનું! સાગરોપમ એટલે અબજો વર્ષથી પણ ઘણા બધા વધારે વર્ષો! બિચારાં ત્યાં સુધી દુઃખી દુઃખીને દુઃખી જ થયા કરે છે.

મમ્મણ શેઠ, ચક્રવર્તી બ્રહ્મદત્ત, કાલસૌરિક કસાઈ વગેરે સાતમી નરકે ગયા છે. ત્યાં ભયંકર દુઃખો તેઓ અનુભવી રહ્યા છે. હસતાં હસતાં બાંધેલા પાપો, ત્યાં ગમે તેટલું રડે તો ય છૂટતા નથી. માટે જીવનમાં પાપ ન બંધાય તેની પળે પળે કાળજી રાખવી જોઈએ.

પોતાના પિતા શ્રેણિકરાજાને જેલમાં પૂરીને રોજ ૧૦૦ - ૧૦૦ હંટરના ફટકા મારનાર પુત્ર કોણિક અત્યારે તેના પાપોનું ફળ છઠ્ઠી નરકમાં ભોગવી રહ્યો છે.

રાવણ અને લક્ષ્મણ હાલ ચોથી નરકમાં કરૂણ અંજામ પોતાના પાપોનો અનુભવી રહ્યા છે.

પાપ કહે છે કે, ''હું તો છાપરે ચડીને પણ પોકારીશ. દુનિયાના કોઈ માણસને તમે થાપ ખવડાવી શકો, પણ મને કદી નહિ! દુનિયાનું કમ્પ્યૂટર કદાચ ભૂલ કરી બેસે તે બને, પણ મારા ગણિતમાં કદી ભૂલ ન થાય! હું તો કહું છું કે પાપ કરો તો જાવ પાતાળમાં - જાવ નરકમાં!

''મેં પરમાત્મા મહાવીરદેવને એમણે ૧૮મા ભવમાં કરેલા પાપના બદલે ૧૯મા ભવમાં ૭મી નરકમાં મોકલ્યા હતાં. અરે! બીજી વાર તેમને ચોથી નરકમાં પણ

મોકલ્યા હતા.''

શ્રી કૃષ્ણ મહારાજાએ પણ ૭મી નરક યોગ્ય કર્મ બાધ્યું હતું. પણ નેમીનાથ ભગવાનના ૧૮૦૦૦ સાધુઓને એવા ભાવથી વંદન કર્યા કે જેથી તેમની ચાર નરક તુટી ગઈ. હાલ ત્રીજી નરકમાં તેઓ દુ:ખ અનુભવે છે. પણ ત્યાંથી નીકળીને આવતી ચોવીસીમાં તેઓ અમમનાથ નામના તીર્થંકર ભગવાન થવાના છે.

અને પેલા શ્રેણિક મહારાજા ! જે પરમાત્મા મહાવીરદેવના પરમભક્ત હતા. અને આવતી ચોવીસીમાં પદ્મનાભસ્વામી નામના પહેલા ભગવાન થવાના છે, તેઓ હાલ તો પહોંચી ગયા છે પહેલી નરકમાં ! પરમાત્મા મળ્યા પહેલા શિકાર કરવા ગયેલા ત્યારે એક જ તીરથી હરિણીને તેના ગર્ભ સાથે જ વીંધી કાઢી હતી. અને પછી મૂછે વળ દીધેલા કે, ''છે મારા જેવો કોઈ બાણાવળી ! એક તીરે બેનો શિકાર !'' પાપ કર્યા પછી પાપની પુષ્કળ પ્રશંસા કરી તો નરકમાં જવાનું પાપ નિકાચીત થઈ ગયું.

તેઓને પહેલી નારકમાં ૮૪૦૦૦ વર્ષ સુધી રહેવું પડશે. ત્યાર પછી આપણા આ ભરતક્ષેત્રમાં પહેલા ભગવાન થશે.

નરકમાં ઓછામાં ઓછું આયુષ્ય દસ હજાર વર્ષનું તો હોય જ. અને સાતમી નરકમાં સૌથી વધારે ૩૩ સાગરોપમનું આયુષ્ય હોય. તે પહેલા મરવા માંગે તો ય મરી ન શકે ! તેણે બધા દુ:ખો ભોગવવા જ પડે.

રાત્રિભોજન અને કંદમૂળભક્ષણના પાપો રાચીમાચીને જેણે કર્યાં છે, તે હજુ તો હૉસ્પિટલમાં મરણપથારીએ પોઢેલો તેના સ્વજનોને દેખાય છે. નાકમાં રૂના પૂમડા અને કપાળ પર ઘીના લચકા મૂકાઈ રહ્યા છે. ડૉક્ટરો મસાજ કરી રહ્યા છે. હજુ જીવ છે કે નહિ ? તેની ચકાસણી થઈ રહી છે. ત્યાં પેલા ભાઈનો આતમરામ-પૂર્વે નરકનું આયુષ્ય બાંધ્યું હોવાથી-ક્ષણમાં પહોંચી ગયો છે નરકમાં...

કેરોસીનની ગરણી તો તમે જોઈ છે ને ? બસ તેવી ગરણી જેવી ત્યાં કુંભી હોય છે. તેમાં તે ઉત્પન્ન થાય તે વખતે તે નારકને શરીર મળે અત્યંત બિભત્સ...! જોતાં ય ચીતરી ચડે તેવું !!! માંસના લોચા રૂપ !

ત્યાં રહેલા પરમાધામી દેવો, તે માંસના લોચાના ટૂકડે ટૂકડા કરીને, ગરણીની (કુંભીની) નીચેની સાંકડી નળીમાંથી બહાર કાઢે, તેનું નામ નારકનો જન્મ !

અમુક નરકોમાં ગરણીઓ (નારકોને ઉત્પન્ન થવાનું સ્થાન=કુંભીઓ) ખૂબ ગરમ હોય અને તેમાંથી નીકળ્યા પછી નારકોને રહેવાનું સ્થાન ખૂબ જ ઠંડું હોય. તો કોઈક નારકમાં કુંભીઓ અત્યંત ઠંડી હોય પણ તેમને રહેવાનું સ્થાન ખૂબ જ ગરમ હોય. તેથી તેમને સહન ખૂબ કરવું પડે.

ઉત્પન્ન થયા પછી આ નારકના જીવોને જરા ય સુખ નથી. સતત સમયે સમયે ભયંકર દુ:ખોના અનુભવો તેમણે કરવા પડે છે.

પરમાધામી દેવો તેને આકાશમાં ઊછાળે છે અને પછી પોતાના ભાલા ઉપર તેમનો કેચ કરી લે છે. ભાલાથી શરીર વીંધાતા લોહીની શેરો ઊડે છે. ભયંકર પીડા થાય છે. શરીર પાછું ચોંટીને અખંડ થઈ જાય છે.

બે પગોને ખેંચીને તેમના બે ચીરા કરી નાંખે છે. કરવતથી ઊભાને ઊભા વધેરે છે. તાવડીમાં તળે છે. ભઠ્ઠીમાં શેકે છે વગેરે વગેરે રીતે ખૂબ દુઃખ આપે છે.

જેમ વેરાયેલો પારો પાછો ભેગો થઈ જાય તેમ ટૂકડે-ટૂકડામાં વહેંચાઈ ગયેલું શરીર પાછું અખંડ થઈ જાય છે. મરવા માંગે તો ય તેઓ મરી શકતા નથી.

વળી પરમાધામી દેવો તેમને વારંવાર પૂર્વભવમાં કરેલા પાપો યાદ કરાવે છે. નારકના જીવને પાપો યાદ આવતાં તે માફી માંગે તો પણ તે દેવો છોડે નહિ. ખૂબ ખૂબ હેરાન કરે.

"દુકાને પુષ્કળ ઘરાકી હતી ત્યારે તેં તરસ્યાને માંગવા છતાં ય પાણી નહોતું આપ્યું ને ? લે હવે પાણી પી." એમ કહીને ધગધગતો સીસાનો રસ પાય. સ્ત્રીમાં આસક્ત બનનારને ધગધગતી લોખંડની પુતળી સાથે પરાણે આલિંગન કરાવે.

જેનામાં આવા દુઃખો સહન કરવાની તાકાત ન હોય તેણે પાપો નહિ કરવાનો સંકલ્પ કરવો જોઈએ. તે માટે સાધુજીવન સ્વીકારવું જોઈએ. પણ જો સાધુ જીવન સ્વીકારી શકાય તેમ ન હોય તો છેવટે બારવ્રતધારી શ્રાવક બનવું જોઈએ. પાપો કરવા જ નહિ - કરવા પડે તો ઓછામાં ઓછા પાપો દુઃખાતા દિલે - વેઠ વાળીને... કરવા. અને પછી તેનું પ્રાયશ્ચિત્ત લેવું જોઈએ.

આ પરમાધામી દેવોને પાપીઓને પાપની સજા ફટકારવાનું કામ કોઈ ઈશ્વરે સોંપ્યું નથી. પણ જેમ આપણી દુનિયામાં પણ કેટલાક માણસોને બીજાને સતાવવામાં મજા આવે છે. તેમ દેવોની દુનિયામાં પણ ભવનપતિ કક્ષામાં એવા કેટલાક દેવો છે કે જેમને આ નારકના જીવોને ત્રાસ આપવામાં આનંદ આવે છે પરમ=અત્યંત, અધર્મ કરવામાં જે દેવોને આનંદ આવે છે તે, પરમાધાર્મિક=પરમાધામી દેવો કહેવાય. તેઓ નરકના જીવોને જે ત્રાસ આપે છે, તેનું પાપ તેમને પણ બંધાય જ છે અને તે પાપકર્મના ઉદયે તેમણે પણ દુઃખો ભોગવવા જ પડે.

આપણે જે જંબૂદ્વીપમાં રહીએ છીએ, તેની ચારે બાજુ બે લાખ યોજન વિસ્તારવાળો લવણ-સમુદ્ર (લવણ=ખારું મીઠું, ખારા પાણીવાળો સમુદ્ર) આવેલો છે.

પરમાધામી દેવો પોતાનું આયુષ્ય પૂર્ણ થતાં આ લવણસમુદ્રમાં અંડગૌલિક મનુષ્ય તરીકે ઉત્પન્ન થાય છે. તેમના શરીરના અંડકોશમાં એવી ગોળી હોય છે કે, જો કોઈ મનુષ્ય તે ગોળીને મેળવીને, તેને દોરીમાં પરોવીને, કાન ઉપર લગાડીને સમુદ્રમાં ઊંડે સુધી ડૂબકી લગાવે તો તે ગોળીના પ્રભાવે તેને કોઈપણ જળજંતુ કરડે નહિ અને ઊંડા પાણીમાં પણ પ્રકાશ ફેલાય. બધું જ સ્પષ્ટ દેખાય. અને તે માણસ ડૂબી ન જાય

પણ દરિયામાંથી રત્નો લઈને જ બહાર આવે.

અંડગૌલિક મનુષ્યની આ ગોળી મેળવવા માટે ખૂબ જ બુદ્ધિપૂર્વક પ્રયત્ન કરવો પડે છે. કારણકે આ અંડગૌલિક મનુષ્યો પકડાવા સહેલા નથી. તેમને માર્યા વિના તો ગોળી મેળવી શકાય જ નહિ. તેથી રત્નદ્વીપના ૧૦૦-૨૦૦ માણસો, દળવાની ઘંટી સાથે લઈને, નાવડામાં બેસીને લવણસમુદ્રમાં આગળ વધે છે. માંસના લોચા વગેરેને ઘંટીના નીચેના પડ ઉપર ગોઠવી દે. ઉપલું પડ સાઈડમાં મૂકીને તેની પાછળ માણસો સંતાઈ જાય. વચ્ચે પાણીમાં પણ માંસના ટૂકડાઓ નાંખતા નાંખતા આગળ વધે.

અંડગૌલિક મનુષ્યો માંસ વગેરેથી લલચાઈને, પાણીમાં પડેલા માંસને ખાતાં ખાતાં છેવટે વહાણમાં આવે. ઘંટીના પડ ઉપર બેસીને ત્યાં પડેલા માંસાદિને પણ આરામથી ખાય.

ખાવામાં જ્યારે તેઓ તલ્લીન બને ત્યારે તરત જ પેલા મનુષ્યો જોરથી ઘંટીનું ઉપલું પડ ઉપર ગોઠવી દે. અને બધા ભેગા થઈને તેને પીસવાનું શરૂ કરે. ઘરરર...ઘરરર...ઘરરર...ઘંટી લગાતાર છ મહિના સુધી ચલાવે ત્યારે માંડ માંડ તે અંડગૌલિક મનુષ્યો ચીસાચીસ કરતાં મૃત્યું પામે. છ મહિના સુધી તેમને ઘંટીમાં પીસાવાનું દુઃખ સહન કરવું પડે. અને અંતે રીબાઈને મરવું પડે કેમકે તેઓએ પૂર્વના પરમાધામી તરીકેના ભવોમાં નરકના જીવોને પુષ્કળ-ત્રાસ આપ્યો હતો ને ? તેમનું મૃત્યુ થતાં તે વેપારીઓ તેના શરીરમાંથી ગોળી કાઢીને લઈ જાય અને તેના દ્વારા પુષ્કળ રત્નો મેળવે.

પણ પરમાધામીઓને તેના પાપની કાંઈ આટલી જ સજા નથી ! અંડગૌલિક તરીકે ભયંકર રિબામણ અનુભવ્યા પછી પણ તેઓએ મરીને પાછું નરકમાં જવું પડે છે. જ્યાં બીજા પરમાધામી દેવો તેમને ત્રાસ આપે છે.

દુનિયાનો આ સનાતન નિયમ છે કે જે આપો તે મળે. પરમાધામી દેવે નરકના જીવોને દુઃખ આપ્યું તો તેમને દુઃખ જ મળે. કાંઈ સુખ ન મળે.

આપણને જો દુઃખ ગમતું ન હોય તો આપણે પણ બીજાને દુઃખ આપવાનું બંધ કરવું જોઈએ. જો આપણને સુખ ગમતું હોય તો બીજા જીવોને પણ અવશ્ય સુખ આપવું જોઈએ.

ભોજન જોઈએ છે : બીજાને ભોજન આપો. ઠંડી દૂર કરવી છે : બીજાની ઠંડી દૂર કરો. દુઃખ દૂર કરવું છે : બીજાના દુઃખ દૂર કરો. સુખ જોઈએ છે : બીજાને સુખ આપો. મૃત્યુ જોઈતું નથી : બીજા જીવોને મારો નહિ. જીવન જોઈએ છે : બીજાને જીવન આપો.

તો ચાલો મિત્રો ! આજથી જ ઉપરની વાતનો અમલ કરવાનો નિશ્ચય કરીએ.

નરકના જીવો ઓછામાં ઓછું દસ હજાર વર્ષ જીવતા હોવાથી તેઓ પોતાને યોગ્ય બધી પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા પછી જ મરે. તેથી સાતે નરકના તમામ જીવો લબ્ધિ પર્યાપ્તા જ હોય. પણ લબ્ધિ અપર્યાપ્તા હોય નહિ. કેમકે સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કર્યા

વિના જે મરવાના હોય તે જ લબ્ધિ અપર્યાપ્તા હોય. જ્યારે નારક જીવો તો પહેલા અંતર્મુહૂર્તમાં જ બધી પર્યાપ્તિ પૂરી કરી જ લે છે.

છતાં મિત્રો ! તમને એક નવી વાત જણાવું. કોઈ બાળકની દીક્ષા લેવાની નક્કી હોય, છતાં ય તે બાળક જ્યાં સુધી દીક્ષા ન લે, ત્યાં સુધી તો તે સંસારી જ કહેવાય. અને દીક્ષા લીધા પછી તે જ બાળક હવે બાળસાધુ કહેવાય.

તે જ રીતે જે જીવોને બધી પર્યાપ્તિઓ પૂરી કરીને પછી જ મરવાનું હોય તેવા બધા જીવો લબ્ધિ પર્યાપ્તા કહેવાય. પણ જ્યાં સુધી પર્યાપ્તિઓ પૂરી ન કરે ત્યાં સુધી તેઓ કરણ અપર્યાપ્તા કહેવાય. અને પર્યાપ્તિઓ પૂરી કર્યા પછી તો તે જ જીવો કરણ પર્યાપ્તા કહેવાય.

તમે જાણો છો કે તિર્યંચગતિ અને મનુષ્યગતિના જીવો લબ્ધિ પર્યાપ્તા અને લબ્ધિ અપર્યાપ્તા એમ બે - બે પ્રકારના છે તેથી તેમાંના બધા જ લબ્ધિ પર્યાપ્તા જીવો તો કરણ પર્યાપ્તા અને કરણ અપર્યાપ્તા; એમ બે બે પ્રકારના છે. પણ તેમાંના લબ્ધિ અપર્યાપ્તા જીવો તો પર્યાપ્તિઓ પૂરી કર્યા પહેલાં જ મરી જવાના છે ને ? તેથી તેઓ તો કરણ અપર્યાપ્તા હોય. કરણ પર્યાપ્તા ન હોય.

આપણે સાત નરકના જીવોની વાત કરવી છે. તેઓ ઉત્પન્ન થઈને માત્ર એક જ અંતર્મુહૂર્તમાં પોતાની બધી પર્યાપ્તિઓ પૂરી કરી દે છે; તેથી તેઓ લબ્ધિ પર્યાપ્તા જ કહેવાય. પણ જેઓની પર્યાપ્તિઓ હજી પૂરી નથી થઈ; તેવા સાત નારકના જીવોને કરણ અપર્યાપ્તા કહેવાય. જ્યારે જેમની પર્યાપ્તિઓ પૂરી થઈ ગઈ છે; તેવા સાત નારકના જીવોને કરણ પર્યાપ્તા કહેવાય. આમ, સાત અપર્યાપ્તા અને સાત પર્યાપ્તા; એમ નારક જીવોના કુલ ચૌદ ભેદ થાય.

આ સંસારમાં ઘણા ભયંકર પાપો કરનારા જીવોને આવા ચૌદ પ્રકારના નારક જીવો બનવું પડે છે. અને નારકમાં આવા ભયંકર દુઃખો ભોગવવા પડે છે.

મિત્રો ! 'એક લાફો મારવાની સજા અને પાંચસો હંટર મારવાની સજા' આ બે સજામાંથી તમને કઈ સજામાં ઓછું દુઃખ થાય ? એક લાફાની જ ને ? તેમ સ્વેચ્છાએ કરાતાં સામાયિક-પ્રતિક્રમણ-પૌષધ-પૂજા વગેરે દુઃખદાયક નથી. છતાં તમને તેમાં કષ્ટ લાગતું હોય તો તે લાફાની સજા જેવા છે. જે તમને પાંચસો હંટરના ફટકા રૂપ નારકોના દુઃખની સજામાંથી બચાવે છે.

**બચવું છે ને નારકના દુઃખોમાંથી ?**
**તો ધર્મ કરી બચાવી લો આત્માને પાપોમાંથી !**

## ૯

# દેવલોકની દુનિયા

**આ** ચોવીસીના ત્રીજા તીર્થંકરદેવ શ્રી સંભવનાથ સ્વામીજીના શાસનકાળની આ વાત છે. કોઈ કેવળજ્ઞાની ભગવંતની દેશનાથી નાનકડો બાળક વિરક્ત બન્યો. તેણે દીક્ષા લેવા માટે ઉતાવળ કરી. પિતા પાસે તે અંગે જિદ કરી. પિતાએ મહોત્સવ કરીને દીક્ષા આપવાનું દીકરાને કહ્યું. પણ દીકરો ઝટપટ દીક્ષા લેવા ઉત્સુક બન્યો. છેવટે પિતાએ કેવલી ભગવંતને વાત કરી.

ભગવંતે કહ્યું, વિલંબ ન કરો... ભલે દીક્ષા તુરત અપાય.

અને તરતજ દીક્ષા વિધિ શરૂ થઈ. ઓઘો અપાતાની સાથે બાળક નાચવા લાગ્યો. નાચતા નાચતા તે બાળક પડી ગયો. તત્કાળ તેનું મૃત્યુ થઈ ગયું.

આથી પિતાને સખત આઘાત લાગ્યો. કેવળજ્ઞાની ભગવંતે આશ્વાસન આપતાં કહ્યું, 'આજ કારણે મેં મહોત્સવ કરવા જેટલો પણ વિલંબ કરવાની ના કહી હતી. એ આત્મા એનું કલ્યાણ સાધી ગયો છે.'

એજ વખતે આકાશમાંથી એક દેવાત્મા ઉતરી આવ્યો. કેવળજ્ઞાની ભગવંતને તેણે વંદન કર્યું. ભગવંતે પિતાને કહ્યું, ''આ જ તમારા સુપુત્રનો આત્મા ! હવે તો દેવાત્મા બની ગયો છે.'' પિતાને સંતોષ થયો.

દીક્ષાપ્રસંગે શુભભાવ હોવાથી તે દેવ બન્યો. પાપ કરવાથી જો દુર્ગતિમાં જવું પડે તો ધર્મારાધના કરવાથી દેવલોકમાં પણ જઈ શકાય.

આ દેવોને કાંઈ આપણી જેમ માતાના ગર્ભમાં નવ મહિના ઊંધા મસ્તકે લટકવાનું નથી હોતું, ત્યાં તો હોય છે દેવશય્યા.

ઓઘો લઈને નાચતા મુનિવર કાળધર્મ પામતાં, તેમનું શરીર હજુ તો આ મૃત્યુલોકમાં પડ્યું છે અને આત્મા પહોંચી ગયો છે સ્વર્ગમાં.

દેવશય્યા ઉપર પડેલી ચાદર એકદમ હલવા લાગે છે અને જાણે કે ૩૨ વર્ષની વયનો યુવાન ન હોય, તેવો તે દેવ પ્રગટ થાય છે. આ જ તેમનો જન્મ. ન કોઈ પીડા કે ન કોઈ ત્રાસ. આવો સુંદર જન્મ અહીં છે.

આ દેવોના મુખ્યત્વે ચાર પ્રકાર છે :

(૧) ભવનપતિ (૨) વ્યંતર (૩) જ્યોતિષ્ક અને (૪) વૈમાનિક.

વર્તમાન જગતમાં જેમ ઊંચાઈ દરિયાઈ સપાટીથી (સી - લેવલથી) માપવામાં આવે છે, તેમ આપણા શાસ્ત્રોમાં ઊંચાઈ સમભૂતલા (મેરુપર્વતની સપાટી)થી જણાવવામાં આવે છે.

મેરુ પર્વતની આ સમભૂતલાથી ઉપર અને નીચે ૯૦૦ - ૯૦૦ યોજન સુધી તિર્ચ્છાલોક=મધ્યલોક છે. ઉપરના ૯૦૦ યોજનથી ઉપરના ભાગને ઉર્ધ્વ (ઉપરનો) લોક કહેવાય છે. અને નીચેના ૯૦૦ યોજનથી નીચેના ભાગને અધોલોક કહેવાય છે. વચ્ચેના ૯૦૦+૯૦૦=૧૮૦૦ યોજનના વિસ્તારને તિર્ચ્છાલોક = મધ્યલોક કહેવાય છે.

નરકના જીવો તો નીચેના અધોલોકમાં આવેલા છે. મનુષ્યો અને પંચે. તિર્યંચો મધ્યલોકમાં આવેલા છે. પણ દેવો માત્ર ઉર્ધ્વલોકમાં જ નથી આવેલા. તેઓ તો ત્રણે લોકમાં જુદા જુદા સ્થાને આવેલા છે.

ચાર પ્રકારના દેવોમાં ભવનપતિ દેવો અધોલોકમાં છે, વ્યંતર અને જ્યોતિષ્કદેવો મધ્યલોકમાં છે. જ્યારે વૈમાનિક દેવો ઉર્ધ્વલોકમાં રહે છે.

**(૧) ભવનપતિ દેવો :** પહેલી નરકના જીવોને રહેવાના સ્થાનને રત્નપ્રભા પૃથ્વી કહેવાય છે. તેની સપાટી ઉપર આપણે બધા વસીએ છીએ.

તે રત્નપ્રભા પૃથ્વી ૧,૮૦,૦૦૦ યોજન જાડી છે. તેના ઉપર નીચેના એકેક હજાર યોજન છોડીને વચ્ચેના ૧,૭૮,૦૦૦ યોજનમાં તેટલી ઊંચાઈવાળા, ૨૫ માળના બિલ્ડિંગની કલ્પના કરો. (જુઓ ચિત્ર-પાના નં.૯૫)

તે બિલ્ડિંગના ૧,૩,૫,૭,૯,૧૧,૧૩,૧૫,૧૭,૧૯,૨૧,૨૩ અને ૨૫ (એકી સંખ્યાના) નંબરના માળમાં પહેલી નરકના જીવો રહે છે. ત્યાં તેઓ ઉત્પન્ન થાય છે. અને પોતે કરેલા પાપોને ભોગવતાં દુઃખમય જીવન પસાર કરે છે.


વચ્ચેના જે ૨-૪-૬ ... ૨૪ નંબરના માળ છે, તેમાં ૨ અને ૨૪ નંબરના માળનો ભાગ ખાલી છે. અર્થાત્ ત્યાં દેવ કે નારક નથી. વચ્ચેના ૪-૬-૮-૧૦-૧૨-૧૪-૧૬-૧૮-૨૦ અને ૨૨ નંબરના માળની જગ્યાએ આ ભવનપતિ દેવોના નિવાસસ્થાનો છે.

આ ભવનપતિ દેવો દસ પ્રકારના છે. જેઓ ઉપર જણાવેલા વિભાગોમાં ક્રમશઃ રહે છે. તેઓ ૧. અસુરકુમાર ૨. નાગકુમાર ૩. સુવર્ણકુમાર ૪. વિદ્યુત કુમાર ૫. અગ્નિકુમાર ૬. ઉદધિકુમાર ૭. દ્વીપકુમાર ૮. દિક્ કુમાર ૯. વાયુકુમાર અને ૧૦. મેઘકુમાર, એવા નામોથી પ્રસિદ્ધ છે.

દસે દસ પ્રકારના ભવનપતિ દેવોના કુલ સાત કરોડ બોત્તેરલાખ ભવનો આવેલાં છે. તે દરેક ભવનમાં શાશ્વતા જિનેશ્વર ભગવંતોનું એકેક જિનાલય આવેલું છે તે સાત કરોડ બોંતેર લાખ જિનાલયોમાં બિરાજમાન પરમાત્માને આપણે સકલતીર્થ સૂત્ર દ્વારા રોજ સવારે રાઈ પ્રતિક્રમણમાં વંદના કરીએ છીએ.

દરેક ભવનપતિ નિકાયમાં ઉત્તર અને દક્ષિણ દિશાને આશ્રયીને બે બે વિભાગ છે. તે દરેકમાં એકેક ઈન્દ્ર છે. તેથી ૧૦ ભવનપતિમાં કુલ ૨૦ વિભાગ થતાં, ભવનપતિદેવોના ૨૦ ઈન્દ્રો છે.

# રત્નપ્રભા પૃથ્વી


ઉપરના એક હજાર યોજન
પ્રતર-૧ નારક
અંતર-૧
પ્રતર-૨ નારક
અંતર-૨ સ્તનિતકુમારના ભવનો
પ્રતર-૩ નારક
અંતર-૩ વાયુકુમારના ભવનો
પ્રતર-૪ નારક
અંતર-૪ દિશિકુમારના ભવનો
પ્રતર-૫ નારક
અંતર-૫ ઉદધિકુમારના ભવનો
પ્રતર-૬ નારક
અંતર-૬ દ્વિપકુમારના ભવનો
પ્રતર-૭ નારક
અંતર-૭ અગ્નિકુમારના ભવનો
પ્રતર-૮ નારક
અંતર-૮ વિદ્યુતકુમારના ભવનો
પ્રતર-૯ નારક
અંતર-૯ સુવર્ણકુમારના ભવનો
પ્રતર-૧૦ નારક
અંતર-૧૦ નાગકુમારના ભવનો
પ્રતર-૧૧ નારક
અંતર-૧૧ અસુરકુમારના ભવનો
પ્રતર-૧૨ નારક
અંતર-૧૨ નારક
પ્રતર-૧૩
નીચેના એક હજાર યોજન
એકલાખ એંશી હજારનું પ્રથમ નરકનું જાડું થર (ઉંચાઈ)
ઘનોદધિ
ઘનવાત
તનવાત
આકાશ
આકાશ
અસંખ્ય યોજન પ્રમાણે આકાશ

પરમાત્મા પાર્શ્વનાથ ભગવાને ગૃહસ્થપણામાં કમઠ પાસેથી જે સર્પને નવકાર દ્વારા ઉગાર્યો હતો, તે સર્પનો જીવ આ જ ભવનપતિના નાગકુમારોનો ઈન્દ્ર ધરણેન્દ્ર બન્યો છે; જે પાર્શ્વનાથ ભગવાનનો અધિષ્ઠાયક દેવ છે.

આ ભવનપતિ દેવો હસે છે, રમે છે, કિલ્લોલ કરે છે. છેલબટાઉ કુમાર જેવા છે.

**પરમાધામી દેવો :** જેમ આપણે ત્યાં કેટલાક મનુષ્યો વિચિત્ર સ્વભાવવાળા જોવા મળે છે, જેઓને પશુ-પંખીઓને હેરાન કરવાનો, ત્રાસ આપવાનો શોખ હોય છે. તેમ આ ભવનપતિના અસુરકુમાર નિકાયના કેટલાક દેવો પણ વિચિત્ર સ્વભાવવાળા છે. તેઓને નારકના જીવોને ત્રાસ આપવામાં આનંદ આવે છે. નરકના જીવને ત્રાસ આપવા દ્વારા તેઓ ખૂબ (પરમ) પાપ (અધર્મ) કરે છે, માટે તેઓ પરમાધાર્મિક = પરમાધામી દેવો તરીકે પ્રસિદ્ધ છે.


આ પરમાધામી દેવો જુદી જુદી પંદર રીતે નરકના જીવોને ત્રાસ આપે છે. જુદી જુદી રીતે ત્રાસ આપનારા જુદા જુદા દેવો હોય છે. તેથી આ પરમાધામી દેવો પણ ત્રાસ દેવાના પ્રકારથી પંદર પ્રકારના છે. આ પરમાધામી દેવો નરકના જીવોને ત્રાસ આપવા દ્વારા પુષ્કળ પાપ બાંધે છે. બીજાને દુઃખ આપે છે, માટે બીજા ભવમાં અંડગૌલિક મનુષ્યો બનીને પુષ્કળ દુઃખ મેળવે છે. જે આપો તે જ મળે તે નિયમ છે. તેથી આપણે જો દુઃખ ન જોઈતું હોય તો કદી પણ કોઈને ય દુઃખ ન આપવું જોઈએ.

આમ, દસ પ્રકારના અસુરકુમાર વગેરે અને પંદર પ્રકારના પરમાધામી મળીને ભવનપતિ દેવો કુલ પચીસ પ્રકારના ગણાય છે.

**(૨) વ્યંતર દેવો :** મનુષ્યોથી વિ = ચાલી ગયું છે (વિગત) અંતર જેમનું તેઓ વ્યંતર દેવો. મનુષ્યોથી ખૂબ જ નજીક આ દેવો છે. ચક્રવર્તી વગેરેની સેવામાં મોટા ભાગે આ જ દેવો ખડેપગે હાજર હોય છે.

આ વ્યંતરોના એક પેટા પ્રકારને વાણવ્યંતર કહેવાય છે. તેઓ તો આપણી ખૂબ જ નજીક છે.

આપણે જે રત્નપ્રભા પૃથ્વીની સપાટી ઉપર રહીએ છીએ, તેના વચ્ચેના ૧,૭૮,૦૦૦ યોજનમાં નારક તથા ભવનપતિ દેવો રહે છે, તે આપણે જોયું. હવે ઉપરના જે એક હજાર યોજન છે તેના ઉપર નીચેના સો-સો યોજન છોડી દઈએ તો વચ્ચેના જે ૮૦૦ યોજનનો વિભાગ રહે, તેમાં આ વ્યંતર દેવો રહે છે. તેમના જુદા જુદા આઠ પ્રકાર છે.



**વાણવ્યંતર દેવો** સૌથી ઉપરનો જે, સો યોજનનો વિભાગ આપણે છોડી દીધો, તેના ઉપર નીચેના દસ દસ યોજન છોડીને વચ્ચેના ૮૦ યોજનના વિભાગમાં આઠ પ્રકારના વાણવ્યંતર દેવો રહે છે.

રત્નપ્રભા પૃથ્વીના ઉપરના ૧૦૦ યોજન — ૧૦ યો. / ૮૦ યો. / ૧૦ યો.



વાણવ્યંતર દેવો

આમ આપણી સપાટીથી દસ યોજન નીચે જઈએ, એટલે પછીના ૮૦ યોજનમાં વાણવ્યતંર દેવોનું નિવાસસ્થાન છે. તેની નીચે દસ યોજન છોડ્યા પછીના ૮૦૦ યોજનમાં વ્યતંર દેવોના નગરો આવેલા છે. તેની નીચે ૧૦૦ યોજન છોડી દીધા બાદ જે ૧,૭૮,૦૦૦ યોજન આવે તેમાં પહેલી નરકના જીવો અને પચીસ પ્રકારના ભવનપતિ દેવો આવેલા છે. તેની નીચેના છેલ્લા એક હજાર યોજનમાં કાંઈ નથી. આમ, ૧,૮૦,૦૦૦ યોજન જાડી આ રત્નપ્રભા પૃથ્વી થઈ.

**તિર્યગ્જૃંભકદેવો :** ત્રણ લોકના નાથ, દેવાધિદેવ પરમાત્મા મહાવીરદેવનો આત્મા જ્યારે ત્રિશલા ક્ષત્રિયાણીની કુક્ષિમાં પધાર્યો, ત્યારથી જ સિદ્ધાર્થ મહારાજાનું રાજભવન ધનધાન્ય, વસ્ત્ર, સુવર્ણ, રત્ન, રજત, સૈન્ય વગેરે અનેક ચીજ વસ્તુઓથી ઊભરાવવા લાગ્યું. બધું વધતું હતું માટે તો માતા-પિતાએ તેમનું નામ વર્ધમાન (વધતું) પાડવાનું નક્કી કર્યું હતું.

સિદ્ધાર્થરાજાના રાજભવનમાં આ વૃદ્ધિ કોણે કરી ? પરમાત્માના પ્રચંડ પુણ્યે ખેંચાયેલા આ વ્યંતરનિકાયના કેટલાક દેવો આ વૃદ્ધિ કરે છે. પરમાત્માના જ્યારે જ્યારે પારણાં થાય ત્યારે પણ જઘન્યથી સાડાબાર લાખ અને ઉત્કૃષ્ટથી સાડાબાર કરોડ સૌનૈયાની વૃષ્ટિ આ દેવો કરે છે.

જન્મ મહોત્સવ વરસીદાન, પારણાં વગેરે પ્રસંગે વ્યતંરનિકાયના જે દેવો આ ધન-ધાન્ય સોનૈયા વગેરેની વૃદ્ધિ-વૃષ્ટિ કરવાનું કાર્ય કરે છે, તેઓ તિર્યગ્જૃંભક દેવો કહેવાય છે. તેઓ ધન, ધાન્ય, વસ્ત્ર વગેરે દસ પ્રકારની વસ્તુઓ વરસાવતાં હોવાથી દસ પ્રકારના છે.

આ તિર્ચ્છાલોકમાં આવેલા વૈતાઢ્ય પર્વત ઉપર પણ આ દેવો આવીને વસે છે. માટે તિર્યગ્જૃંભક કહેવાય છે.

આમ આઠ વ્યતંર, આઠ વાણવ્યંતર અને દસ તિર્યગ્જૃંભક મળીને વ્યતંરના કુલ ૨૬ પ્રકાર ગણાય છે.

આઠ પ્રકારના વ્યંતર અને આઠ પ્રકારના વાણવ્યંતરોના ઉત્તર અને દક્ષિણ દિશાના વિભાગોમાં એકેક ઈન્દ્ર હોય છે. તેથી તેમાં કુલ ૧૬ + ૧૬ = ૩૨ ઈન્દ્રો છે.

આ વ્યંતરોના અસંખ્યાતા નગરો છે. તેમાં શાશ્વતા જિનના ચૈત્યો છે. તે દરેકને આપણે વંદના કરીએ. - નમો જિણાણં.

**(૩) જ્યોતિષ્ક દેવો :** મિત્રો ! તમે ફરતી હોસ્પિટલ, ફરતી હોટેલ તો જોઈ હશે, પણ ફરતા ઘર જોયા છે ખરા ? આ વિશ્વમાં કેટલાક દેવો એવા છે કે જેમના રહેવાના ઘરો સદા ફર્યા કરે છે. તેઓ જ્યોતિષ્ક દેવો કહેવાય છે.

તમે આગિયાને જોયો છે ? તે ઊડતો હોય તો ય પ્રકાશ વેરતો જાય ! બસ ! તેવા જ આ જ્યોતિષ્ક દેવોના ઘરો (વિમાનો) છે. જે વિશ્વમાં પ્રકાશ વેર્યા જ કરે છે. જ્યોતિ=પ્રકાશ વેરતા હોવાથી તે દેવો જ્યોતિષ્ક દેવો તરીકે ઓળખાય છે. સૂર્ય, ચન્દ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા; એમ પાંચ પ્રકારના આ જ્યોતિષ્ક દેવો છે.

આપણને આકાશમાં જે સૂર્ય-ચંદ્ર વગેરે દેખાય છે, તે પોતે કાંઈ દેવો નથી. તે તો સૂર્ય, ચંદ્ર વગેરે દેવોના વિમાનો છે.

આપણે જે જંબૂદ્વીપમાં રહીએ છીએ, તે જંબૂદ્વીપમાં કુલ બે સૂર્યવિમાનો અને બે ચંદ્રવિમાનો છે. દરેક ચંદ્રવિમાનની સાથે ૮૮ ગ્રહવિમાનો, ૨૭ નક્ષત્ર વિમાનો અને ઘણા તારા વિમાનો છે. તે દરેક વિમાનોમાં તે તે નામના દેવો વસે છે.

રૂપિયાનો સિક્કો થાળી જેવો સપાટ છે ને ? પણ જો તેને જમીન પર ઊભો રાખીને, એક આંગળીથી ધસરકો આપીને ફેરવવામાં આવે તો તે કેવો લાગે ? દડા જેવો ગોળને ?

બસ, તે જ રીતે આપણે જે પૃથ્વી ઉપર રહીએ છીએ તે પૃથ્વી પણ હકીકતમાં નારંગી કે દડા જેવી ગોળ નથી પણ થાળી જેવી સપાટ છે. વળી આપણી આ પૃથ્વી ફરતી નથી, પણ સ્થિર છે.

આપણી આ પૃથ્વી બરાબર મધ્યભાગમાં એક લાખ યોજન ઊંચો મેરુપર્વત આવેલો છે. તેની સપાટીને સમભૂતલા કહેવાય છે.

તે સમભૂતલાથી ૭૦૦ યોજન ઊંચાઈએ, મેરુ પર્વતની ચારે બાજુ તારાનાં વિમાનો ગોળ-ગોળ ફરે છે. ૮૦૦ યોજનની ઊંચાઈએ રહીને સૂર્યનાં વિમાનો, ૮૮૦ યો. ઊંચે રહીને ચંદ્રના વિમાનો, ૮૮૪ યો. ઊંચે રહીને નક્ષત્રનાં વિમાનો અને ૯૦૦ યો. સુધીની ઊંચાઈએ રહીને ગ્રહોનાં વિમાનો મેરુ પર્વતની ચારે બાજુ સતત ગોળગોળ ફર્યા જ કરે છે. અને તેનાં કારણે દિવસ - રાત, શિયાળો - ઉનાળો ચોમાસુ વગેરે થયા કરે છે.

વૈજ્ઞાનિકો પણ હવે તો કહી રહ્યા છે કે, ''જે સૂર્ય ગઈ કાલે દેખાયો હતો તે સૂર્ય આજે દેખાતો નથી. તે આવતીકાલે દેખાશે. પરમદિવસે દેખાયેલો સૂર્ય જ આજે દેખાય છે. આમ કુલ બે સૂર્ય છે. અને ચંદ્ર હજુ સુધી બે જ દેખાયા છે પણ ચાર હોવાની શક્યતા છે.'' આપણે વૈજ્ઞાનિકોને કહી શકીએ કે ચંદ્ર બે જ છે. માટે તમે ગમે તેટલી મહેનત કરો તો ય તમને ચાર ચંદ્ર દેખાવાના જ નથી. તમે તો બીજા સૂર્યને હવે જાણ્યો,

અમારા પરમાત્મા મહાવીરદેવે તો ૨૫૨૪ વર્ષ પૂર્વે જ અમને જંબૂદ્વીપમાં બે સૂર્ય અને બે ચંદ્ર છે, તેમ જણાવ્યું છે. અરે... ભૂતકાળમાં થયેલા અનંતા તીર્થંકરોએ અનંતકાળ પૂર્વે આ વાત જણાવી દીધી છે.

વિજ્ઞાન તો પ્રયોગો કરી કરીને સત્ય મેળવવા પ્રયત્ન કરે. છતાં ય તેને અંતિમ સત્ય મળે જ તેવો નિયમ નથી, જ્યારે પરમાત્મા તો યોગ દ્વારા સત્યો મેળવે. અને તે અનચેલેંજેબલ-અંતિમસત્ય જ હોય. તો પછી હવે તે પરમાત્માની વાત આંખ મીંચીને શું સ્વીકારી લેવી ન જોઈએ ?

જંબૂદ્વીપમાં ભલે બે ચંદ્ર, બે સૂર્ય છે.. પણ અઢી દ્વીપમાં કુલ ૧૩૨ ચંદ્ર અને ૧૩૨ સૂર્ય છે. તે દરેક પોતાના પરિવાર સાથે મેરુપર્વતની આસપાસ ફર્યા કરે છે. માટે તેઓ ચર (અસ્થિર=હાલતા-ચાલતા) કહેવાય છે. અઢીદ્વીપની બહાર બીજા અસંખ્યાતા દ્વીપ-સમુદ્રો હોવાથી અસંખ્યાતા ચંદ્ર સૂર્ય વગેરે છે. પણ તેઓ ફરતા નથી પણ સ્થિર છે. માટે તેઓ અચર કહેવાય છે.

અઢી દ્વીપમાં જ સૂર્ય ચંદ્ર ફરતા હોવાથી રાત્રિ-દિવસ વગેરે સમય વ્યવહાર છે. અઢીદ્વીપની બહાર તો સ્થિર સૂર્ય-ચંદ્ર હોવાથી ત્યાં હંમેશા દિવસ જ હોય.

આમ, ચર (અસ્થિર) અને અચર (સ્થિર) એમ બે બે પ્રકારના સૂર્ય-ચંદ્ર-ગ્રહ-નક્ષત્ર-તારા હોવાથી ૨x૫=૧૦ પ્રકારના જ્યોતિષ્ક દેવો થયા.

આ જ્યોતિષ્ક દેવો સમભૂલાથી ૭૯૦થી ૯૦૦ યોજન સુધીના ૧૧૦ યોજનમાં છે. તેથી તેઓ તિર્ચ્છાલોકમાં ગણાય.

આ જ્યોતિષ્ક દેવોમાં સૂર્ય અને ચંદ્ર; એ બે ઈન્દ્રો છે. આ દેવો ગમે ત્યાં જવું હોય તો નવું વિમાન બનાવીને, તેમાં બેસીને જાય છે. તે વખતે પણ તેમનાં મૂળ વિમાનો તો આકાશમાં ફરતા જ રહે છે. જેથી દિવસ-રાત અને ઋતુનો વ્યવહાર ચાલુ રહે છે. પણ પરમાત્મા મહાવીરદેવના સમવસરણમાં આ સૂર્ય-ચંદ્ર, પોતાના મૂળવિમાન સાથે જ આવી ગયા હતા. તે આ એક આશ્ચર્ય બની ગયું જાણવું.

જ્યોતિષ્ક દેવોના વિમાનોમાં પણ શાશ્વત જિનાલયો છે. જેને રોજ વંદના કરવી જોઈએ.

મિત્રો ! તમારામાંથી ઘણા સુદ બીજના દિને ચંદ્રના દર્શન કરતા હશે ! કારણ કે ચંદ્રના વિમાનમાં જ્યાં શાશ્વતા જિનના જિનાલયો છે, તે ભાગ આપણને બીજના ચંદ્રના રૂપે દેખાય છે; તેવું સાંભળવા મળે છે. બીજના દિને ત્યાં રહેલા ઋષભ-ચંદ્રાન-વારિષેણ અને વર્ધમાનસ્વામી નામના ચારે જિનને અવશ્ય વંદના કરવી.

# ૧૦


# અનેકમાંથી એક

**વૈમાનિક દેવો :** વિમાનમાં ઉત્પન્ન થનારા દેવો તે વૈમાનિક દેવો.

મેરુપર્વતની સમભૂતલાથી ૯૦૦ યોજન ઉપર જઈએ એટલે તિર્ચ્છાલોક પૂર્ણ થાય અને ઉર્ધ્વલોક શરૂ થાય. આ ઉર્ધ્વલોકમાં વૈમાનિક દેવો વસે છે.

**બાર દેવલોક :** ગ્રહોના વિમાનોથી ઘણા ઊંચે જઈએ ત્યારે એક રાજલોક પૂર્ણ થાય. પછી તરત પહેલા-બીજા દેવલોકના વિમાનો બાજુ-બાજુમાં આવેલા છે. તે બંનેની ઉપર તે જ રીતે બાજુ-બાજુમાં ત્રીજા-ચોથા દેવલોકનાં વિમાનો આવેલા છે. તેની ઉપર-ઉપર ક્રમશઃ પાંચમા-છઠ્ઠા-સાતમા અને આઠમા દેવલોકના વિમાનો આવેલા છે. તેની ઉપર બાજુ-બાજુમાં નવમા-દસમા દેવલોકના વિમાનો છે. અને તેની ઉપર તે જ રીતે બાજુ-બાજુમાં ૧૧-૧૨ દેવલોકના વિમાનો આવેલા છે. તે વિમાનોમાં જે દેવો ઉત્પન્ન થાય છે, રહે છે, સુખ અનુભવે છે; તે બધા વૈમાનિક દેવો કહેવાય છે.

**ઉર્ધ્વલોક**




આ બારે દેવલોકના નામ અનુક્રમે (૧) સૌધર્મ (૨) ઈશાન (૩) સનત્કુમાર (૪) મહેન્દ્ર (૫) બ્રહ્મલોક (૬) લાંતક (૭) મહાશુક્ર (૮) સહસ્રાર (૯) આનત (૧૦) પ્રાણત (૧૧) આરણ અને; (૧૨) અચ્યુત દેવલોક છે. દરેક દેવલોકમાં સકલતીર્થમાં જણાવ્યા પ્રમાણે બત્રીસ લાખ વગેરે વિમાનો છે. જેમાં રહેલા શાશ્વતા જિનાલયમાં રહેતા શાશ્વતા ભગવંતને વંદના કરીએ.

આ બાર દેવલોકમાંથી એકથી-આઠ દેવલોક સુધી દરેકમાં એકેક ઈન્દ્ર છે; જ્યારે ૯-૧૦ દેવલોકનો એક અને ૧૧-૧૨ દેવલોકનો એક ઈન્દ્ર છે. માટે વૈમાનિકમાં કુલ ૧૦ ઈન્દ્રો છે.

**નવ લોકાન્તિક દેવો :**

તીર્થંકર પરમાત્માને દીક્ષા લેવાનું એક વર્ષ બાકી હોય ત્યારે નવ લોકાંતિક દેવો આવીને પરમાત્માને 'જય જય નંદા, જય જય ભદ્દા' કહીને સંસાર સમુદ્રમાં ડૂબતા જીવોને તારનારું શાસન નામનું નાવડું તરતું મૂકવા વિનંતિ કરે છે. તરત જ

પરમાત્મા વરસીદાન આપવાનો પ્રારંભ કરે છે. ૩,૮૮,૮૦,૦૦૦૦૦ સોનૈયાનું પરમાત્મા દાન કરે છે. અને પછી પરમાત્મા દીક્ષા લે છે.

જો લોકાંતિક દેવો વિનંતી કરે તો જ ભગવાન દીક્ષા લે, નહિ તો ન લે; તેવું નથી. પણ જેમ જમાઈરાજ ઘરે આવવાના નક્કી હોય; તમે સ્ટેશને લેવા જાવ કે ન જાવ, તો ય ઘરે આવવાના જ હોય છતાં ય તેમને લેવા જવાનો એક વ્યવહાર છે, તેમ પરમાત્મા સ્વયં બોધ પામીને દીક્ષા સ્વીકારવાના હોવાં છતાં ય લોકાન્તિક દેવોનો આ એક આચાર છે કે પરમાત્માને તેમની દીક્ષાના એક વર્ષ પહેલા ઉપરોક્ત વિનંતી કરવી.

આ દેવોને હવે પછી સંસારમાં એક-બે ભવ જ કરવાના બાકી હોવાથી તેઓ લોક (સંસાર) ના અંતે આવી ગયા કહેવાય; માટે તેમને લોકાન્તિક દેવો કહેવાય છે. તેઓ નવ પ્રકારના છે. પાંચમા બ્રહ્મલોક નામના દેવલોકની જમણી બાજુ આવેલા અરિષ્ટ નામના પ્રતર ઉપર તેમના વિમાનો આવેલાં છે.

**ત્રણ કિલ્બિષિક દેવો :**

પેલા કુમારનંદી સોનીની તો ખબર છે ને ? પાંચસો પાંચસો સ્ત્રીઓને પરણવા છતાંય એ ધરાયો નહોતો. દેવાંગનાઓના રૂપદર્શને તે લપટાયો હતો. હાસા અને પ્રહાસા નામની દેવીઓના કહેવાથી, તેમને મેળવવા તે જીવતો બળી મર્યો. અને દેવલોકમાં દેવ પણ બન્યો. પણ અફસોસ ! એ લટકી પડ્યો ! એના લમણે ઢોલી તરીકેની સર્વિસ ટીચાણી. ધરતીની સ્ત્રીઓ ગુમાવી બેઠો અને આકાશની અપ્સરાઓ પણ હાથ ન લાગી !

ભૂતકાળનો તે શ્રીમંત હવે ઢોલી બનવા તૈયાર શેં થાય ? ઢોલ ગળામાં નાંખી વગાડવા તૈયાર ન થયો તો ઢોલ સામેથી ગળામાં આવીને વળગ્યું. વગાડ્યા સિવાય છૂટકો તેનો થાય તેમ નહોતો.

બિચારો ઢોલ વગાડતો વગાડતો દિનરાત પુસાર કરે. અંદર વાસનાઓથી જલ્યા કરે. આમથી તેમ અથડાયા કરે. પણ ભાગ્ય તેનું હજુ જાગતું હશે. જેથી કો'ક દિ મિત્રદેવ મળી ગયો. એણે આને સમજાવ્યો. ભાઈ ! દેવીઓના દર્શન રહેવા દે, તેને બદલે હવે દેવાધિદેવના દર્શન કર. તેથી તારા ચિત્તમાં શાંતિ થશે. અશાંતિ દૂર થશે. પ્રભુના દર્શને ખરેખર તેને શાંતિ મળી. તેનું જીવન ઉગરી ગયું.


આ કુમારનંદી સોની કિલ્બિષિક દેવલોકમાં ઉત્પન્ન થયો હતો, માટે પરાણે તેના ગળામાં ઢોલક આવી જતું હતું. જેમ આપણી દુનિયામાં વાઘરી ચંડાલ વગેરે જેવા હલકા માનવો વસે છે, તેમ દેવલોકની દુનિયામાં પણ તેવા હલકા કામ કરનારા હલકા દેવો છે. તે દેવો કિલ્બિષિક દેવ તરીકે ઓળખાય છે.

પહેલા-બીજા દેવલોક નીચે, ત્રીજા દેવલોક નીચે અને છઠ્ઠા દેવલોક નીચે; એમ ત્રણે સ્થળે કિલ્બિષિક દેવોને રહેવા માટેનાં વિમાનો છે.

આપણી દુનિયામાં રાજા-મંત્રી-સેનાધિપતિ વગેરે કલ્પ (વ્યવસ્થા) જોવા કે સાંભળવા મળે છે, તેમ કેટલાક દેવલોકમાં પણ ઈન્દ્ર (રાજા), સામાનિક, (સલાહકાર), અનિકાધિપતિ (સેનાધિપતિ), ત્રાયસ્ત્રિંશક, (મંત્રી), લોકપાળ (કોટવાળ) વગેરે કલ્પો (વ્યવસ્થાઓ) જોવા મળે છે. આવી કલ્પ=વ્યવસ્થા જે જે દેવોમાં હોય તે દેવો કલ્પોપપન્ન દેવો કહેવાય છે.

બાર દેવલોક, નવ લોકાન્તિક અને ત્રણ કિલ્બિષિકમાં આવી વ્યવસ્થા છે. માટે ત્યાં ઉત્પન્ન થનારા ૨૪ પ્રકારના દેવોને કલ્પોપપન્ન દેવો કહેવામાં આવે છે.

**નવ ગ્રૈવેયક - પાંચ અનુત્તરનું ચિત્ર**




**નવ ગ્રૈવેયક :**

મિત્રો ! કેડે હાથ રાખીને, પગ પહોળા કરીને ઊભેલા મનુષ્યની આકૃતિવાળા ચૌદ રાજલોકને ફરી આપણે નજર સમક્ષ લાવીએ. તેમાં બાર દેવલોકની ઉપરના ભાગમાં, માણસનો ગળાનો જે ભાગ છે, ત્યાં ઉપરા ઉપરી વિમાનો આવેલાં છે. તે ગ્રીવા=ડોકના સ્થાને આવેલાં હોવાથી ગ્રૈવેયક દેવોનાં વિમાનો કહેવાય છે. તે નવ પ્રકારનાં છે.

અભવ્ય જીવો કદી પણ મોક્ષમાં જઈ શકે નહિ. છતાંય તેઓ સ્વર્ગની લાલચે પણ જો અણિશુદ્ધ ક્રિયાત્મક સાધુજીવન આરાધે તો વધુમાં વધુ આ નવમા નંબરના ગ્રૈવેયકમાં દેવ

બની શકે છે. પણ તેથી ઊંચે તો તેઓ કદી પણ જઈ શકે નહિ. આ નવ ગ્રૈવેયકમાં પણ ઈન્દ્ર-સામાનિક વગેરે કલ્પ નથી. તેથી અહીં વસનારા દેવો કલ્પાતીત દેવો કહેવાય છે.

આ નવ ગ્રૈવેયકમાં કુલ ૩૧૮ વિમાનો આવેલાં છે. દરેકમાં જિનેશ્વર ભગવંતના જિનાલયો આવેલાં છે. તેમને આપણે વંદના કરીએ.

**પાંચ અનુત્તર :**

નવગ્રૈવેયકની ઉપર ચારે દિશામાં વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત નામના એકેક વિમાન આવેલાં છે અને મધ્યના ભાગમાં સર્વાર્થસિદ્ધ નામનું એક લાખ યોજન વિસ્તારવાળું વિમાન આવેલું છે.

વિજયાદિ વિમાનમાં ઉત્પન્ન થનારા દેવોને હવે સંખ્યાતા જ ભવ કરવાના બાકી હોય છે. જ્યારે સર્વાર્થસિદ્ધ વિમાનમાં જનાર દેવ પછીથી એક વાર જ માનવભવ લઈને નિશ્ચે મોક્ષે જાય છે. તેઓ એકાવતારી હોય છે.

આ પાંચે વિમાનોને અનુત્તર વિમાન કહેવાય છે. કારણ કે આની ઉત્તરમાં = પછી હવે એક પણ વિમાન નથી. સર્વાર્થસિદ્ધ વિમાનની બાર યોજન ઉપર સિદ્ધશીલા (મોક્ષ) આવેલી છે. જેમાં અનંતા સિદ્ધ ભગવંતો શાશ્વતકાળ માટે અનંત આનંદમાં લીન છે.

પાંચે અનુત્તરવાસી દેવો સમ્યક્ત્વી હોય છે. તેમનામાં પણ ઈન્દ્ર-સામાનિક વગેરે વ્યવસ્થા = કલ્પ નથી.

આમ નવગ્રૈવેયકના અને પાંચ અનુત્તરના દેવો ઈન્દ્રાદિ કલ્પથી રહિત હોવાથી કલ્પાતીત દેવો કહેવાય છે.

ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષ્ક દેવો તો બધા કલ્પોપપન્ન જ છે. પણ વૈમાનિકમાં બાર દેવલોક + નવ લોકાંતિક + ત્રણ કિલ્બિષિક; એ ચોવીસ પ્રકારના દેવો પણ કલ્પોપપન્ન છે; જ્યારે નવગ્રૈવેયક અને પાંચ અનુત્તર; એ ચૌદ પ્રકારના દેવો કલ્પાતીત છે.

આમ, ચોવીસ કલ્પોપપન્ન અને ચૌદ કલ્પાતીત મળીને વૈમાનિક દેવોના આડત્રીસ ભેદો થયા.

મિત્રો ! ભલેને આ દેવોને વિમાનમાં રહેવાનું મળતું હોય ! ભલેને તેમની મોજડી રત્નોની બનેલી હોય ! તેઓ જાત જાતનાં રૂપો બનાવી શકતા હોય તે ય શું થયું ? તેઓમાં ગમે તેટલી શક્તિ હોવા છતાં ય તેઓમાંનો મોટો ભાગ (મિથ્યાદૃષ્ટિ દેવોનો) સુખી તો નથી, નથી ને નથી જ.

તેઓને એકબીજાની ઈર્ષ્યા સતાવતી હોય છે. તેઓ એકબીજાની દેવીઓને ઉપાડી જતાં હોય છે. મારામારી કરે છે. દેવી મરી જતાં ઝૂરી ઝૂરીને રડે છે.

વળી, જે દેવો સમ્યગ્દૃષ્ટિ છે; તેઓ ય કાંઈ સુખી નથી. એમને તો માનવભવ પામવાની જ ભાવના હોય છે. દેવલોકમાં તો મુનિ-જીવન છે જ નહિ. એટલે તેના

વિયોગની તેમને પીડા રહેતી હોય છે. આથી તેઓ પુષ્કળ ભોગસામગ્રી વચ્ચે ય ઉદાસીનપણે રહે છે.

મિત્રો ! હવે તમે સારી રીતે સમજી ગયા હશો કે આ દુનિયામાં મોક્ષના જીવ જેવો કોઈ સુખી નહીં. અને શારીરિક રીતે નરકના જીવ જેવો કોઈ દુઃખી નહીં. તેવો મહાદુઃખી નારકીનો જીવ પણ સુખી થઈ જાય છે; ભગવાનનું કલ્યાણક થતાં અને..

...જન્મ કલ્યાણકે તો ચોસઠઈન્દ્રો. પ્રભુજીનો જન્મ મહોત્સવ ઉજવવા પહોંચી જાય છે ગિરિરાજ મેરુ ઉપર ! તે ચોસઠ ઈન્દ્રોને તમે જાણો છો ? તે છે -

**૬૪ ઈન્દ્રો**

| | |
|---|---|
| દસ ભવનપતિ દેવો : દરેકના બે - બે ઈન્દ્રો | ૨૦ ઈન્દ્રો |
| આઠ વ્યંતર દેવો : દરેકના બે-બે ઈન્દ્રો | ૧૬ ઈન્દ્રો |
| આઠ વાણવ્યંતર દેવો : દરેકના બે-બે ઈન્દ્રો | ૧૬ ઈન્દ્રો |
| જ્યોતિષ્ક દેવોમાં માત્ર બે જ ઈન્દ્રો : સૂર્ય અને ચંદ્ર | ૨ ઈન્દ્રો |
| એક થી આઠ દેવલોકના દરેકનો ૧-૧ ઈન્દ્ર | ૮ ઈન્દ્રો |
| નવમા-દસમા દેવલોકનો એક ઈન્દ્ર અને<br>અગિયારમા-બારમા દેવલોકનો એક ઈન્દ્ર | ૨ ઈન્દ્રો<br>કુલ : ૬૪ ઈન્દ્રો |

આ ચોસઠ ઈન્દ્રોની સાથે તેઓના પરિવારના અગણિત દેવો પણ પ્રભુનો જન્મ મહોત્સવ વગેરે ઉજવે છે. તે દેવોના પ્રકારો તો તમે શીખી જ ગયા છો ને ? ચાલો, ફરી યાદ કરી લઈએ.

**દેવોના ભેદો**

| | |
|---|---|
| **ભવનપતિ** : દસ અસુરકુમારાદિ + પંદર પરમાધામી | ૨૫ |
| **વ્યંતર** : આઠ વ્યંતર + આઠ વાણવ્યંતર + દસ તિર્યગ્જૃંભક | ૨૬ |
| **જ્યોતિષ્ક** : સૂર્ય-ચન્દ્ર-ગ્રહ-નક્ષત્ર-તારા, પાંચ ચર + પાંચ અચર | ૧૦ |
| **વૈમાનિક** : કલ્પોપપન્ન ચોવીસ + કલ્પાતીત ચૌદ | ૩૮ |
| કુલ | ૯૯ |
| ૯૯ પર્યાપ્તા + ૯૯ અપર્યાપ્તા = કુલ ૧૯૮ | |

નરકના જીવોની જેમ દેવોનું પણ વધારેમાં વધારે આયુષ્ય તેત્રીસ સાગરોપમનું હોય છે, જ્યારે ઓછામાં ઓછું દશ હજાર વર્ષનું હોય છે. પર્યાપ્તિઓ પૂરી કર્યા પહેલાં તો તેઓ મરતાં જ ન હોવાથી બધા દેવો લબ્ધિ પર્યાપ્તા હોય છે.

પણ... પર્યાપ્તિઓ પૂરી થતાં જુદો જુદો સમય લાગે છે. તેથી આ નવ્વાણું પ્રકારના દેવો પણ જ્યાં સુધી પર્યાપ્તિઓ પૂરી ન કરે ત્યાં સુધી કરણ અપર્યાપ્તા અને પૂરી કરી દે પછી કરણ પર્યાપ્તા કહેવાય છે. આમ, કરણ અપર્યાપ્તા નવ્વાણું પ્રકારના દેવો અને કરણ પર્યાપ્તા નવ્વાણું પ્રકારના દેવો મળીને દેવોના કુલ એકસોઅઠ્ઠાણું ભેદો થાય; તે તો હવે તમે સમજી જ ગયા હશો.

ચાલો મિત્રો ! તમને નવું કાંઈ જણાવું તે પહેલા અત્યાર સુધી તમે જે કાંઈ વાંચી ગયા, તેનું પુનરાવર્તન કરી લઈએ.

| સંસારી જીવોના ૫૬૩ ભેદ | |
|---|---|
| દેવગતિના - ૧૯૮ ભેદ | ૧૯૮ |
| નરકગતિના - ૧૪ ભેદ | ૧૪ |
| મનુષ્યગતિના -૩૦૩ ભેદ (૨૦૨ ગર્ભજ + ૧૦૧ સંમૂર્છિમ મનુષ્યોના) | ૩૦૩ |
| તિર્યંચગતિના - ૪૮ ભેદ | ૪૮ |
| કુલ | ૫૬૩ |

મિત્રો ! આપણો આત્મા તો એક છે. તે એક સિદ્ધ ભગવાન થવા સર્જાયેલો છે. પણ પેલા કર્મો જ્યાં સુધી એને વળગીને પડ્યાં છે ત્યાં સુધી તેને એક થવા જ નથી દેતા ! આત્મા છે સ્વતંત્ર ! છતાં કર્મોએ તેને બિચારો બનાવી ચારે ગતિમાં રખડાવી એકમાંથી બનાવી દીધો છે અનેક ! ચોર્યાસી લાખ યોનિમાં ભટકાવી એક એવા આત્માને પાંચસો ત્રેસઠ પ્રકારના જીવ રૂપે બનાવી દે છે.

મોક્ષમાં જવું હોય તો પાછા અનેકમાંથી એક બનવું પડશે. પારકી પંચાત છોડી દેવી પડશે. પોતાના આત્માના ગુણો પ્રગટ કરવા ભગવાને બતાવેલ ધર્મની આરાધનામાં સખત પ્રયત્ન કરવો પડશે. સર્વ જીવો સાથે સ્નેહનો સંબંધ બાંધવો પડશે. તે માટે આજથી જ નીચેની વાતોનો અમલ શરૂ કરી દેવો જોઈએ.

★ જેમનો તમારા કરતાં વધારે વિકાસ થતો હોય, તેમની ઈર્ષ્યા કદી ન કરજો. તેમના ગુણોની ખૂબ ખૂબ પ્રશંસા કરજો. (પ્રમોદભાવ)

★ ઉપર પાંચસો ત્રેસઠ જીવોના ભેદો જણાવ્યા. તે દરેક જીવોની સાથે

મૈત્રીભાવ રાખજો. ક્યારેય કોઈની નિંદા ન કરજો. (મૈત્રીભાવ)

★ જે જીવો તમને દુ:ખી જણાય, તેઓની વહારે ધાજો. તેઓના દુ:ખે તમે પણ દુ:ખી બની જજો. તમારું હૈયું તેઓ પ્રત્યે સદાય કરુણાથી ભીનું રાખજો. (કરુણાભાવ)

★ અને જે જીવો પાપ ખૂબ કરતાં હોય, તમે સમજાવો છતાં ય સુધરતાં ન હોય; તેમના પ્રત્યે ધિક્કાર કે તિરસ્કાર તો કદી પણ ન કરતા. (માધ્યસ્થ્યભાવ)

જો આટલું કરશો ને... તો અનેકમાંથી એક બનતા જરાય વાર નહીં લાગે. અનેકમાંથી એક બનવા માટેની ભૂમિકા આ જ છે કે મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્યભાવથી આત્માને ખૂબ ભાવિત કરવો.

આ સંસારી જીવોના ૫૬૩ ભેદોને જુદા જુદા ૧૪ ભેદોમાં પણ ગોઠવવામાં આવે છે.

### જીવોના ચૌદ ભેદ

| | | | |
|---|---|---|---|
| ૧. | અપર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિય | ૮. | પર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિય |
| ૨. | અપર્યાપ્તા બાદર એકેન્દ્રિય | ૯. | પર્યાપ્તા બદર એકેન્દ્રિય |
| ૩. | અપર્યાપ્તા બેઈન્દ્રિય | ૧૦. | પર્યાપ્તા બે ઈન્દ્રિય |
| ૪. | અપર્યાપ્તા તેઈન્દ્રિય | ૧૧. | પર્યાપ્તા તે ઈન્દ્રિય |
| ૫. | અપર્યાપ્તા ચઉરિન્દ્રિય | ૧૨. | પર્યાપ્તા ચઉરિન્દ્રિય |
| ૬. | અપર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય | ૧૩. | પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય |
| ૭. | અપર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય | ૧૪. | પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય |

આર્યાવર્તની મોક્ષપ્રધાન સંસ્કૃતિની જ્યોત
ઘર ઘરમાં પ્રગટાવવા મથતું માસિક

**મુક્તિદૂત**

**ચિન્તક : પં. ચન્દ્રશેખર વિજયજી**

આજે જ ગ્રાહક બનો.

ત્રિવાર્ષિક લવાજમ રૂ.૧૦૦ આજીવન સભ્ય રૂ.૫૦૦

# અજીવ તત્ત્વ

**આ** દુનિયામાં આપણે ચારે બાજુ નજર કરીએ તો આપણને અનેક ચીજો દેખાય છે. જેમ કે મકાન, હોટલ, ટી.વી., કૂતરા, વાસણ, માણસ, બિલાડી, વીડીયો, ટેબલ, ખુરશી, વાંદરો, કીડી, વાંદો, બરફી, પેંડા વગેરે...

આ બધી વસ્તુઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરીશું તો આપણને ખ્યાલ આવશે કે આમાંથી કેટલીક વસ્તુમાં આત્મા નથી. આમાંથી કૂતરા, માણસ, બિલાડી, વાંદરો, કીડી, વાંદા વગેરેમાં આત્મા છે, જ્યારે તે સિવાયની ઉપર જણાવેલી વસ્તુઓમાં આત્મા નથી. આપણા શરીરની અંદર શરીરથી તદ્દન જુદો આત્મા છે, પણ શરીર પોતે આત્મા નથી. તે શરીર પોતે તો જડ છે. આત્માને ચેતન કહેવાય છે. જે ચીજો આત્મારૂપ નથી, ચેતનરૂપ નથી, તે તમામ ચીજોને જડ કહેવાય છે.

આમ, આ દુનિયામાં બે જ પ્રકારની ચીજો છે : (૧) ચેતન અને (૨) જડ.

એમાંથી આપણે ચેતન=જીવ તત્ત્વની વિચારણા કરી. હવે જડ તત્ત્વની વિચારણા કરીએ. તે જડતત્ત્વને અજીવતત્ત્વ પણ કહેવામાં આવે છે.

સમગ્ર વિશ્વમાં જડ વસ્તુઓ અનેક છે. તેનું લીસ્ટ બનાવી ન શકાય. છતાંય એકસરખા સ્વભાવને ધ્યાનમાં રાખીને તે અજીવતત્ત્વના મુખ્યત્વે પાંચ વિભાગ પાડવામાં આવ્યા છે. (૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય (૪) પુદ્ગલાસ્તિકાય અને (૫) કાળ.

આમ, આ જગતમાં પાંચ જડદ્રવ્ય અને એક આત્મારૂપ ચેતન દ્રવ્ય છે. તેથી આ જગતને ષડ્દ્રવ્યાત્મક પણ કહેવાય છે. આ છ દ્રવ્યના સ્વરૂપને સમજવું અત્યંત જરૂરી છે.

## (૧) ધર્માસ્તિકાય

આપણી પૃથ્વીથી સૂર્ય તો ઘણો દૂર છે. તેના કિરણને પૃથ્વી ઉપર આવતાં ઘણાં પ્રકાશવર્ષો લાગે છે. તે સૂર્યકિરણો આ પૃથ્વી ઉપર કોની સહાયથી આવે છે ?

માછલી તળાવમાં પોતાની શકિતથી જ તરે છે. જેનામાં તરવાની શકિત નથી તેવી ગાય કાંઇ પાણીમાં તરી શકતી નથી. પરન્તુ તળાવમાં પાણી જ ન હોય તો માછલી તરી શકે ખરી ? માછલીમાં તરવાની શકિત છે, તે વાત કબૂલ; પણ સાથે સાથે તરવા માટે માછલીને પાણીની સહાયની પણ તેટલી જ જરૂર છે તે વાત પણ તેટલી જ મહત્ત્વની છે.

૮-૧૦ ડબ્બા ખેંચીને તેમાં બેઠેલા મુસાફરોને અમદાવાદથી મુંબઇ પહોંચાડવાની શકિત એન્જિનમાં છે, તે વાત કબૂલ પણ પાટા (ટ્રેક્સ) જ ન હોય તો ? પાટામાં કાંઇ ટ્રેઇનને દોડાવવાની તાકાત નથી, તે તાકાત તો એન્જિનમાં જ છે; પરન્તુ પાટા તે એન્જિનને સહાય તો ચોક્કસ કરે જ છે.

તેમ, આ દુનિયામાં જે કોઈ જડ કે ચેતન પદાર્થો છે, તેમનામાં એક સ્થાનથી બીજા સ્થાને જવાની શકિત હોવા છતાં ય જો તેમને એક જડપદાર્થની સહાય ન મળે તો તેઓ જઈ શકતા નથી.

માછલીને જેમ તરવામાં પાણીની સહાયની જરૂર છે, એન્જિનને ટ્રેઇન દોડાવવામાં જેમ પાટાની સહાયની જરૂર છે, તેમ દુનિયાના તમામ જડ-ચેતન પદાર્થોને એક જગ્યાથી બીજી જગ્યાએ જવામાં કોઈ પદાર્થની સહાયની જરૂર છે. તે પદાર્થને શાસ્ત્રમાં ધર્માસ્તિકાયના નામથી ઓળખવામાં આવ્યો છે. સૂર્યનાં કિરણોને પણ આ ધરતી ઉપર આવવા આ ધર્માસ્તિકાય નામના પદાર્થની સહાય લેવી પડે છે.

જેમ રેલવેના પાટા જડ છે, તેમ આ ધર્માસ્તિકાય પણ જડ છે. વળી આ ધર્માસ્તિકાય તો અરૂપી છે. આપણી આંખોથી તો તે જોઈ પણ શકાતું નથી. પરન્તુ જો તે ન હોય તો આપણે એક ડગલું પણ ભરી શકીએ નહિ.

હવે તો વૈજ્ઞાનિકો પણ આ ધર્માસ્તિકાયને 'ઈથર' શબ્દથી સ્વીકારતા હોય તેમ લાગે છે.

આ ધર્માસ્તિકાય ચૌદે રાજલોકમાં ફેલાયેલ છે. ચૌદે રાજલોકમાં એક પણ પ્રદેશ એવો નથી કે જયાં આ ધર્માસ્તિકાય ન હોય.

વળી આ ધર્માસ્તિકાય એક જ અખંડ દ્રવ્ય છે. તેના ટુકડા થઈ શકતા નથી. ચૌદે રાજલોકમાં પથરાયેલું હોવાથી ધર્માસ્તિકાયનો આકાર (સંસ્થાન) પણ ચૌદ રાજલોક જેવો જ છે. આ ધર્માસ્તિકાયનો સ્વભાવ જડ અને ચેતન પદાર્થોને જો ગતિ કરવી હોય તો તેમાં સહાયક બનવાનો છે. ગતિ કરવાની શક્તિ કાંઈ ધર્માસ્તિકાયમાં નથી. તે શક્તિ તો જડ અને

ચેતન પદાર્થોમાં જ છે. પણ જો તે જડ અને ચેતન પદાર્થોને ગતિ કરવી હોય તો આ ધર્માસ્તિકાય દ્રવ્ય તેમને સહાય કરવાનું કામ કરે છે.

## (૨) અધર્માસ્તિકાય

આ દુનિયામાં ચારે બાજુ નજર કરીએ તો કેટલાક પદાર્થો ગતિશીલ દેખાય છે તો કેટલાક સ્થિર દેખાય છે.

ધર્માસ્તિકાય તો બધાને ગતિમાં જ સહાય કરે છે, પણ ગતિ કરતાં તે પદાર્થોને સ્થિર કરવામાં સહાય કોણ કરે ?

આ વિશ્વમાં રહેલા ચેતન પદાર્થો અને જડ પદાર્થોને એક સ્થાનકેથી બીજા સ્થાને ગતિ કરવામાં સહાય કરનારું ધર્માસ્તિકાય નામનું એક જડદ્રવ્ય જેમ છે, તેમ જડ અને ચેતન પદાર્થોને સ્થિર રહેવામાં સહાય કરનારું પણ એક બીજું જડદ્રવ્ય છે. જેનું નામ છે : અધર્માસ્તિકાય.

વૈશાખ માસના ધોમધખતા તાપમાં કોઈ માણસ આગળ વધી રહ્યો છે. ખૂબ થાકી ગયો છે. પસીનાના રેલા નીતરી રહ્યા છે. ઊભા રહીને થાક ખાવાની ઈચ્છા છે. ઊભા રહેવાની તેનામાં શક્તિ પણ છે. પરન્તુ તે ઊભા રહેવાની હિંમત કરતો નથી. કારણ કે નીચે ધરતી તપે છે અને ઉપર આકાશમાંથી સૂર્ય પુષ્કળ તાપ ઝીંકી રહ્યો છે.

તે રાહ જુએ છે કો'ક છાપરાની; કોઈક વૃક્ષની, કોઈક મકાનની. જો માથે છાંયો આપનાર કાંઈક મળી જાય તો ઊભો રહું.

અને થોડુંક આગળ વધતાં તેની નજરે એક વડલો આવ્યો. 'હાશ' કરીને તેની નીચે તે બેઠો.

ગતિ કરી રહેલો તે માનવ થોડાક સમય માટે વડલા નીચે સ્થિર થયો. વડલો ન આવ્યો ત્યાં સુધી તે સ્થિર નહોતો થતો અને વડલો આવતાં જ તે સ્થિર થયો; તેનું શું કારણ ? વડલો આવ્યા પહેલાં તેનામાં સ્થિર થવાની તાકાત નહોતી; તેવું તો ન કહી શકાય. તેથી માનવું જ રહ્યું કે વડલાએ તેને સ્થિર રાખ્યો નથી, સ્થિર તો તેણે જ રહેવું હતું. પણ વડલાએ તેને સ્થિર રહેવામાં સહાય કરી. જો વડલો ન આવ્યો હોત તો કદાચ તે હજુ ય આગળ વધત. બરોબર ને ?

બસ ! જેમ માણસને પોતાને સ્થિર થવું છે, છતાં સ્થિર થવામાં વડલાદિ કોઈ વસ્તુની સહાયની અપેક્ષા રહે છે, તેમ જીવ અને જડને

પોતાની શક્તિથી જ સ્થિર રહેવું હોવા છતાં તે સ્થિરતા માટે આ અધર્માસ્તિકાય નામના દ્રવ્યની સહાયની જરૂર છે.

આમ, ધર્માસ્તિકાયનું કાર્ય જો જીવ અને જડને ગતિ કરવામાં સહાય કરવાનું છે; તો અધર્માસ્તિકાયનું કાર્ય જીવ અને જડને સ્થિર રહેવામાં સહાય કરવાનું છે.

ધર્માસ્તિકાયની જેમ આ અધર્માસ્તિકાય પણ એક અખંડ દ્રવ્ય છે. તેના ટુકડા પડી શકતા નથી. ચૌદે રાજલોકમાં પ્રસરીને તે રહ્યું છે. તેનામાં નથી રૂપ કે નથી રસ, નથી ગંધ કે નથી સ્પર્શ. તે તો છે અરૂપી; આંખથી ન જોઈ શકાય તેવું. છતાંય સ્થિરતા પ્રાપ્ત કરવામાં જીવ અને જડને સહાય કર્યા જ કરે છે.

અહીં એક વાત ધ્યાનમાં રાખવી કે કોઈપણ જીવ કે જડ પદાર્થને ધર્માસ્તિકાય ગતિ કરવાની ફરજ પાડતું નથી કે અધર્માસ્તિકાય તેમને સ્થિર રાખવાની ફરજ પાડતું નથી.

પરન્તુ જ્યારે જીવ કે જડ પદાર્થને ગતિ કરવી હોય ત્યારે ગતિ કરવામાં ધર્માસ્તિકાય સહાય કરે છે અને સ્થિર રહેવું હોય ત્યારે તેમને સ્થિર રહેવામાં અધર્માસ્તિકાય સહાય કરે છે.

ધર્માસ્તિકાયની જેમ અધર્માસ્તિકાય પણ ચૌદ રાજલોકમાં છે; પણ ચૌદ રાજલોકની બહાર ક્યાંય નથી.

મનુષ્યભવ પ્રાપ્ત કરીને આપણા આત્માનો પુરુષાર્થ એક માત્ર મોક્ષને પ્રાપ્ત કરવાનો હોવો જોઈએ. તે મોક્ષને પ્રાપ્ત કરાવનારી જે કોઈ સાધનાઓ હોય તેમાં આપણે દત્તચિત્ત બનવું જોઈએ. આવી ભવ્યતમ સાધનાના પ્રતાપે જ્યારે આત્મા સર્વ કર્મોથી મુક્ત થાય છે ત્યારે તે મોક્ષમાં જાય છે.

મોક્ષ આપણા મનુષ્યલોકથી સાત રાજલોક ઉપર છે. કર્મ રૂપી ભારથી રહિત થવાના કારણે હળવો બનેલો આત્મા સ્વાભાવિક રીતે સીધી લીટીમાં ઉપર ગતિ કરે છે. ઉપર જવામાં ધર્માસ્તિકાય તેને સહાય કરે છે.

પણ ઉપર ગતિ કરતાં કરતાં જ્યાં ચૌદ રાજલોકની ટોચ આવે છે ત્યાં પહોંચેલો આત્મા હવે આગળ ગતિ કરી શકતો નથી. કારણ કે ગતિ કરવામાં સહાય કરનારું આ ધર્માસ્તિકાય દ્રવ્ય ચૌદ રાજલોકમાં જ છે પણ ચૌદ રાજલોકની બહાર નથી. અત્યંત શુદ્ધ બનેલો આત્મા ઉપર જતાં જતાં,

છેલ્લે જ્યાંથી વધુ આગળ જઈ શકતો નથી, તે જ મોક્ષ છે.

હવે આગળ ધર્માસ્તિકાય ન હોવાથી આત્મા અહીં સ્થિર થઈ જાય છે. તેને સ્થિર થવામાં ત્યાં રહેલું અધર્માસ્તિકાય સહાય કરે છે.

શુદ્ધ આત્માનો સ્વભાવ ઉપર જ જવાનો હોવાથી, મોક્ષમાંથી નીચે આવતો નથી. હા, જે આત્મા શુદ્ધ નથી થયો, પણ કર્મો વળગેલા હોવાને કારણે ભારે બનેલો છે, તે આત્મા મૃત્યુ પામીને ઠેઠ નીચે સાતમી નરક સુધી પણ જાય છે.

તુંબડું તળાવમાં નાંખો તો તે ઉપલી સપાટી ઉપર જ તરે. તેને પાણીમાં ગમે તેટલી વાર ડૂબાડો તો ય ફરી પાછું તે ઉપલી સપાટી ઉપર આવી જ જાય. પરન્તુ, જો ઉપર માટીનો લેપ લગાવીને તે તુંબડાને વજનદાર બનાવ્યું હોય તો તે તુંબડું તરવાને બદલે પાણીમાં ડૂબી જ જાય.

ડૂબતા એવા તુંબડા ઉપર રહેલો માટીનો લેપ પાણીના કારણે ધીમે ધીમે દૂર થતાં જ્યારે બધો જ દૂર થઈ જાય ત્યારે આપણે કાંઈપણ પ્રયત્ન ન કરીએ તો ય તે તુંબડું પાછું ઉપર આવવા લાગે અને તરવા લાગે. બરોબર ને ?

બસ, તે જ રીતે, કર્મોના ભારથી ભારે બનેલો તુંબડા જેવો આપણો આત્મા જુદી જુદી સાંસારિક ગતિઓમાં ડૂબ્યા કરે છે. પણ જ્યારે ધર્મ આરાધનાના પ્રભાવે માટીના લેપ જેવો કર્મોનો લેપ દૂર થાય છે ત્યાં જ આત્મા પોતાના સ્વભાવથી જ સીધો ઉપર જવા લાગે છે. આગળ ધર્માસ્તિકાય ન હોવાથી ચૌદ રાજલોકના સૌથી ઉપરના છેડે સ્થિર થઈ જાય છે.

## (૩) આકાશાસ્તિકાય :

જડ અને ચેતન પદાર્થો જ્યાં ગતિ કે સ્થિરતા કરે છે, તેનું નામ આકાશાસ્તિકાય છે. (આપણે વ્યવહારમાં જેને આકાશ તરીકે ઓળખીએ છીએ.)

આ આકાશાસ્તિકાય નામનો પદાર્થ માત્ર ચૌદ રાજલોકમાં છે; તેવું નહિ. તે જેમ ચૌદ રાજલોકમાં છે, તેમ ચૌદ રાજલોકની બહાર પણ છે. સર્વત્ર ફેલાયેલો આ જડપદાર્થ છે.

પરન્તુ આ આકાશાસ્તિકાય નામના એક અખંડ પદાર્થના જેટલા ભાગમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરે પદાર્થો રહેલા છે, તેટલા ભાગને લોકાકાશ કહેવાય છે. તેના ચૌદ ભાગ પાડ્યા હોવાથી તે 'ચૌદ રાજલોક' નામથી પણ પ્રસિદ્ધ છે.

આ આકાશાસ્તિકાય પદાર્થના જે ભાગમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરે પદાર્થો રહ્યા નથી. તે ભાગને અલોકાકાશ કહેવાય છે. આ અલોકાકાશ અનંત છે. તેનો કોઈ છેડો છે જ નહિ. લોકાકાશ (ચૌદ રાજલોક) કરતાં ય તે અનંતગણું મોટું છે.

આ અલોકાકાશમાં ધર્માસ્તિકાય કે અધર્માસ્તિકાય ન હોવાથી કોઈપણ આત્મા કે આપણી નજરે દેખાતી કોઈ વસ્તુઓ છે જ નહિ. કારણ કે ત્યાં ગતિ કે સ્થિરતામાં તેઓને સહાય કોણ કરે ?

આ આકાશાસ્તિકાયને પણ રૂપ, રસ ગંધ કે સ્પર્શ નથી. તે અરૂપી છે. જો જીવ કે જડ પદાર્થને ગતિ કે સ્થિરતા કરવી હોય તો તેમને તે માટે અવકાશ (જગ્યા) આપવાનો આકાશાસ્તિકાયનો સ્વભાવ છે.

| પદાર્થ | દ્રવ્ય | ક્ષેત્ર | કાળ | ભાવ | સ્વભાવ |
|---|---|---|---|---|---|
| ધર્માસ્તિકાય | ૧ | ચૌદ રાજલોક | અનાદિ-અનંત | અરૂપી | ગતિમાં સહાય |
| અધર્માસ્તિકાય | ૧ | ચૌદ રાજલોક | અનાદિ-અનંત | અરૂપી | સ્થિતિમાં સહાય |
| આકાશાસ્તિકાય | ૧ | લોકાલોક | અનાદિ-અનંત | અરૂપી | જગ્યા આપવાનો |


**પૂ. પં. શ્રી ચન્દ્રશેખર વિ.મ.સાહેબના**
**પુસ્તકોનો આખો સેટ ઘર-ઘરમાં વસાવી લો**

આજ સુધી આ પુસ્તકોએ સેંકડો યુવાનોના અને યુવતીઓના જીવનોના પરિવર્તનો કર્યાં છે આપના ઘરમાં આ સેટ પડ્યો હશે તો ક્યારેક કોઈનું પણ જીવન પ્રકાશ... પ્રકાશની બૂમો પાડતું અંધકારમાંથી સદા છૂટકારો પામી જશે.

નાનકડું મૂલ્ય અને જીવન-પરિવર્તનનો અમૂલ્ય લાભ.

# ૧૨
# પુદ્ગલાસ્તિકાય

ઘરે મહેમાન આવ્યા છે. મીઠો આવકાર આપ્યા બાદ તેમના માટે બાબા પાસે ચા મંગાવી.

બાબો કપ-રકાબીમાં ચા લઈને આવી રહ્યો છે. અચાનક તેના હાથમાંથી કપ પડી ગયો, ફૂટી ગયો. તેવા સમયે તમારી શું હાલત થાય?

ધારો કે અગત્યના કાગળોની એક ફાઈલ તમારા ટેબલ ઉપર પડી છે. લાઈટ જતાં મીણબત્તીનો પ્રકાશ ફેલાઈ રહ્યો છે. ત્યાં જ રમતી રમતી તમારી બેબીનો હાથ અચાનક મીણબત્તીને લાગતા તે મીણબત્તી પડી ગઈ, તમારા અત્યંત અગત્યના કાગળોને આગ લાગતાં તે સળગી ગયા. તે સમયે શું થાય?

ઘણા સમયથી તમારી પત્ની જેના માટે વારંવાર કહ્યા કરતી હતી, તે લેટેસ્ટ સુંદર ઘડિયાળ ખરીદીને આજે તમે લઈ આવ્યા. તમારી ઘણી આવક તમે તેની પાછળ ખર્ચી છે. અને ઘડિયાળ દેખતા જ ગાંડીઘેલી બનેલી તમારી પ્રાણપ્યારી પત્ની હાથમાં લઈને તે ઘડિયાળને જોઈ રહી છે. અને ધારો કે ઘડિયાળ તેના હાથમાંથી છટકી. નીચે પડી. તૂટી ગઈ. તે વખતે શું થાય?

ઉપર જણાવ્યા તેવા અનેક પ્રસંગો જીવનમાં જ્યારે બને ત્યારે સમાધિ ટકે છે? મુખના ભાવો વિકૃત થતા નથી ને? ગુસ્સો તો આવતો જ નથી ને? મોઢામાંથી ઠપકો દેવાના શબ્દો સરી પડતા નથી ને?

કે પછી આ બધા કરતાં કંઈક વિપરીત પરિસ્થિતિનું સર્જન થાય છે?

૭૦ થી ૮૦ વર્ષનું મળ્યું છે આપણને આ માનવજીવન. સ્વજનો સાથે ગયા ભવમાં કોઈ સંબંધ હતો કે નહિ? તે જાણતા નથી. અને આવતા ભવમાં પાછો સંબંધ ચાલુ રહેશે કે કેમ? તેમાં પૂરી શંકા છે ત્યારે આ જીવનની પ્રત્યેક પળ શા માટે પ્રસન્નતામાં પસાર ન કરવી? નાની નાની બાબતમાં શા કાજે અકળાઈ જવું? મુખ ઉપરની મસ્તીને પુરબહારમાં કેમ ખીલવા ન દેવી?

અકળાઈ જવાય તેવા પ્રસંગોમાં પણ પ્રસન્નતા સાચવવી હોય, મુખ ઉપરની મસ્તી સદા ટકાવી રાખવી હોય, જીવનમાં દુઃખો આવવા છતાંય દુઃખી ન બનવું હોય; તમામ પરિસ્થિતિમાં આનંદમય રહેવું હોય તો જૈનશાસનના તત્ત્વજ્ઞાનને સમજી સમજીને જીવનમાં પચાવવું જોઈએ.

જો આપણે જીવ અને અજીવ તત્ત્વોનું સ્વરૂપ બરોબર સમજી લઈએ તો કોઈપણ પરિસ્થિતિમાં આપણી પ્રસન્નતા નંદવાય નહિ.

આત્મા અમર છે. તે છેદાતો નથી, ભેદાતો નથી, મરતો નથી, બળતો નથી, ખતમ થતો નથી તેવી જેને જાણ છે; તેનો એકનો એક જુવાનજોધ દીકરો મૃત્યુ પામે તો પણ તે અકળાતો નથી. છાતીફાટ રૂદન કરતો નથી, બેચેની કે ઉદ્વિગ્નતા તેના જીવનમાં આવતી નથી કારણ કે દીકરાના આત્માનું મૃત્યુ કદી થતું નથી; તેની તેને પાકી સમજણ છે.

તે જ રીતે અજીવતત્ત્વમાંના પુદ્‌ગલાસ્તિકાયના સ્વરૂપની સમજણ જેની પાસે આવી જાય, તેને પૂર્વે જણાવેલા એક પણ પ્રસંગમાં અકળામણ થાય જ નહિ.

આપણી નજરે આપણને જે જે જડ પદાર્થો દેખાય છે તે તમામ પુદ્‌ગલ છે. પુદ્ = પૂરણ. ગલ = ગલન. જેમાં પૂરણ અને ગલન થયા કરે તેનું નામ પુદ્‌ગલ.

જેમાં વધારો કે ઘટાડો થયા કરે, જેનામાં ફેરફાર થયા કરે, જે સડે, પડે, ખરે, નાશ પામે તે પુદ્‌ગલ. તે વિનાશી છે. તે કાયમ નહિ ટકનારું છે.

જેને પુદ્‌ગલના ઉપરોક્ત સ્વરૂપનું જ્ઞાન છે, તે વ્યક્તિના દીકરાથી કપ-રકાબી ફૂટી જાય તો તેને ત્રાસ નહિ થાય. તે મનમાં વિચારી લેશે કે આમાં કાંઈ નવું થયું જ નથી. પુદ્‌ગલે પોતાનો નાશ પામવાનો સ્વભાવ બતાડ્યો. 'સડન-પડન-વિધ્વંસન' એ પુદ્‌ગલના સ્વભાવો જ છે ને ?

અગત્યના કાગળો બળી ગયા કે કિંમતી ઘડિયાળ તૂટી ગઈ. મકાનને આગ લાગી કે દૂધ ફાટી ગયું, ભોજન બગડી ગયું કે કાચ ફૂટી ગયો, તમામ પરિસ્થિતિમાં પુદ્‌ગલના નાશવંત, વિનાશી, પરિવર્તનશીલ સ્વરૂપને નજરમાં લાવીને, તત્ત્વજ્ઞાની વ્યક્તિ મનનું સમાધાન કરી જ લેશે. પરિણામે બિહામણી પરિસ્થિતિ પણ તેને માટે સોહામણી જ રહેશે. મોઢા ઉપર સુસ્તી આવવાના બદલે તે આત્મમસ્તીમાં મસ્ત રહેશે. તેનું મુખ કરમાવાના બદલે પૂરબહાર ખીલેલું રહેશે. બેચેની-ઉદ્વિગ્નતા તો જોવા નહિ મળે પણ અફાટ પ્રસન્નતા તેના મુખ ઉપર પ્રસરતી હશે. આ પ્રભાવ છે તે તત્ત્વજ્ઞાની વ્યક્તિએ જીવનમાં પચાવેલાં જૈનશાસનના તત્ત્વજ્ઞાનનો.

આ વિશ્વમાં રહેલાં છ દ્રવ્યોમાં 'આત્મા' એ ચેતનતત્ત્વ છે. તે સિવાયના પાંચ જડ તત્ત્વો છે. તેમાં (૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય પછી નંબર આવે છે : આ પુદ્‌ગલાસ્તિકાયનો.

થાળી, વાટકી, ગ્લાસ, બેટ, બોલ, ભોજન વગેરે જે કાંઈ આપણી નજરે ચડે છે તે બધું જ પુદ્‌ગલ છે. આપણા આત્મા કરતાં તદ્દન જુદું તે જડતત્ત્વ છે. પરન્તુ આ જડતત્ત્વમાં મોહાઈને આપણા દ્વારા ડગલેને પગલે અનેક પાપો થઈ રહ્યાં છે.

સવારથી માંડીને રાત્રિ સુધી, આપણે જે કાંઈ પાપો કરીએ છીએ તે બધા આપણા શરીર માટે જ ને ? જો શરીર જ ન હોય તો કોઈ પાપો કરવાની જરૂર ઊભી થાય ખરી ?

આ શરીર એ મારી પોતાની વસ્તુ નથી. હું તો આત્મા છું. શુદ્ધ ચેતન દ્રવ્ય છું. અવિનાશી તત્ત્વ છું. કાયમ ટકવાનો છું. કદી મરવાનો નથી, પણ આ શરીર જે પુદ્‌ગલ છે; મારા સ્વભાવથી વિપરીત સ્વભાવવાળું વિનાશી દ્રવ્ય છે. તેની સાથે મારા આત્માને કાંઈ લાગતું વળગતું નથી. આ વાત આપણને જો બરોબર સમજાઈ જાય તો આ શરીરની ખાતર થતાં તમામ પાપો ઉપર આજે જ પૂર્ણવિરામ મૂકવાના આપણા પ્રયત્નો શરૂ થયા વિના ન રહે.

આ પુદ્‌ગલ દ્રવ્યમાં રૂપ પણ છે ને રસ પણ છે. ગંધ પણ છે ને સ્પર્શ પણ છે. વળી તે સતત પરિવર્તનશીલ છે. અનેક રૂપોને ધારણ કરનાર બહુરૂપી જેવું છે આ પુદ્‌ગલદ્રવ્ય.

ઘાસ (વનસ્પતિના શરીર)ના રૂપે રહેલું આ પુદ્‌ગલ દ્રવ્ય જો ગાયના પેટમાં પહોંચે તો કેટલાક કલાકો પછી તે દૂધનું રૂપ ધારણ કરે છે. મેળવણ તેમાં ઉમેરાતાં તે દહીંનું સ્વરૂપ સ્વીકારે છે. માખણમાં ફેરવાઈ જઈને ઘીનું રૂપ પણ તે પામે છે. અને તેમાંથી મીઠાઈ રૂપે બનીને માનવના શરીરમાં પહોંચીને વિષ્ઠા રૂપને પણ તે પ્રાપ્ત કરે છે. અને વિષ્ઠા રૂપે થયેલું તે ખાતરમાં રૂપાન્તર પામીને, ફરી કોક ઘાસ (વનસ્પતિ)ના શરીરપણાને તે ધારણ કરે છે.

ઘાસમાંથી પાછું ફરી ઘાસ બન્યું તે દરમ્યાન તે પુદ્‌ગલના રંગ કેટલા પલટાયા ? તેના સ્વાદમાં પણ જુદી જુદી અવસ્થામાં કેવા ધરખમ ફેરફાર થયા ? ઘડીકમાં તે સુગંધીદાર અવસ્થા પામ્યું તો ક્યારેક તે ભયંકર દુર્ગંધ ફેલાવનાર બન્યું. ક્યારેક તે લીસું બન્યું તો ક્યારેક તેણે બરછટપણું સ્વીકાર્યું. ક્યારેક તે ઠંડું બન્યું તો ક્યારેક તે ગરમ બન્યું; ક્યારેક તે ચીકાશ ભરપુર હતું. તો ક્યારેક તે રૂક્ષપણાને પામેલું હતું. આવાં અનેક પરિવર્તનો તેમાં આવ્યા જ કર્યાં. અને હજુ ય અનેક પરિવર્તનો તેમાં આવ્યા જ કરશે. જ્યારે સર્વ પુદ્‌ગલના રૂપ-રંગ રસ, ગંધ, સ્પર્શ સ્વભાવે જ પરિવર્તનશીલ

છે ત્યારે તેના સારાં રૂપ-રંગને જોઈને લલચાવાનું શા માટે? સારો સ્વાદ જાણીને લાલસા કરીને પાપ શા માટે બાંધવાના ? તેની સુગંધને જોઈને મોહાવાનું શા માટે ?

સ્ત્રીનું શરીર પણ છે તો પુદ્ગલ જ ને ? તેની ગુલાબી મોહક ચામડી જોઈને હવે તત્ત્વજ્ઞાનીને આકર્ષણ પેદા થાય જ શી રીતે ? તેના સુકોમળ સ્પર્શને પામવાનો તલસાટ પેદા થાય જ કેમ ? કારણ કે તેને તો સ્ત્રીના શરીરમાં ય પુદ્ગલના પલટાતાં સ્વરૂપો જ દેખાતાં હોય.

માત્ર સ્ત્રીના શરીરની જ વાત નહિ, દુનિયાના તમામ પૌદ્ગલિક પદાર્થોમાં તેનું મન વિરક્ત જ રહેતું હોય. ક્યાંય તેનું આકર્ષણ ન હોય. તે સદા સ્થિતપ્રજ્ઞ રહેતો હોય. તે ખાવામાં, પીવામાં, પહેરવામાં, ઓઢવામાં અનેક પુદ્ગલોનો ભોગવટો કરતો હોય; જરૂર પૂરતો ઉપયોગ પણ કરતો હોય, પરંતુ તેનો લાલચું તો તે કદી ન બને.

## સબ પુદ્ગલકી બાજી

આ સમયે મને યાદ આવે છે પેલા સુબુદ્ધિમંત્રીની; કે જેમને પુદ્ગલના આ સ્વરૂપનું જ્ઞાન કેટલું બધું સચોટ થઈ ગયું હતું.

એક નગરમાં રાજા સુંદર રીતે રાજ્ય કરતો હતો. તેને સુબુદ્ધિ નામનો અત્યંત ચકોર, સમજુ, શાણો અને જૈનશાસનના તત્ત્વજ્ઞાનને પામેલો મંત્રી હતો. ભારે કુશળતાથી વાત કરીને રાજાનું હિત સાધવામાં આ મંત્રી ખૂબ જ પાકો હતો.

પોતાના જન્મદિને જમવા માટે રાજાએ સુબુદ્ધિ સહિત અનેક સ્નેહી-સ્વજનોને નિમંત્રણ પાઠવ્યું.

જમતી વખતે મંત્રી સિવાયના તમામ લોકો જુદી જુદી વાનગીઓની ભરપેટ પ્રશંસા કરી રહ્યાં છે. પરન્તુ મંત્રી તો સ્થિતપ્રજ્ઞની જેમ માત્ર ભોજન કરી રહ્યા છે. એક પણ વાનગી માટે સારા કે નરસા શબ્દો તેમના મુખમાંથી નીકળતા નથી.

મંત્રીની આ ઉદાસીનતા રાજાથી સહન ન થઈ. તેમણે મંત્રીની પાસે આજના ભોજન અંગે અભિપ્રાય માંગ્યો.

ઠાવકા મુખે મંત્રી બોલ્યા, 'રાજન્ ! ઘણી ઉત્તમ વાનગીઓની અપેક્ષાએ આ વાનગીઓ હલકી ગણાય અને હલકી કક્ષાની વાનગીઓની અપેક્ષાએ આ વાનગીઓ ખૂબ જ સુંદર ગણાય !'

આવો વિચિત્ર જવાબ સાંભળીને રાજાને મંત્રી ઉપર ખૂબ ચીડ

ચડી. તે બોલ્યા, "મંત્રીને તો માત્ર રાજયના કામકાજમાં જ ખબર પડે. તે સિવાયની વાતમાં શું સમજણ પડે ? ભોજન અંગેનો અભિપ્રાય માંગીને મેં જ ભૂલ કરી છે."

મંત્રી તો મૂંગા મોંઢે આ વાત સાંભળી રહ્યાં.

ત્યારબાદ એકવાર રાજા અને મંત્રી બંને ઘોડા ઉપર બેસીને ફરવા નીકળ્યા. નગરનાં નાકે આખા ગામની બધી ખાળોનું પાણી ભેગું થયું હોવાથી અતિ ભયાનક દુર્ગન્ધ ત્યાં છૂટતી હતી. રાજાએ તો તરત ખિસ્સામાંથી રૂમાલ કાઢીને મોં ઉપર દાબી દીધો; પણ મંત્રીએ તેવું કશું ન કર્યું. રાજાએ મંત્રીને સવાલ કર્યો, "શું તમને આ દુર્ગન્ધ જરાય સ્પર્શતી નથી ? તમે કેવા માણસ છો ! તમારું નાક પણ કેવું વિલક્ષણ છે ?"

મંત્રીએ કહ્યું, "મને તો આ બધામાં કશું વિશેષ લાગતું નથી. જે છે તે બધું બરોબર છે."

રાજાએ કહ્યું; "તમે સુબુદ્ધિ નથી પણ સુબુદ્ધ છો. ઈન્દ્રિયોના ભોંગોના વિષયમાં તમે ખરેખર સાવ જડ અને ગમાર છો."

મંત્રીએ નાનકડું સ્મિત કર્યું. પણ આજે મંત્રીએ મનમાં ગાંઠ વાળી કે, "રાજાને કોઈક બોધ તો આપવો જ જોઈએ. નહિ તો આવા વિષયોમાં જ તેનું તન, મન અને જીવન ખતમ થઈ જશે."

મંત્રીએ ઘરે ગયા બાદ એક ઘડો ભરીને તે જ ગંદું પાણી માણસ પાસે મંગાવી લીધું. એની વાસ માથું તોડી નાખે તેટલી ભયંકર હતી.

આ પાણીના શુદ્ધિકરણ માટે વિવિધ તબક્કે મંત્રીએ પ્રયોગ શરૂ કર્યો. સહુ પ્રથમ તેણે તે ઘડાની નીચે અને તેની નીચે એમ કરીને આઠ ઘડા ગોઠવ્યા. પહેલા ઘડાનું એ ગંદુ અને ગંધાતું પાણી ટપકી ટપકીને બીજા ઘડામાં; બીજાનું ત્રીજા ઘડામાં; એમ છેલ્લે આઠમા ઘડામાં બધું પાણી પહોંચ્યું. આ રીતે પાણીને શુદ્ધ કર્યું. ત્યાર બાદ તેમાં કતકચૂર્ણ નાખીને તેનો રહ્યો-સહ્યો પણ સૂક્ષ્મ મેલ તળીએ બેસાડીને પાણી ગાળી લીધું. ત્યાર બાદ વિવિધ ઉપાયો કરીને તેને અત્યન્ત સુવાસિત બનાવ્યું.

પછી એક દિવસ મંત્રીએ રાજાને પોતાને ઘેર ભોજન માટે નિમંત્રણ આપ્યું. રાજા સપરિવાર આવ્યા.

વાનગીઓ પીરસાઈ; તે પાણી ભરીને દરેકની પાસે ગ્લાસ મુકાયો. ચારે બાજુથી એટલી બધી સુવાસ આવવા લાગી કે રાજાએ તેના ઉદ્‌ગમસ્થળની અટકળો કરી પણ એકેય કલ્પના સાચી ન પડી. તેણે મંત્રીને પૂછયું ત્યારે મંત્રીએ પાણીમાંથી સુવાસ આવતી જણાવી.

રાજાએ કહ્યું, "મંત્રીશ્વર ! જો તમારી પાસે આટલું બધું સુવાસિત, કોઈ કૂવાનું પાણી છે તો શા માટે તમે તે પાણી રોજ મારે ત્યાં મોકલતા નથી ?

"રાજન્ ! મારી પાસે એવો કોઈ કૂવો નથી કે ટાંકું નથી. નદીનું કોઈ ઝરણું મારા ખ્યાલમાં નથી, જેનું આ પાણી હોય." મંત્રીએ વાત કરી.

'તો પછી આ પાણી આવ્યું ક્યાંથી ?' રાજાએ પૂછ્યું.

"રાજન્ ! જો આપ મને અભયવચન આપો તો બધી વાત કરું." મંત્રીએ વિનંતિ કરી. રાજાએ તે માન્ય રાખતાં મંત્રીએ ગંધાયેલા પાણીની વાત કરી. રાજા તો તે વાત માની શક્યો જ નહિ કે અતિ ગંદું અને ગંધાયેલું પાણી કેટલાક સુ-આયોજિત પ્રયત્નોથી આટલું બધું સુવાસિત અને સુંદર બની જાય ! પણ અન્તે તો તેણે તે વાતનો સ્વીકાર કરવો જ પડ્યો.

મંત્રીએ કહ્યું, "રાજન્ ! કોઈ પણ પદાર્થ સારો લાગે કે ખરાબ ? એ આપણા મન ઉપર અવલંબે છે. સાકર તેની તે જ છે, પણ માણસને તે મીઠી લાગે છે તો ગધેડાને તે જ સાકર કડવી લાગે છે.

સંસારી જીવોને જે સ્ત્રી સુંદર જણાય છે તે જ સ્ત્રી સાધુ-સંતોને ગંદકીથી ઊભરાયેલી ગટર સમાન બદસુરત લાગે છે.

આમ, દુનિયાની દરેક વસ્તુ કોઈક અપેક્ષાએ સારી લાગે છે, તો કોઈક અપેક્ષાએ કોકને ખરાબ પણ લાગે છે. માટે જ આપના જન્મદિને ગોઠવાયેલા ભોજનસમારંભમાં મેં ભોજનને સાપેક્ષ રીતે સારું-ખરાબ બંને કહેલ.

રાજન્ ! બીજી મહત્ત્વની બાબત એ છે કે દરેક જડ વસ્તુ અસલમાં પુદ્ગલદ્રવ્ય રૂપ છે. જુદી જુદી અવસ્થામાં તે પુદ્ગલ દ્રવ્ય સારું કે ખરાબ આપણને લાગે છે.

આમ, સારા કે ખરાબ જણાતા તે તે વસ્તુના ભાવો તો તે પુદ્ગલ દ્રવ્યના ક્ષણજીવી પર્યાયો છે. તે કાંઈ કાયમ ટકતાં નથી. ક્ષણમાં તદ્દન વિપરીતપણાને પણ ધારણ કરે છે.

પાણી અસલમાં ગંદુય નથી કે સારુંય નથી. પાણી એ માત્ર પાણી (પુદ્ગલ) છે. પરન્તુ ક્યારેક તેનો ગંદો પર્યાય બને છે તો ક્યારેક પ્રયત્ન કરાતા તે જ પાણી સુવાસિત પર્યાયને ધારણ કરે છે.

આપણે જો માત્ર પર્યાયોને જ નજરમાં લાવીએ તો સારા પર્યાયને જોતાં રાગ કે રતિ થાય; ખરાબ પર્યાયને જોતાં અરતિ કે દ્વેષ થાય.

આમ પર્યાયોના દર્શને રાગ-દ્વેષ કે રતિ-અરતિના ફંદામાં ફસાઈને,

કાળાં કર્મો બાંધી દુર્ગતિમાં જવાનું નક્કી થાય.

તેના બદલે જો આપણે માત્ર દ્રવ્યને (પુદ્ગલને) જ જોઈએ, તેના પર્યાયો તરફ ઉપેક્ષા કરીએ, તો રતિ કે અરતિ, રાગ કે દ્વેષ નહિ થાય. પરિણામે જીવન બરબાદ થતું ઉગરી જાય.'

મંત્રીની આ બોધવાણી સાંભળીને રાજાને પુદ્ગલદ્રવ્યના પરિવર્તનશીલ સ્વરૂપનું ભાન થયું. પુદ્ગલદ્રવ્ય પ્રત્યેનું આકર્ષણ નાશ પામ્યું. પરિણામે સંસારના સર્વ પુદ્ગલદ્રવ્યો પ્રત્યે વૈરાગ્ય પેદા થયો. પોતાના અવિનાશી આતમ દ્રવ્યની ખોજમાં તે સાવધાન બન્યો.

## શબ્દ

પરમપિતા પરમાત્મા મહાવીરદેવે કારતક વદ દશમના દિને દીક્ષા લીધી. ઉપસર્ગોને સમતાભાવે તેઓએ સહન કર્યાં. ૧૨ાા વર્ષ સુધી ઘોર સાધના કરી. પ્રાયઃ જમીન ઉપર પલાંઠી વાળીને તેઓ ન બેઠાં. સાડા અગિયારવર્ષથી પણ વધારે તેમણે ચોવિહાર ઉપવાસ કર્યાં. પ્રાયઃ તેઓ મૌન રહ્યા.

પરન્તુ આ સાધનાકાળ દરમ્યાન એક વાર પરમાત્મા એવાં વિશિષ્ટ વચનો બોલ્યા હતા કે જે સાંભળવાથી સંસારમાં ભૂલા પડીને ભટકતા એક આત્માએ સાચા માર્ગને પામીને આત્મકલ્યાણ તરફ દોટ મૂકી હતી.

મહાભયંકર જંગલમાં લોકોની ના છતાં પરમાત્મા ગયા. પ્રભુ તો કરુણાના મહાસાગર ! તેમના રોમરોમમાં વિશ્વના સર્વ જીવોને તારી દેવાની ભાવના ! સામે વાળો ભલેને પોતાનું કુંડાળું ગમે તેટલું સાંકડું કરતો હોય. હું તો મારા તરફથી પ્રેમકુંડાળું મોટું ને મોટું, મોટું ને મોટું, એટલું બધું મોટું કરીશ કે જેથી તેણે પણ એક દિ' મારા પ્રેમના કુંડાળામાં સમાવું જ પડશે.

મારા પ્રેમકુંડાળામાં કોઈની બાદબાકી નથી. વૈરની આગ ઓકનારાને હું તો પ્રેમનું પાણી જ પાઈશ. ક્રોધના ઝેરની સામે મારા ક્ષમાના અમૃતનો જ વિજય થશે. અને મૈત્રીના ફુવારા વડે પ્રેમના પવિત્ર નીરનો છંટકાવ કરતાં આ પરમાત્મા પહોંચ્યા તે જંગલમાં. જ્યાં પેલો ક્રોધની આગ ઓકવા તૈયાર થઈને સજ્જ હતો ચંડકોશિયો નાગ. જેણે કોઈને છોડ્યા નહોતા. માનવ કે પશુ-પંખીની વાત જવા દો, વનસ્પતિને પણ પોતાની દષ્ટિમાંથી ઝેર છોડીને જેણે બાળી નાંખી હતી.

ક્રોધના શસ્ત્રના જોરે પોતાનામાં જ મસ્ત બનેલા તે સર્પે વેધક દ્રષ્ટિ

ફેંકી. કાંઈ ન થયું. આંખથી ઝેર ઓક્યું, ધરાર નિષ્ફળતા મળી. નજીક આવીને ડંખ માર્યો... પોતાની તમામ ધારણા ખોટી પડી. લોહીના બદલે દૂધની ધારા નીકળી.

અંરે ભાઇ ! એક માતાને પણ જો પોતાના બાળક પ્રત્યે વાત્સલ્ય ઊભરાય છે, તો તેના સ્તનમાંથી દૂધની ધારા છૂટે છે, તો આ તો વિશ્વના સર્વ જીવોની માતા છે. તેના રોમ રોમમાં વિશ્વના સર્વ જીવો રૂપી પોતાનાં બાળકો પ્રત્યે વાત્સલ્ય ઊભરાઇ રહ્યું છે. પછી તેના શરીરના તમામ અંગમાંથી દૂધ કેમ ન ઊભરાય ?

પણ સર્વત્ર લોહીને નિહાળનાર આજે દૂધને જોઇને ચમકયો....અને પ્રભુવીરના મુખમાંથી શબ્દો સરી પડયા,

''બુજ્ઝ બુજ્ઝ ચંડકોશિયા !'' ''હે ચંડકોશિયા ! તું બોધ પામ, તું બોધ પામ.

અને આ શબ્દોએ કમાલ કરી. પ્રભુની કરુણા આ શબ્દો દ્વારા ચંડકૌશિકને સ્પર્શી. તેના જીવનનું પરિવર્તન થયું. મહાભયંકર ક્રોધી સાક્ષાત્ ક્ષમાનો અવતાર બન્યો. આઠમા દેવલોકે પહોંચીને છેલ્લે મોક્ષે પણ તે પહોંચશે.

પ્રભુવીરના શબ્દોમાં કેવી અજબની હતી તાકાત. પણ આ શબ્દો એ શી ચીજ છે ? પ્રભુવીર ચેતન હતા. તેમનામાં ચૈતન્ય ઊભરાતું હતું અને તેમના તે ચૈતન્યથી શબ્દો જાણે કે જીવંત બન્યા હતા. પરન્તુ હકીકતમાં શબ્દો કાંઇ ચેતન નથી, તે તો જડ છે. તેનો સમાવેશ થાય છે પુદ્ગલ નામના દ્રવ્યમાં.

શબ્દો વિનાશી છે. તેઓ ઉત્પન્ન થાય છે અને નાશ પણ પામે છે. આ શબ્દો રૂપી દ્રવ્ય છે. તેનામાં પણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરે છે. પણ આપણાથી તે જોઇ શકાતા નથી.

'પ્રમાણનયતત્ત્વાવલંકાર' નામના જૈનશાસ્ત્રમાં अकारादिः पौद्‌गलिको वर्णः વાકય આવે છે. અકાર વગેરે શબ્દો એ પૌદ્ગલિક છે. અર્થાત્ પુદ્ગલ છે. આ વાકય વાંચીને જૈનોના કટ્ટર વિરોધી એક બ્રાહ્મણ પંડિતના જીવનનું પરિવર્તન થઈ ગયું હતું. તેઓને જૈન ધર્મ, તેના શાસ્ત્ર અને તેના પ્રણેતા તીર્થંકર પરમાત્માઓ પ્રત્યે ભારોભાર બહુમાન પેદા થઇ ગયું હતું.

જૈન ધર્મ સિવાયના તમામ ધર્મો શબ્દોને પુદ્ગલ દ્રવ્ય રૂપ માનતા નથી. નૈયાયિકો વગેરે તો શબ્દને આકાશનો ગુણ માને છે.

ગુણ કદી પકડાય નહિ. ગુણની ઓળખાણ કરવી હોય તો તે ગુણ

જેનામાં રહ્યો હોય તેની જ ઓળખાણ કરવી પડે.

ચારિત્રગુણની પૂજા કરવી હોય તો શી રીતે થાય? તે કાંઇ થોડો પકડી શકાય ? તે તો અરૂપી છે. તે ચારિત્રગુણની પૂજા કરવી હોય તો તે ચારિત્રગુણના ધારક ચારિત્રધર મુનિની જ પૂજા કરવી જોઇએ.

હવે જો શબ્દને ગુણ માનીએ તો તેને પણ અરૂપી માનવો પડે. તેને ન પકડી શકાય તેવો માનવો પડે.

પણ શબ્દની જુદી જુદી અસરો જે અનુભવાતી હતી, તેનાથી શબ્દને અરૂપી માનવામાં વાંધો આવતો હતો. જ્યારે તે વિદ્વાન પંડિતે જૈન શાસ્ત્રનું વાક્ય વાંચ્યું ત્યારે તે નાચવા લાગ્યા. કારણ કે જૈન ધર્મે શબ્દને પુદ્‌ગલ દ્રવ્ય રૂપે માન્યું છે. એટલે કે તેને પકડી શકાય તેવો રૂપી માન્યો છે. અને તેમ માનવાથી તમામ વાંધાઓ દૂર થઇ જતાં હતા.

આજે પણ રેડિયો. ટી. વી. ઓડિયો કેસેટ, ટેલિફોન વગેરે વૈજ્ઞાનિક સાધનોએ શબ્દને સ્પષ્ટ પણે પકડ્યો જ છે. અને તે રીતે જૈન ધર્મની ‘શબ્દ એ પુદ્‌ગલ દ્રવ્ય છે પણ ગુણ નથી’ તેવી વાત સો ટકા સાચી છે તેમ સિદ્ધ કર્યું છે.

આપણા પરમાત્મા સર્વજ્ઞ હતા. જે વસ્તુ જેવી છે, તેનું તે જ રીતે વર્ણન કરનારા હતા. તેમાં હવે સહેજ પણ શંકા શી રીતે રહે ? અન્ય ધર્મના પ્રણેતાઓ પણ જે સત્યોને જણાવી શકયા નથી, જે સત્યોને સાબિત કરવા માટે વૈજ્ઞાનિકોને પ્રયોગશાળામાં અનેક માનવ કલાકો વેડફીને અબજો રૂપિયાના ખર્ચ કરવા પડે છે, છતાં પણ જેઓ મેળવી શકતા નથી તે સત્યો પરમાત્માએ પોતાની યોગ સાધના દ્વારા એક પણ પૈસાના ખર્ચ વિના જાણીને જગતની સામે રજૂ કર્યાં છે. કેવા ભાગ્યશાળી આપણે બધા છીએ કે આપણને આવા સર્વજ્ઞ પરમાત્મા અને તેના સત્યભરપૂર શાસ્ત્રો અને તેમનું સર્વજીવહિતકર શાસન પ્રાપ્ત થયું છે !

પેલા વિદ્વાન્ પંડિત તો જૈનશાસ્ત્રની વાતો વાંચીને એટલા બધા આનંદથી ગાંડા બની ગયા કે વાત ન પૂછો. ગ્રન્થ માથે લઇને નાચવા લાગ્યા. પણ ખૂબ દુઃખની વાત છે કે આપણને ગળથૂથીમાં આવાં અદ્‌ભુત શાસન, શાસ્ત્ર અને સર્વજ્ઞ ભગવંત મળ્યા હોવા છતાં આપણે તેની કદર કરી શકતા નથી. તેનું મહત્ત્વ સમજી શકતા નથી. અને અર્થ-કામમાં પાગલ બનીને કિંમતી સમય વેડફી રહ્યાં છીએ. હવે જાગીએ. રોજ ઓછામાં ઓછો અડધો કલાક પણ જૈન ધર્મના સિદ્ધાન્તોને સમજવા માટે કાઢીએ.

## અંધકાર

શબ્દ જેમ પુદ્ગલ દ્રવ્ય છે, તેમ આપણને જે અંધકાર દેખાય છે, તે પણ પુદ્ગલ દ્રવ્ય છે.

પ્રકાશની ગેરહાજરીનું જ નામ અંધકાર, તે વાત બરોબર નથી. પ્રકાશ જેમ એક સ્વતંત્ર ચીજ છે, તેમ અંધકાર એ પણ એક સ્વતંત્ર ચીજ છે. તે પુદ્ગલ દ્રવ્ય છે. તેનામાં પણ રૂપ-રસ-ગંધ-સ્પર્શ છે.

આપણે જાણીએ છીએ કે રાત્રે સુતા હોઈએ ત્યારે કેટલીક વાર માંકડ નીકળે છે. તે લોહી પીવા લાગે છે. તે માંકડ દિવસ દરમ્યાન છૂપાઈને બેસી રહે છે, પણ કરડવા બહાર નીકળતા નથી. અને જયારે ફરી રાત પડે ત્યારે ફરી કરડવા નીકળે.

આ માંકડ તો તેઈન્દ્રિય છે. તેને આંખો છે જ નહિ. તેને કાંઈ દેખાતું નથી. તો તેને ખબર કેવી રીતે પડે કે રાત્રી થઈ છે, અંધારું ફેલાયું છે, હવે નીકળીશ તો કોઈ મને જોઈ કે પકડી નહિ શકે. માટે લાવ હવે હું બહાર નીકળું !

અંધકાર એ પણ એક પુદ્ગલદ્રવ્ય છે. તેનામાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરે છે. રાત્રિ થતા તે અંધકારના પુદ્ગલો ફેલાતાં તેની ગંધ તેઈન્દ્રિય એવા માંકડની ઘ્રાણેન્દ્રિય (નાક) સુધી પહોંચે છે. અંધકારની વિશિષ્ટ પ્રકારની ગંધનો અનુભવ થતાં જ, માંકડને ખબર પડી જાય છે કે અંધકાર થઈ ગયો છે. ટપોટપ બહાર નીકળીને લોહી ચુસવાનું કાર્ય તેઓ શરૂ કરી દે છે.

આમ, શબ્દની જેમ અંધકાર પણ પુદ્ગલ છે, તેમ નક્કી થયું.

## ઉદ્યોત

શરદપૂર્ણિમાની રાત્રિએ આકાશમાં ચન્દ્ર સોળે કળાએ પુરબહારમાં ખીલે છે. તેની ચાંદની ધરતી ઉપર પ્રસરે છે. ચન્દ્રની સૌમ્યતા અને શીતળતાનો સુંદર અનુભવ તે વખતે લોકોને થાય છે. કારણકે તે વખતે ચન્દ્રના ઠંડાં વિમાનોમાંથી અત્યંત ઠંડા કિરણો નીકળે છે જેને ઉદ્યોત તરીકે ઓળખવામાં આવે છે. ચન્દ્રકાન્ત મણિ વગેરે રત્નોના ઠંડાં કિરણો પણ ઉદ્યોત છે. ચન્દ્રનો આ ઉદ્યોત પણ પુદ્ગલદ્રવ્ય રૂપ છે. તે કિરણોને રૂપ, રસ, ગંધ,સ્પર્શ વગેરે બધું હોય છે. જેમાંનાં શીત (ઠંડા) સ્પર્શનો તો આપણે સૌ અનુભવ કરીએ જ છીએ. ચન્દ્રની શીતલ ચાંદનીમાં રાત્રે દૂધ-પૌંઆ ખાવાનો કે ચોપાટીએ ફરવા જઈને ઘારીનો કે અન્ય ચીજ ખાવાનો કાર્યક્રમ ગોઠવવો

જરાય ઉચિત નથી. રાત્રિભોજનત્યાગ કરવાની પરમાત્માની આજ્ઞાનું ઉઘાડે-છોગ અપમાન છે. નિષ્ઠુરતાભર્યું ખૂન છે. રાત્રિભોજન નરકનો નેશનલ હાઈવે છે, તે વાત કદી વિસરવી નહિ.

## પ્રભા

સવાર-સાંજની વેળાએ સૂર્યનાં કિરણો સીધા તો આપણી ઉપર આવતા નથી, પણ તેના પ્રકાશની પ્રભા ચારે બાજુ વિસ્તરેલી આપણે અનુભવીએ છીએ.

ઓરડામાં લાઈટનો પ્રકાશ ફેલાયેલો હોય ત્યારે તેની બહારના ભાગમાં લાઈટનો ડાયરેક્ટ પ્રકાશ ન જતો હોવા છતાં ય તેની પ્રભા ફેલાયેલી જણાય છે. આ પ્રભા પણ એક પ્રકારના પુદ્ગલદ્રવ્ય રૂપ છે. તેનામાં રહેલા ભાસ્વર શુકલ રૂપના કારણે આપણે પ્રકાશનો અનુભવ કરી શકીએ છીએ.

## આતપ

સૂર્યનાં કિરણો સીધા જ આપણી ઉપર પડે તો આપણને સખ્ત ગરમીનો અનુભવ થાય છે. આ સૂર્યનું વિમાન ઠંડું છે. પણ તેમાંથી નીકળતાં કિરણો ગરમ છે. જેમ ઠંડા પદાર્થમાંથી નીકળેલા ઠંડા કિરણો ઉદ્યોત તરીકે ઓળખાય છે તેમ ઠંડા પદાર્થમાંથી નીકળતાં ગરમ કિરણો આતપ તરીકે ઓળખવામાં આવે છે. આ ગરમ કિરણો સ્વરૂપ આતપ પણ - રૂપ, રસ, ગંધ, સ્પર્શયુક્ત હોવાથી - પુદ્ગલદ્રવ્ય છે.

## છાયા

ભૂતકાળમાં જ્યારે ઘડિયાની શોધ નહોતી થઈ ત્યારે લોકો પડછાયાના આધારે સાચો સમય કહી શકતા હતા.

આ પડછાયો પણ પુદ્ગલદ્રવ્ય છે કારણ કે તે રૂપી છે, તે પકડાય છે, તેને ઝીલી શકાય છે.

આજની ફોટોગ્રાફીની તથા મુવીની શોધ છાયાને પુદ્ગલદ્રવ્ય તરીકે સાબિત કરે છે. કોઈપણ પ્રાણી કે પદાર્થમાંથી ઓરા = છાયાનાં પુદ્ગલો સતત બહાર ફેંકાય છે, જેને કેમેરામાં ઝડપી લેવામાં આવે છે. જેને ફોટામાં કે મુવીમાં નિહાળી શકાય છે. જો છાયા એ પુદ્ગલદ્રવ્ય ન હોત તો કદી પણ કોઈપણ પદાર્થનો ફોટો કે મુવી લઈ શકાત નહિ.

શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, આતપ અને છાયા એ પુદ્ગલદ્રવ્યનાં

વિશેષ લક્ષણો છે. આ છ લક્ષણો દરેક પુદ્‌ગલદ્રવ્યમાં હોય જ તેવું નથી. પણ છમાંથી કોઈપણ લક્ષણ જ્યાં જણાય તે પુદ્‌ગલદ્રવ્ય જ હોય તે નક્કી છે.

પણ તમામે તમામ પુદ્‌ગલદ્રવ્યોમાં જે અવશ્ય હોય જ છે, તે ચાર લક્ષણોને પુદ્‌ગલનાં સામાન્ય લક્ષણો તરીકે શાસ્ત્રોમાં જણાવવામાં આવ્યાં છે : (૧) રૂપ (૨) રસ (૩) ગંધ અને (૪) સ્પર્શ.

આ પુદ્‌ગલદ્રવ્ય રૂપી છે. એટલે કે તેનામાં વર્ણ (રૂપ), ગંધ, રસ અને સ્પર્શ હોય છે. આ ચારે તેનાં સામાન્ય લક્ષણો છે.

પુદ્‌ગલદ્રવ્યમાં લાલ, લીલો, પીળો, સફેદ અને કાળો, એ પાંચ વર્ણ છે. સુરભી (સુગંધ) અને દુરભી (દુર્ગંધ); એમ બે પ્રકારની ગંધ છે. ખાટો, તીખો, તૂરો, કડવો અને મીઠો; એમ પાંચ પ્રકારના રસ છે. લીસો-ખરબચડો, ચીકણો, સૂકો, ભારે-હલકો, ઠંડો-ગરમ; એમ આઠ પ્રકારના જે સ્પર્શ છે, તેમાંના કેટલાક સ્પર્શ હોય છે.

ટેબલ, ખુરશી, મકાન, પેન વગેરે સર્વે પુદ્‌ગલદ્રવ્યો છે. તેના ટૂકડા કરીએ, તે ટુકડાનાય ટુકડા કરીએ. થયેલા તે ટુકડાઓના પાછા ટુકડા કરીએ. આ રીતે નાના નાના ટુકડા કરતાં કરતાં છેલ્લે જે નાનો ટુકડો થાય તે **પરમાણુ** કહેવાય. આ પરમાણુના ફરી કદી પણ ટુકડા થઈ શકે નહિ.

અત્યારના વૈજ્ઞાનિકોએ જે અણુ શોધ્યો છે, તે કાંઈ નાનામાં નાનો ભાગ નથી, તેના તો હજુ અનંત ટુકડા થઈ શકે તેમ છે. તેવા અનંત ટુકડા કરતાં જે નાનામાં નાનો ટુકડો થાય તે પરમ (સૌથી નાનો) અણુ એટલે કે પરમાણુ કહેવાય.

આ પરમાણુ આપણી આંખે જોઈ શકાતો નથી. તે અતિશય સૂક્ષ્મ છે. છતાં તેની તાકાત ગજબની છે. ચૌદ રાજલોકના એક છેડેથી બીજે છેડે તે માત્ર એક જ સમયમાં પહોંચી શકે છે.

આ પરમાણુઓ વસ્તુથી છુટા પડ્યા ન હોય પણ વસ્તુની અંદર જ રહેલા હોય ત્યારે તેને **પ્રદેશ** કહેવાય છે. આપણને જે ટેબલ, ખુરશી, પેન વગેરે દેખાય છે. તેના અંનતા નાના ટુકડા થઈ શકતા હોવાથી અનંત પરમાણુઓથી બનેલું છે; તેમ કહેવાય પણ તે અનંત પરમાણુઓ અત્યારે ટેબલ, ખુરશી, પેન વગેરેની અંદર જ રહેલાં છે પણ છુટા પડેલાં નથી, તેથી તે અંનતા પરમાણુઓને પ્રદેશ કહેવાય છે. આમ, વસ્તુથી છૂટા પડેલા અવિભાજય (જેના બે ભાગ ન થઈ શકે તેવા) અંશને પરમાણુ કહેવાય, પણ વસ્તુમાં રહેલા તેના અવિભાજય અંશને પ્રદેશ કહેવાય.

આવા પ્રદેશોના જથ્થા રૂપ ટેબલ, ખુરશી વગેરે વસ્તુઓને **સ્કંધ**

કહેવામાં આવે છે. તે સ્કંધમાં રહેલાં તેના નાના ભાગને **દેશ** કહેવામાં આવે છે.

બુંદીનો લાડવો તો જોયો છે ને ? ઘણી બધી બુંદી ભેગી થઈને આ લાડવો બન્યો છે. તે લાડવાને સ્કંધ કહેવાય. આ લાડવામાં રહેલાં તેના જુદા જુદા ભાગને દેશ કહેવાય. આ લાડવામાં રહેલી દરેક બુંદીને (હકીકતમાં તેના અવિભાજ્ય નાનામાં નાના ભાગને) પ્રદેશ કહેવાય. પણ જો તે બુંદી (પ્રદેશ) લાડવાથી છુટી પડી જાય તો તેને પરમાણુ કહેવાય.

સ્કંધ = વસ્તુનો આખો ભાગ, દા.ત., બુંદીનો આખો લાડુ

દેશ = વસ્તુમાં જોડાયેલો વસ્તુનો અમુક ભાગ.

દા.ત., બુંદીના લાડવામાં રહેલો તેનો ભાગ.

પ્રદેશ = વસ્તુમાં રહેલો તેનો અવિભાજ્ય અંશ. દા.ત., બુંદીના લાડવામાં રહેલો બુંદીનો કણ.

પરમાણુ = વસ્તુમાંથી છૂટો પડેલો તેનો અવિભાજ્ય અંશ. દા.ત., લાડવાથી છૂટો પડેલો બુંદીનો કણ.

અહીં એક વાત ધ્યાનમાં રાખવી કે સ્કંધમાં રહેલા તેના ભાગને દેશ કહેવાય છે, પણ જો તે દેશ (ભાગ) સ્કંધથી છૂટો પડી જાય તો તે હવે દેશ ન કહેવાય પણ સ્વતંત્ર સ્કંધ કહેવાય. લાડવાથી છૂટો પડી ગયેલો અડધો લાડુ દેશ ન કહેવાતા સ્કંધ કહેવાય.

આપણે પૂર્વે જોઈ ગયા કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને આત્મા એ અખંડ દ્રવ્યો છે. તેના ટુકડા છૂટા પડી શકતા નથી. માટે તેમના પરમાણુ હોતા નથી. પણ તેમનાથી છૂટા નહિ પડતાં તેમના અવિભાજ્ય અંશો તો છે જ; જેને તેમના પ્રદેશ કહેવામાં આવે છે.

આત્મા (જીવાસ્તિકાય), ધર્માસ્તિકાય, અને અધર્માસ્તિકાયના અસંખ્યાતા અવિભાજ્ય અંશો છે; માટે આ ત્રણે ય દ્રવ્યોને અસંખ્યાત પ્રદેશી (પ્રદેશવાળા) સ્કંધ કહેવાય છે. જ્યારે આકાશાસ્તિકાયમાં અનંતા પ્રદેશો છે; માટે તે અનંતપ્રદેશી સ્કંધ કહેવાય.

આકાશાસ્તિકાયના અસંખ્યાતપ્રદેશ જેટલા દેશમાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય છે; તેટલા દેશને લોકાકાશ કહેવાય છે. અને બાકીના અનંતપ્રદેશી દેશમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવાસ્તિકાય કે પુદ્‌ગલાસ્તિકાય નથી, તેથી તેને અલોકાકાશ કહેવાય છે.

અસ્તિ = પ્રદેશ, કાય = સમૂહ.

અસ્તિકાય = પ્રદેશોનો સમૂહ.

જીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય વગેરે પ્રદેશોના સમૂહરૂપ હોવાથી અસ્તિકાય કહેવાય છે. આ પાંચે અસ્તિકાયરૂપ હોવાથી આ વિશ્વને પંચાસ્તિકાયમય કહેવાય છે.

પુદ્‌ગલ દ્રવ્યો અનંતા છે. તે દરેક પુદ્‌ગલ દ્રવ્યમાં કાંઈ અનંતા કે અસંખ્યાતા પ્રદેશો નથી. કોઈ પુદ્‌ગલદ્રવ્યમાં એક, બે, ત્રણ કે સંખ્યાતા પ્રદેશો હોય છે તો કો'ક પુદ્‌ગલ દ્રવ્યમાં અસંખ્યાત કે અનંતા પ્રદેશો પણ હોય છે.

આ પુદ્‌ગલ દ્રવ્યના અવિભાજ્ય અંશો છૂટા પડી શકે છે. માટે તેના પરમાણુઓ હોય છે. ઘડિયાળ-પેન-મકાન વગેરે પુદ્‌ગલસ્કંધો છે. તેની સાથે જોડાયેલા કાંટો, ડાયલ, ઢાંકણ, સ્ટીલ, બારી વગેરે તેના અવયવો તે દેશ છે. તેનામાં રહેલાં તેના અવિભાજ્ય અંશો તે પ્રદેશો છે. અને છૂટા પડેલા અવિભાજ્ય અંશો તે પુદ્‌ગલના પરમાણુ છે.

આમ પુદ્‌ગલદ્રવ્યના (૧) સ્કંધ (૨) દેશ (૩) પ્રદેશ અને (૪) પરમાણુ ચારે પ્રકારો મળે છે. જ્યારે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય અને જીવાસ્તિકાયના (૧) સ્કંધ (૨) દેશ અને (૩) પ્રદેશ એમ ત્રણ પ્રકાર મળે છે.

પરન્તુ કાળ નામનું છઠ્ઠું એક દ્રવ્ય આ વિશ્વમાં છે કે જે પ્રદેશોના સમૂહ રૂપ નથી. માટે તે અસ્તિકાય રૂપ પણ નથી. તે એક પ્રકારનું છે તેથી અજીવ દ્રવ્યોના કુલ ૧૪ પેટાભેદો થાય.

**અજીવના ચૌદ ભેદો**

| | | | |
|---|---|---|---|
| ૧ | ધર્માસ્તિકાય | ૩ | સ્કંધ-દેશ-પ્રદેશ |
| ૨ | અધર્માસ્તિકાય | ૩ | સ્કંધ-દેશ-પ્રદેશ |
| ૩ | આકાશાસ્તિકાય | ૩ | સ્કંધ-દેશ-પ્રદેશ |
| ૪ | પુદ્‌ગલાસ્તિકાય | ૪ | સ્કંધ-દેશ-પ્રદેશ-પરમાણુ |
| ૫ | કાળ | ૧ | |
| | કુલ : | ૧૪ | |

## ૧૩
## કાળ

**કાળ** અજીવ દ્રવ્ય છે. તે અરૂપી છે. અર્થાત્ તેને કોઈ વર્ણ (રૂપ), ગંધ, રસ કે સ્પર્શ નથી. તેને આપણે આંખે જોઈ શકતા નથી. છતાં તે મૂકપણે આપણને અનેક રીતે સહાય કરે છે.

નાનાને મોટું કરે છે આ કાળદ્રવ્ય. નવાને જૂનું કરે છે આ કાળદ્રવ્ય. તે કાળદ્રવ્ય આમ તો વર્તમાન એક સમય રૂપ છે, પણ અનેક સમય રૂપ નથી. માટે તો તેને અપ્રદેશી કહીને તેનો અસ્તિકાય તરીકે સ્વીકાર કરાયો નથી.

આમ, જીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ એ છ દ્રવ્યોમાં જીવાસ્તિકાય એ ચેતનદ્રવ્ય છે, બાકીના પાંચે ય દ્રવ્યો જડ છે.

કાળદ્રવ્ય અપ્રદેશી છે, બાકીના પાંચે ય પ્રદેશના સમૂહ રૂપ હોવાથી અસ્તિકાય રૂપ છે.

માત્ર પુદ્ગલદ્રવ્ય જ વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળું હોવાથી રૂપી છે. બાકીના પાંચે ય દ્રવ્યો અરૂપી છે.

આંખના એક પલકારામાં અસંખ્યાતા સમય વીતી જાય છે. નિશ્ચયનયથી કાળ વર્તમાન એક સમય રૂપ હોવાથી એક જ સમયનો (અપ્રદેશી) કહેવાય છે પણ વ્યવહારનયથી તે અનેક સમયનો માનવામાં આવ્યો છે.

અત્યાર સુધી ૧ સેકંડને ઓછામાં ઓછા સમય તરીકે સ્વીકારવામાં આવતી હતી પણ હવે તો એવી ઘડિયાળો શોધાઈ છે કે જે સેકંડના દસ હજારમા ભાગને પણ બતાડે છે, તે જણાવે છે કે એક સેકંડના દસ હજાર ભાગ પણ થઈ શકે છે.

જૈન શાસ્ત્રો તો કહે છે કે એક સેકંડના દસ હજાર નહિ, પણ અસંખ્યાતા ભાગો થઈ શકે છે. જેને સમય કહેવામાં આવે છે.

સમય એટલે કાળનો અવિભાજ્ય અંશ. જેના હવે બે ભાગ ન થઈ શકે તેવો કાળનો નાનામાં નાનો ભાગ.

કમળની એક હજાર પાંખડીઓ ભેગી કરીએ. પછી કોઈ તેને સોયથી વીંધે તો આ એક હજાર પાંખડીઓને સોયથી વીંધાતા કેટલો સમય લાગ્યો ? એક સેકંડ કરતાં ય ઓછો લાગે ને ?

પણ ભાઈ ! પહેલી પાંખડી વીંધાયા વિના બીજી પાંખડી વીંધાય ખરી ? તે વીંધાયા વિના ત્રીજી પાંખડી વીંધાય ખરી ? દરેક પાંખડીને વીંધતા એકેક સમય લાગ્યો તેમ કહીએ તોય એક સેકંડમાં હજારો સમય થયા તેમ માનવું પડે ને !

હાથમાં જીર્ણ થઈ ગયેલું ધોતિયું લઈને તેના બે ભાગ કરીએ તો ક્ષણવારમાં થઈ જાય છે ને !

પણ પહેલો તાંતણો તૂટ્યા વિના બીજો તાંતણો તૂટે ખરો ? તેટલા ભાગમાં તો લાખો તાંતણા હશે. જો સેકંડના સોમાં ભાગમાં ધોતિયું ચીરાયું તો તેનો મતલબ તો એમ થયો ને કે સેકંડના સોમાં ભાગમાં લાખો તાંતણા તૂટ્યા ! જો દરેક તાંતણાને તૂટતા એક સમય ગણીએ તો ય સેકંડના સોમા ભાગમાં લાખો સમય વીતી ગયા, તેમ માનવું પડે.

અરે ભાઈ ! ભારતમાં બેઠાં બેઠાં ઓસ્ટ્રેલિયા કે ન્યુઝીલેન્ડમાં રમાતી ક્રિકેટમેચ ટી.વી. ઉપર તમે જોઈ શકો છો ને ? જે વખતે ત્યાં રમાય ત્યારે જ તમને દેખાય છે ને ? પણ ભાઈ ! તે રમાતી રમતના દશ્યો ઉપગ્રહ સુધી પહોંચીને પાછા તમારા ટી.વી. સુધી પહોંચતા સમય ન લાગે ?

છતાં આપણને તો સમયોનું જરા ય અંતર પડ્યું જણાતું નથી, કારણકે સમય એ ખૂબ જ સૂક્ષ્મ છે. આંખના પલકારામાં આવા તો અસંખ્યાતા સમયો વીતી જાય છે.

આપણો આત્માને એક ભવમાંથી બીજા ભવમાં જતા આવા એકથી પાંચ જ સૂક્ષ્મ સમયો લાગે છે. તેથી વધારે નહિ. આટલા ઓછા કાળમાં આપણો આત્મા બીજા ભવમાં પહોંચીને ત્યાંનું નવું જીવન જીવવાનું શરૂ કરી દે છે.

જે સમયે જીવ નવો જન્મ લે છે, તે જ સમયે તે ભોજન લેવાનું શરૂં કરી દે છે. બસ ! આપણા આત્માની આ જ મોટી ભૂલ છે. ખાવાની કારમી લાલસાને વશ થયેલો આ આતમ જયાં નવા જીવનમાં ખાવાની પહેલી ભૂલ કરે છે, ત્યાં જ સજા રૂપે તેને લમણે શરીર ઠોકાય છે. લીધેલા

ખોરાકથી તેને શરીર બનાવવું પડે છે. અને પછી બનાવેલ તે શરીરના લાલન-પાલન અને પોષણ માટે તેને અઢારે ય પાપો કરવા પડે છે. પરિણામે દુર્ગતિમાં ભમવું પડે છે.

જો શરીર જ ન હોય તો સંસાર ઊભો રહે ખરો ? શરીર તો આ સંસારનો - અઢારે ય પાપોનો પાયો છે. આ શરીર વળગ્યું છે આપણને આપણી પહેલા સમયે આહાર કરવાની ભૂલના કારણે ! આ તો ''પઢવા ગયા નમાઝ અને મસ્જીદ કોટે વળગી'' તેવો ઘાટ થયો !

માટે જ ખાવા-પીવાની કારમી આસક્તિઓને તોડવાનો આ ભવમાં અભ્યાસ કરવો જોઈએ. વારંવાર તપ કરવો જોઈએ. તપ કરવાની સાથે આહારસંજ્ઞાને તોડવાનું લક્ષ પણ રાખવું જોઈએ.

આવા અત્યંત સૂક્ષ્મ અસંખ્યાતા સમયો ભેગા થાય તેને એક આવલિકા કહેવાય.

કોઈપણ સંસારીજીવ જન્મ લીધા પછી ઓછામાં ઓછું આવી ૨૫૬ આવલિકા તો જીવે જ. તે પહેલાં તો કોઈનું ય મોત ન થાય.

આ ૨૫૬ આવલિકા એ નાનામાં નાના ભવનું માપ હોવાથી એક ક્ષુલ્લક (નાનો) ભવ તરીકે પણ પ્રચલિત છે.

સશક્ત યુવાનના એક શ્વાસોશ્વાસમાં આવા સાડા સત્તર (૧૭ ।।) ક્ષુલ્લક-ભવ પસાર થઈ જાય છે.

આપણને જે લીલ-ફુગ વગેરે દેખાય છે તેમાં રહેલા જીવોનું આયુષ્ય સામાન્યતઃ ક્ષુલ્લકભવ જેટલું હોય છે. આપણા એક શ્વાસોશ્વાસ દરમ્યાન તે આત્માઓએ ૧૭ વાર જન્મ-મરણ કરીને અઢારમી વાર જન્મ લઈ લીધો હોય છે. આવા તો અનંતા ભવો તેમના નિગોદ અવસ્થામાં જ વીતી જતાં હોય છે.

૪૮ મિનિટમાં સામાન્યતઃ ૩૭૭૩ શ્વાસોશ્વાસ થતાં હોવાથી નિગોદના જીવોને (૩૭૭૩ x ૧૭।।) ૬૫૫૩૬ ક્ષુલ્લકભવ થઈ જાય છે.

૪૮ મિનિટ દરમ્યાન ૧,૬૭,૭૭,૨૧૬ આવલિકા પસાર થાય છે. જેમાં દરેક ભવ ૨૫૬ આવલિકા પ્રમાણ હોવાથી ૬૫૫૩૬ ક્ષુલ્લકભવો નિગોદના જીવોના પૂરા થઈ જાય છે.

## કાળનું કોષ્ટક

સૂક્ષ્મમાં સૂક્ષ્મ અવિભાજ્ય કાળ = ૧ સમય.
અસંખ્યાતા સમય = ૧ આવલિકા.
૨૫૬ આવલિકા = ૧ ક્ષુલ્લકભવ.
લગભગ ૧૭॥ ક્ષુલ્લકભવ = ૧ શ્વાસોશ્વાસ.

| | | |
|---|---|---|
| ૧,૬૭,૭૭,૨૧૬ આવલિકા | = | ૪૮ મિનિટ |
| અથવા ૬૫૫૩૬ ક્ષુલ્લકભવ | = | અથવા ૧ મૂહૂર્ત |
| અથવા ૩૭૭૩ શ્વાસોશ્વાસ | = | અથવા ૨ ઘડી |

૧૫ મુહૂર્ત = ૧ દિવસ/ ૧ રાત
૩૦ મુહૂર્ત = ૧ અહોરાત્ર (૨૪ કલાક)
૧૫ અહોરાત્ર = ૧ પખવાડિયું.
૨ પખવાડિયા = ૧ મહિનો
૨ મહિના= ૧ ઋતુ
૩ ઋતુ (છ મહિના) = ૧ દક્ષિણાયન કે ૧ ઉત્તરાયન
૨ અયન = ૧૨ મહિના = ૧ વર્ષ
૫ વર્ષ = ૧ યુગ
૨૦ યુગ = ૧ શતાબ્દિ.
૮૪ લાખ વર્ષ = ૧ પૂર્વાંગ
૮૪ લાખ પૂર્વાંગ કે ૭૦,૫૬૦ અબજ વર્ષ = ૧ પૂર્વ
અસંખ્ય વર્ષ = ૧ પલ્યોપમ.
૧૦ કોડાકોડી પલ્યોપમ = ૧ સાગરોપમ
૧૦ કોડાકોડી સાગરોપમ = ૧ અવસર્પિણી = ૧ ઉત્સર્પિણી
૨૦ કોડાકોડી સાગરોપમ = ૧ કાળચક્ર
અનંતા કાળચક્ર = ૧ પુદ્ગલપરાવર્તકાળ
અનંતા પુદ્ગલપરાવર્તકાળ = ભૂતકાળ
અનંતપુદ્ગલપરાવર્તકાળ = ભવિષ્યકાળ.
વર્તમાન એક સમય = વર્તમાનકાળ.
ભૂતકાળ + વર્તમાનકાળ + ભવિષ્યકાળ = સંપૂર્ણ કાળ.

એક પૂર્વના ૭૦,૫૬૦ અબજ વર્ષ થાય. આ ચોવીસીના પહેલા ભગવંત શ્રી ઋષભદેવ સ્વામીનું આયુષ્ય આવા ૮૪ લાખ પૂર્વનું હતું.

એટલે કે ૭૦૫૬૦ અબજ X ૮૪ લાખ વર્ષનું હતું.

તેઓ શાશ્વતગિરિરાજ શ્રીશત્રુંજયતીર્થની યાત્રાએ ૯૯ પૂર્વ વાર પધાર્યા હતા. એટલે કે ૯૯ X ૭૦૫૬૦ અબજ વર્ષ વાર તેઓ શત્રુંજય તીર્થાધિરાજ ઉપર પધાર્યા હતા. તેની યાદમાં આજે પણ પ્રતીક રૂપે શત્રુંજય ગિરિરાજની નવ્વાણું યાત્રા કરવાની પરંપરા ચાલે છે.

આજના વિજ્ઞાનના યુગમાં કમ્પ્યુટર પણ જે આંકડા ન બતાડી શકે તે આંકડા અને તેની ગણતરી જૈન શાસ્ત્રોએ બતાડી છે. ૧૪૦ મીંડાંવાળી શીર્ષપહેલીકા સુધીની સંખ્યાઓ જૈન શાસ્ત્રોમાં જોવા મળે છે. ત્યારપછીની ગણતરી માટે જૈનશાસ્ત્રોમાં પલ્યોપમ, સાગરોપમ વગેરે શબ્દોના પ્રયોગો કરવામાં આવ્યા છે. તેનું પ્રમાણ આંકડાઓ દ્વારા જણાવી શકાતું નથી.

**પલ્યોપમ :** પલ્ય = પવાલો / કૂવો. ઉપમા = સરખામણી.

પવાલાની ઉપમાથી જે પ્રમાણ જણાવવામાં આવે છે તે પલ્ય + ઉપમા = પલ્યોપમ કહેવાય છે.

પવાલાની ઉપમા આ પ્રમાણે છે.

ધારો કે એક યોજન (ચાર ગાઉ, હાલના લગભગ ૧૩ કિ.મીટર) લાંબો, એક યોજન પહોળો અને એક યોજન ઊંડો ખાડો (પવાલો) ખોદીને તેમાં સાત દિવસના જન્મેલા યુગલિક બાળકના સુકોમળ પાતળા, બારિક વાળના અસંખ્ય ટુકડાઓ કરીને ભરવામાં આવે (આવું કોઈએ કર્યું નથી, કરતું નથી કે કરવાનું નથી. આ તો માત્ર કલ્પના છે.) તે પણ એવા ખીચોખીચ દાબી દાબીને ભરવાના કે જેથી તેમાં પાણીનું ટીપું પણ પ્રવેશી ન શકે. તેની ઉપર રોલર ફેરવીને તેને સઘન કરવાનું. નાનકડા છિદ્ર (કાણા) જેટલી પણ જગ્યા નહિ રાખવાની.

પછી દર સો સો વર્ષે તેમાંથી એક-એક વાળનો ટુકડો કાઢવાનો. આ રીતે કરતાં આ પવાલાને (ખાડાને) સંપૂર્ણ ખાલી થતાં જેટલા વર્ષો લાગે તેટલા કાળને એક પલ્યોપમ કહેવામાં આવે છે.

એક સામાયિક કરવાથી, ૯૨,૫૯,૨૫,૯૨૫ પલ્યોપમ જેટલું દેવલોકનું સુખ મળે તેટલું શાતાવેદનીય બંધાય છે. ત્યાં પલ્યોપમ એટલે ઉપર જણાવેલ અસંખ્યાતા વર્ષો જાણવા.


**સાગરોપમ :** સાગર = દરિયો. દરિયાની ઉપમા (સરખામણી)થી જાણી શકાય તેટલા વર્ષોના કાળને સાગરોપમ તરીકે ઓળખવામાં આવે છે.

પૂર્વે જે પલ્યોપમની વાત જણાવી, તેવા એક કરોડ પલ્યોપમને દસ કરોડ પલ્યોપમ સાથે ગુણતાં (૧ કરોડ પલ્યો X 10 કરોડ =) ૧૦ કોડાકોડી પલ્યોપમ જવાબ આવે; તેને એક સાગરોપમ કહેવાય.

આમ, ૧ સાગરોપમમાં તો અસંખ્યાતા વર્ષો પસાર થઈ જાય. દેવ અને નારકનું વધુમાં વધુ આયુષ્ય ૩૩ સાગરોપમ છે. તેટલા કાળ સુધી તે આત્મા ત્યાંથી બહાર નીકળી શકતો નથી તેને તેટલો કાળ ત્યાં જ પસાર કરવો પડે છે.

આવા દસ કોડાકોડી સાગરોપમ (૧૦ કરોડ X ૧ કરોડ

**કાળચક્ર**




સાગરોપમ)ના કાળને એક ઉત્સર્પિણી કે એક અવસર્પિણી તરીકે ઓળખવામાં આવે છે. જે દરેકમાં ૭-૭ આરા હોય છે.

એક અવસર્પિણી અને એક ઉત્સર્પિણી ભેગી થતાં બાર આરાનું ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ કાળચક્ર થાય છે.

સાયકલ, રીક્ષા, સ્કૂટર વગેરેનું પૈડું તો જોયું છે ને ? તે એક ગોળાકાર ચક્ર છે. તેની બરોબર વચ્ચે ધરી હોય છે. જેની આજુબાજુ કુલ ૧૨ સળિયા દેખાય છે. જેની વચ્ચે બાર ખાના તૈયાર થયેલાં જણાય છે..

બસ આવું જ ચક્ર કાળચક્ર તરીકે જૈનશાસનમાં પ્રસિદ્ધ છે. ભૂતકાળમાં આવાં ઘણાં કાળચક્રો પસાર થઈ ગયા અને ભવિષ્યમાં પણ ઘણાં કાળચક્રો પસાર થશે. વર્તમાનમાં પણ એક કાળચક્ર પસાર થઈ રહ્યું છે.

તેના બાર ખાનાં તે બાર વિભાગો છે જે આરા તરીકે પ્રસિદ્ધ છે. જેમાનાં પ્રથમ છ આરા અવસર્પિણીકાળ તરીકે અને પછીના છ આરા ઉત્સર્પિણીકાળ તરીકે ઓળખાય છે. ૨૦ કોડાકોડી સાગરોપમ કાળ પસાર થાય ત્યારે એક કાળચક્ર પૂર્ણ થયું ગણાય. તેથી એક અવસર્પિણીકાળ કે એક ઉત્સર્પિણીકાળ ૧૦ કોડાકોડી સાગરોપમનો ગણાય. જેથી બંને ભેગા થતાં એક કાળચક્ર પૂર્ણ થાય.

**અવસર્પિણીકાળ :** જેમાં બધું ઘટતું જાય, ઉતરતું જાય, હલકું થતું જાય તે કાળનું નામ અવસર્પિણીકાળ.

આયુષ્ય, ઊંચાઈ, ધરતીની મીઠાશ, સુખ વગેરેમાં જે કાળમાં ઉત્તરોત્તર ઘટાડો થતો હોય તે કાળ અવસર્પિણીકાળ કહેવાય.

તેનાથી વિપરીત કાળ તે ઉત્સર્પિણીકાળ. એટલે કે જે કાળમાં આયુષ્ય, ઊંચાઈ, ધરતીની મીઠાશ, સુખ વગેરે ઉત્તરોત્તર વધતું જાય તે કાળને ઉત્સર્પિણીકાળ કહેવાય.

અત્યારે અવસર્પિણીકાળ ચાલી રહ્યો છે. કારણ કે ઉત્તરોત્તર બધું ઘટતું જાય છે.

આ ઉત્સર્પિણીકાળ અને અવસર્પિણીકાળના દરેકના છ-છ વિભાગો છે. જે પહેલા, બીજા, ત્રીજા, ચોથા, પાંચમાં અને છઠ્ઠા આરા તરીકે પ્રસિદ્ધ છે.

હાલ અવસર્પિણીકાળનો પાંચમો આરો ચાલે છે જેનો કુલ સમય ૨૧૦૦૦ વર્ષ છે. હવે તેનાં લગભગ સાડા અઢાર હજાર વર્ષ બાકી છે. તેટલો સમય પસાર થયા બાદ છઠ્ઠો આરો શરૂ થશે.

પ્રભુવીર નિર્વાણ પામ્યા પછી ત્રણ વર્ષ અને સાડા આઠ મહીના

(૮૯ પખવાડિયા) પસાર થયા ત્યારે ચોથો આરો પૂર્ણ થયો. અને પાંચમા આરાની શરૂઆત થઈ, જે હાલ ચાલી રહ્યો છે.

અવસર્પિણીકાળના છ આરામાંના પહેલા આરાનું નામ છે સુષમસુષમ. આ આરામાં સુખ-સુખ ને સુખ હોય. મનુષ્યોનું આયુષ્ય ત્રણ પલ્યોપમ હોય. ઊંચાઈ ૩ ગાઉ હોય. દર ત્રણ દિવસે એક જ વાર ભૂખ લાગે. અને તે પણ માત્ર તુવેરના દાણા જેટલા ખોરાકથી શાન્ત થઈ જાય. આ પ્રથમ આરો ચાર કોડાકોડી સાગરોપમ કાળનો હોય છે. તે પૂર્ણ થતાં બીજો આરો શરૂ થાય છે.

આ બીજા આરાનું નામ છે સુષમ. આ આરામાં પુષ્કળ સુખ હોય છે. અવસર્પિણીકાળ હોવાના કારણે બધું ઘટતું હોવાથી આ આરામાં આયુષ્ય બે પલ્યોપમ અને ઊંચાઈ ૨ ગાઉ હોય છે. દર બે દિવસે એકવાર તેમને ભૂખ લાગે છે. જે બોર જેટલો ખોરાક લેવાથી શાન્ત થઈ જાય છે. આ બીજો આરો ત્રણ કોડાકોડી સાગરોપમ કાળનો હોય છે.

તે પૂર્ણ થતાં ત્રીજો આરો સુષમ-દુઃષમ નામનો શરૂ થાય છે જે બે કોડાકોડી સાગરોપમનો હોય છે. જેમાં વધારે સુખ અને ઓછું દુઃખ હોય છે. માનવોનું આયુષ્ય ઘટતાં ઘટતાં એક પલ્યોપમનું અને ઊંચાઈ એક ગાઉ જેટલી હોય છે. દર એક દિવસ પસાર થયે ભૂખ લાગે છે, જે આમળા જેટલો આહાર કરવાથી શાન્ત થાય છે.

આ ત્રણે આરાના કાળને યુગલિકકાળ કહેવાય છે. કારણ કે તેમાં (પુરુષ-સ્ત્રીનું) યુગલ સાથે જન્મે છે - જીવે છે અને મરે છે.

બાળક - બાળકી રૂપે તેમનો જન્મ થાય છે. જન્મતાં પીડા અનુભવવી પડતી નથી. દસ પ્રકારનાં કલ્પવૃક્ષો પાસેથી ઈચ્છિત ચીજવસ્તુઓ પ્રાપ્ત થાય છે. તે મેળવવા કોઈ મહેનત કરવી પડતી નથી. નોકરી-ધંધા હોતા નથી. પોતાનું પૂર્ણ આયુષ્ય સુખ-આનંદમાં વ્યતીત કરવાનું હોય છે.

ત્યાં શેઠ-નોકર, રાજા-રંક, શ્રીમંત-ગરીબ વગેરે ભેદભાવો હોતા નથી. બધાં સુખમય જીવન જીવે છે.

ત્યાં ખેતી પણ નથી. પશુઓ પણ પોતાની રીતે સ્વતંત્ર હોય છે. હાથી-ઘોડા-ગધેડા-બળદ વગેરે પશુઓને માનવો દ્વારા બંધન કે ભારવહન કરવાના ઉપયોગમાં લેવાતાં નથી.

યૌવનકાળમાં આવતાં, સાથે જન્મેલાં તે બંને પતિ-પત્ની રૂપે જીવન જીવે છે. તેઓ ખૂબ જ ઓછા કષાયવાળાં અને અલ્પ મમત્વવાળાં

હોય છે. સ્વભાવે જ શાન્ત હોય છે. જીવનમાં પાપાચાર ખાસ હોતા નથી.

વળી આ યુગલિકકાળમાં ધર્મ પણ હોતો નથી. તીર્થંકર ભગવંતે તે કાળમાં શાસનસ્થાપના કરી નથી. તેથી પૂજા- સામાયિક પ્રતિક્રમણાદિ કે અન્ય કોઇ ક્રિયાકાંડ તે કાળમાં કોઈ કરતું નથી.

આયુષ્ય પૂર્ણ થવાના છ મહીના બાકી હોય ત્યારે તેઓ એક યુગલને જન્મ આપે છે. ૧લાં આરામાં ૪૯ દિવસ, બીજા આરામાં ૬૪ દિવસ અને ત્રીજા આરામાં ૮૯ દિવસ તે નવા જન્મેલ યુગલનું પાલનપોષણ કરવું પડે છે. તેટલો સમય પસાર થતાં તે યુગલો પોતપોતની રીતે સક્ષમ બની જાય છે.

આ યુગલોને શરીરમાં કદી પણ કોઇપણ પ્રકારના રોગાદિ થતા નથી. આપણને છીંક, બગાસું કે ખાંસી ખાતી વખતે પીડા થતી નથી તેમ મૃત્યુ વખતે તેમને પીડા હોતી નથી.

જીવનમાં પાપાચાર ખાસ ન હોવાના કારણે આ તમામ યુગલિકો મરીને દેવલોકમાં જાય છે.

આ અવસર્પિણીકાળ હોવાથી પડતો કાળ છે. ધીમે ધીમે પૃથ્વીની મીઠાશ ઘટતી જાય છે. કલ્પવૃક્ષો ફળ આપતાં બંધ થાય છે. લોકોમાં પણ કષાયાદિ વધતાં જાય છે. તેથી આ ત્રીજા આરાના છેલ્લા એક પલ્યોપમનો આઠમો ભાગ બાકી રહે ત્યારે કુલકર વ્યવસ્થા શરૂ થાય છે, અર્થાત્ લોકો પોતાના એક મોવડીને નીમે છે, જે કુલકર તરીકે ઓળખાય છે.

આ અવસર્પિણીમાં સૌ પ્રથમ 'વિમલવાહન' નામના કુલકર થયા. જેનો વંશમાં છેલ્લા કુલકર તરીકે નાભી કુલકર (ઋષભદેવ ભગવાનના પિતા) થયા.

જ્યારે આ ત્રીજા આરાના ૮૪ લાખ પૂર્વ ને ૮૯ પખવાડિયાં (૧ પૂર્વ=૭૦૫૬૦ અબજ વર્ષ) બાકી હોય ત્યારે પ્રથમ તીર્થંકર ભગવંતનો જન્મ થાય છે. તે ન્યાયે નાભીરાજાને ત્યાં ઋષભદેવ ભગવાનનો જન્મ થયો. તેઓનું ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય હતું.

તેઓ સૌ પ્રથમ રાજા બન્યા. સ્ત્રીઓની ૬૪ કળા અને પુરૂષોની ૭૨ કળા તેમણે બતાવી. યુગલિકકાળ ખલાસ થયો હોવાથી સામાજિક વ્યવસ્થાઓ તેમણે નિયત કરી. પછી દીક્ષા સ્વીકારીને આ અવસર્પિણીકાળના પ્રથમ સાધુ તેઓ બન્યા. કેવળજ્ઞાન પામીને પ્રથમ ભગવાન પણ તેઓ બન્યા.

માતા મરુદેવાને જ્ઞાનની અને મોક્ષલક્ષ્મીની ભેટ તેઓએ આપી. અનેક જીવોને સાચો રાહ ચીંધવા જૈનશાસનને પ્રકાશિત કર્યું. છેલ્લે તેઓ મોક્ષે સિધાવ્યા.

તેઓના મોક્ષ-ગમન પછી ૮૯ પખવાડિયાં (૩ વર્ષ ૮ા। મહીના) પસાર થયા ત્યારે ત્રીજો આરો પૂર્ણ થયો અને ચોથા આરાની શરૂઆત થઇ.

સમગ્ર અવસર્પિણીમાં ૨૪ તીર્થંકર પરમાત્મા થાય છે. તેમાંના પ્રથમ તીર્થંકર ત્રીજા આરામાં થાય છે, જેમનું નિર્વાણ થયા બાદ ૮૯ પખવાડિયાં પૂર્ણ થતાં ત્રીજો આરો પૂર્ણ થાય છે.

બાકીના બીજાથી ચોવીસમા સુધીના ૨૩ તીર્થંકર પરમાત્માઓ ચોથા આરામાં થાય છે.છેલ્લા ચોવીસમા ભગવાનનું નિર્વાણ થયા બાદ ૮૯ પખવાડિયાં પૂર્ણ થતાં ચોથો આરો પૂર્ણ થાય છે.

જેમ અવસર્પિણીકાળમાં ૨૪ ભગવાન થાય છે, તેમ ઉત્સર્પિણીકાળમાં પણ ૨૪ ભગવાન થાય છે. પણ તેમાં ત્રીજા આરાની શરૂઆતના ૮૯ પખવાડિયાં પસાર થાય ત્યારે પહેલા ભગવાનનો જન્મ થાય છે. ત્રીજા આરામાં એકથી ત્રેવીસ ભગવાન થાય છે. અને ચોથા આરાના શરૂઆતના ૮૯ પખવાડિયા પસાર થાય ત્યારે છેલ્લા ચોવીસમા ભગવાનનો જન્મ થાય છે.

આમ અવસર્પિણીમાં ત્રીજા આરામાં એક અને ચોથા આરામાં બાકીના ત્રેવીસ ભગવાન થાય છે જ્યારે ઉત્સર્પિણીમાં ત્રીજા આરામાં ૨૩ અને ચોથા આરામાં છેલ્લા એક ભગવાન થાય છે.

અવસર્પિણીના ચોથા આરાનું નામ દુઃષમ-સુષમ છે. આ આરામાં દુઃખ ઘણું અને સુખ થોડું છે. ત્રીજા આરાના અંતિમ ભાગમાં શરૂ થયેલો મોક્ષમાર્ગ આ ચોથા આરામાં પણ ચાલું રહે છે. બાકીના ત્રેવીસ ભગવંતો આ આરામાં તીર્થસ્થાપન કરીને માર્ગ બતાવતા રહે છે.

મનુષ્યોનું આયુષ્ય વધુમાં વધુ એક ક્રોડપૂર્વ વર્ષ હોય છે. ઊંચાઇ ૫૦૦ ધનુષ (૧ ધનુષ = ચાર હાથ) હોય છે. ભૂખ અનિયત સમયે લાગે છે. અને આહારનું પ્રમાણ પણ કોઈ નિયત નથી.

ત્રીજા આરાના અંતિમ ભાગથી આરંભીને આ આરામાં પણ જીવો જેમ મોક્ષે જઈ શકે છે, તેમ મરીને ૭મી નરક સુધી પણ જઈ શકે છે. પાંચે ગતિમાં(ચારગતિ + મોક્ષ) જવાના દરવાજા આ આરામાં ખુલ્લા હોય છે.

આ અવસર્પિણીકાળનો કુલ સમય જે દસ કોડાકોડી સાગરોપમનો છે, તેમાંથી પહેલા- બીજા-ત્રીજા આરાના ૪+ ૩+ ૨ = નવ કોડાકોડી

સાગરોપમ થઈ ગયા. બાકી રહેલા એક કોડાકોડી સાગરોપમમાંથી પાંચમા આરાનાં ૨૧૦૦૦ વર્ષ અને છઠ્ઠાં આરાનાં ૨૧૦૦૦ વર્ષ બાકી રાખતાં જે (૪૨૦૦૦ વર્ષ ઓછા એવા એક કોડાકોડી સાગરોપમનો) કાળ બચ્યો, તે ચોથા આરાનો સમય જાણવો. તેટલો સમય પસાર થતાં ચોથો આરો પૂર્ણ થાય.

આ અવસર્પિણીના છેલ્લા ભગવાન પ્રભુ મહાવીર મોક્ષે ગયા પછી ૮૯ પખવાડિયાં પસાર થતાં આ દુઃષમ નામનો પાંચમો આરો શરૂ થયેલ છે, જેમાં આયુષ્ય વધુમાં વધુ સામાન્યતઃ ૧૩૦ વર્ષનું અને ઊંચાઇ સાત હાથની ગણી શકાય. ભૂખ અનિયત સમયે લાગે અને ભોજનનું પ્રમાણ પણ અનિયત હોય છે.

આ પાંચમા આરાના અંત સમય સુધી ધર્મ રહેશે. ચોથા આરામાં જન્મેલા સાધના કરીને પાંચમા આરામાં મોક્ષે જઈ શકે છે, પણ પાંચમા આરામાં જન્મેલા માટે મોક્ષ-માર્ગ બંધ છે.

આ અવસર્પિણીમાં ઋષભદેવ ભગવાનના માતા મરુદેવા સૌ પ્રથમ મોક્ષે ગયાં. તેમણે મોક્ષના દરવાજા ભરતક્ષેત્ર માટે ઉઘાડયા. જે દરવાજા પ્રભુવીરના પંચમ ગણધર સુધર્માસ્વામીના શિષ્ય જંબૂસ્વામી મોક્ષે જતાં બંધ થયા. આ અવસર્પિણીકાળના સૌથી છેલ્લા મોક્ષે જનારા જંબૂસ્વામી થયા.

આ પંચમ આરામાં પુષ્કળ દુઃખ હોય. તે ૨૧૦૦૦ વર્ષ સુધી ટકશે. છેલ્લે વિમલવાહન નામનો રાજા થશે. જે અંતિમ યુગપ્રધાન દુપ્પસહસૂરિજીની પ્રેરણાથી શત્રુંજય ગિરિરાજનો છેલ્લો સત્તરમો ઉદ્ધાર કરાવશે.

. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય અને કાળ એ પાંચ અજીવોમાંથી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને આકાશાસ્તિકાય, દરેકના (૧) સ્કંધ, (૨) દેશ અને (૩) પ્રદેશ - એમ ત્રણ ત્રણ ભેદ હોવાંથી ૯ ભેદ થયાં. તેમાં પુદ્‌ગલાસ્તિકાયના (૧) સ્કંધ (૨) દેશ (૩) પ્રદેશ અને (૪) પરમાણુ એ ચાર ભેદ ઉમેરતાં ૧૩ ભેદ થયા. કાળના પ્રદેશ ન હોય. તેથી તેના સ્કંધ-દેશ-પ્રદેશ જેવા ભેદો નથી. અજીવદ્રવ્યોના ઉપરોકત ૧૩ ભેદમાં કાળને ઉમેરતાં અજીવદ્રવ્યોના કુલ ૧૪ ભેદ થયા.

# ૧૪
# પુણ્યતત્વ

જીવ માત્રને સુખ ગમે છે, દુઃખની કલ્પના કરતાં તે તીણી ચીસ પાડી ઊઠે છે. તો મનમાં સવાલ થાય છે કે આ સુખ જે આપણને દરેકને અત્યંત પસંદ છે, તે સુખ આવે છે ક્યાંથી?

શું સુખ આપણને આપણા પુરુષાર્થથી મળે છે?

જો હા, તો મનમાં પ્રશ્નો ઊઠે છે કે ડિગ્રીઓ પામેલા બેકાર કેમ ફરે છે ? બુદ્ધિમાન માણસો લોકપ્રિય કેમ બનતા નથી ? સાવ અભણ માણસ અબજોપતિ શી રીતે બને છે ? સારી પણ વાત કરનારો લોકોમાં કેમ વગોવાય છે ? દર્દીને જીવાડવાનો સતત પુરુષાર્થ ડૉકટરો કરતા હોવા છતાં દરદી મરી કેમ જાય છે ? અને સાતમા માળેથી ગબડી પડનારો મરવાને બદલે જીવતો રહે છે તેનું શું કારણ ?

જે પ્રમાણે પુરુષાર્થ કરવામાં આવ્યો હોય તેના કરતાં સાવ વિપરીત ફળ આવતું ઘણીવાર દેખાય છે. તેમાં શું કારણ ?

આ કારણનું નામ છે પુણ્યકર્મ અને પાપકર્મ.

જીવનમાં જે કાંઇ સુખ આવે છે તે પુણ્યકર્મના ઉદયથી આવે છે અને જે કાંઇ દુઃખ આવે છે, તે પાપકર્મના ઉદયથી.

જેનું પુણ્ય જોર મારે છે તેના બધા જ અવળા પાસાં સવળાં થાય છે અને જેનો પાપોદય જોર મારતો હોય છે તે ગમે તેટલું વિચારીને ડગલું ભરે તોય નિષ્ફળતા સિવાય કાંઇ જ સાંપડતું નથી.

આ દુનિયામાં ભલે એવું મનાતું હોય કે જેની પાસે ધન છે, તેની પાસે બધું જ છે. પણ ના, આ માન્યતા જરા ય સાચી નથી.

દુનિયામાં ભલે યશ-કીર્તિ, માન, સન્માન, ધનના કારણે કો'કને મળી જતાં દેખાતાં હોય પણ ઘણી વસ્તુઓ આ વિશ્વમાં એવી છે કે જે કદી પણ પૈસાથી મળી શકતી નથી. તેના માટે તો પુણ્ય જ જોઇએ.

(અરે ! પૈસો પણ પુણ્ય વિના ક્યાં મળે છે.? તેથી જે કાંઇ ચીજો પૈસાથી મળતી હોય તે પણ હકીકતમાં તો પૈસાને લાવનાર પુણ્યથી જ મળી ગણાય ને ?)

મસ્તક ઉપર પહેરાતી ટોપી કે સાફો ભલે પૈસાથી મળતો હોય પણ તે ટોપી કે સાફો જ્યાં પહેરવાનાં છે તે માથું કાંઇ પૈસાથી થોડું મળે ?

પગમાં પહેરાતી ચંપલ ભલે પૈસાથી મેળવી શકાતી હોય પણ તે ચંપલ જેને પહેરાવવાની છે, તે પગ પૈસાથી મળી શકે ખરા ?

ચશ્મા પૈસાથી મળ્યાં પણ ચશ્મા પહેરનારી આંખ શેનાથી મળી ?

ભોજન, પથારી કે સુખનાં સાધનો કદાચ પૈસાથી મળ્યાં હોય તો ય ભૂખ, ઊંઘ અને શાંતિ તો પુણ્યથી જ મળે ને !

ડાઈનિંગ ટેબલ ઉપર ગુલાબજાંબુ, બરફી, પેંડા, મલાઈકોફતા ગોઠવાયા હોય પણ પેટમાં ભૂખ જ ન લાગી હોય તો તે સુંદર ભોજનની પણ શી કિંમત ?

સૂવા માટે ડનલોપની ગાદી તૈયાર હોય કે ગુલાબની પાંખડીઓની પથારી તૈયાર કરાવી હોય પણ આંખમાં ઊંઘ જ ન આવે તો તે સુંદર પથારીનો શો મતલબ ?

ટીવી, વીડીયો, ફ્રીઝ, એરકન્ડીશનર, મારુતી વગેરે સુખની સામગ્રીઓનો ચારે બાજુ ખડકલો કરી દીધો હોય પણ તેની વચ્ચે ઘેરાયેલી વ્યકિતના જીવનમાં શાન્તિ જો શોધી ય ન જડતી હોય તો આ સામગ્રીઓનો શો અર્થ ?

તેથી હવે નાસ્તિકે પણ સ્વીકારવી પડે તેવી વાત એ છે કે પુણ્ય વિના કાંઈ થતું નથી. પૈસા વિના ઘણું મળી શકે, પુરુષાર્થ વિના ઘણી સિદ્ધિઓ સાંપડી શકે પણ પુણ્ય વિના કશુંય ના મળે.

આપણા ગળામાં અન્નનળી અને શ્વાસનળી બંને આવેલી છે. ભૂલમાં પણ જો દાણો અન્નનળીને બદલે શ્વાસનળીમાં જઈને ફસાઈ જાય કે હૃદયમાં લોહીની ધમનીમાં જતો રહે તો સાંભળવા પ્રમાણે તે જીવ ૧૦-૧૫ મિનિટમાં તરફડિયાં ખાઈને મરી જાય.

બેફામપણે મોંમાં ડૂચા મારીને ખાનારા આજના ઘણા માનવો ૫૦-૬૦-૭૦-૮૦ વર્ષ સુધી હજુ આરામથી જીવી રહ્યા હોય, તો તેમના તે જીવનકાળ દરમ્યાન એકાદવાર પણ અન્નનો દાણો આ રીતે શ્વાસનળીમાં નહિ જવાનું શું કારણ ?

શું તેઓએ શ્વાસનળીના નાકે કોઈ પગારદાર પહેરેગીર ગોઠવ્યો છે કે જે શ્વાસનળીમાં જતા દાણાને રોકતો હોય ?

કે પછી તેમણે શું તે માટે અન્ય કોઈ સબળ પુરુષાર્થ આદર્યો છે.?

ના, આવું તો કોઈએ ય કયાંય કર્યું હોય તેવું માની શકાય તેમ નથી. તો આપણે સૌએ એકીમતે માનવું જ રહ્યું કે આની પાછળ પ્રચંડ પુણ્યોદય કારણ છે.

વર્તમાનકાળમાં ઘણા સુખી જીવો ભોગ-વિલાસમાં ચકચૂર જણાય છે. ભરપૂર વિલાસી જીવન તેઓ જીવે છે. મર્યાદાઓને તો તેમણે તિલાંજલિ આપેલી જણાય છે. ભોજન બાબતમાં આયુર્વેદના એકપણ નિયમોનું અજાણતાં ય પાલન કરતા કેટલાક જણાતા નથી. બ્રહ્મચર્ય બાબતમાં પણ મર્યાદા સાચવતા નથી. તેવા ખાવા-પીવાના લંપટ અને કામી જીવોનું જીવન આયુર્વેદની માન્યતા અનુસાર કદી લાંબું હોઈ શકે નહિ. કદાચ તે વ્યકિત લાંબું જીવે તો પણ તેનું શરીર નિરોગી ન હોઈ શકે.

આમ છતાં ય જો આયુર્વેદના ભોજન અને બ્રહ્મચર્ય સંબંધિત નિયમોને વ્યવસ્થિત રીતે નહિ પાળનારાઓમાંથી કેટલાકનું જીવન દીર્ઘ અને નિરોગી જણાતું હોય તો તેમાં તેના પુણ્યકર્મને કારણ માનવું જ રહ્યું.

જેનું પુણ્ય જોર મારે છે, તેનો અત્યંત વિષમ સ્થિતિમાં કોઇ વાળ પણ વાંકો કરી શકતું નથી.

હુમાયુની પાછળ દુશ્મનો પડ્યા. તરત ભાગી છૂટવા સિવાય હુમાયુ પાસે કોઈ રસ્તો નહોતો. જાનના જોખમે પણ હુમાયુની ઈચ્છા એક જ મહિનાની ઉંમરના પોતાના પુત્ર અકબરને બચાવવાની હતી.

નાનકડા બાળ અકબરને કમરે બાંધીને ઘોડા ઉપર બેસી હુમાયુ નાસી છૂટયો. દુશ્મનોએ તેનો પીછો પકડ્યો. પાછળથી બાણની વર્ષા શરૂ કરી.

હુમાયુએ ઝડપ વધારી. ગમે તે ક્ષણે પાછળથી આવનારું બાણ અકબરને યમસદન પહોંચાડી દે તેવી શકયતા હતી. બાણની વર્ષા તીવ્ર બની.

છતાં હુમાયુ અકબરને હેમખેમ લઈને, સુરક્ષિત કિલ્લામાં પ્રવેશી ગયો. કોડીબંધ બાણો હુમાયુને ખભા ઉપર વાગ્યાં પણ બાળ અકબરને એક પણ બાણ ન વાગ્યું આનું જ નામ અકબરનું પુણ્ય !

રાવણની બહેન શૂર્પણખાનો દીકરો શંબૂક! ચન્દ્રહાસ ખડ્ગ પ્રાપ્ત કરવા બાર વર્ષ ને સાત દિવસની સાધના કરવા જંગલમાં ગયો. ૧૨ વર્ષને ૪ દિન સુધી ઊંધા મસ્તકે લટકીને ઘોર સાધના કરી. તલવાર આકાશમાં ઘણી નીચે પણ આવી.

છતાં ય તે તલવાર શંબૂકને તો ન જ મળી. અરે ! તલવાર મળવાની વાત તો દૂર રહો, તેને મોત મળ્યું !

બન્યું એવું કે રામ-લક્ષ્મણ-સીતાજી તે જ જંગલમાં આવ્યાં હતાં. તલવાર દેખાતાં જ લક્ષ્મણજીએ છલાંગ લગાવી અને વગર સાધનાએ તે તલવાર તેમના હાથમાં આવી ગઈ. તલવાર કેવી પાણીદાર છે, તે જોવા વનસ્પતિની ઝાડીમાં તલવાર ફેરવતા તેની પાછળ સાધના કરતા શંબૂકનું

મસ્તક કપાઈ ગયું.

અહીં લક્ષ્મણજીને વગર સાધનાએ તલવાર મળી તેમાં તેમના પુણ્ય સિવાય ક્યો પુરુષાર્થ કામ કરતો હતો ?

રામચન્દ્રજીના પિતા દશરથને પોતાની માત્ર એક જ મહિનાની ઉંમરે રાજગાદી મળી ગઈ હતી. તેમાં પુણ્ય સિવાય કોને કારણ કહી શકાશે ?

પુણ્ય જોર મારે તો બધી વાતે લીલાલહેર થાય પણ જો પુણ્ય પરવારી જાય તો બધી વાતે હાહાકાર થયા વિના ન રહે !

મહારાણા પ્રતાપનું પુણ્ય એકવાર પરવાર્યું. જંગલમાં તેમણે નાસભાગ કરવી પડી. સખ્ત ભૂખ લાગવા છતાંય અનેકોને ભોજનથી ભરી દેનારને ભૂખ્યા ટળવળવા સિવાય રસ્તો નહોતો.

છેવટે કો'ક પાસેથી માંડ રોટલો મળ્યો. પત્ની અને દીકરાને આપ્યા બાદ પોતાના ભાગે આવેલો ટુકડો જ્યાં ખાવા જાય છે ત્યાં જ ચીલઝડપે આવીને બાજપક્ષી તે ટુકડાને ઝુંટવી ગયું ! પુણ્ય પરવારે પછી આવું જ બને ને !

આવતી ચોવીસીમાં પ્રથમ તીર્થંકર થનારા મગધના નાથ મહારાજા શ્રેણિકને વૃદ્ધાવસ્થામાં જેલમાં પુરાઈને રોજ મીઠા પાયેલા હંટરના સો સો ફટકા ખાવા પડ્યા તેમાં પરવારી ગયેલું તેમનું પુણ્ય પણ જવાબદાર નથી ?

અમેરિકાનો અબજોપતિ એકવાર પોતાની મિલકતની સાચી માહિતી મેળવવા સ્ટ્રોંગરૂમમાં પહોંચ્યો. કાગળ-પેન લઈને હિસાબ માંડવાનો ચાલુ હતો ને ઑટૉમેટિક સ્વીચના કારણે સ્ટ્રોંગરૂમનું બારણું આપમેળે બંધ થઈ ગયું ! ચાવી ભૂલમાં બહાર જ રહી ગઈ હતી !!

ચાર કલાક પસાર થયા બાદ બહાર નીકળવા પ્રયત્ન કર્યો ત્યારે ખ્યાલ આવ્યો કે દરવાજો બંધ છે ને ચાવી બહાર છે ! હવે શું કરવું ?

બારણું ખોલાવવા ઘણી બૂમો પાડી પણ પુણ્યના ઉદયે પ્રાપ્ત થયેલી સમૃદ્ધિના જોરે વોટરપ્રૂફ, શૉકપ્રૂફ, સાઉન્ડપ્રૂફ, ફાયરપ્રૂફ બનાવેલા આ સ્ટ્રોંગરૂમની બહાર તેનો અવાજ પહોંચી શકે તેમ નહોતો.

રાત પડી ગઈ.અત્યંત તરસ્યો થયો.મોત નજીક દેખાવા લાગ્યું. બાજુમાં રહેલા કાગળ ઉપર તેણે લખ્યું કે, "જો આ પળે મને કોઈ અડધો ગ્લાસ પાણી આપે તો હું તેને મારી અડધી સંપત્તિ આપી દઉં." પણ તેની તે ભાવના અધૂરી જ રહી ગઈ. પળવારમાં મોત તેને ભરખી ગયું ! પુણ્ય પરવારે પછી શું ન થાય ?

પુણ્યની વાત જ અજબ - ગજબની છે. તેની હાજરીમાં અનેક

સમૃદ્ધિઓ ચરણોમાં આળોટી શકે અને જો તેની ગેરહાજરી થાય તો આવેલી અનેક સમૃદ્ધિઓ હાથતાળી દઈને છટકી જાય.

ધર્મથી સુખ મલે અને પાપથી દુ:ખ મળે.(સુખં ધર્માત્, દુ:ખં પાપાત્)તેનો અર્થ એ છે કે ધર્મ કરવાથી પુણ્ય બંધાય.પછી જ્યારે તે પુણ્યકર્મનો ઉદય થાય ત્યારે સુખની સામગ્રીઓ પ્રાપ્ત થાય. અધર્મ કરવાથી પાપકર્મ બંધાય. જ્યારે તે પાપનો ઉદય થાય ત્યારે દુ:ખની સામગ્રીઓ આવીને ઊભી રહે.

આ દુનિયામાં સાચો ધર્મ કરનારા જીવોની પણ કયારેક સાવ કફોડી હાલત જણાય છે તો ક્યાંક ભયંકર પાપી જીવન જીવનારા માફીયા-ગુંડા લોકો પણ બિન્ધાસ્તપણે આ દુનિયામાં ફરે છે અને કરોડો રૂપિયાનું વિલાસી જીવન જીવે છે. તેનું કારણ પણ એ જ છે કે તે ધર્મીજનોને હાલ પૂર્વે બાંધેલા પાપકર્મોનો ઉદય ચાલે છે. જ્યારે તે અધર્મી માફીયા લોકોને હાલ પૂર્વે બાંધેલા પુણ્યકર્મોનો ઉદય ચાલે છે.

ધર્મીને પણ જ્યારે કરેલા ધર્મથી બંધાયેલા પુણ્યનો ઉદય થશે ત્યારે તેના જીવનની રોનક કોઈ જુદી જ હશે; જ્યારે તે અધર્મીઓના અધર્મના પ્રભાવે બંધાયેલાં પાપકર્મોનો તેમને ઉદય થશે ત્યારે તે કરોડપતિઓ પણ રાતોરાત રોડપતિ બની ગયા વિના કદાચ નહિ રહે !

સંસારી જીવોને તો આ પુણ્યકર્મના ઉદયની ડગલે ને પગલે જરૂર પડવાની. જેઓ સાધુ બની ગયા છે; તેમની વાત ન્યારી છે. તેઓની કક્ષા એટલી ઊંચી છે કે તેમને મન પાપકર્મ એ જો લોખંડની બેડી છે તો પુણ્યકર્મ એ સોનાની બેડી છે. બંને મોક્ષમાં જવામાં અટકાયત કરે છે. માટે સાધુઓની ઊંચી કક્ષામાં ભલે પુણ્યકર્મ ઈચ્છાતું ન હોય તો ય જેમની કક્ષા તેવી ઊંચી નથી, તેમણે તેમની બાળકક્ષામાં પુણ્ય પણ મેળવવું જરૂરી છે.

. પુણ્યકર્મના ઉદયે જેન્ધર્મસામગ્રી મળે તેના દ્વારા ધર્મ થાય. તેથી પાપકર્મો દૂર ઠેલાય.જો પુણ્ય ન હોય તો માનવજીવન, આર્યદેશ, પાંચ ઇન્દ્રિયથી યુકત શરીર, સુંદર ધર્મીષ્ઠ માતા-પિતાના કુળમાં જન્મ, નજીકમાં જિનાલય, સદ્ગુરૂની પ્રાપ્તિ; કલ્યાણમિત્રનો યોગ વગેરે શી રીતે મળે ?

અને જો ઉપરોકત ધર્મસામગ્રીઓ ન મળી હોય તો પાપ, પાપ તરીકે સમજાશે શી રીતે ? અને જો પાપને પાપ તરીકે સમજયું જ નહિ હોય તો તે છૂટશે કેવી રીતે ?

પુણ્યના ઉદયે જેમ સંસારની સામગ્રીઓ મળે છે, તેમ ધર્મની સામગ્રીઓ પણ પુણ્યના ઉદયથી જ મળે છે.

માળવાના રાજા પ્રજાપાળે પોતાની બંને દીકરીઓને સવાલ પૂછયો કે, પુણ્યથી શું મળે? સુરસુંદરી કહે છે કે પુણ્યથી રૂપ, યૌવન, ધન, સંપત્તિ, વગેરે મળે. મયણાસુંદરી કહે છે કે પુણ્યથી શીલયુકત શરીર વગેરે ધર્મસામગ્રીઓ મળે છે. જ્ઞાનમાં બંનેની વાત સાચી જણાય છે, છતાં સુરસુંદરીની દ્રષ્ટિ બરોબર ન ગણાય. તેની નજર ભોગસામગ્રી તરફ હતી, તે ઠીક ન ગણાય. મયણાસુંદરીની નજર આત્મા તરફ હતી માટે તેનો જવાબ યોગ્ય ગણાય.

ઊંચી કક્ષાના ધર્મી આત્માઓને ધર્મ કરવા માત્ર ધર્મસામગ્રીની જ જરૂર છે, પણ અલ્પસત્ત્વી આત્માઓને ધર્મ કરવા માટે કયારેક સાંસારિક સામગ્રી - ધન, અનુકૂળ સ્ત્રી, નિરોગી શરીર વગેરે-ની પણ જરૂર પડે છે. જો તે સામગ્રીઓ તેમને અનુકૂળ ન મળી હોય તો તેઓ સામાયિક, પ્રતિક્રમણાદિ ધર્મ પણ ઉલ્લાસથી આરાધી શકતા નથી.

આવી ધર્મ કરવા માટે જરૂરી સાંસારિક સામગ્રી કે ધર્મસામગ્રી પુણ્યથી મળે છે, માટે તેવા જીવોને માટે પુણ્ય ખૂબ જ જરૂરી ચીજ બની રહે છે.

આ પુણ્યકર્મ પણ બે પ્રકારનાં છે.

(૧) મારક અને (૨) તારક. આમાં જે મારક કક્ષાનું પુણ્ય છે, (જેને શાસ્ત્રીય પરિભાષામાં પાપાનુબંધી પુણ્ય કહેવાય છે.) તે પુણ્ય મેળવવા જેવું નથી. પણ જે તારક પુણ્ય છે (જેને શાસ્ત્રીય ભાષામાં પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય છે) તે મેળવવા જ સતત પ્રયત્ન કરવા જેવો છે.

પુણ્યકર્મ બાંધવાના નવ કારણો છે.

(૧) અન્નદાન (૨) પાણીનું દાન (૩) વસ્ત્રદાન (૪) સ્થાનદાન (૫) શય્યાદાન (૬) સારા વિચારો કરવા (૭) સારાં વચનો બોલવાં (૮) કાયાથી સારાં કાર્યો કરવાં અને (૯) દેવ-ગુરૂને વિનય બહુમાનપૂર્વક વંદન-પૂજન કરવાં.

અન્નદાન વગેરે જેને કરાય તે વ્યકિત જેટલી નબળી તેટલું પુણ્ય નબળું બંધાય. તે પાત્ર જેટલું ઊંચું તેટલું પુણ્ય ઊંચું બંધાય.

તેથી જ ઉત્તમ કોટિના પુણ્યના ચાહકોએ માનવતાનાં કાર્યો કરવાની સાથે અરિહંતાદિની ભકિતમાં વિશેષ લીન બનવું જોઇએ. પરમાત્મભકિતમાં સર્વસ્વ ન્યોચ્છાવર કરતાં કાચી સેકંડની વાર ન લગાડવી.

જે કોઇ ધર્મક્રિયાઓ છે તે કરવાથી પુણ્ય બંધાય છે. તે વખતે તે ધર્મક્રિયાઓ પ્રતિ આદર-બહુમાન જોઇએ. ધિક્કાર અને દુર્ભાવ હોય તો ન

ચાલે. મનનો થોડોક પણ સદ્‌ભાવ જે ધર્મક્રિયાઓ પ્રત્યે છે, તે ધર્મક્રિયાથી પુણ્ય બંધાય છે. પણ જો તે ધર્મક્રિયામાં મોક્ષનું ઉત્તમ લક્ષ આવી જાય તો તે તારક પુણ્ય પેદા કરી દે. તે પુણ્યથી મોક્ષને જલ્દી મેળવાવી શકે તેવો માનવભવ મળી જાય.

આપણે અનંતી વાર માનવભવ મેળવ્યો પણ મોક્ષ ન થયો. મોક્ષ તો માનવભવમાં જ થાય, પણ તે માટે ઊંચી ક્વૉલીટીનો માનવભવ જોઇએ. તેવો ઊંચી ક્વૉલીટીનો માનવભવ મેળવવા ઊંચી ક્વૉલીટીનું પુણ્ય જોઇએ.

કૂતરાં, બિલાડાં, ઝાડ વગેરેના ભવોમાં પરાણે પણ દુઃખો ભોગવીને, તકલીફોને સહન કરીને, ધાર્મિક ક્રિયાઓ કર્યા વિના પણ સહન કરવા રૂપ ધર્મ કરીને જે પુણ્ય બાંધ્યું હોય તે હલકી ક્વૉલીટીનું મારક પુણ્ય કહેવાય. તેનાથી જે માનવભવો મળે તે મોક્ષ ન અપાવી શકે.

પણ તારક પુણ્યથી જે ઊંચી ક્વૉલીટીનો માનવભવ મળે તે મોક્ષ અપાવી શકે. આવું તારક (ઊંચી ક્વૉલીટીનું) પુણ્ય બાંધતી વખતે તે આત્માને કાં તો મોક્ષનું ઉત્તમ લક્ષ હોય અથવા મોક્ષનું કદાચ લક્ષ ન હોય તો ય તે વખતે તે જીવ બદલાની કોઈપણ અપેક્ષા વિના પરાર્થનું કાર્ય કરતો હોય.

મેઘકુમાર પૂર્વભવમાં હાથી હતો. જંગલમાં દવ લાગતાં પોતે બનાવેલા માંડલામાં તેણે બધા જીવોને આશ્રય આપ્યો હતો. પગ ખંજવાળવા ઊંચે કરેલા પગ નીચે સસલું આવીને બેસતાં, તેને આનંદ થયો હતો. સસલાને બચાવવા પગ અધ્ધર જ રાખ્યો. પરિણામે તેનું છેલ્લે મોત પણ થયું. છતાં, બદલાની આશા વિના કરેલા આ પરાર્થના કાર્યમાં તેને પુષ્કળ આનંદ હતો. તે વખતે તેણે આવું ઊંચી ક્વૉલીટીનું (તારક) પુણ્ય બાંધ્યું હતું.

જે તારક પુણ્યના પ્રભાવે મૃત્યુ પામેલો તે હાથી મગધના નાથ મહારાજા શ્રેણિકના પુત્ર તરીકે માનવભવ પામ્યો. પરમાત્મા મહાવીરદેવનો તેને યોગ થયો. તેમનું શિષ્યત્વ પામવાનું સદ્‌ભાગ્ય સાંપડયું. અરે ! દીક્ષાની પહેલી રાતે ઘરે જવાનો વિચાર આવ્યો તો સાક્ષાત્ પરમાત્મા મહાવીરદેવ તેના જીવનરથના સારથી બન્યા. ખાડે જતા તેના રથને પ્રભુ વીરે ઠેકાણે લાવીને મોક્ષમાર્ગે સડસડાટ દોડતો કરી દીધો. આ બધો પ્રભાવ છે તારક પુણ્યનો!

આમ, જેમ મોક્ષલક્ષથી તારક પુણ્ય બંધાય તેમ સ્વાર્થવિહોણા માનવતાલક્ષી કાર્યોથી પણ તારક પુણ્ય બંધાઈ શકે છે. આવા તારકપુણ્યના ઉદયે ભૌતિક સામગ્રી તો મળે છે, પણ સાથે સાથે તે સામગ્રીઓના ભોગવટામાં અનાસક્તિ પણ પેદા થાય છે; જરૂરી ધર્મસામગ્રીઓ પણ પ્રાપ્ત થાય છે અને તેના દ્વારા પરંપરાએ મોક્ષની પણ પ્રાપ્તિ થાય છે.

# ૧૫ પાપતત્ત્વ

**સંસાર**ના કોઇ જીવને દુઃખ ગમતું નથી. બધાને સુખ જ જોઇએ છે. દુઃખના વિચાર માત્રથી સંસારી જીવ ભડકી ઊઠે છે. એનાથી લેશમાત્ર દુઃખ ખમાતું નથી. સ્વપ્નમાં પણ દુઃખની કલ્પનાથી તે ચીસ પાડી ઊઠે છે. સવારથી માંડીને સાંજ સુધી, અરે ! જન્મથી માંડીને મોત સુધી સતત તેના પ્રયત્નો દુઃખથી બચવાના છે. છતાં દુઃખો જાણે કે તેનો પીછો છોડતાં ન હોય તેમ તેને વળગીને જ રહેલાં જોવા મળે છે.

કોઈ કહે છે કે હું દુઃખી છું. કારણ કે મારી આવક-જાવકના બે છેડા કદી ભેગા થતા નથી.સદા પૈસાની ખેંચ રહે છે. અરે ! ક્યારેક તો બે-ત્રણ દિવસ ભૂખે સૂવું પડે છે !!

બીજો કહે છે કે ખાવાની તો કોઇ ચિંતા નથી. ભગવાનની મહેરબાની છે. તેથી સારું કમાઈ લઉં છું. પણ અહીં રોટલો મળવા છતાં ઓટલો મળતો નથી. ઘર નથી તેથી તકલીફ છે. તેના કારણે મનને શાંતિ નથી.

ત્રીજો કહે છે કે મને નથી નડતી બેકારી કે નથી નડતી મોંઘવારી ! ખાવા-પીવાનું પણ પૂરતું મળી રહે છે. રહેવા માટે સુંદર ઘર પણ પોતાનું છે. છતાં હું દુઃખી છું. કારણ ? ઘર છે પણ ઘરવાળી મળી નથી. ઉંમર વધતી જાય છે, પણ યોગ્ય પાત્ર મળતું નથી. ખૂબ દુઃખી છું. શું કરું ? સમજાતું નથી !

વળી કો'ક કહે છે કે મને નથી સવાલ રોટલાનો કે નથી સવાલ ઓટલાનો ! સારી કમાણી છે, સુંદર ફ્લેટ મળ્યો છે મને ! ટી. વી., વીડિયો, ફ્રીઝ વગેરે સાધનોથી હું સજ્જ છું છતાં ય દુઃખી છું !!!

સાંભળ્યું હતું કે સ્વર્ગ અને નરક જેવાં સ્થાનો છે. ધર્મ કરવાથી સ્વર્ગ મળે છે ને પાપ કરવાથી નરક મળે છે. પણ હું આ બધી વાતો માનતો નહોતો. મને તે વખતે આ બધું હંબગ લાગતું હતું.

પણ આજે મને લાગે છે કે ઉપર સ્વર્ગ કે નીચે નરક તો મેં જોયેલ નથી, પરન્તુ આ દુનિયામાં જ મને તો સ્વર્ગ અને નરકનો સાક્ષાત્ અનુભવ થાય છે !!

સવારે તૈયાર થઈને આઠ વાગે મારા ફ્લેટમાંથી બહાર નીકળું છું ને સ્વર્ગનો અનુભવ શરૂ થાય છે. લિફ્ટમેન સલામ ભરીને બેગ હાથમાંથી

લઈ લઈને મને નીચે પહોંચાડે છે. શૉફર આવીને સલામ ભરીને, મારુતિનો દરવાજો ખોલીને અંદર બેસાડે છે.

અને પછી ખુશનુમા વાતાવરણ વચ્ચે, સુંદર મ્યુઝિકના શ્રવણ સાથે મારી ગાડી સડસડાટ ઓફિસ તરફ આગળ વધે છે.

ઓફિસ આવતાં જ, ગાડી ઊભી રહે છે. પહેલાં શૉફર, પછી લિફટમેન અને ત્યારબાદ ઓફિસનો પ્યુન સલામ ભરવા પૂર્વક બેગ લઈને મને ઠેઠ ઓફિસની કેબિન સુધી પહોંચાડે છે.

આખા દિવસ દરમ્યાન અનેક મોટી વ્યકિતઓ મળવા આવે છે. માન-સન્માન પુષ્કળ મળે છે. અનેક ફોન આવે છે. અનેકોની જુદા જુદા પ્રસંગોમાં પ્રમુખ, અતિથિવિશેષ તરીકે પધારવાની વિનંતીઓ આવે છે. જાણે કે એમ લાગે છે કે મારા જેવો સુખી માણસ સ્વર્ગનો દેવ પણ નહિ હોય. બેલ વગાડતાં જ પ્યુન સતત સેવામાં હાજર !!!

રાત્રે નવ વાગે પાછો અનેકોની સલામી ઝીલતો, મારુતિમાં પહોંચું છું ઘરે. અહીં સુધી તો ડગલે ને પગલે સતત મને સ્વર્ગનો અનુભવ થયા કરે છે.

પણ જ્યાં ઘરનો દરવાજો ખૂલે છે,ત્યાં જ નરકનો અનુભવ શરૂ થાય છે ! કાળી-કજિયાળી પત્ની તેની કચકચ શરૂ કરે છે, મારા માટે શું લાવ્યા ? ઘરમાં ગૅસ નથી ! લગ્નમાં જવાનું છે તો સાડીનું શું થયું? વગેરે તેની કચકચ શરૂ થઈ જાય છે.

થાકીને આવેલા પતિની આગતા-સ્વાગતા કરવાની વાત તો દૂર રહી, ગરમ પાણીથી સ્નાન કરાવવાની કે પ્રેમાળ શબ્દોથી તેના થાકને દૂર કરવાનું તો દૂર રહ્યું, અહીં તો કર્કશ શબ્દોના ઍટમબોમ્બ ફોડવાની જ વાત છે. હવે તમે જ કહો ! આના કરતાં વધુ કયું દુઃખ નરકમાં પડતું હશે ?

મારી કજિયાળી પત્નીએ આ સંસારમાં મને એવો દુઃખી દુઃખી કરી દીધો છે કે જેના કારણે તેની હાજરીમાં મારાં બાકીનાં બધાં સુખોય સળગીને સાફ થઈ જાય છે. ક્યારે છૂટીશ હું આ દુઃખમાંથી ?''

તો વળી કો'ક કહે છે કે,.''મને નથી રોટલાનું કે ઓટલાનું દુઃખ કે નથી કોઈ કજિયાળી પત્નીનો ત્રાસ ! સુંદર, કહ્યાગરી, પ્રેમાળ મને પત્ની મળી છે, પરન્તુ લગ્ન થયાને પંદર વર્ષ થયાં છતાંય હજુ પારણે ઝૂલનારો કોઈ આવ્યો નથી. હવે તમે જ કહો, શું કરવાનું આ મળેલા પૈસાનું ? મને તો આ ધન ને આ બંગલો, આ ટીવી ને આ મારુતિ, ખાવા ધસે છે ! આના કરતાં ઝૂંપડામાં રહેનારો, નાના બે દીકરાઓને રમાડનારાનો

જનમ મળ્યો હોત તો ચાલત !!! હવે તો આ જિંદગીથી ત્રાસી ગયો છું. ક્યારે દીકરો પ્રાપ્ત થશે ?''

ત્યાં કોઈક બહેનનો અવાજ આવે છે કે, ''અરે! શું કરવા મને હેરાન કરવા પેદા થયા છો? તોબા તમારા જેવા દીકરાઓથી. આના કરતાં તો મારા પેટે પથરા પેદા થયા હોત તો કપડાં ધોવા તો કામ લાગત.

ઘડપણમાં મારા પગ ન દબાવો તો કાંઈ નહિ, પણ ગળચી તો નહિ દબાવતા ! તમે તો ગળચી દબાવનારા પાકયા છો. શી રીતે છૂટાશે તમારા ત્રાસમાંથી ?

કોઈને છોકરા નથી તેનું દુઃખ છે તો કોઈને જે છોકરા મળ્યા છે, તે આજ્ઞાંકિત નથી તેનો ત્રાસ છે! સુખ તો ક્યાં ય દેખાતું નથી !!!

રાત્રીના બે વાગે, અચાનક ચિંતાથી ઊંઘ ઊડી જવાના કારણે વાતો કરી રહેલાં આ પ્રૌઢ વયના ધણી-ધણીયાણીને તો જરા સાંભળો :

"શું કરું સમજાતું નથી ? જ્યાં જ્યાં પ્રયત્ન કરું છું,ત્યાં ત્યાં નિષ્ફળતા જ મળે છે. જાણું છું કે યુવાન દીકરી એટલે સાપનો ભારો ! યોગ્ય વય થતાં પરણાવી જ દેવી જોઈએ. પણ દીકરી ૩૨-૩૪ વર્ષની થઈ. હજુ ઠેકાણું પડતું નથી. દીકરી ય પૂર્વભવમાં કેવા કર્મો કરીને આવી છે કે તેનો હાથ પકડવા ય કોઈ તૈયાર નથી !!

ને આપણાંય પાપો તો ખરાં જ ને, કે તેનો જન્મ આપણા ત્યાં થયો ! તેના કારણે આપણે શાંતિથી સૂઈ પણ શકતાં નથી !

હવે તો જલ્દીથી દીકરીનું કોઈ ઠેકાણું પડી જાય તો સારું. ચિંતા દૂર થતાં કાંઈક ધર્મસાધના તો કરીએ."

આમ, કોઈને ખાવાના સાંસા છે તો કોઈને મકાનનો સવાલ છે, કોઈને પત્ની મળતી જ નથી તો કોઈને કજિયાળી પત્ની મળ્યાનો ત્રાસ છે. કો'ક દીકરા ન હોવાના કારણે દુઃખી છે તો કોઈ તોફાની દીકરાના કારણે હેરાન-પરેશાન થાય છે; તો દીકરી મોટી થવા છતાં, તેનું વેવિશાળ થતું નથી, તેની ચિંતા કો'કની નીંદને હરામ કરે છે.

આ અને આવાં બીજાં અનેક દુઃખોથી પ્રજા ભીંસાઈ રહી છે. મનમાં સવાલ થાય કે આ દુઃખો આવે છે ક્યાંથી ? આ બધાં દુઃખોનું મૂળ શું છે ?

કજિયાળી પત્નીના કારણે કો'ક દુઃખી છે, તેમ જરૂર કહી શકાય, પણ ઘણાને પત્નીઓ સારી મળી ને તેને જ પત્ની કજિયાળી કેમ મળી ?

દીકરો અવળચંડો હોવાથી જે દુઃખી છે, તેના દુઃખમાં ભલે કારણ

તરીકે આપણે તે અવળચંડા દીકરાને ગણીએ, પણ આવો અવળચંડો દીકરો તેમના ત્યાં જ કેમ જન્મ્યો ? તેમના ત્યાં સારો, આજ્ઞાંકિત દીકરો કેમ ન જન્મ્યો ?

કુપથ્ય લેવાથી પેટમાં દુઃખાવો થયો એટલે એમ જરૂર કહી શકાય કે આ પેટમાં દુઃખાવો કુપથ્યના કારણે થયો. પણ વળી સવાલ એ ઊભો થાય કે આના કરતાં ય વધારે પ્રમાણમાં કુપથ્ય કરનારા લોકોને ક્યારેય પેટમા દુખવા નથી આવ્યું તેનું શું ? હવે દુઃખાવાના કારણ તરીકે માત્ર કુપથ્યને શી રીતે ગણી શકાય ?

દુનિયામાં જે જે દુઃખો આવે છે, તેના કારણ તરીકે આપણે ભલે બહારની કોઈપણ ચીજ, વસ્તુ કે પ્રાણીને ગણતા હોઈએ, પણ તે બધાં તો માત્ર નિમિત્ત છે. હકીકતમાં તો તે વ્યકિતના પાપકર્મનો ઉદય થાય તો જ તેના જીવનમાં દુઃખ આવે. બાકી પાપકર્મનો ઉદય ન થાય તો ગમે તેવું વિપરીત જીવન જીવે તો ય તે દુઃખી ન થઈ શકે. તેનો અવળો પુરુષાર્થ પણ સવળો થઈ જાય. તેના જીવનમાં દુઃખ પ્રવેશી જ ન શકે.

આમ, દુઃખો પાપકર્મના ઉદયે આવે છે, તેમ નક્કી થયું, માટે તો શ્રીપાળને ધવલ શેઠે દરિયામાં મારી નાંખવા ફેંકી દીધો, તો મગરમચ્છે તેને પોતાની પીઠ ઉપર લઈને પેલે પાર પહોંચાડ્યો અને ત્યાં તેને સામેથી રાજપાટ મળ્યું !!! તેના પાપકર્મનો ઉદય નહોતો તેથી મરવાના બદલે તેને રાજા તરીકેનું જીવન મળ્યું !

આપણને દુઃખો જરાય ગમતાં નથી અને આ દુઃખો પાપકર્મના ઉદય વિના આવી શકતાં નથી, તેથી જો દુઃખો જોઈતા ન હોય તો આપણે પાપકર્મો બાંધવાં જ ન જોઈએ એમ નક્કી થયું.

જો પાપકર્મો બાંધશું જ નહિ, તો તે ઉદયમાં નહિ આવી શકે. અને જો તે પાપકર્મો ઉદયમાં નહિ આવે તો આપણે દુઃખી પણ નહિ જ થઈએ. માટે જેણે પણ દુઃખ ન જોઈતાં હોય તેણે જીવનમાં પાપકર્મો બંધાઈ ન જાય તેની પળે પળે જાગૃતિ રાખવી જોઈએ.

જેનાથી નરકાદિ ગતિમાં આવનારા ભયંકર દુઃખો ખમી શકાય તેમ હોય તેણે જ તેવાં પાપો કરવાં. પરન્તુ જેનાથી તાવ ઉતારતો ડૉકટરના ઈંજેકશનની સોયનો ગોદો પણ ખમી શકાય તેમ ન હોય તેણે તો મનમાં ય પાપ ન કરવું જોઈએ.

જેઓની ગુંડા સાથે લડવાની, તેમની જેમ ગાળાગાળી કરવાની તેવડ ન હોય તેમનાથી ગુંડા સાથે કદી પણ બગાડાય નહિ; તેમ જેનામાં

દુઃખ ખમવાની તાકાત ન હોય તેનાથી કદીય પાપ કરાય નહિ.

કર્મો બે પ્રકારનાં છે. (૧) પુણ્યકર્મ અને (૨) પાપકર્મ. પુણ્યકર્મના ઉદયે જીવનમાં સુખ આવે છે, તો પાપકર્મના ઉદયે જીવનમાં દુઃખ આવે છે. તેથી જેને સુખ જોઈતાં હોય તેણે પુણ્યકર્મ કરવામાં લીન બનવું જોઈએ અને જેને દુઃખ ન ગમતાં હોય તેણે પાપકર્મ સ્વપ્નમાં પણ ન થઈ જાય તેની જાગ્રતિ રાખવી જોઈએ.

જીવનમાં આજ સુધી જે માત્ર દુઃખ પ્રત્યે તિરસ્કાર છે, દુઃખ પ્રત્યે દ્વેષ છે, તે હવે દુઃખના બદલે પાપ પ્રત્યે પેદા થવો જોઈએ. કારણ કે હકીકતમાં દુઃખ ખરાબ નથી પણ દુઃખને લાવનાર જે પાપ છે તે ખરાબ છે.

તેથી દુઃખ ખમાતું ન હોય તો પણ દુઃખને દૂર કરવાના પ્રયત્ન કરવાને બદલે તે દુઃખને ય લાવનારું જે છે, તે પાપને ખતમ કરવાના, નવું ન બાંધવાના પ્રયત્નમાં લાગી જવું જોઈએ.

જે માત્ર દુઃખોથી ગભરાય છે, ડરે છે, માત્ર તેને દૂર કરવાના પ્રયત્નો કરે છે પણ દુઃખોને લાવનારા પાપોને દૂર કરવાનો પ્રયત્ન કરતો નથી, તે તો પેલા કૂતરા જેવો ગણાય કે જે કૂતરો પોતાને લાગેલા પથ્થરને જ કરડવા લાગી જાય છે, પણ પથ્થરને મારનારા માણસની સામે નજર પણ કરતો નથી !

ના, કૂતરા જેવા નહિ ; સિંહ જેવા બનવું જોઈએ. જે સિંહ પોતાને કોઈએ મારેલી ગોળીને બચકા ભરવા લાગતો નથી, પણ તે ગોળીના મારનાર તરફ કરડી નજર કરે છે; ગર્જના કરે છે અને જરૂર પડે તો છલાંગ લગાવી તેને ભોંય ભેગો કરે છે.

આપણી નજર ક્યાં છે ? પથ્થર તરફ કે પથ્થર મારનાર તરફ ? ગોળી તરફ કે ગોળી મારનાર તરફ? દુઃખો તરફ કે દુઃખો લાવનાર પાપો તરફ ?

હવે આપણી નજર સતત દુઃખને લાવનારા પાપો તરફ કરડી થવી જોઈએ, યાદ રાખીએ કે:

**જે દુઃખને જ ધિક્કારે છે, તે નાસ્તિક છે.**

**જે પાપકર્મને ધિક્કારે છે, તે આસ્તિક છે.**

**અને જે પાપકર્મોને બંધાવનારા કામ-ક્રોધ-નિંદા-રાગ વગેરે દોષોને ધિક્કારે છે, તે ધર્મી છે.**

જો આસ્તિક બનવું હોય, નાસ્તિક મટવું હોય તો ય પાપકર્મો પ્રત્યે લાલ નજર કર્યા વિના ચાલે તેમ નથી. જો ખરેખર દુઃખ ઉપર દ્વેષ

થતો હોય તો તેને લાવનાર પાપપ્રવૃત્તિઓ ઉપર અને તે પાપપ્રવૃત્તિઓના કારણરૂપ માનસિક પાપવૃત્તિઓ ઉપર પણ દ્વેષ થવો જોઇએ.

પાપકર્મો ઉપર તીવ્ર ધિક્કાર લાવવા માટે સતત પરલોકનો વિચાર કરવો જોઇએ. આપણે બધાએ એક દિવસ મરવાનું છે, તે તો ખ્યાલમાં છે જ ને ?કે પછી આપણે અમરપટો લઇને આવ્યા છીએ ! કો'કે સાચું કહ્યું છે કે, ''માણસ ખાય છે ત્યારે જાણે એવી રીતે ખાય છે કે જાણે બીજો ટંક આવવાનો જ નથી! અને જે રીતે જીવે છે તે જોતાં એમ લાગે છે કે જાણે તે કદી મરવાનો જ નથી !!!''

જો આપણે એક દિવસ મરવાનું હોય અને મર્યા પછી ફરીથી જન્મ લેવાનો હોય તો ગંભીર સવાલ એ છે કે જયાં જન્મ લેવાની આપણને ઇચ્છા છે, ત્યાં જન્મ મળશે કે નહિ ?

**What next ?** મર્યા પછી શું ? આ એક ખૂબ ગંભીર અને મહત્ત્વનો સવાલ છે. જે પ્રશ્નો આંખ મીંચાતાંની સાથે મરી જવાના છે, તેની ચિંતા કરવાનો શો અર્થ ! પણ આંખ મીંચાતાં જ, - ક્યાં નવો જન્મ લેવો ? એવો જે પ્રશ્ન ઊભો થવાનો છે, તેની ચિંતા કરવી જરૂરી છે.

છાતી ઉપર હાથ મૂકીને આપણે કહી શકીએ ખરા કે, 'અહીંથી મરીને જયાં જન્મ લેવાની અમારી ઇચ્છા છે, ત્યાં અમને જન્મ મળે તેવા આચાર, ઉચ્ચાર અને મનના વિચાર અમારા છે જ. અમને જરાય પરલોકની ચિંતા હવે સતાવે તેમ નથી ? જો આવું કહી શકવાની હિંમત આપણી ન હોય તો આજથી જ જાગ્રત બનીએ. પરલોકને નજર સામે રોજ રાખીએ. અને તે પ્રમાણે આપણા આચાર - વિચાર અને ઉચ્ચારમાં ધરખમ ફેરફાર કરી દઇએ.

જેની નજર પરલોક તરફ થઇ જાય, તેના જીવનમાં ડગલે ને પગલે પાપો પ્રત્યેનો ભય ડોકયા વિના ન રહે; કારણ કે સામાન્ય રીતે આ ભવમાં બાંધેલા પાપકર્મો પરલોકમાં ઉદયમાં આવીને કાતિલ દુ:ખો દેતાં હોય છે.

તેથી તો આ આર્યદેશનો કડિયો મકાન બનાવતો ખરો,પણ તેની પહેલી ઇંટ પોતે કદી ન મૂકતો.! તે શેઠને કહેતો કે, ''હે મારા શેઠ ! પહેલી ઇંટ તમે મૂકો, હું તો નહિ જ મૂકું. કારણ કે બનેલા આ મકાનમાં તમે હજારો પાપ કરવાના. ના બાપુ ના ! મારે તે પાપો ન ખપે હોં ! જો હું પહેલી ઇંટ મૂકું તો બધાં પાપો મારા માથે લાગે હોં, ને તો પછી મારા ભવોભવ બગડી જાય. આ તો પેટને ખાતર મકાન બાંધવાનો ધંધો કરવો

પડે છે; બાકી તો એ ય ન કરું હોં બાપુ ! પણ હવે પહેલી ઈંટ તો નો જ મૂકું. જે પહેલી ઈંટ મૂકે તેને બધાં પાપો લાગે. મારે પાપ નથી લગાડવાં હોં બાપુ ! લો ત્યારે મૂકો તમે પહેલી ઈંટ !''

કડિયાના શબ્દોમાંય પરલોકના વિચારે પાપનો ભય કેવો દેખાઇ રહ્યો છે. તેવું જ આર્યસ્ત્રીને હતું. તે પોતાના દીકરા-વહુની લગ્ન પછીની પહેલી રાતની પથારી નહોતી કરતી ! (આખી જિંદગી અબ્રહ્મનાં પાપ તમારે કરવાં ને તેની શરૂઆત હું કરાવું ? ના એ પાપ તો મારાથી કદી ન બને એવા વિચારથી સ્તો!)

ડોસીમા પોતાની છેલ્લી ઉંમરમાં ઘંટીના પડને દેરાસર પાસે ઓટલા તરીકે ઉપયોગમાં આવે તે રીતે મૂકી આવતી. કેમ કે, ''આ ઘંટીથી આખી જીંદગી અનાજ પીલવાનું પાપ તો મેં કર્યું, પણ મારા મર્યા પછી ય મારા ઘરના લોકો કોણ જાણે કેટલાંય વર્ષો સુધી અનાજ પીલીને મારી વસાવેલી આ ઘંટીથી પાપ કર્યાં જ કરશે. ના, તેના કરતાં મંદિર પાસે મૂકી દઉં. અનેક ભાવિકો તેના દ્વારા મંદિરમાં ભગવાનનાં દર્શન કરશે તો મને પુણ્ય બંધાશે.'' આવો પાપભયનો અને પુણ્યપ્રાપ્તિનો વિચાર તેને ઘંટીનું પડ મંદિર પાસે મૂકવા પ્રેરણા કરતો હતો.

કાલસૌરિક કસાઇનો દીકરો સુલસ ! પિતાના મરણ પછી, પિતાનો કસાઇ તરીકેનો ધંધો સંભાળવા ઘરના બધાએ સમજાવ્યો. પણ ત્યારે અભયકુમારના સત્સંગના પ્રતાપે પરલોક તરફ નજર જેની પહોંચી છે, તે સુલસે પાપના ભયે બાપદાદાની પરંપરાથી ચાલ્યો આવતો કસાઇનો ધંધો એક જ ઝાટકે છોડી દીધો !

(કેવી આશ્ચર્ય અને દુઃખની વાત છે કે પોતાના બાપ-દાદાની પરંપરાથી મળેલા ઓછા હિંસક ધંધાને છોડીને આજે અનેક ધનલંપટ જીવો, જેમાં પુષ્કળ પાણી-અગ્નિ-વાયુની હિંસા ચાલે છે, તેવી અનેક કંપનીઓના શેરનો ઉલ્લાસભેર ધંધો કરીને ઢગલાબંધ પાપોના પોટલા બાંધી પોતાના પરલોકને બગાડવાના મૂરખ ધંધા કરી રહ્યા છે!)

એક રાજાને આંખમાં અસહ્ય પીડા પેદા થઈ. કોઈ દવા કારગત નથી નિવડતી. અંતે એક વૈદરાજની દવાથી રાજાની આંખે સારું થયું.

તે દવા બનાવવાની રીત પૂછતાં જ્યારે રાજાને જાણવા મળ્યું કે કબૂતરને મારીને તેના લોહીમાં તે દવા બનાવવામાં આવી હતી, ત્યારે પોતાનાથી અજાણતાં ય થઈ ગયેલા આ પાપના તીવ્ર આઘાતથી તેણે ધગધગતો

સીસાનો રસ લઈને જીવન ટુંકાવી દીધું. તેનો વંશ સીસોદીયા વંશ તરીકે ઓળખાયો.

કરોડોની સાહ્યબીમાં આળોટતાં તામલી શ્રીમંતની આંખો એક મધ્યરાત્રીએ અચાનક ખૂલી ગઈ. ઢગલાબંધ શ્રીમંતાઈ વચ્ચે પણ તેને પોતાનો પરલોક યાદ આવ્યો. મર્યા પછી શું ? તેની વિચારણાએ તેના આતમને ઢંઢોળી દીધો. પરલોકના સુખની સલામતી કરવા સવારે જ તેણે સંન્યાસનો માર્ગ સ્વીકારી લીધો !

એક કુમારિકા કન્યાને રિવાજ પ્રમાણે લગ્ન પહેલાં સાસરે જમવા જવાનો અવસર આવ્યો. ત્યાં રસોઈ માટે વપરાશમાં લેવાતાં છાણા તેણે જોયા. કુતૂહલથી એક છાણું હાથમાં લઈને તોડયું. તો તેમાંથી કીડો નીકળ્યો !

તેનાથી મનોમન જ બોલાઈ ગયું 'હાય ! અહીં સંસારમાં રોજ રસોઈ કરવા જતાં આગમાં કેટલા બધા જીવો ભડથું થઈ જવાના. બીચારા જીવતાં જ શેકાઈ જવાના ! ના... ના... મારાથી આ પાપો ન જ થઈ શકે. ના, મારે મારા પરલોકને બગાડવો નથી....' ને તેણે તરત જ લગ્ન ન કરવાનો નિર્ણય જાહેર કરી દીધો. ટૂંક સમયમાં જ તે જૈનશાસનની જીવપાલક સાધ્વી બની ગઈ.

આ સંસારમાં ડગલે ને પગલે પાપ કર્યા વિના જીવન જીવવું જ મુશ્કેલ છે. તેથી જેને પાપનો ભય વાસ્તવિક લાગી ગયો છે, તે આત્મા તો સંસારનો ત્યાગ કરીને સાધુ બન્યા વિના રહી જ ન શકે.

આ સંસારમાં સવારથી માંડીને રાત્રી સુધી સતત પાપો જ કરવાના. કાચાપાણીના એક ટીપાંમાં અસંખ્યાતા જીવો છે, એ જાણ્યા પછી પણ પાણીનો ઉપયોગ કર્યા વિના સંસારમાં ન ચાલે. અગ્નિ અને વાયુના જીવોનો પણ લાઈટ-પંખા વગેરે દ્વારા ચિક્કાર નાશ કરવો પડે. જે આત્મા અત્યંત ક્રૂર અને નિષ્ઠુર બને તે જ આ સંસારમાં રહી શકે. બાકી જેનું હૃદય સહેજ પણ કોમળ હોય તે જીવ એક ક્ષણ પણ હવે આ સંસારમાં ન જ રહી શકે. કોઈપણ ગીતાર્થ - સંવિગ્ન ગુરુદેવને શોધીને તેમના ચરણોમાં પોતાના જીવનને સમર્પિત કરે ત્યારે જ તેને શાંતિ વળે.

પરન્તુ કેટલીક વાર એવું બને છે કે સાધુ બનવાની પૂરેપૂરી ભાવના હોવા છતાં, પાપો ન જ કરવા હોવા છતાં, પૂર્વના કોઈ નિકાચિત કર્મના ઉદયે તે આત્માને સંસારમાં રહેવું જ પડે, આવી પડેલી જવાબદારી નિભાવવી જ પડે, અને તેથી તેને જે પાપો કરવા પડે તેમાં તેનું મન તો રડતું જ હોય. કોઈ કર્મના ઉદયે તેનાથી પાપ થઈ જાય તો તે પોતાનાથી થઈ ગયેલાં તે

પાપો બદલ ચોંધાર આંસુએ રડતો હોય.

મનુષ્યભવ પ્રાપ્ત કરીને જે આત્મા થોડોક પણ ધર્મ સમજ્યો છે, તેને એ વાત બરોબર સમજાઈ ગઈ હોય કે આલોક કે પરલોકમાં સુખી થવું હોય તો પણ ધર્મ જ કરવો જોઈએ. પણ પાપ તો કરાય જ નહિ. પાપથી તો દુઃખ જ મળે. બધાં દુઃખોનું મૂળ તો હિંસાદિ પાપકર્મો જ છે.

આવા જીવોને જ્યારે નાછૂટકે પાપ કરવાનો અવસર આવે ત્યારે પાપ કરતાં પહેલાં જ તેઓ ધ્રૂજતા હોય છે. પહેલેથી જ સાધુ બની જઈને બચી જાય છે. કદાચ સાધુ ન બની શકાય તો અનેક નિયમો લઈને પાપોના બને તેટલા દરવાજા બંધ કરી દેતાં હોય છે. પાપ કરવું ન પડે, કરવું પડે તો તેમાં શી રીતે ઘટાડો થાય તેની સતત કાળજી રાખતાં હોય છે.

જે થોડું ઘણું પણ પાપ નાછૂટકે કરવું જ પડે તો તે પાપ કરવાના અવસરે પણ તેમનું મન રડતું હોય છે. ભયંકર ત્રાસદાયક સ્થિતિને તેઓ અંદર અનુભવતા હોય છે. અને પાપ કરી દીધા બાદ તો તેમની હાલત વધારે કફોડી બની જાય છે. તેમનું મન સતત તેમને પોતાને જ કરડ્યા કરે છે. "હે જીવડા ! તેં આ પાપ શા માટે કર્યું ? આટલું ન કર્યું હોત તો શું વાંધો હતો ? હવે પરલોકમાં આ પાપના અંજામ કેવા આવશે ? તું તે દુઃખોને સહી શકીશ ? જા, જલ્દી જા, ગુરુદેવ પાસે જઈને તેનું પ્રાયશ્ચિત કરી દે. કરેલાં તમામ પાપોનો એકરાર કરી લે. ફરીથી આ ભૂલો ન થાય તેની કાળજી લેજે."

પેલો રાવણ ! ભલે કામવાસનાથી પ્રેરાઈને સીતાજીને લઈ આવ્યો પણ પોતાનાથી થતાં આ પાપો બદલ ધ્રૂસકે ધ્રૂસકે રડતો હતો. આંખેથી ચોંધાર આંસુની ધાર વહાવતો હતો. પોતાના મહેલમાં રાખેલા ગૃહમંદિરમાં પોતાની કામવાસનાને ખતમ કરવાની આજીજીભરી કાકલૂદી કરતો હતો.

મહાભારતકાર લખે છે કે મરણના સમય સુધી ભીષ્મ પિતામહને એ વાત ખૂબ જ ડંખતી હતી કે, "દ્રૌપદીના વસ્ત્રાહરણ વખતે મૌન રહેવાનું પાપ પોતે કેમ કર્યું ?"

ધર્મી આત્મા પાપના નામે સતત ફફડતો હોય. અલ્હાબાદના મ્યુઝિયમમાં એક રકાબી છે. તે પૂર્વે કો'ક રજવાડાના રાજવી પાસે હતી. જો ઝેરવાળી કોઈ ચીજ રાજાને મારી નાંખવા કો'કે આપી હોય તો તે રકાબી, પોતાનામાં તે ઝેરી ચીજ આવતાં જ તડ તડ અવાજ કરતી. તેથી રાજા ભોજન કરતો નહિ. પરિણામે મોતથી ઊગરી જતો.

બસ ! ધર્મી આત્માનું મન આ રકાબી જેવું હોય. જ્યાં કોઈક પાપ

કરવાનો અવસર આવે ત્યાં તે તતડવા લાગે. તેથી દુર્ગતિના મોતથી બચી જવાય.

પણ તેથી ઊલ્ટું જો પાપ કરતી વખતે તેમાં મસ્ત બનાય, રાચીમાચીને તે પાપ કરાય તો તે પાપ વધુ મજબૂત બની જાય. તે એવું ઉગ્ર બને કે કદાચ તરત જ પોતાનો ભયાનક પરચો બતાવી દે.

કોઈપણ સંસારી જીવની ઈચ્છા આ ભવમાં નથી દુઃખને મેળવવાની કે પરભવમાં દુર્ગતિમાં જવાની! છતાં તેની ઉપર ક્યારેક દુઃખોના દાવાનળો ઝીંકાય છે તો ક્યારેક બળાત્કારે ઘસડાઈને પણ તેને દુર્ગતિમાં ચાલ્યા જવું પડે છે તેનું કારણ તેનાં પાપકર્મોનો ઉદય છે.

## અઢાર પાપસ્થાનકો

આ પાપકર્મો અઢાર પ્રકારે બંધાઈ શકે છે. તે અઢાર પ્રકારો અઢાર પાપસ્થાનકો તરીકે પ્રચલિત છે. તેમાંના કોઈપણ સ્થાનનો સહારો આત્મા લે એટલે તરત પાપકર્મો તેને બંધાય. માટે આ અઢારે પાપસ્થાનકોમાંથી કોઈપણ પાપસ્થાનનું સેવન ન થઈ જાય તેની પળે પળે કાળજી લેવી જોઈએ.

**(૧) હિંસા :** હિંસા કરતી વખતે જે નિર્દયતા, ક્રૂરતા, કઠોરતા આત્મામાં પેદા થાય છે, તે ઢગલાબંધ પાપકર્મો બંધાવી દે છે. એના ઉદયે જીવ ઉપર ઢગલાબંધ દુઃખો ન આવે તો થાય શું ?

આપણે આપણા આત્મામાં કોમળ પરિણામ પેદા કરવાના છે. કોઈનાય પ્રત્યે કઠોરતા ન જાગે તે માટે આજથી જ-સૌ પ્રથમ ઘરના સભ્યોથી-જાગ્રતિ રાખવાનું શરૂ કરવા જેવું છે.

**(૨) અસત્ય :** જૂઠું બોલાય નહિ. હિત, મિત અને પ્રિય વચન બોલવું જોઈએ. સામાન્યતઃ કોઈ પ્રત્યેના દ્વેષ કે રાગ વિના જૂઠ બોલી શકાતું નથી. રાગ અને દ્વેષ તો સર્વદુઃખોનું મૂળ છે. આપણાથી બોલાતા જૂઠના કારણે અનેક વ્યક્તિઓને પરેશાની અનુભવવી પડે છે. તેથી જૂઠ કદી પણ બોલવું નહિ.

**(૩) ચોરી :** ચોરીને તો સમાજે પણ પાપ તરીકે સ્વીકારી છે. માલિકની રજા વિના કોઈપણ વસ્તુ લેવી તે ચોરી ગણાય.

ચોરી ન કરવાનું મહાવ્રત સ્વીકાર્યું હોવાથી, સાધુ ભગવંતો રસ્તામાંથી તણખલું લેવું હોય તો ય (તેના માલિકની રજા લેવા) 'અણુજાણહ જસ્સુગ્ગહો' બોલ્યા વિના લેતાં નથી.

શાસ્ત્રોમાં તો ચાર પ્રકારની ચોરી જણાવેલ છે. (અ) સ્વામીની

(બ) જીવની (ક) ભગવાનની અને (ડ) ગુરુની.

**(અ) સ્વામીની ચોરી** : જે વસ્તુના જે માલિક હોય તેની રજા ન લે તો સ્વામીની ચોરીનો દોષ લાગે. કેરીના માલિકની જાણ વિના કોઈ કેરી લઈ લે તો સ્વામીચોરી ગણાય. દુનિયામાં આ સ્વામીની ચોરીનો જ ચોરી તરીકે હાલ વ્યવહાર ચાલતો દેખાય છે.

**(બ) જીવચોરી** : કેરીના માલિકની રજા લઈને ભલે કેરી લીધી. પણ તે કેરી તો તેમાં રહેલા જીવનું શરીર છે. કેરીના શરીર ઉપર દુનિયાના કોઈ દુકાનદાર માણસની માલિકી ગણાય કે કેરીના પોતાના જીવની માલિકી ગણાય ?

તેથી કેરીનો સાચો માલિક, તેનો કબજો ધરાવનાર માણસ ન ગણાય પણ તેનો જીવ ગણાય. તેની રજા ક્યાં લીધી છે ? તેથી ખરીદીને મેળવેલી કેરી હોય તો ય તેના જીવની રજા લીધેલી ન હોવાથી, તેમાં જીવચોરીનો દોષ લાગે.

એ કેરીમાંથી રસ કાઢ્યા પછી ૪૮ મિનિટ પસાર થયા બાદ સાધુઓ પણ વહોરે છે. કેરીના ટુકડા પણ ૪૮ મિનિટ પછી વહોરે છે. તો તેમને જીવચોરીનો દોષ ન લાગે ? તેવો સવાલ આપણા મનમાં કદાચ પેદા થશે.

હકીકતમાં આ જીવ-ચોરીનો દોષ ન લગાડવા માટે જ, ગૃહસ્થોએ પોતાના માટે તૈયાર કરેલા રસ કે ટુકડાને ૪૮ મિનિટ પસાર થયા બાદ જ સાધુ-સાધ્વીજીઓ વહોરે છે.

કોઈપણ જીવ પોતે પોતાનું શરીર આપી દેવા તૈયાર ન હોય તે સહજ છે. તેથી તેની પાસેથી રજા શી રીતે મેળવાય ?

પણ ગૃહસ્થો પોતાના માટે જે કેરીનો રસ કે ટુકડા તૈયાર કરે છે, તેમાં ૪૮ મિનિટ બાદ જીવ જ હોતો નથી. તેથી તે રસ કે ટુકડાના માલિક હવે જેણે કેરી ખરીદી હોય તે ગૃહસ્થ સિવાય અન્ય કોઈ હોતું નથી.

તે ગૃહસ્થ પોતે જ વહોરાવે છે. તેથી માલિકની રજા મળી ગઈ હોવાથી તે વહોરવામાં હવે ચોરીનો દોષ લાગતો નથી.

**(ક) ભગવાનની ચોરી** : ભગવાને જેનો નિષેધ કર્યો હોય તે કરીએ તો ભગવાનની ચોરી કર્યાનો દોષ લાગે. તેથી ભગવાનની આજ્ઞા વિરુદ્ધ કાંઈપણ કરવું જોઈએ નહિ. ભગવાનની આજ્ઞા વિરુદ્ધની કોઈપણ ચીજ તેના માલિકની રજા લઈને મેળવે તો ત્યાં સ્વામીચોરી કે જીવચોરીનો દોષ ન હોય તો ય ભગવાનની ચોરીનો દોષ તો લાગે.

**(ડ) ગુરુની ચોરી** : ગુરુને પૂછ્યા વિના, જાણ કર્યા વિના, જે

કાંઈ કરાય તેમાં ગુરુની ચોરીનો દોષ લાગે. ભગવાનની આજ્ઞાને માન્ય હોય તેવું, ગૃહસ્થની માલિકીનું, તેની રજાપૂર્વક, જીવ વિનાનું બની ગયેલું વહોરીને પણ જો ગુરુને બતાડ્યા વિના વાપરે તો સાધુને ગુરુની ચોરીનો દોષ લાગે. ભલે અહીં ભગવાનની, સ્વામીની કે જીવની ચોરીનો દોષ નથી, પણ ગુરુને અંધારામાં રાખ્યા હોવાથી ગુરુની ચોરી કર્યાનો દોષ તો લાગે. માટે જ સાધુ-સાધ્વીજીને માટે કોઈપણ કાર્ય ગુરુને પૂછ્યા વિના કરવાનો નિષેધ કરવામાં આવ્યો છે. આ ચારે પ્રકારની ચોરીમાંથી બચવાનો યથાશક્ય પ્રયત્ન ગંભીર બનીને કરવો જોઈએ.

**(૪) મૈથુન :** બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. તેનાથી અનંત શક્તિનું જાગરણ થાય છે. પણ મૈથુનના સેવનમાં તો એક જ વખતમાં નવ લાખ ગર્ભજ પંચેન્દ્રિય જીવોની હિંસા થાય છે. બીજા પણ અસંખ્યાતા વિકલેન્દ્રિયાદિ જીવોનો કચ્ચરઘાણ બોલાઈ જાય છે.

ક્ષણના કહેવાતા સુખમાં, મણનું પાપ બંધાય છે, અને તેના ઉદયે જાણે કે ટનબંધ દુઃખો આવીને ઊભાં રહે છે.

આ પાપ દ્વારા બીજાને જન્મ આપવામાં નિમિત્ત બનાય છે. જે બીજાના જન્મમાં નિમિત્ત બને છે, તેના નવા જન્મો નક્કી થાય, તેના તે તે નવાં જીવનોના નવાં મોતો પણ નક્કી થાય જ. કારણ કે મોત એ તો સજા છે. સજા તો ગુનાની જ હોય ને? જે જન્મ લેવાનો ગુનો કરે તેને જ મોતની સજા હોય. જે જન્મ લેવાનો ગુનો કરતો નથી, તેનું મોત કદી થતું નથી.

તેથી જો મોતના દુઃખમાંથી બચવું હોય તો જન્મ લેવાનું બંધ કરવું જ જોઈએ. અને જો જન્મ લેવાનું બંધ કરવું હોય તો બીજાને જન્મ આપવામાં નિમિત્ત બનતાં અટકવું જ જોઈએ.

જે આપો તે મળે. સુખ આપો તો સુખ મળે, દુઃખ આપો તો દુઃખ મળે. મોત આપો તો મોત મળે, તેમ જન્મ આપો તો જન્મ મળે.

અને જન્મ મળે તો મોત પણ મળે જ. જન્મ મળે તો જ જીવનમાં દુઃખો પણ આવે. માટે જેની ઈચ્છા દુઃખો મેળવવાની ન હોય, રોગ-ઘડપણ કે મોતનો જેને ડર લાગતો હોય તેણે જન્મ આપવાનું જ બંધ કરી દેવા બ્રહ્મચર્યવ્રત સ્વીકારી લેવું જોઈએ.

સાધુજીવન બ્રહ્મચર્યની આરાધના માટે છે, તો ગૃહસ્થજીવન કાંઈ બેફામ જીવવા માટે નથી. તે તો બ્રહ્મચર્યની તાલીમ માટેનું જીવન છે. સંપૂર્ણ બ્રહ્મચર્યપાલન કરવાની શક્તિ ન આવે તેણે ય ચોમાસાના ચાર મહિના, છ અઠ્ઠાઈ, બાર તિથિ, દસ તિથિ કે છેવટે પાંચ તિથિ બ્રહ્મચર્ય

પાલન કરવાનો નિયમ લેવો જોઈએ. તેમ કરવાથી આત્મામાં વિશિષ્ટ સત્ત્વ પેદા થશે.

પણ જો તેવા કોઈ નિયમ કરવાને બદલે અનિયંત્રિત જીવન જીવવામાં આવે તો પાપોના પોટલા બાંધવાનું કારખાનું સદા ચાલુ રહેશે તે કદી ન ભૂલવું.

**(૫) પરિગ્રહ :** પોતાની માલિકીની ચીજોનો સમાવેશ પરિગ્રહમાં થાય. ધનાદિ સામગ્રી પ્રત્યેની કાળી મૂર્ચ્છા દુર્ગતિમાં લઈ ગયા વિના ન રહે.

પરિગ્રહ એક એવો ગ્રહ છે કે જેણે ત્રણે જગતને વિડમ્બિત કર્યું છે. રાહુ અને કેતુની માઠી નજર કરતાં ય વધારે ભયંકર ફળ બતાડનારી આ પરિગ્રહની અસર છે.

ભેગું કરવાની મનોવૃત્તિ રૌદ્રધ્યાનને પેદા કરે છે, જે આત્માને સીધું નરકમાં લઈ જવા સમર્થ છે. પરિગ્રહની લેશ્યાથી પેલો મમ્મણશેઠ મરીને સાતમી નરકે ચાલ્યો ગયો.

ભેગું કરવામાં કોઈ વિશેષતા નથી. જો કોઈ વિશેષતા, બહાદુરી કે શૂરવીરતા હોય તો તે ત્યાગ કરવામાં છે. ભેગું કરનાર સમુદ્ર ધરતી ઉપર સ્થાન ધરાવે છે જયારે પાણીની અને તે દ્વારા જીવનની લહાણી કરનાર વાદળ આકાશમાં ઊંચે શોભા પામે છે.

માત્ર ધન-ધાન્યાદિ પ્રત્યેની મૂર્ચ્છારૂપ પરિગ્રહ જ પાપો બંધાવે છે એમ નહિ, પોતાની માન્યતા કે વિચારોની પણ મૂર્ચ્છા પરિગ્રહ સ્વરૂપ બનીને અનંતા પાપકર્મો બંધાવે છે; આત્માને દુર્ગતિમાં ઝીંકી દે છે. માટે કોઈ માન્યતા વગેરેમાં કદાગ્રહ-પક્કડ ન આવી જાય તેની પણ સતત કાળજી રાખવી જોઈએ. ખોટી પક્કડ તો ક્યાંય ન જોઈએ. હૃદય ઉદાર અને વિ...ળ જોઈએ. માધ્યસ્થ્યભાવ વિના તત્ત્વને પામી શકાય નહિ. માટે મનમાં ઘૂસી ગયેલા વિચારોના પરિગ્રહને પણ ત્યાગવા ઉદ્યમી બનવું જોઈએ.

**(૬) ક્રોધ :** આત્માના ગુણોને ક્ષણમાં બાળી નાંખવાની તાકાત આ ક્રોધ રૂપી અગ્નિમાં છે. પૂર્વકોટીવર્ષના ઉગ્ર તપને પણ આ ક્રોધે ભસ્મીભૂત કરતાં કાચી સેકંડની વાર લગાડી નથી. ક્રોધી સ્વભાવ રાખવો એટલે હથેળીમાં કાળા ભોરિંગ નાગને રમાડવો. ક્યો ડાહ્યો માણસ આવી હિંમત કરે ? તેથી પડી ગયેલા ક્રોધી સ્વભાવમાં ફેરફાર કરવાનો પ્રયત્ન શરૂ કરવો જોઈએ. સાપ અને વીંછીના ભવમાં ક્રોધના સંસ્કાર જાલીમ કર્યા. વાઘ અને સિંહના ભવમાં ક્રૂરતાના કુસંસ્કાર મજબૂત કર્યા. કૂતરા-ભૂંડના અવતારમાં ખાવાના સંસ્કાર મજબૂત કર્યા. જુદા જુદા ભવોમાં મજબૂત કરેલા ક્રોધના, ક્રૂરતાના, ખાવાના, કામના, અહંકારના કુસંસ્કારો જો માનવભવમાં ખતમ નહિ કરીએ

તો કયા ભવમાં તેને ખતમ કરી શકશું ?

માટે ડાહ્યા બનીને, મળેલા માનવભવમાં, આ ક્રોધાદિ કુસંસ્કારોને ખતમ કરવાનો સંકલ્પ કરીએ. જેટલો ભય લાગે આપણને સાપનો, તેથીય વિશેષ ભય પેદા કરીએ ક્રોધનો, અને તે રીતે ક્રોધને સદંતર દેશવટો આપીને તેનાથી બંધાતાં પાપોથી અટકવાનો પ્રયત્ન કરીએ, તેમાં આપણું કલ્યાણ છે.

**(૭) માન :** જ્યાં અંહકાર આવે ત્યાં કયા દોષો ન આવે ? તે પ્રશ્ન છે. અહંકાર સર્વ દોષોનો બેતાજ બાદશાહ છે. પોતાની પ્રજાને લઈને તે આવે છે. અહંકાર જેને આવ્યો, તેનું પતન સામાન્યતઃ દૂર ન હોઈ શકે. અહંકાર જ્યાં હોય ત્યાં પરમાત્મા રહી શકતા નથી. માટે તો તેને ખતમ કરવા નમસ્કારભાવની સાધના કરવાની છે.

વિષયો પ્રત્યે વૈરાગ્યભાવ જાગવો સહેલો છે, પણ પ્રાપ્ત થયેલી શક્તિ કે ગુણો પ્રત્યે વૈરાગ્ય પેદા થવો મુશ્કેલ છે. તેવા સમયે આ અહંકાર નામનો દોષ તે આત્માનું પતન કરાવવા અચાનક દર્શન દઈ દે છે.

કામના ઘરમાં જઈને કામનું ખૂન કરનાર સ્થૂલભદ્રજી ઉપર પણ આ અહંકારદોષે કેવું આક્રમણ કરી દીધું હતું કે જેના કારણે સમગ્ર સંઘે હજારો વર્ષો સુધી ચાર પૂર્વોને (અર્થથી)*ગુમાવવા પડ્યા.

તેથી અહંકાર રૂપ પાપસ્થાનકને બરોબર ઓળખી લઈને, તેનો પડછાયો પણ ન પડે તેની જાગ્રતિ રાખવાનું શરૂ કરીએ.

**(૮) માયા :** જેને ઓળખવામાં ખૂબ જ મુશ્કેલી પડે, તેનું નામ માયા ! તે જલ્દી પકડાય જ નહિ. આ માયા દોષના કારણે આત્મા માત્ર બીજાની સાથે જ છેતરપિંડી કરે છે, એમ નહિ. પોતાની જાત સાથે પણ તે છેતરપિંડી કરી દે છે.

માયા એટલે કપટ. માયા એટલે છેતરપિંડી. માયા એટલે બહાર જુદુંને અંદર જુદું.

આ માયા નામનો દોષ ખૂબ જ કાતિલ છે. ભયંકર છે. જીવો ઉપર તે વારંવાર હુમલો કરે છે. આત્માનું અધઃપતન કરે છે.

આપણે તટસ્થતાથી આપણી જાતનું જ નિરીક્ષણ કરીએ કે આપણને ખરેખર સારા બનવાની ઈચ્છા છે કે આપણે સારા છીએ તેવું દુનિયાને દેખાડવાની ઈચ્છા છે ?

જે હકીકતમાં સારો બને છે, તે વ્યક્તિ સહજ રીતે દુનિયામાં સારા તરીકેની પ્રસિદ્ધિ પામે જ છે. છતાંય મોટા ભાગના માનવોની સારા બનવા કરતાં ય પોતે સારો છે તેવું દુનિયાને દેખાડવાની ઈચ્છા હોય છે.

પોતે સારા બનવું નથી. બેફામ જીવન જીવવું છે. ગોઠવેલી જીવનપદ્ધતિમાં કોઈ ફેરફાર કરવો નથી. અનીતિ, દગાબાજી, અનાચાર વગેરે ચાલુ રાખવા છે. અને દુનિયામાં સારા માણસ તરીકેની પ્રસિદ્ધિ જોઈએ છે. તે માટે તે જે કાંઈ કરે તે બધું માયા સિવાય શું કહેવાય ?

તેથી સૌ પ્રથમ આપણે હકીકતમાં સારા બનવા માટેનો પ્રયત્ન કરવો જોઈએ. તે માટે બીજાના માટે ઘસાતા શીખવું જોઈએ. સ્વાર્થીપણાનું વિસર્જન કરવું જોઈએ. તે માટે ધર્મારાધના વધારવી જોઈએ. પરમાત્માની ભાવ વિભોર બનીને, દોષોની નાબૂદી માટેની કાકલૂદીપૂર્વકની ભક્તિ કરવી જોઈએ. આ રીતે સારા બનવા માટે પ્રયત્નો કરવા જોઈએ. પણ જયાં સુધી હકીકતમાં સારા ન બનીએ ત્યાં સુધી હૃદયના નિખાલસ બનવું જોઈએ. મુખમાંથી સરળતાભર્યા શબ્દો નીકળવા જોઈએ. રમીની રમત જેવું ખુલ્લેખુલ્લું જીવન જીવવું જોઈએ. દંભ-પાખંડને હજારો યોજન દૂર રાખવા જોઈએ.

જો નિખાલસભર્યું જીવન જીવવામાં નહિ આવે તો આ માયા નામની ડાકણ આપણી ઉપર હુમલો કર્યા વિના નહિ રહે. આપણા આત્મગુણોનો ટોટો પીસવા તે થનગની રહી છે.

આ માયા ડાકણે લક્ષ્મણાસાધ્વીજી ઉપર એવો હુમલો કર્યો કે જેના કારણે ૫૦ વર્ષ સુધી ઉગ્ર તપ તપવા છતાં ય તેઓ શુદ્ધિ ન પામી શક્યા. અરે ! તેમનો સંસાર ખૂબ વધી ગયો.

પેલા રૂક્મિરાજા ! દીક્ષા લઈ અનેક સાધ્વીજીઓના ગુરુસાધ્વી પદે બિરાજયા. છતાં ય છેલ્લા સમયે પ્રાયશ્ચિત્ત માટે આલોચના કરતી વખતે આ માયા ડાકણે તેમની ઉપર હુમલો કર્યો તો તેમનેય ઘણા ભવો આ સંસારમાં રખડવું પડ્યું. તપ-જપ-સંયમની સાધનાને આગ ચાંપવાનું કામ આ માયાએ કર્યું.

મહાસંયમી અષાઢાભૂતિ મુનિવરે લાડવા મેળવવા માટે માયાનો આશ્રય લીધો તો તેઓ સંયમજીવનને હારી ગયા. પાક્કા સંસારી બનવું પડ્યું. ઉપકાર માનો ગુરુદેવનો કે જેમણે સાધુજીવન છોડવાના સમયે આપેલી હિતશિક્ષાના કારણે અષાઢાભૂતિમાં પરિવર્તન આવ્યું. જેના જોરે તે જ ભવમાં કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા.

પણ મલ્લિનાથ ભગવાનના આત્માએ પૂર્વના ત્રીજા ભવમાં આ માયાનો સહારો લીધો તો તેનું જે પરિણામ આવ્યું, તેનાથી કોણ અજાણ છે ? તીર્થંકર તો સદા યં પુરુષદેહે જ હોય ને ? પરન્તુ અનંતકાળમાં ન બને એવું મલ્લિનાથ ભગવાનના જીવનમાં બન્યું. કરેલી માયાના પરિણામે તેમને

તીર્થંકર તરીકેના ભવમાં પણ સ્ત્રીનો દેહ ધારણ કરવો પડયો. મલ્લિકુમારી તરીકે સ્ત્રીના દેહે તેમનો ઉછેર થયો.

માયા કરવાથી સ્ત્રીનો અવતાર લેવાનું નક્કી થાય છે. અરે ! માયા તો તિર્યંચગતિનું આયુષ્ય બંધાવે છે. માયા કરવાથી કૂતરા - બિલાડાના અવતાર લેવા પડે છે.

અરે ! માયા કરવાથી આ ભવમાંય મિત્રતાનો નાશ થાય છે. મિત્રાવર્તુળમાં આપણા વિષે શંકા પેદા થાય છે. તેમને આપણામાંથી વિશ્વાસ ઊઠી જાય છે. પરિણામે એકલવાયું જીવન જીવવાની પરિસ્થિતિ પણ ક્યારેક પેદા થાય છે. અનેકોની વચ્ચે વસવા છતાં હૂંફ કોઈનીય મળતી ન હોય તેવી દશામાં જીવવું પડે છે. તે જીવન પણ મરણ કરતાંય વધારે અકારું લાગે છે. માટે કદીય આ માયા નામનું પાપસ્થાનક સેવાઈ ન જાય તેની કાળજી રાખીએ.

**(૯) લોભ :** સર્વ પાપોનું મૂળ લોભ છે. બધા પાપોનો બાપ જો કોઈ હોય તો તે લોભ છે. જેના જીવનમાં લોભ આવ્યો; તેના જીવનમાં ક્યા પાપો નથી આવતા ? તે પ્રશ્ન છે !

ભગવાન બનવા સુધીની ઊંચી કક્ષાએ પહોંચી રહેલા આત્માઓને પણ આ લોભ દોષ પછાડે છે.

ક્રોધ, માન, માયાને ખતમ કરવા છતાંય લોભ ખતમ થતો નથી. શાસ્ત્રીયભાષા પ્રમાણે નવમા ગુણસ્થાનકના અંતે ક્રોધાદિ ત્રણ કષાયોનો સંપૂર્ણ નાશ થવા છતાંય લોભ તો સંપૂર્ણ નાશ પામ્યા વિનાનો જ રહે છે. તે તો દશમા ગુણસ્થાનકે નાશ પામે. કેટલી બધી તાકાત આ લોભ રૂપી કાતિલ દોષની ! કે જેનો નાશ કરવા માટે આત્માએ ઠેઠ સુધી મહેનત કરવી પડે !

આ લોભ નામનો દોષ ડાયાબીટીસના રોગ કરતાં ય વધારે ભયંકર છે ! જેમ ડાયાબીટીસ જેને થયો હોય તે વ્યક્તિને બાકીના રોગો મટે નહિ. ઘા ઉપર રુઝ આવે નહિ. ડાયાબીટીસને કંટ્રોલમાં લાવ્યા સિવાય કોઈ ઑપરેશનાદિ થઈ શકે નહિ. તેમ આ લોભ નામના દોષને કંટ્રોલમાં લાવ્યા સિવાય અન્ય દોષોનું ઑપરેશન ન થઈ શકે. દૂર થયેલા તે દોષો પાછા આવીને ઊભાં રહે. આપણે શરીર ઉપર જે કારમી આસક્તિ અનુભવીએ છીએ, તે પણ શું આ લોભ નામનાં દોષના પ્રભાવે નથી ?

વાસણમાં જ્યાં સુધી ખટાશ જામેલી હોય ત્યાં સુધી, તેમાં ગમે તેટલું દૂધ ભરવામાં આવે તો તે ફાટી જ જાય, પણ દૂધ રૂપે ટકી ન શકે. તેમ લોભદોષરૂપી ખટાશથી યુક્ત આત્મા રૂપી વાસણમાં ગમે તેટલું ગુણ

રૂપી દૂધ નાંખવામાં આવે તો પણ તે ન ટકે. ખતમ જ થઈ જાય.

જીવનમાં ખીલવવા છે ને ગુણો ! ખીલતા તે ગુણોને આત્મામાં ટકાવવા છે ને ? તો લોભ રૂપી ખટાશને આત્મા રૂપી વાસણમાંથી આજે જ દૂર કરીએ. તે માટે સંતોષનું શરણું સ્વીકારીએ. 'સંતોષી નર સદા સુખી' કહેવતને આત્મસાત્ કરીએ. શરીર અને આત્માનું ભેદજ્ઞાન સાધીએ. અનિત્ય-અન્યત્વ-અશરણાદિ ભાવનાઓથી આપણા આત્માને ભાવિત બનાવીએ. અને એ રીતે આ લોભ દોષ ઉપર વળતું આક્રમણ કરીએ. તેના ઉપર વિજયવાવટો ફરકાવીને આત્માના ગુણોને પેદા કરીએ.

**(૧૦) રાગ :** વસ્તુ-પ્રત્યેની મમતા તે રાગ. મમત્વ ક્યાંય ન જોઈએ. તે મમતા અનેક પાપકર્મોને આત્મામાં ખેંચી લાવ્યા વિના રહેતી નથી.

રાગ કોઈપણ પરપદાર્થો પ્રત્યે કરવો જ નહિ. છતાં ય જો રાગ કર્યા વિના રહી શકાતું ન હોય તો ધર્મતત્ત્વો પ્રત્યે રાગ કરવો.

"કાંટાથી કાંટો ટળે" તે ન્યાયે ધર્મતત્ત્વો પ્રત્યેના રાગથી સાંસારિક પદાર્થો તરફનો રાગ દૂર થશે. અને પછી એક દિવસ ધર્મતત્ત્વ પ્રત્યેનો રાગ પણ એકાએક દૂર થઈ જશે. પરમપદ પ્રાપ્ત થઈ જશે.

**(૧૧) દ્વેષ :** અપ્રીતિ તે દ્વેષ. કોઈ જીવ પ્રત્યે અપ્રીતિ પેદા ન થવી જોઈએ. સર્વ જીવો પ્રત્યે હૃદયમાં ભારોભાર મૈત્રીભાવ ઉભરાવો જોઈએ.

પણ આ દ્વેષ નામનો દોષ મૈત્રીભાવને તોડવાનું કામ કરે છે. હૃદયમાં જીવાદિ પ્રત્યે અણગમાનો - તિરસ્કારનો ભાવ પેદા કરે છે. તેનાથી પુષ્કળ પાપકર્મો બંધાય છે. માટે આ પાપસ્થાનકથી દૂર રહેવું.

જયાં રાગ હોય ત્યાં આગ જાગે. જયાં રાગ હોય ત્યાં દ્વેષ પેદા થયા વિના ન રહે. જેને ઘડિયાળમાં રાગ છે, તેને ઘડિયાળ તોડનાર ઉપર દ્વેષ જાગ્યા વિના નહિ રહે.

માટે દ્વેષને જો નાબૂદ કરવો હોય તો રાગને દૂર કરવો જ રહ્યો. દ્વેષનું કારણ રાગ છે. કારણ દૂર થયા પછી કાર્ય પેદા ન થઈ શકે.

આ રાગ અને દ્વેષ જયાં સુધી આત્માને વળગેલા છે, ત્યાં સુધી સંસારમાં પરિભ્રમણ છે. મોક્ષ લાખો યોજન દૂર છે. મોક્ષ મેળવવો હોય તો આ રાગ અને દ્વેષને ખતમ કરવા સઘળો પુરુષાર્થ આદરવો જોઈએ.

**(૧૨) કલહ :** કલહ = કજીયો. ક્યારેય કોઈની સાથે કજીયો - કંકાસ ન કરાય. તેમ કરવાથી લોકોમાં માનહાનિ થાય છે. અપયશ મળે છે. નિંદાના પાત્ર બનવું પડે છે. ક્યારેક જાન ગુમાવવા સુધીની પરિસ્થિતિ પેદા થાય છે.

કલહના કારણે કોઈકે ઝેર ઘોળ્યા છે તો કોઈકે ગળે ટુંપો દીધો છે. કોઈકે ટ્રેઈન નીચે ઝંપલાવ્યું છે. તો કોઈકે કેરોસીન છાંટીને જીવન પૂરું કર્યું છે! આજે સાસુ-વહુના, દેરાણી-જેઠાણીના, પિતા-પુત્રના ઝગડાઓ ઘેર ઘેર જોવા મળે છે, જો ઘરના સભ્યો સમજણના ઘરમાં પ્રવેશે તો જ આ ઝગડાઓનો અંત આવી શકે.

ઘરના બધા સભ્યો જો બીજાનું સહન કરવાનું અને બીજાને સહાયક બનવાનું નક્કી કરી દે તો ઝગડા ક્યાંય ઊભા ન રહે અન્યથા કલહ દ્વારા પુષ્કળ કર્મબંધ થતો જ રહેવાનો. જ્ઞાનીઓએ એમને એમ થોડું તેને પાપસ્થાનક કહ્યું હશે !

**(૧૩) અભ્યાખ્યાન :** અભ્યાખ્યાન = આળ/આક્ષેપ. કોઈની ઉપર કોઈપણ પ્રકારનો આક્ષેપ કરવો ઉચિત નથી. ઘણીવાર વાતવાતમાં આપણે કોઈની પણ ઉપર આક્ષેપ કરી દઈએ છીએ. પૂરી તપાસ કર્યા વિના, પૂરી ખાતરી મેળવ્યા વિના, અડધું-પડધું સાંભળીને બીજા ઉપર આળ દઈએ છીએ. આ જરાય ઉચિત નથી. તેમ કરવાથી અન્યભવમાં તેવા ખરેખર આપણને બનવું પડે છે. ગમે તેના માટે 'અરે ઓ અંધા !, બહેરો છે કે શું ? અરે લંગડા ! હરામખોર ! વગેરે શબ્દો વાપરતા હજારો વાર વિચાર કરવાની જરૂર છે. આપણા તરફથી તેવા આળ અપાયા છતાં, જો તે ખરેખર તેવો ન હોય તો તેવો બની જતો નથી. પણ ભાવિમાં આપણે તેવાં બનવું પડે છે.

અને જો તે ખરેખર તેવો હોય તો ય આપણે તેવું બોલવાની જરૂર શી છે ? આપણે તેવું નહિ બોલીએ તોય તે કાંઈ તેવો મટી જવાનો નથી.

કો'ક પાસેથી અડધી-પડધી વાતો સાંભળીને કેટલાક લોકો પોતાની પ્રાણ પ્યારી પત્ની ઉપર પણ કુલટાનું આળ ચડાવતા અટકતા નથી. જીવતી-જાગતી ને પવિત્ર સ્ત્રીને મોત કરતાંય વધારે ભૂંડી હાલતમાં જીવાડે છે. પતિના મનમાં ઘૂસી ગયેલા વહેમનું કોઈ ઔષધ પણ નથી હોતું કે તેની પત્નીના જીવનને મીઠું બનાવે !

પેલા પવનંજયે અંજનાની વાતોને બરોબર વિચારી નહિ તો અંજનાનું જીવન કેવું ભેંકાર બની ગયું. મા કરતાં ય વધારે પ્રેમાળ સાસુએ પણ અધકચરી વાત સાંભળીને તેની ઉપર કુલટા તરીકેનું આળ ચડાવ્યું તો અંતે તેમને કેવો પસ્તાવાનો વખત આવ્યો!

અજૈન રામાયણના પ્રસંગ પ્રમાણે રામચન્દ્રજીએ ધોબીના વચનથી સીતાને ક્યાં જંગલમાં મોકલી નહોતી દીધી ! કુલટાના આળને દૂર કરવા

મહાસતી સીતાએ પણ છેવટે દિવ્યમાંથી પસાર તો થવું જ પડ્યું !

આપણા મુખમાંથી અનાયાસે નીકળી જતાં આક્ષેપાત્મક શબ્દો અનેકોના જીવન સાથે ચેડા કરનારા બને છે, તે વાત કદી ન ભૂલીએ. અને તેથી ક્યારેય સાચું કે ખોટું, કોઈપણ પ્રકારનું આળ કોઈને ય ન દેવાઈ જાય તેની કાળજી લઈએ. અન્યથા પાપો બંધાયા વિના નહિ રહે.

**(૧૪) પૈશૂન્ય :** પૈશૂન્ય = ચાડી - ચુગલી. સાચી કે ખોટી કોઈની ય ચાડી ચુગલી ન ભરીયે. સહજ રીતે પણ કહી દેવાતી કોઈની વાતથી તે વ્યક્તિને ભયંકર નુકશાન પેદા થતું હોય છે.

એક નિયમ બધાએ બનાવી દેવા જેવો છે કે જે બાબત મારા પોતાના અધિકારની નથી, તે બાબતમાં મારે માથું મારવું નથી.

અધિકાર વિનાની ચેષ્ટા કરવાથી જ ઘણી વિપરીત પરિસ્થિતિઓ પેદા થતી હોય છે.

ચાડી - ચુગલી ભરવાથી, કોઈકની ગુપ્ત વાતો પ્રગટ થવાથી, તેનું મોત થવાની શક્યતાઓ પેદા થાય છે. માટે આવા પાપસ્થાનોથી સદા દૂર રહેવું.

**(૧૫) રતિ- અરતિ :** રતિ=ખુશીની લાગણી. અરતિ=નારાજગીની લાગણી.

આપણને સવારથી સાંજ સુધી જે શબ્દો સાંભળવા મળે છે, તેમાં ગમા-અણગમાનો જે ભાવ થાય છે તે રતિ-અરતિ છે. ભોજનના પદાર્થો ભાવતા હોય તો જે આનંદ આવે છે તે રતિ છે પણ વધુ પડતાં ખારા કે તીખા પદાર્થો હોવાના કારણે માનસિક જે સંતાપ થાય છે, તે અરતિ છે.

તે જ રીતે સારું જોવા મળતાં આનંદ અને વિપરીત જોવા મળતાં જે દુઃખ થાય છે, સારા સ્પર્શે સુખની અને ખરબચડા વગેરે સ્પર્શે જે અણગમતી લાગણી થાય છે તે રતિ-અરતિને જણાવે છે.

આ રતિ-અરતિ પણ પાપનું સ્થાન છે. હકીકતમાં તો સારા કે નરસાં, જે કાંઈ શબ્દ, રૂપ, રસ, ગંધ કે સ્પર્શનો અનુભવ થાય તેમાં ઉદાસીનભાવ જોઈએ. તેના બદલે જો આનંદ કે ખેદની લાગણી રૂપ રતિ-અરતિ થાય તો પાપકર્મ બંધાયા વિના શી રીતે રહે?

**(૧૬) પરપરિવાદ :** પર = બીજાનો પરિવાદ = અપલાપ / નિંદા.

કદીપણ કોઈની ય નિંદા કરવી નહિ. જ્ઞાનીઓ ફરમાવે છે કે ઈર્ષ્યા કરવાથી પુણ્ય બળીને ખાખ થઈ જાય તો નિંદા કરવાથી ઢગલાબંધ પાપો બંધાય. ઈર્ષ્યા કરવાથી જો પુણ્ય બળી જશે તો સુખી શી રીતે થશો ?

નિંદા કરવાથી જો પુષ્કળ પાપો બંધાશે તો દુઃખી થતાં શી રીતે અટકી શકાશે ? કેમ કે પુણ્યથી સુખ મળે છે ને પાપોથી દુઃખ મળે છે તે સનાતન નિયમ છે.

નિંદા કરવાથી દોષદૃષ્ટિ પેદા થાય છે. બીજાના દોષો જોયા કરવાનું મન થાય છે. પરિણામે તે દોષો આપણામાં મોડા-વહેલા આવ્યા વિના રહેતા નથી.

આપણે દસ વ્યક્તિના એકેક દોષને જોઈને નિંદા કરીએ તો તે દરેકમાં તો એકેક દોષ જ રહ્યો પણ આપણામાં તો દસ દોષો આવીને રહ્યા. હવે વધારે ખરાબ કોણ ? જેના આપણે દોષો જોયા તે વ્યક્તિઓ કે તેના દોષોને જોઈને દસ દોષોવાળા થયેલા આપણે જો નિંદા કરવી જ હોય તો આપણી પોતાની નિંદા કરવી. પણ બીજાની નિંદા ન કરવી. નિંદા કરવાથી નરક વગેરે ગતિમાં અવતારો મળે છે.

સાધુ-સાધ્વીની નિંદા તો સ્વપ્રમાં ય ન કરવી. તેમની નિંદા કરવાથી જે કાળું પાપ બંધાય છે, તેમાંથી છૂટવું ખૂબ જ મુશ્કેલ બને છે.

પ્રભુવીરની સામે તેજોલેશ્યા ફેંકનાર ગોશાલક ભવિષ્યમાં જ્યારે કેવળજ્ઞાન પામશે, ત્યારે કેવળજ્ઞાની તે મુનિવર પોતાની પ્રથમ દેશનામાં ફરમાવવાના છે કે કદીપણ કોઈએ ગુરુભગવંતની નિંદા કરવી નહિ. મેં પૂર્વે મારા ગુરુ પ્રભુવીરની નિંદા કરી તો મારે અનંતા ભવો સંસારમાં ભટકવું પડ્યું છે... વગેરે...

માટે ક્યારેય કોઈપણ સાધુ કે સાધ્વીજીની નિંદા ન થઈ જાય તેની સતત કાળજી રાખવા જેવી છે.

**(૧૭) માયા-મૃષાવાદ :** મૃષાવાદ = અસત્ય કથન. માયા-મૃષાવાદ = માયા પૂર્વકનું જૂઠ બોલવું તે.

માયા પોતે જેમ ભયંકર છે તેમ જૂઠ બોલવું તેય પાપસ્થાનક છે. પણ જ્યારે આ બે પાપસ્થાનકો ભેગા થાય છે. ત્યારે તેમની તાકાત ઘણી વધી જાય છે.

માયા પૂર્વક બોલાતું જૂઠ આત્મા ઉપર પાપકર્મોનો પુષ્કળ બોજ વધારે છે, જીવનને પાયમાલ કરે છે. આલોક-પરલોક ઉભયને બરબાદ કરે છે. માટે તેનાથી દૂર રહેવામાં જ સાર છે.

**(૧૮) મિથ્યાત્વશલ્ય :**

સત્તરેય પાપોનો બાપ જો કોઈ હોય તો આ અઢારમું પાપ છે. જો આ મિથ્યાત્વ નામનું અઢારમું પાપ ન હોય તો બાકીના સત્તરેય પાપો ભેગા

થઈને આત્માનું તેટલું નુકશાન કરી શકતા નથી કે જેટલું નુકશાન આ મિથ્યાત્વ નામનું એક જ પાપ કરે છે.

મિથ્યાત્વ એટલે સાચામાં ખોટાની બુદ્ધિ અને ખોટામાં સાચાની બુદ્ધિ. જે વસ્તુ જેવી હોય તેને તેવી માનવી તે સમકિત. આ સમકિતને આવતું અટકાવે તે મિથ્યાત્વ.

હકીકતમાં સંસાર બિહામણો છે. દુઃખ રૂપી ફળ આપનારો છે. અરે... દુઃખોની પરંપરાને વધારનારો છે. છતાં સંસારને સોહામણો માનવો, સુખમય માનવો, સુખી બનાવનાર માનવો તે વિપરીત બુદ્ધિ છે, તેનું નામ મિથ્યાત્વ.

જે સ્ત્રી મળ-મૂત્રની ક્યારી છે, અશુચીનો ભંડાર છે. જેના શરીરના કાનમાં મેલ, આંખમાં પીયા, નાકમાં સેડા, જીભ ઉપર છારી, દાંત ઉપર પીળાશ, મોઢામાં ગળફાં, અંદર લોહી-માંસ-હાડપીંજર, વિષ્ઠા અને મૂત્ર ભરેલા છે, તે શરીરને ઉપરની ગોરી ચામડી માત્રથી સારું માનવું, સોહામણું માનવું, તે કેટલું ઉચિત છે ? આવા અપવિત્રતાથી ખરડાયેલા સ્ત્રી-પુરુષના શરીરની અસારતાને નજરમાં લાવ્યા વિના તેને સાર રૂપ માનવું તે ક્યા સજ્જનને શોભે ?

વસ્તુના પૂર્ણ સ્વરૂપનું દર્શન કરવું તે સમ્યક્ત્વ છે, જ્યારે વસ્તુનું અધૂરું દર્શન કરવું તે મિથ્યાત્વ છે. અધૂરું દર્શન કરવાથી રાગ જાગે છે, મમતા પેદા થાય છે, સંસારની વૃદ્ધિ થાય છે. જ્યારે પૂર્ણદર્શન કરવાથી વિરાગ જાગ્યા વિના રહેતો નથી. સમતાનું પ્રગટીકરણ થાય છે. સંસાર કપાય છે. મોક્ષ પ્રતિ પ્રયાણ થાય છે.

સ્ત્રીની ગોરી ગોરી ચામડીનું દર્શન તે અધૂરું દર્શન છે. તેનાથી વિકારો જાગે છે. આત્માનું અધઃપતન થાય છે. પણ ગોરી ગોરી ચામડીના દર્શનની સાથે તેની પાછળ છૂપાયેલી ગંદકીનું દર્શન કરવા રૂપ પૂર્ણદર્શન કરવામાં આવે ત્યારે વિરાગ જાગ્યા વિના ન રહે. આવું પૂર્ણદર્શન કરનાર વ્યક્તિ પ્રાયઃ સ્ત્રીમાં આસક્ત બની શકે નહિ.

કેરીનું અધૂરું દર્શન કરીએ તો જ તેમાં રાગ થાય. તેના રસના સબડકા લેવાનું મન થાય. આદ્રા નજીકમાં આવે એટલે કેરીનો ત્યાગ કરવાનો ત્રાસ શરૂ થાય.

પણ કેરીના રસની મીઠાશનું કે માત્ર તેના સુંદર રંગનું દર્શન કરવું તે કેરીનું પૂર્ણદર્શન થોડું છે ? પૂર્ણદર્શન કર્યું ત્યારે કહેવાય કે જ્યારે તે કેરીના રસના આઠ-દસ કલાક પછી થનારા મળનું પણ દર્શન કરીએ.

દસ મિનિટ પછી થતી વોમીટમાં કેરીના રસની દુર્ગંધ પ્રસરતાં અને જુગુપ્સા પેદા કરતા પર્યાયનું પણ દર્શન કરીએ. જે વ્યક્તિને આ વિષ્ઠા કે વોમીટ રૂપ કેરીના રસના પર્યાયોનું પણ દર્શન થાય તે વ્યક્તિને કેરીના રસમાં હવે આસક્તિ શી રીતે પેદા થઈ શકે ?

સંસારનું પણ જો અધૂરું દર્શન કરવામાં આવે તો જ તે સોહામણો લાગે. પણ જો ચારે ગતિનું પરિભ્રમણ, તેમાં પડતાં દુઃખો, પરસ્પરના સ્વાર્થભર્યા સંબંધો, દગા-ફટકા-પ્રપંચો વગેરેનું પણ જો દર્શન કરવામાં આવે તો આ સંસાર અસાર લાગ્યા વિના ન રહે. કોઈપણ સમજુ અને ડાહ્યા માણસને આ સંસારમાં એકપણ ક્ષણ રહેવું ગમે નહિ.

પરન્તુ આજે સંસારમાં અનેક જીવો મસ્તીથી રહે છે, સંસારને મીઠો મધૂરો માને છે, તે તેમનું મિથ્યાત્વ છે.

આ મિથ્યાત્વ નામનું પાપ શલ્ય સમાન છે. શલ્ય એટલે કાંટો. પગમાં ઘૂસી ગયેલો કાંટો જો બહાર કાઢવામાં ન આવે તો સેપ્ટીક થાય. વધુ ઉપેક્ષા કરાય તો ધનૂર થાય. છેવટે મોત પણ થઈ જાય. તેમ આ મિથ્યાત્વ રૂપી શલ્યને જો આત્મામાંથી બહાર કાઢવામાં ન આવે તો આત્માને દુઃખમય સંસારમાં ભટકવું પડે. દુર્ગતિઓમાં ટીચાવું પડે.

પણ જેમ કાંટો નીકળી જાય તો પગમાં સ્વસ્થતા આવે છે. સડસડાટ માર્ગ ઉપર પ્રયાણ થાય છે. અને ઈચ્છિત સ્થાને પહોંચી શકાય છે. તેમ જો આ મિથ્યાત્વ નામનો કાંટો (શલ્ય) આત્મામાંથી નીકળી જાય તો આત્મા સ્વસ્થ બને. ચારિત્ર માર્ગે સડસડાટ પ્રયાણ કરે. અને ઈચ્છિત એવા મોક્ષે પહોંચ્યા વિના ન રહે.

પરમાત્માએ કહેલી વાતોમાં અશ્રદ્ધા કરવાથી આ મિથ્યાત્વ પેદા થાય છે. માટે પરમાત્માની કોઈપણ વાતમાં કદીય અશ્રદ્ધા ન કરવી.

પ્રાણાતિપાતથી મિથ્યાત્વશલ્ય સુધીના અઢાર પાપસ્થાનકો આપણે વિચાર્યા. આ અઢાર પાપસ્થાનકોથી પાપકર્મોનો બંધ થાય છે. જે પાપકર્મોનો ઉદય થતાં આત્મા ઉપર જાલિમ દુઃખો તુટી પડે છે. જો દુઃખો સહન કરવાની તેવડ ન હોય તો કદી પણ આ અઢારમાંના એકે ય પાપસ્થાનકનો આશરો નથી લેવો તેમ નક્કી કરવું જોઈએ. તે માટે સાધુજીવન સ્વીકાર્યા સિવાય નહિ ચાલે.

# ૧૬

# બંધ - અનુબંધ

પાપકર્મોના ઉદયથી જો જીવનમાં દુઃખ આવે છે તો પુણ્યકર્મોના ઉદયથી જીવનમાં સુખ આવે છે. સામાન્યતઃ લોકોને દુઃખ ગમતું નથી, સુખ ખૂબ જ ગમે છે. દુઃખનિવારણ અને સુખપ્રાપ્તિની લોકોને પુષ્કળ ઝંખના છે. પરન્તુ એક વાત મગજમાં બરોબર ફીટ કરી દેવા જેવી છે કે મળેલા માનવજીવનની કિંમત દુઃખનિવારણ કરતાંય દુર્જનતા નિવારણમાં છે અને સુખપ્રાપ્તિ કરતાંય સજ્જનતાની પ્રાપ્તિમાં છે.

જે માનવના જીવનમાં દુઃખો ન હોય પણ દુર્જનતા ઠાંસી ઠાંસીને ભરેલી હોય, તેવા દુર્જનની શી કિંમત?

દુર્યોધન પાસે હસ્તિનાપુરનું રાજપાટ હતું. મહાશ્રીમંત તે હતો. છતાંય તેના ગુણગાન કોઈ ગાતું નથી. કારણ કે તે દુર્જન હતો.

તેનાથી ઉલ્ટું, નરસિંહમહેતા વગેરેને ઘણા દુઃખો આવ્યા. પણ તેમાંય તેમની સજ્જનતા પારાવાર ટકી રહી. પરિણામે તેમને આજે ય ઘણા યાદ કરે છે.

આમ કિંમત દુઃખનિવારણની નહિ; દુર્જનતાનિવારણની છે. સુખ પ્રાપ્તિની નહિ, સજ્જનતા પ્રાપ્તિની છે.

દુઃખનિવારણ તો પાપ દૂર થવાથી થાય પણ દુર્જનતાનિવારણ શી રીતે થાય ? સુખ પ્રાપ્તિ તો પુણ્યના ઉદયે થાય પણ સજ્જનતાની પ્રાપ્તિ શી રીતે થાય ?

દુઃખને લાવનાર જો પાપકર્મનો બંધ છે, તો દુર્જનતાને પેદા કરનાર પાપકર્મનો અનુબંધ છે.

સુખની પ્રાપ્તિ કરાવનાર જો પુણ્યકર્મનો બંધ છે, તો સજ્જનતાની પ્રાપ્તિ કરાવનાર પુણ્યકર્મોનો અનુબંધ છે. માટે જ બંધ કરતાં ય અનુબંધનું જિનશાસનમાં વિશેષ મહત્ત્વ છે.

અનુબંધ એટલે આત્માનો ઝોક (ટ્રેન્ડ) આત્માનું વલણ, આત્માની તાસીર.

મનનો વિચાર હોય છે.

વચન અને કાયાનું વર્તન હોય છે.

આત્મામાં વલણ હોય છે.

મન-વચન અને કાયા એ આત્માના ઘરની વસ્તુ નથી. કર્મના કારણે તેનો આત્મા સાથે સંબંધ થાય છે. હકીકતમાં આ મન-વચન-કાયા કરતાં આત્મા જુદો છે. અને તેથી જ ઘણીવાર મન-વચન-કાયાના વિચાર-વર્તન કરતાં ય આત્માનું વલણ જુદું હોઈ શકે છે.

મન-વચન-કાયાના વિચાર-વર્તન દ્વારા પુણ્યકર્મ કે પાપકર્મનો બંધ થાય છે, જ્યારે આત્માના વલણ દ્વારા પુણ્ય કે પાપનો અનુબંધ નક્કી થાય છે.

ભગવાનની ભક્તિ કરી રહેલી વ્યક્તિનું મન જ્યારે પરમાત્મભક્તિના વિચારોમાં લીન બન્યું હોય, વચનથી પરમાત્માના ગુણગાન ગવાતા હોય અને કાયાથી પણ તે ભક્તિમાં પરોવાઈ ગયો હોય ત્યારે પણ તેના આત્માનું વલણ સંસાર તરફ હોય; તેવું શું ન બની શકે ? તે વખતે સંસારનું કોઈક સુખ મેળવવાની કારમી આસક્તિ તેના અંતરાત્મામાં ધરબાયેલી હોઈ શકે છે. તેથી તે વખતે તેના મન-વચન-કાયા શુભ હોવા છતાંય તેના આત્માનું વલણ ખરાબ છે.

(૧) મન - વચન - કાયાદિના વિચાર - વર્તનાદિ સારાં હોય અને તે વખતે આત્માનું વલણ પણ જો સારું હોય તો બંધ અને અનુબંધ, બંને પુણ્યના થાય. તેને પુણ્યાનુબંધી પુણ્ય બંધાયું કહેવાય. તેથી ઉલ્ટું (૨) જો મન-વચન-કાયાના વિચાર-વર્તનાદિ ખરાબ હોવા સાથે આત્માનું વલણ પણ તે વખતે ખરાબ હોય તો બંધ અને અનુબંધ, બંને પાપના થાય. ત્યારે પાપાનુબંધી પાપ બંધાયું ગણાય.

(૩) પરન્તુ જો મન-વચન-કાયાદિના વિચાર-વર્તનાદિ સારાં હોવા છતાં ય આત્માનું વલણ તે વખતે જો ખરાબ હોય તો પુણ્યનો બંધ થવા છતાં ય અનુબંધ તો પાપનો પડે. તે વખતે પાપાનુબંધી પુણ્ય બંધાયું ગણાય.

(૪) પણ મન-વચન-કાયાદિના વિચાર-વર્તન ખરાબ હોવા છતાં ય આત્માનું વલણ તે વખતે જો સારું હોય તો પાપનો બંધ થવા છતાં ય અનુબંધ તો પુણ્યનો પડે. તે વખતે પુણ્યાનુબંધી પાપ બંધાયું કહેવાય.

આમ હવે ચાર પ્રકારના કર્મો થયા ગણાય.

(૧) પુણ્યાનુબંધી પુણ્ય : તારક : શાલિભદ્રને.

(૨) પાપાનુબંધી પાપ : મારક : કાલસૌરિક કસાઈને.

(૩) પાપાનુબંધી પુણ્ય : મારક : મમ્મણને.

(૪) પુણ્યાનુબંધી પાપ : તારક : પુણિયાને.

પુણ્યના ઉદયે સુખ મળે અને પાપના ઉદયે દુઃખ મળે, પરન્તુ પુણ્યના અનુબંધના કારણે સજ્જનતા મળે. અર્થાત્ મળેલા સુખમાં અનાસક્તિ અને મળેલા દુઃખમાં અદીનતા મળે. પાપના અનુબંધથી દુર્જનતા મળે અર્થાત્ મળેલા સુખમાં આસક્તિ પેદા થાય તો મળેલા દુઃખમાં દીનતા પેદા થાય.

શાલિભદ્રે પૂર્વના સંગમ તરીકેના ભવમાં ઉછળતા ભાવોથી ખીરનું દાન કરવાથી પુણ્યાનુબંધી પુણ્ય બાંધ્યું હતુ.

પુણ્યના ઉદયે શાલિભદ્રના ભવમાં તેને અઢળક સંપત્તિ પ્રાપ્ત થઈ. દેવલોકમાં રહેલા પિતાદેવ રોજ ૯૯-૯૯ પેટીઓ પહોંચાડતા હતા. આવી દોમ દોમ સાહ્યબીમાં પણ શાલિભદ્ર અનાસક્ત હતા. વિરાગી હતા, કારણ કે પુણ્યના ઉદયની સાથે પુણ્યનો અનુબંધ પણ જોડાયેલો હતો. આ અનુબંધે તેને માત્ર સજ્જન બનાવીને ન અટકાવ્યો. ઠેઠ સંતકક્ષાએ પહોંચાડ્યો. 'શ્રેણિક રાજા માથે છે' જાણીને એક જ ધડાકે સર્વ સંપત્તિને છોડીને તેઓ જૈનસાધુ બની ગયા. છેલ્લે અનશન કર્યું.

અને પેલો કાલસૌરિક કસાઈ ! રોજના ૫૦૦-૫૦૦ પાડાનો વધ કરનારો. જીવનમાં ન સુખી કે ન સારો. સંનિપાતના રોગથી પીડાઈ પીડાઈને મરણને શરણ થયો અને પહોંચી ગયો સાતમી નરકે. કારણકે તેને પાપાનુબંધી પાપનો ઉદય હતો. પાપના ઉદયે તેને દુઃખી કર્યો તો પાપના અનુબંધે તેને સારો ન થવા દીધો !

મહાશ્રીમંત હતો તે મમ્મણ શેઠ ! જેની મિલ્કતની સામે મહારાજા શ્રેણિકની સમગ્ર સમૃદ્ધિની કાંઈ કિંમત નહોતી. તેવો ધનવાન આ મમ્મણ મરીને સાતમી નારકે ચાલ્યો ગયો, કારણ કે શ્રીમંતાઈની સાથે સજ્જનતા તેની ન ટકી. તેને પાપાનુબંધી પુણ્યના ઉદયે સંપત્તિ પ્રાપ્ત થયેલી, જેણે તેને સારો ન રહેવા દીધો.

પૂર્વભવમાં જૈન સાધુને સિંહકેસરીયા લાડવા વહોરાવ્યા, અને તેથી ભારે પુણ્યબંધ પણ કર્યો. સુપાત્રદાનથી વિશિષ્ટ પુણ્યબંધ થયા વિના ન રહે. માટે તો રોજ સાધુ-સાધ્વીજી ભગવંતને ભાવથી બોલાવીને વહોરાવવું જોઈએ. તેમના પાત્રમાં જ્યાં સુધી પોતાનું ભોજન ન પડે, ત્યાં સુધી ચેન ન પડવું જોઈએ. વહોરાવ્યા પછી ઉપયોગમાં લેવાતા ભોજનને જ અમૃતભોજન કહેવાય ને ?

લાડવો વહોરાવી તો દીધો, પણ પછી તેના આત્મામાં વહોરાવવા બદલ ભારે પશ્ચાતાપ થયો. તેણે પાપાનુબંધ તૈયાર કર્યા. પરિણામે પુણ્યના

ઉદયે સમૃદ્ધિ પુષ્કળ મળવા છતાં પાપના અનુબંધે તેમાં કારમી આસક્તિ પેદા કરી. તેને અનાસક્ત કે વિરાગી ન બનવા દીધો. રૌદ્રધ્યાનમાં મરીને ૭મી નરકે તેણે જવું પડ્યું.

જ્યારે પેલો પુણીયો ! હાથે કરીને ઝૂંપડામાં રહેવા ચાલી ગયેલો ! અને તેથી લોકદૃષ્ટિએ તેને સુખી ન કહી શકાય. તેણે પાપનો ઉદય જાતે ઊભો કરેલો. પણ તે પાપના ઉદયની સાથે પુણ્યનો અનુબંધ પણ કેવો સુંદર જોડાયેલો. મસ્ત સમાધિમય સામાયિક તે કરી શકતો હતો.

આ ચારે પ્રકારના કર્મોના ઉદયવાળા જીવોને સમજવા શાસ્ત્રકારોએ ચાર માખીના ઉદાહરણો આપેલ છે.

**૧. સાકર ઉપર બેઠેલી માખી :** 'સારું ખાઈને આરામથી ઊડી જાય. પુણ્યાનુબંધી પુણ્યના ઉદયવાળા શાલિભદ્રાદિ જીવો : જેઓ સમૃદ્ધિ પામીને, તેમાં અનાસક્ત હોવાથી ક્ષણમાં ત્યાગી બની શકે.

**૨. લીંટમાં બેઠેલી માખી :** ન સારું ખાવાનું મળ્યું અને ચોંટીને મરી ગઈ ! પાપાનુબંધી પાપના ઉદયવાળા કાલસૌરિકાદિ જીવો. જેઓ ન સુખ મેળવી શક્યા કે ન સારા બની શક્યા. મરીને દુર્ગતિમાં ચાલ્યા ગયા.

**૩. મધમાં બેઠેલી માખી :** સારું ખાધું પણ ચોંટીને મરી ગઈ : પાપાનુબંધી પુણ્યના ઉદયવાળા મમ્મણ વગેરે જીવો. જેઓ સુખ પામ્યા પણ તેમાં આસક્ત બનીને દુર્ગતિમાં ચાલ્યા ગયા.

**૪. પથ્થરે બેઠેલી માખી :** સારું ખાધું નહિ પણ જીવતી ઊડી ગઈ. પુણ્યાનુબંધી પાપના ઉદયવાળા પુણિયા વગેરે જીવો. જેઓએ કહેવાતા ભૌતિક સુખને ભલે ન ભોગવ્યું, પણ સજ્જનતા-અનાસક્તિ-સંતોષ વગેરે દ્વારા સદ્‌ગતિ નક્કી કરી.

મમ્મણશેઠને પુણ્યોદયવાળા = સુખી કહેવાય, પણ તે લોકદૃષ્ટિથી, બાકી તો તે ખૂબ જ ધનમૂર્ચ્છાને કારણે દુ:ખી હતો.

પુણિયો શ્રાવક પાપોદયવાળો : દુ:ખી કહેવાય, તે બાહ્યદૃષ્ટિથી, બાકી અંતરનું સુખ તો તેની પાસે અજોડ હતું.

પુણ્યનો ઉદય ચાલતો હોવા છતાં ય જો તે પાપના અનુબંધથી યુક્ત હોય તો તેવા જીવો પુણ્યના ઉદયે મળેલાં ભોગસુખોમાં પાગલ બનતાં હોય છે. પોતાના સાન-ભાન લગભગ ગુમાવતા હોય છે. અને એથી દુર્ગતિ તરફ પ્રયાણ કરતાં હોય છે.

પાપકર્મનો ઉદય થાય ત્યારે બહુ બહુ તો સુખનો નાશ થાય, પણ

જો પાપાનુબંધનો ઉદય થાય તો સદ્બુદ્ધિનો નાશ થાય. જેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ, તેનું જીવન ભ્રષ્ટ થતાં કેટલો સમય લાગે ? આથી જ બંધ કરતાં ય અનુબંધ એ ગંભીર વસ્તુ છે.

પુણ્યકર્મનો જો બંધ કર્યો હોય તો તે જ્યારે ઉદયમાં આવે ત્યારે જીવને સુખી બનાવે. પાપકર્મનો જો બંધ કર્યો હોય તો તે જ્યારે ઉદયમાં આવે ત્યારે જીવને દુઃખી બનાવે પણ સુખ અને દુઃખ કરતાં ય વધારે ગંભીર તો સારાપણું અને ખરાબપણું છે. જે સારાપણું પુણ્યના અનુબંધથી અને ખરાબપણું પાપના અનુબંધથી પ્રાપ્ત થાય છે.

પૈસાથી ચંપલ કે ચશ્મા મળે પણ તે જ્યાં પહેરાય છે તે પગ કે આંખ તો પુણ્યથી જ મળે; અને તે પગમાં સન્માર્ગગમનની શક્તિ કે આંખમાં નિર્વિકારભાવ તો પુણ્યાનુબંધથી જ મળે.

જેમ આંખ વિનાના માણસને ચશ્મા નકામા છે, તેમ નિર્વિકારભાવ વિનાની આંખો પણ નકામી છે. જો આ વાત મનમાં બરોબર બેસી જશે તો પુણ્યાનુબંધનું મહત્ત્વ પુણ્યબંધ કરતાં પણ કેટલું બધું વધારે છે એ સમજાઈ જશે.

પૈસાથી બિયારણ ખરીદાય. પુરુષાર્થે ખેતી થાય. પણ પુણ્યબંધનો ઉદય થાય તો જ વરસાદ આવે તથા સારો પાક પેદા થાય. અને જો પુણ્યના અનુબંધનો ઉદય થાય તો જ તે પેદા થયેલા પાકની આવકનો ઉપભોગ કરવામાં બેફામ ન બનાય. અનાસક્ત યોગી બનાય.

આમ, બંધથી સુખી કે દુઃખી થવાય છે પણ અનુબંધથી સારા કે ખરાબ થવાય છે, એમ નક્કી થયું. અને તેથી જ પળે પળે થતાં પાપ કે પુણ્યના બંધ કરતાં પાપ કે પુણ્યના અનુબંધ તરફ વિશેષ જાગ્રતિ રાખવી જરૂરી છે.

જો ભોગની કે ધર્મની સામગ્રીઓ આપનારા પુણ્યને પેદા કરવું હોય તો ધર્મક્રિયાઓ કરવી જ જોઈએ. પણ જો એ પુણ્ય તારક બાંધવું હોય અર્થાત્ પુણ્યાનુબંધી પુણ્ય બાંધવું હોય તો તે તે ધર્મક્રિયાની પાછળ આપણો ઉદ્દેશ મોક્ષ પામવાનો હોવો જોઈએ અથવા તો આપણી પ્રવૃત્તિ અત્યન્ત શુદ્ધ (નિઃસ્વાર્થભાવની) એવી પરાર્થરસિક હોવી જોઈએ. કારણ કે પુણ્યના અનુબંધને તૈયાર કરવાના ઉપાયો મોક્ષલક્ષ તથા નિઃસ્વાર્થભાવે થતું પરાર્થકરણ છે.

મેઘકુમારના પૂર્વભવીય હાથી જીવને મોક્ષનું લક્ષ જરાય નહોતું. મોક્ષ શબ્દનું ય જ્ઞાન નહોતું. પણ નિઃસ્વાર્થભાવે તેણે સસલાની દયા કરી તો

તેણે એવું સુંદર પુણ્યાનુબંધી પુણ્ય બાંધ્યું કે જેના પ્રભાવે તે શ્રેણિક મહારાજાના મેઘકુમાર નામના પુત્ર તરીકેનો માનવભવ પામ્યો, એટલું જ નહિ પણ પ્રભુ મહાવીર દેવનો તે શિષ્ય બની શક્યો. કટોકટીના સમયે પ્રભુવીર પોતે જ તેના સંયમ રથના સારથિ બન્યા.

પુણ્યના અનુબંધને તૈયાર કરવાના ઉપાયો જેમ મોક્ષલક્ષ, નિઃસ્વાર્થભાવે થતું પરાર્થકરણ વગેરે છે, તેમ પાપના અનુબંધને તૈયાર કરવામાં નિષ્ઠુરતા, વિરાધકભાવો, અપ્રાયશ્ચિત્તનો અધ્યવસાય વગેરે કારણો છે.

સામયિક નામના મુનિવરે પોતાની સંસારીપત્નીની સાથે દીક્ષા સ્વીકારી હતી. એક વાર એક ગામમાં પોતાના પૂર્વના સંસારી પત્ની એવા સાધ્વીજીને જોતાં મનોમન કામવિકાર જાગ્યો. પરન્તુ તે પાપનું તેમણે પ્રાયશ્ચિત ન કર્યું. લાગે છે કે તેના કારણે તૈયાર થયેલા પાપાનુબંધે તેમને આર્દ્રકુમાર તરીકે અનાર્ય દેશમાં ધકેલી દીધા ! જ્યાં ધર્મનું નામનિશાન પણ ન મળે !!!

સુકુમાલિકા સાધ્વીએ ગુર્વાજ્ઞાનો નિષ્ઠુરતાપૂર્વક દ્રોહ કર્યો. ગુરુની ના હોવા છતાં, નિષ્ઠુરતાપૂર્વક આતાપના લેવા ગઈ. તેની તે નિષ્ઠુર પરિણતીએ જાણે કે આત્મામાં એવો પાપાનુબંધ તૈયાર કર્યો કે જેના કારણે તેના દ્રૌપદી તરીકેના ભવમાં તેને પાંચ પુરુષો પ્રતિ વિકારભાવ પેદા થયો. પાંચે ય પાંડવો તેના પતિ બન્યા. ઈતિહાસમાં આ ઘટના અભૂતપૂર્વ ગણાઈ !

ઉપરોક્ત વાતો જાણ્યા પછી, હવે ક્યારેય પાપાનુબંધ તૈયાર ન થઈ જાય અને પુણ્યાનુબંધ જોરદાર તૈયાર થઈ જાય તેની પ્રતિ પળે કાળજી લેવાનું નક્કી કરવું પડશે. કેમ કે જો ભૂલમાં ય પાપાનુબંધ તૈયાર થઈ ગયો તો કદાચ પુણ્યના ઉદયે સુખી બનીશું તો ય તે પાપાનુબંધ તે સુખમાં આસક્ત બનાવ્યા વિના નહિ રહે. તે આસક્તિ પુષ્કળ પાપો બંધાવીને આપણી ભવપરંપરાને વધારી દેશે. તે ન થવા દેવા પુણ્યાનુબંધ તૈયાર થાય તેવા પ્રયત્નો કરવા પડશે. તેમ થતાં આગામી ભવોનાં પુણ્યના ઉદયે સુખી થવાની સાથે, તે પુણ્યના અનુબંધના કારણે આપણે વિરાગી પણ રહી શકીશું. કદાચ પાપના ઉદયે દુઃખી થયા હોઈશું તો ય આ પુણ્યનો અનુબંધ આપણને તે દુઃખમાં દીન નહિ બનાવે. આપણી સમાધિને ટકાવી રાખશે.

બંધ કરતાં પણ અનુબંધની મહત્તા જાણ્યા પછી આપણા જીવનમાં હાલ પુણ્યના અનુબંધનો ઉદય છે કે પાપના અનુબંધનો ? તેની પણ આપણે ચકાસણી કરી લેવી જોઈએ.

અને તે ચકાસણી કરતાં આપણને ખ્યાલ આવે કે જો પુણ્યાનુબંધ

જોર મારે છે, તો તે પુણ્યાનુબંધ વધુને વધુ મજબૂત થાય તેવી પ્રવૃત્તિ કરવી જોઈએ. પણ દુર્ભાગ્યે જો પાપના અનુબંધનો ઉદય જણાય તો તે પાપના અનુબંધને ખતમ કરવા પ્રયત્ન કરવો જોઈએ. તે પાપના અનુબંધને પુણ્યના અનુબંધમાં ટ્રાન્સફર કરવા પ્રયત્ન કરવો જોઈએ.

નીચે જણાવેલ લક્ષણોવાળા જે જીવો હોય તેમને પ્રાયઃ પુણ્યના અનુબંધનો ઉદય છે તેમ સામાન્યતઃ કહી શકાય :

(૧) પુણ્યાનુબંધના ઉદયવાળા જીવો ભોગસુખોને ભોગવે તો ય, તે ભોગસુખો તેમને સારા લાગે તો ય તે જીવો તે ભોગસુખોને અંતરથી સારા માનતા ન હોય.

કેરીનો રસ ગળ્યો હોય તો આ જીવની જીભને તે કેરીનો રસ ગળ્યો જ લાગે, સારો જ લાગે, પણ કાંઈ કડવો તો ન જ લાગે. પરન્તુ આ જીવ હૃદયથી તો કેરીના રસને ખાવા જેવો, રાગ કરવા જેવો તો ન જ માને. આમ, આવા જીવોને ભોગસુખો અનુભવમાં સારાં લાગતાં હોવા છતાં, તેઓ ભોગસુખોને સારા તો ન જ માને. અને જેઓ ભોગસુખોને અંતરથી સારા ન માને તેમની દુર્ગતિ પણ ન થાય.

આવા જીવો અંતરથી સુખને સારું માનતા ન હોવાથી જ સારા તરીકેનું જીવન જીવી શકે છે. કારણ કે સામાન્યતઃ એવો નિયમ છે કે **જેઓ અંતરથી ભોગસુખોને સારા માને તેઓ પ્રાયઃ સારા હોય નહિ; જો સારા હોય તો લાંબા સમય સુધી સારા રહી શકે નહિ. તે જ રીતે જેઓ સંસારના ભોગસુખોને અંતરથી ખરાબ માનતા હોય તે જીવો કદી પણ ખરાબ હોઈ શકે નહિ. કદાચ ખરાબ હોય તો પણ લાંબા સમય સુધી ખરાબ રહી શકે નહિ.**

પુણિયો શ્રાવક ભોગસુખોને ખરાબ માનતો હતો માટે જ તે ખરાબ બની શક્યો નહિ. તેથી તો ભૂલમાં આવી ગયેલું પાડોશીનું છાણું ઘરમાં રાખવા માટે તે ધરાર લાચાર હતો !

જ્યારે કોણિક રાજ્યસુખને સારું માનતો હતો માટે તે સારો રહી શક્યો નહિ. પોતાના સગા પિતા રાજા શ્રેણિકને જેલમાં પૂરીને રોજ ૧૦૦-૧૦૦ હંટર મારવાનું ક્રૂર કાર્ય કરી શક્યો !

(૨) પુણ્યના અનુબંધના ઉદયવાળા જીવોને પૂર્વના પુણ્યના ઉદયે પ્રાપ્ત થયેલી સત્તા, સંપત્તિ, રૂપ, બળ, વિદ્વત્તા વગેરે શક્તિઓનું સુંદર પાચન પણ થાય છે. આ જીવો મળેલી શક્તિઓમાં સામાન્યતઃ છકી જતાં નથી. આ

શક્તિઓનું તેમને અજીર્ણ થતું નથી. બલ્કે તેઓ આ શક્તિઓનો સન્માર્ગે ઉપયોગ કરીને વિશેષ પુણ્યવાન બનતા હોય છે. વળી ક્યારેક પાપકર્મના યોગે તેમની આ શક્તિઓ છીનવાઈ જાય તો તેઓ દીન કે રાંકડા બનતા નથી. પરન્તુ તેવા સમયે તેઓ વિશેષ ધર્મવાન્ બનતા જણાય છે.

અંજના-સીતા વગેરે ઉપર દુઃખના ડુંગરા તૂટી પડ્યા તો ય તેવા સમયે તેઓ દીન-બનવાના બદલે ધર્મમય જ બન્યા હતા ને ? અનેક લબ્ધિઓ પેદા થવા છતાં ય સનત રાજર્ષિના કે આનંદઘનજીના જીવનમાં કેવી નિરહંકારિતા દેખાતી હતી !

(૩) પુણ્યના અનુબંધના ઉદયવાળા જીવોને ઈન્દ્રિયોના તુચ્છ ભોગસુખોમાં કે તે ભોગસુખોને પ્રાપ્ત કરાવનાર સામગ્રીઓ રૂપી અધિકરણમાં પ્રાયઃ રસ હોતો નથી. આંધળું અનુકરણ કરવાની તો તેમને પ્રાયઃ ઈચ્છા જ થતી નથી. તેઓને તો રસ હોય છે પોતાના અંતઃકરણની શુદ્ધિમાં. અને તેથી જ જયારે વિપરીત પ્રવૃત્તિ કરવી પડે ત્યારે તેમનું મન રડતું હોય છે.

(૪) પુણ્યના અનુબંધના ઉદયવાળા જીવોને દેવ-ગુરુની ભક્તિ કરવા દ્વારા સ્વચ્છ બુદ્ધિ પ્રાપ્ત થતી હોય છે. આવી સદ્બુદ્ધિના પ્રભાવે પ્રાયઃ તેમનું મગજ બરફથી પણ વિશેષ ઠંડું અને તેમનું હૃદય માખણથી ય વધારે કોમળ રહેતું હોય છે. કદાચ કઠોર કે ગરમ થઈ જવાય તો પણ તેનો તેમને ત્રાસ રહેતો હોય છે.

(પં) પુણ્યના અનુબંધનો ઉદય જીવોની દૃષ્ટિમાં ધરમૂળ પરિવર્તન લાવી દે છે. તેની નજર શરીર તરફથી ઊઠીને આત્મા તરફ જાય છે. આ લોકની ચિંતા-ફિકર થવાના બદલે હવે પરલોકની ફિકર શરૂ થાય છે. સ્વાર્થી રહેણીકરણી દૂર કરીને તે પરાર્થરસિક બનવા લાગે છે. પરમપદ તેને પ્યારો લાગવા માંડે છે.

(૬) પુણ્યના અનુબંધનો સતત ઉદય ચાલતો હોય તેવા આત્માઓનું જીવન પ્રાયઃ જન્મથી શુદ્ધ હોય છે. અથવા આવા જીવોથી કદાચ પાપ થઈ જાય તો તેઓ તે પાપની શુદ્ધિ કર્યા વિના રહી શકતા નથી. આમ, તેઓ કાં જન્મશુદ્ધ હોય છે કાં પાપશુદ્ધ હોય છે.

વળી ડગલે ને પગલે આવા જીવોમાં જાગ્રતિ દેખાતી હોય છે. પાપનો ડર તેમને સતત સતાવતો હોય છે. છતાં પાપ થઈ જાય તો પ્રાયશ્ચિત્ત કરવા તેઓ દોડી ગયા વિના રહેતા નથી.

આવા પુણ્યના અનુબંધના ઉદયવાળા જીવોમાં શાલિભદ્ર, પેથડશા,

સંપ્રતિ, કુમારપાળ, જગડૂશા વગેરેને ગણી શકાય કે જેમના સુંદર જીવનની સુવાસ આજે પણ જિનશાસનના ગગનમાં ફેલાઇ રહી છે.

પણ બીજા ઘણાય જીવો એવા હોય છે કે જેમને પુણ્યનો ઉદય હોવાથી સુખની રેલમછેલ પ્રાપ્ત થવા છતાંય પાપના ચાલી રહેલા અનુબંધના કારણે તેઓની મનઃસ્થિતિ ખૂબ જ વિલક્ષણ છે.

(૧) આવા પાપાનુબંધી પુણ્યના ઉદયવાળા જીવો સંસારનું ભોગસુખ મધથી ય વધારે મીઠું માને છે.

તેથી તેઓને પુણ્યના ઉદયે જે સુખો મળે છે, તેમાં તેઓ બેફામ બને છે. રાચી-માચીને તે સુખને તેઓ અનુભવે છે. તે વખતે દુઃખ થવાની વાત તો દૂર રહો, ભારે મસ્તીથી ભોગસુખને લૂંટવાની મહેનત તેઓ કરે છે.

એમ કહેવાય છે કે લીંબડો તો કડવો વખ છે. પણ જેને ઝેર ચડયું હોય તેને કડવો લીમડો ય મીઠો લાગે. તે તેને મીઠો માનવા ય લાગે.

બસ તે જ રીતે જેને મોહનું ઝેર ચડયું છે, તેવા જીવો સંસારના ભોગસુખો વિપાકાદિના કારણે કટુ હોય છતાંય મીઠા મધ માનવા લાગે છે. તે સુખો મેળવવા બધા દુઃખોને સહન કરવા તૈયાર થાય છે. બધા પાપો પણ કરવા તૈયાર હોય છે.

(૨) પાપાનુબંધી પુણ્યના ઉદયવાળા જીવોમાં પ્રાયઃ સુખ-દુઃખને પચાવવાની શકિત હોતી નથી. તેના જીવનમાં જયારે દુઃખો આવે છે ત્યારે તે દીન બની જતો હોય છે. અસમાધિમાં પટકાઇ જાય છે. હાય-વોય કરીને દુર્ગતિમાં જવાનું નક્કી કરે છે.

પુણ્યના ઉદયે તે સુખી બને તો ય તે સુખમાં તે છકી જતો હોય છે. તેમાં આસકત બને છે.

આવા જીવો પ્રાયઃ કરીને સુખને સંયોગે પાપી બનતા હોય છે, તો જયારે સુખનો વિયોગ થાય ત્યારે પાગલ બની જતાં હોય છે.

(૩) પાપાનુબંધના ઉદયવાળા જીવોને પ્રાયઃઆંધળું અનુકરણ કરવામાં ખૂબ રસ હોય છે. તે દેખાદેખીમાં રાચતા હોય છે. તેમને અધિકરણો (પાપના સાધનો) પ્રત્યે આકર્ષણ હોય છે. પાંચે ઈન્દ્રિયોના વિષયો તરફ તે જલદીથી ખેંચાઇ જતો હોય છે. તેને અંતઃકરણની શુદ્ધિ પામવાની ઇચ્છા પણ થતી નથી. અરે! અંતઃકરણની અશુદ્ધિથી તે કયારેક ઉપકરણને ય અધિકરણ બનાવવાની બાલિશ ચેષ્ટા કરી દેતો હોય છે.

(૪) પાપનો અનુબંધ બુદ્ધિને ભ્રષ્ટ કરવાનું કાર્ય કરે છે. અને

જેની બુદ્ધિ ભ્રષ્ટ થાય તેનું જીવન પણ ભ્રષ્ટ થયા વિના ન રહે. પરિણામે તેનું મગજ અગ્નિ કરતાંય વધારે ગરમ બની જતું હોય છે. તો મન પથ્થરથી ય વધારે કઠોર બનવા લાગે છે. સામાન્યતઃ તે જીવો પ્રત્યે નરમ કે કોમળ બની શકતો નથી.

(૫) પરમપદ કે પરલોક તરફ પ્રાયઃ તેની નજર જતી નથી. વારંવાર તેની નજર માત્ર આલોક તરફ રહેતી હોય છે. આત્મભાનને બદલે દેહભાનમાં તે મસ્ત રહેતો હોય છે. પરાર્થ તો લાખો યોજન દૂર રહે છે. અને સ્વાર્થમાં તે ચકચૂર બનતો હોય છે.

(૬) આવા જીવને બુદ્ધિ અને જીવન ભ્રષ્ટ બનવાથી શુદ્ધિની તો ઈચ્છા ય થતી નથી. અશુદ્ધિથી ભરપૂર તેનું જીવન બને છે. તે નથી જન્મશુદ્ધ રહી શકતો કે નથી પાપશુદ્ધ બની શકતો. પાપ થવા છતાં ય તેનો ત્રાસ પ્રાયઃ તેને થતો નથી.

વર્તમાનકાલિન આપણી આંતરિક મનઃસ્થિતિને ચકાસીને આપણે નક્કી કરવું જોઈએ કે હાલ આપણને પુણ્યનો અનુબંધ ઉદયમાં છે કે પાપનો અનુબંધ ?

જો પાપનો અનુબંધ ઉદયમાં હોય તો તેને તોડી નાંખવાનો, તેને નબળા પાડવાનો પ્રયત્ન આજે જ શરૂ કરવો જોઈએ. વળી જે પુણ્યના અનુબંધ હોય તેમને વધુ મજબૂત બનાવવાના પ્રયત્ન કરવા જોઈએ.

ઉપદેશપદ ગ્રંથમાં પૂ. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ જણાવે છે કે,'માનવજીવન પામીને સૌથી પ્રથમ કાર્ય પૂર્વના નબળા પુણ્યાનુબંધને તગડા કરી લેવાનું અને પૂર્વના તગડા પાપાનુબંધને નબળા કરી દેવાનું કરી લેવું જોઈએ.

જો પુણ્યાનુબંધોને તગડા કરવામાં આવશે તો જમાનાવાદના ઝેરી પવનો વચ્ચે પણ જીવને ધર્મ કરવામાં પ્રાયઃતકલીફો ઊભી નહિ થાય. અને પાપાનુબંધો જીવને ધર્મ માર્ગમાંથી પછાડવામાં નિષ્ફળ થયા વિના નહિ રહે.

પણ જો પુણ્યાનુબંધને તગડા કરવામાં નહિ આવે તો તે નબળા પુણ્યાનુબંધ શી રીતે ઝેરી નિમિત્તો વચ્ચે જીવને ધર્મમાં સહાયક બની શકશે ?

તે જ રીતે જો પાપનુબંધને નબળા પાડીશું નહિ તો તે પાપાનુબંધ ધર્મ કરતી વખતે ય આપણને કદાચ પછાડ્યા વિના રહેશે નહિ.

તેથી પાપના અનુબંધને તોડવાનું અને પુણ્યના અનુબંધને જોડવાનું-તગડા બનાવવાનું ખૂબ જરૂરી છે. તે માટેનો ઉપાય શ્રી પંચસૂત્રકારે પંચસૂત્રના

પ્રથમસૂત્રમાં જણાવ્યો છે.

પિતાની સાથે કોઈક વાતમાં અણબનાવ થતાં તે રાજકુમાર પહોંચ્યો જંગલમાં. બન્યો ચોરલુંટારાનો સરદાર. તેની તલવારનો ઘા કદી ખાલી ન જતો. દૃઢ રીતે કરાતો પ્રહાર સામેવાળાને ખતમ કર્યા વિના ન રહેતો અને તેથી તે દૃઢપ્રહારી તરીકે પ્રખ્યાત થયો.

એક વાર તેણે બ્રાહ્મણના ઘરને લૂંટવાનો પ્રયત્ન કર્યો. પ્રતિકાર કરતાં બ્રાહ્મણ ઉપર તલવારનો માર્યો ઘા અને બિચારો બ્રાહ્મણ તરફડીયાં ખાઈને ઢળી પડયો !

વચ્ચે બોલતી બ્રાહ્મણીના શબ્દો તેનાથી સહન ન થયા. ગર્ભવતી સ્ત્રીની પણ આ દૃઢપ્રહારીને શરમ ન આવી. માર્યો ઘા. પેટ ચિરાઈ ગયું. વીંધાઈ ગયેલો માસૂમ ગર્ભ અને તીણી ચીસ પાડતી સ્ત્રી, બંને ત્યાં જ મરણને શરણ થયાં.

ત્યાંથી નાસીને ભાગવાનો પ્રયત્ન કરે છે તો દરવાજે ઊભેલી ગાય ગભરાઈ જઈને ભાંભરવા લાગી તો તલવારનો ઘા કરી તેને ય યમસદનમાં મોકલી દીધી.

આમ બ્રહ્મહત્યા, સ્ત્રી હત્યા, ભ્રુણ (ગર્ભ) હત્યા અને ગૌ (ગાય) હત્યા; ચાર ચાર હત્યા કરીને નાસી છૂટેલો દૃઢપ્રહારી આગળ ને આગળ વધે છે, પણ ક્યાંય તે પ્રસન્નતાને પામી શકતો નથી.

વારંવાર તેની નજર સમક્ષ પોતે કરેલી કરપીણ હત્યાનું દૃશ્ય તરવરે છે. સત્સંગ મળતાં જ જીવનપરિવર્તન થયું. સર્વવિરતિજીવન તેણે સ્વીકાર્યું.

ધ્યાન - સાધનામાં લીન બનીને ઊભા છે.

જીવન જેનું પાપના અનુબંધે ખતરનાક બનેલું તે હવે તેવા ખરાબ અનુબંધોને તોડવાની સાધનામાં જાણે કે લાગી ગયો છે.

પાપના અનુબંધોને તોડવાનો અને પુણ્યના અનુબંધને મજબૂત બનાવવાનો સરળ રસ્તો છે - દુષ્કૃતગર્હા.

જીવનનાં સેવાયેલાં પાપો પ્રત્યેનો તીવ્ર પશ્ચાત્તાપ. વિશ્વના જીવો સાથે હાર્દિક ક્ષમાપના. સતત 'ખામેમિ સવ્વ જીવે' અને 'મિચ્છામિ દુક્કડમ્'નું રટણ.

કાર્યોત્સર્ગ ધ્યાનમાં લીન બન્યા છે આ દૃઢપ્રહારી મુનિવર ! જ્યાં સુધી કોઈ વ્યક્તિ મને મારાં પાપો યાદ કરાવે ત્યાં સુધી ગોચરીપાણી વહોરવાં

નહિ. ઉપવાસ કરવા. કેવો કઠિન સંકલ્પ !

રોજ કો'ક ને કો'ક વ્યક્તિ કાંઈક ભૂલ/પાપ યાદ કરાવે છે. રોજ ઉપવાસ થતા જાય છે. મનમાં પશ્ચાત્તાપ પાપ બદલ જોરદાર ચાલું છે.

આ પશ્ચાત્તાપે પાપો જ ન ધોયાં, પાપોના અનુબંધોને પણ તોડીને ખતમ કર્યા. પરિણામે દઢપ્રહારી માત્ર છ જ મહિનાની સાધના દ્વારા આત્મકલ્યાણ સાધી ગયા.

અનુબંધને તોડવાનો સરળ રસ્તો છે : સતત **'ખામેમિ'** અને 'મિચ્છામિ' કરતા રહો. ખામેમિ એટલે હું સર્વ જીવોને ખમાવું છું. મિચ્છામિ એટલે મારાં બધાં પાપો નાશ પામો.

**ખામેમિ :** જીવ માત્ર પ્રત્યે કટુ પરિણામ પેદા કરીને જે કાતિલ અનુબંધો તૈયાર કર્યા છે, તેને ખતમ કરવા આપણે સર્વ જીવો સાથે સતત ખામેમિ, ભાવપૂર્વક ખામેમિ, હાર્દિક રીતે ખામેમિ કરતાં જ રહેવું જોઈએ. તેમાંય જેમની સાથે મોટો સંઘર્ષ કે સંકલેશ થયો હોય તેમની સાથે તો વિશેષતઃ ખામેમિ કરવું જોઈએ.

ચંદનબાળાજી, મૃગાવતીજી, ચંડરુદ્રાચાર્ય શિષ્ય, ચંડરુદ્રાચાર્ય વગેરે 'ખામેમિ'ની સાધના દ્વારા વીતરાગ બની શક્યા હતા, તે વાત કદી ભૂલાવી ન જોઈએ.

**મિચ્છામિ :** તે જ રીતે, પોતાના જીવનમાં જે જે પાપો સેવાયાં છે, તેના બદલ વારંવાર 'મિચ્છામિ' કરતા રહેવું જોઈએ.

મહારાજાધિરાજ રાવણ સતત પોતાના આત્મા પાસે 'મિચ્છામિ' કર્યા કરતા હતા. પોતાની ઈચ્છા ન હોવા છતાંય વિલક્ષણ કર્મસત્તા તેની પાસે ભયંકર કાર્ય કરવાની ફરજ પાડતી હતી ત્યારે તે પાપનો વિચાર કરતાં જ તેઓ ધ્રૂજી ઊઠતાં હતા.

રોજ બપોરે સીતા મહાસતીના ચરણે પોતાની ઈચ્છા પૂર્ણ કરવા કાકલૂદીભરી આજીજી કરનારો આ રાવણ રાત્રે પોતાના ઘર - દેરાસરમાં રહેલા મુનિસુવ્રતસ્વામી પરમાત્માના ચરણે ધ્રુસકે ધ્રુસકે રડતો હતો, અને પ્રતિજ્ઞાભંગ ન થઈ જાય તે માટેની શક્તિ માંગતો હતો. તેના પાપ પ્રત્યેના આ ધિક્કારે તેનામાં એવી શક્તિનું આધાન કર્યું હતું કે જેનાથી તેણે સીતાજી ઉપર કદી ય બળાત્કાર કર્યો નહિ.

તેના હૃદયમાં રહેલા આ મિચ્છામિના અજપાજપના કારણે જ, પોતે કરેલી ભક્તિના બદલામાં, વાલીમુનિ સહિતના અષ્ટાપદ પર્વતને

ઊંચકીને ફેંકી દેવાથી લાગેલા પાપમાંથી મુક્તિને ઈચ્છી હતી.

સત્યકી મહાકામી હોવા છતાં ય તેના હૃદયમાં પાપો પ્રત્યેનું 'મિચ્છામિ' એવું ચાલ્યા કરતું કે જેના પ્રભાવે ભાવિમાં તે તીર્થંકર બનવાના છે.

રહનેમીજીને રાજીમતી સાધ્વીજી પ્રત્યે વિકારભાવો પેદા થયા, અઘટિત માગણી કરતા શબ્દો મુખમાંથી સરી પડયા, છતાં ય તેઓ તે ભવમાં મોક્ષ પામી શકયા, તેમાં 'મિચ્છામિ' નો જ ફાળો હતો ને ? સિંહગુફાવાસી મુનિવર, શેલકમુનિ, નંદીષેણ, વગેરે ફરીથી ઊંચું જીવન મેળવી શકયા, તેના મૂળમાં આ 'મિચ્છામિ'નો મહામંત્ર કારણભૂત હતો.

**વંદામિ :** જેમ વિશ્વના સર્વજીવો પ્રત્યે સતત ખામેમિ કરતા રહેવાથી અને પોતાની જાતે સેવાયેલાં પાપો બદલ મિચ્છામિ કરતા રહેવાથી પાપના અનુબંધો તૂટે છે, તેમ જેઓને હવે કદીય ખામેમિ કે મિચ્છામિ કરવાની જરૂર નથી તેવા પરમાત્મતત્ત્વ રૂપ ઉત્તમોત્તમ આત્માઓને વારંવાર વંદામિ કરવાથી ય પાપોના અનુબંધો તૂટે છે. એટલું જ નહિ, વંદામિના ભાવથી પૂર્વે તૈયાર કરેલા નબળા પુણ્યના અનુબંધો પણ તગડા બને છે, મજબૂત બને છે.

માત્ર પરમાત્માને જ વંદામિ નથી કરવાનું. તમામેતમામ આત્માઓના, જિનશાસનને માન્ય તમામ સુકૃતો-સદ્ગુણોને નજરમાં લાવીને તેને હાર્દિક રીતે વંદામિ કરતા રહેવાનું છે.

સંત સૂરદાસ, મીરાબાઈ, નરસિંહ મહેતા, પાતંજલી વગેરે માર્ગાનુસારી કક્ષાના જીવોમાં પણ જે સુંદર અંશો સુકૃતના જણાય છે, તેને પણ ભાવપૂર્વક વંદામિ કરવાનું. તે રીતે તેમના તે સુકૃતાંશોની ભાવપૂર્વક અનુમોદના કરવાની. તે અનુમોદના કરતી વખતે પોતાની ખામીઓને નજરમાં લાવવાની. તેમની ખૂબીઓને બિરદાવવાની. વાહ કેવી કમાલ ! અદ્ભુત એનું જીવન ! હું કેવો અધમાધમ ! મારું શું થાશે ? એ કેવો મહાન ! અને હું કેવો પામર ! આ રીતે મનોમન ભાવ ભવાય, તેમની ભવ્યતા નજરમાં લાવીને અનુમોદના કરાય તો ઘણું કામ થઈ જાય.

બલરામમુનિ તો તર્યા, પણ અનુમોદના કરનાર - હરણીયો પણ 'વંદામિ'ના પ્રભાવે પશુમાંથી દેવ બની ગયો !

આત્માના સર્વ રોગોનો નાશ કરવાનો, ભાવ-આરોગ્ય પ્રાપ્ત કરવાનો કોઈ અમોઘ ઉપાય હોય તો તે આ ખામેમિત્રિક (ખામેમિ-મિચ્છામિ-વંદામિ) છે. સારી ચિત્તશાન્તિ પ્રાપ્ત કરાવવાની તાકાત ખામેમિત્રિક રૂપી આ ત્રિફળાચૂર્ણમાં છે. તેનાથી જીવો પ્રત્યેનો કટુભાવ, રાગાદિ પરિણતિઓ

અને અહંકારનો નાશ થાય છે. આ ત્રણ ભાવો નાશ કર્યા વિના કદી ય કોઈનો મોક્ષ થયો નથી, થતો નથી, થશે નહિ.

ખામેમિ-જીવો પ્રત્યેનો કટુભાવ દૂર કરે છે. 'મિચ્છામિ' રાગાદિ પરણતિઓનો નાશ કરે છે. જ્યારે ભાવથી વંદામિ કરનાર અહંકારભાવનો નાશ કરનારો બની ગયો હોય છે.

ખામેમિત્રિક માત્ર ચિત્તશાન્તિ નહિ, સીધું કેવળજ્ઞાન અને વીતરાગદશા તરફ તીવ્ર ગમન શરૂં કરાવે છે. મોહનીય કર્મ અને તેના કાતિલ સંસ્કારો ઉપર સીધો હુમલો કરે છે.

જે ખામેમિ કરે છે, તે દુશ્મનને ય દોસ્ત બનાવી દે છે. તેણે દુશ્મનને ખતમ કરવાની જરૂર રહેતી નથી, કારણ કે તેણે દુશ્મનાવટને જ ખતમ કરી દીધી હોવાથી હવે તેનો કોઈ દુશ્મન જ રહેતો નથી. તેનામાં પૂર્ણપણે મૈત્રિભાવ વિકસે છે.

જે મિચ્છામિ કરે છે, તે પોતાના દોષોનું પૂર્ણપણે દર્શન કરી ચૂક્યો હોય છે. આ સ્વદોષદર્શન થવાના કારણે તે બીજાને તિરસ્કારી શકતો નથી. પોતાની જાત તેને સદા શૂન્ય ભાસે છે. પરિણામે તેના અહંકારનું વિસર્જન થાય છે. તેથી તે પૂર્ણ આત્માઓને વંદામિ કર્યા વિના રહી શકતો નથી.

અને પોતાની જાતને 'શૂન્ય' સ્વીકારીને કરાતી ભાવભરી વંદના એક દિવસ તમામ અશુભ અનુબંધોને તોડીને પોતાને પૂર્ણ બનાવ્યા વિના રહેતી નથી. આમ, ખામેમિત્રિકનું રોજ સેવન કરનાર પૂર્ણ બને છે, સિદ્ધ બને છે. ભગવાન બને છે.

મરણની છેલ્લી ક્ષણોમાં નવકાર સાંભળવા મળે તો ઉત્તમ, પણ કદાચ તે ય સાંભળવા ન મળે તો છેવટે જો આ ખામેમિત્રિકનું રટણ પણ મળી જાય તો મૃત્યુ ધન્ય બની જાય. અરે ! માત્ર 'મિચ્છામિ-મિચ્છામિ' બોલતાં પ્રાણ જાય તો ય બેડો પાર.

તેથી આપણે હવે આ ત્રિકને જીવન બનાવીએ તેનો સતત અજપાજપ શરૂં કરીએ. જેથી અશુભ-અનુબંધો નાશ પામે. મરતી વખતે ય તેનું રટણ થાય. મૃત્યુ મહોત્સવ બને. પરલોક સુધરી જાય. પરંપરાએ પરમપદ પ્રાપ્ત થઈ જાય.

તો ચાલો... આજથી 'ખામેમિ-મિચ્છામિ-વંદામિ', 'ખામેમિ-મિચ્છામિ-વંદામિ' સતત રટયા કરીએ ને માનવજીવનને સફળ બનાવીએ.

## પૂજ્યપાદ મુનિશ્રી મેઘદર્શન વિ. મ.
## લિખિત સંયોજિત સાહિત્ય


શ્રી આશાપૂર
નામ :
લેખક :
શા. વિમળાબે
હીરાજૈન સોસાય


૧. જૈન ધર્મનો મૌલિક પાઠ્યક્રમ - ૧.
૨. જૈન ધર્મનો મૌલિક પાઠ્યક્રમ - ૨.
૩. સમાધિ પંચક
૪. સમાધિ સોપાન.
૫. પર્વાધિરાજ.
૬. જૈન ધર્મનો મૌલિક પાઠ્ય ક્રમ - પ્રવેશિકા
૭. જૈન ધર્મનો મૌલિક પાઠ્ય ક્રમ - પ્રદીપિકા
૮. જૈન ધર્મનો મૌલિક પાઠ્ય ક્રમ - પ્રબોધિકા
૯. જ્ઞાનદીપક પ્રગટાવો ભાગ - ૧.
૧૦. ચાલો ચાલો સિદ્ધગિરિ જઈએ રે.
૧૧. જ્ઞાનદીપક પ્રગટાવો. ભાગ - ૨.
૧૨. પ્રભુમિલન.
૧૩. જ્ઞાનદીપક પ્રગટાવો. ભાગ - ૩.
૧૪. શ્રાવકજન તો તેને રે કહીએ.
૧૫. તારક તત્ત્વજ્ઞાન
૧૬. કર્મનું કમ્પ્યુટર (પ્રેસમાં)
૧૭. સૂત્રોના અર્થ અને રહસ્યો. (પ્રેસમાં)